# આચારાંગ સૂત્ર.

મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર

(ભાગ ૧લો.)

લેખક—

મુનિરાજ શ્રી માણેકમુનિજી.

# આચારાંગ સૂત્ર

## મૂળ નિર્યુક્તિ અને ટીકાને આધારે ભાષાંતર

## (ભાગ ૧ લો.)

લેખક—


મુનિરાજ શ્રી માણેક મુનિજી.



પ્રસિદ્ધ કર્તા—
ઝવેરભાઇ રાયચંદ બંગડીવાળા, ઓ. સેક્રેટરી.
શ્રીમાન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર
ગોપીપરા—સુરત.

આવૃત્તિ ૧ લી ]  વીર સં. ૨૪૪૭  [પ્રત ૭૦૦

"જૈન વિજય" પ્રિન્ટિંગ પ્રેસમાં
કાપડિયાએ છા.પ્યું.

મૂલ્ય ॥-૮-૦

॥ श्री. ॥

# આચારાંગ સૂત્ર પ્રસ્તાવના.

પૂર્વે સાધુને વડીદીક્ષા આપતાં પહેલાં તેને જીવસ્વરૂપ જાણ-વામાં આવે; અને જીવને બચાવવાથી પોતાને ભવિષ્યમાં દુઃખ ન થાય; તેવા હેતુથી આચારાંગ સૂત્રનું પહેલું 'અધ્યયનશસ્ત્ર પરિજ્ઞા' નામનું શિષ્યને શિખવવામાં આવતું. જો કે, હાલ તેને બદલે દશ-વૈકાલિક સૂત્રનાં પ્રથમનાં ચાર અધ્યયન શીખવે છે. ત્યારપછી વડી-દીક્ષા અપાય છે, પણ આચારાંગ સૂત્રનું આ અધ્યયન ઘણુંજ ઉપ-યોગી હોવાથી; તથા સાધુને જીવોનું સ્વરૂપ યોગ્ય રીતે જાણવામાં આવે, અને એવું વર્તન રાખે કે જેથી, બીજા જીવોને કોઇપણ રીતે પીડા ન થાય; તેમજ સાધુનો આચાર શું છે, તે જો શ્રાવક જાણતા હોય તો, પ્રમાદી સાધુ આચાર પ્રમાણે પાલન ન કરતો હોય તેવાને જીત શત્રુ રાજાની માફક શ્રાવક ઠેકાણે પણ લાવે. એ હેતુથી મૂળસૂત્ર, તથા નિર્યુક્તિ કાયમ રાખી શીલાંકાચાર્યકૃત ટીકાના આધારે આ ભાષાન્તર કરવામાં આવ્યું છે. ગંધહસ્તિ આચાર્યકૃત ટીકા પૂર્વે હતી; તેવું ટીકાકારે લખ્યું છે, પણ તે સમજવી કઠણ હોવાથી તેમણે સરળ ટીકા કરી; પણ મારા જેવા મંદબુદ્ધિવાળાને એ સરળ ટીકા પણ ઘણી કઠણ લાગે છે. માટે વધારે સરળ થાય; તેવા હેતુથી મેં ભાષાંતર કરવા બનતો પ્રયત્ન કર્યો છે, તોપણ સંસ્કૃત જાણનારે ટીકાને સાથે રાખીને વાંચવું તે વધારે સારૂં છે-શબ્દના અર્થરૂપ

સમય-સુંદર મહારાજે સરળ દીપિકા બનાવેલી છે, અને તેના ઉપરથી પાર્શ્વચંદ્રસૂરિએ બાલાવબોધ (જુની ગુજરાતીમાં) કરેલ છે, તેના આધારે રવજી દેવરાજ વિગેરેએ ગુજરાતી ભાષાન્તર પણ કરેલ છે. પ્રોફેસર હરમન જેકોબીએ કલ્પસુત્ર સાથે તેનું અંગ્રેજી ભાષાન્તર પણ કરેલું છે. તે છતાં ટીકાનું ભાષાન્તર નિર્યુક્તિ સહીત ક્યાંય પણ થયલું નહી હોવાથી મેં પ્રયાસ કર્યો છે. આવા કાર્યમાં બીજા વિદ્વાનોની મદદ મળવી સુલભ ન થવાથી; વારંવાર તપાસી જોયાં છતાં જો, કોઇપણ જગ્યાએ વિરૂદ્ધ લખાયું હોય તો, વિદ્વાનોએ કૃપાકરીને મને જણાવવું કે, બીજા ભાગમાં સુધારો કરી શકાય.

## મૂળ વિષય.

જીવના ભેદ અહીં પૃથ્વીકાય અપકાય તેઉકાય વાઉકાય વનસ્પતિકાય અને ત્રસકાય લીધા છે, તેના ઉદ્દેશા અનુક્રમે ન લેતાં વાયુનું સ્વરૂપ મંદબુદ્ધિવાળા શીઘ્ર ન સમજે; માટે છેવટે તેનો ઉદ્દેશો લીધો છે. આ ભાગમાં જે જે વિષયો જે જે પાને છે, તે પણ જોડે બતાવેલ છે. શુદ્ધિપત્ર પણ આપેલ છે. "મુનિ માણક"

## પ્રસિદ્ધકર્તાની વિજ્ઞપ્તિ.

આ પુસ્તક બધાને લેવાને સવડ પડે; માટે ખર્ચ જેટલી કીંમત રાખેલી છે, અને એ કાર્ય ચલુ રહે તે માટે **શેઠ નગીનચંદ ઘેલાભાઈ ઝવેરી** જેઓ દેવચંદ લાલભાઇના પુસ્તકોદ્ધાર ફંડના એક ત્રસ્ટી છે. તેમણે **રૂ। ૫૦૧)** છપામણી ખર્ચના માટે આપેલા છે, **તથા ઝવેરી રણછોડભાઇ રાયચંદ મોતીચંદભાઇએ રૂ. ૨૦૦)**

આપેલ છે. તે શિવાય બીજા ગૃહસ્થોએ જે જે મદદ આપેલી છે. અથવા પૂર્વે ગ્રાહક થયેલ છે, તે લીસ્ટ આ સાથે છે, તેમને ધન્યવાદ આપવાની ખાસ જરૂર છે, તથા દરેક પુસ્તક લખવામાં, તથા વાંચવામાં અત્રે રહેતા શ્રાવકો ચુનીલાલભાઇ દાળીયા વિગેરેએ બનતી સહાય આપી છે, તથા શેઠ ફકીરચંદ નગીનભાઇ કપુરચંદ, ઝવેરી તથા તેમના મુનીમ કપુરચંદભાઇએ જ્ઞાનખાતાનો હીસાબ વિગેરે રાખી જે સહાય કરી છે, તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

વળી આ ભંડાર તરફથી ધાર્મિક પાઠશાળા ચલાવવા ફકીરભાઇ નગીનચંદ ઝવેરી તથા કેસરીચંદ કલ્યાણચંદ ઝવેરી તરફથી આ વર્ષ માટે રૂા. ૫૦) રૂ ૫૦) ની મદદ મળી છે. તેમણે દરેકે સહાયતા કરવી જોઇએ.

તા. ૧૪-૭-૧૯૨૧ } ઝવેરભાઇ રાયચંદ બંગડીવાળા
સુરત, ગોપીપુરા. } સેક્રેટરી મોહનલાલ જૈ. જૈનજ્ઞાનભંડાર.

# આચારંગ સૂત્ર પહેલું અધ્યયનવિષય અનુક્રમણિકા.


| પૃષ્ટ. | |
|---|---|
| ૧ | ટીકાકારનું મંગળાચરણ તથા ટીકાનો હેતુ વીગેરે |
| ૮ | આચાર્યના છત્રીસ ગુણો |
| ૧૨ | નિર્યુક્તિકારનું મંગળાચરણ |
| ૧૫ | આચાર તથા અંગના નિક્ષેપા |
| ૧૬ | આચાર શબ્દના એક અર્થમાં વપરાતા શબ્દો |
| ૨૪ | આચારાંગ સૂત્રમાં અધ્યયન પદનું વર્ણન |
| ૨૭ | આચારાંગમાં છેવટનો સાર પ્રરૂપણા છે |
| ૨૮ | બ્રહ્મ ( બ્રાહ્મણ ) તથા બ્રહ્મચર્યનું વર્ણન |
| ૩૨ | ચાર વર્ણ તથા તેના પેટા વિભાગો |
| ૩૫ | નવ અધ્યયનનું વર્ણન |
| ૩૯ | જ્ઞપરિજ્ઞા તથા પ્રત્યાખ્યાન પરિજ્ઞાનું વર્ણન |
| ૪૧ | પહેલું સૂત્ર તથા તેનું વર્ણન દશ સંજ્ઞા |
| ૪૬ | સૂત્ર બીજું દિશાઓનું વર્ણન |
| ૫૨ | પ્રજ્ઞાપકની અઢાર દિશા |
| ૫૮ | સૂત્ર ત્રીજું હું ક્યાંથી આવ્યો છું વિગેરે વિચારણા |
| ૬૧ | ત્રણસો ત્રેસઠ મતોનું વર્ણન |
| ૬૨ | કાળની મુખ્યતા |
| ૬૪–૬૫ | અનિયતિ તથા સ્વભાવનું વર્ણન |
| ૬૬ | ઇશ્વરની મુખ્યતા |
| ૬૭ | આત્મવાદીનું વર્ણન |
| ૬૮ | યદૃચ્છાનું સ્વરૂપ |
| ૬૯ | પિશાચનું દ્રષ્ટાન્ત તથા ક્રિયાવાદીના ચોરાશી ભેદ |
| ૭૦ | અજ્ઞાનીના ૬૭ ભેદ |

૭૧ વિનયવાદીના ૩૨ભેદ
૭૪ સૂત્ર ચોથું વિશિષ્ટ સંજ્ઞાવાળો શું જાણે છે
૭૫ થી ૮૦ ઉપરની સંજ્ઞા ઉપર ત્રણ કથાઓ
૮૨ સૂત્ર ૫ મું આત્મવાદી કોને કહેવો
૮૪ જૈન આગમ પ્રમાણે આત્માની સિદ્ધિ
૮૫ સૂત્ર છઠ્ઠું આત્માની ત્રણે કાળમાં સિદ્ધિ
૮૭ સૂત્ર ૭ મું કર્મવાદી સંસારથી મુક્ત થશે.
૮૮ સૂત્ર ૮ મું આત્માને ન જાણનારો સંસારમાં ભમે છે.
૮૯ ચોરાસી લાખ વિગેરે યોનિઓનું વર્ણન.
૯૨ અજ્ઞાનિ જીવો ઘણાં દુ:ખો ભોગવે છે.
૯૫ સૂત્ર ૧૦મું તે ન ભોગવવું પડે માટે ભગવાને પરિજ્ઞા બતાવી
૯૬ સૂત્ર ૧૧મું જીવો વંદન, માન, પૂજા વિગેરે માટે હિંસા કરે છે.
૯૭ વૈરાગ્યના ઉપદેશના શ્લોકો
૧૦૩ સૂત્ર ૧૨ ૧૩મું પૂર્વે બતાવેલી છે તેજ પાપ ક્રિયાઓ છે.
૧૦૪ પહેલો ઉદ્દેસો સમાપ્ત.
૧૦૬થી ૧૪૩ પૃથ્વિ કાયનું વર્ણન તેમાં ૧૬ સુધી સૂત્રો તથા ૧૦૫ સુધી નિર્યુક્તિની ગાથાઓ છે.
૧૪૪થી ૧૭૬ અપકાયનું વર્ણન સૂત્ર ૩૦ સુધી તથા નિર્યુક્તિ ૧૧૫ સુધી છે.
૧૭૭થી ૨૦૦ અગ્નિકાયનું વર્ણન સૂત્ર ૩૮ સુધી, નિ; ૧૨૫ સુધી
૨૦૧થી ૨૩૪ વનસ્પતિ કાયનું વર્ણન સૂત્ર ૪૭ સુધી નિ. ૧૫૧ સુધી
૨૩૫થી ૨૫૬ ત્રસકાયનું વર્ણન સૂત્ર ૫૪ નિ. ૧૬૩
૨૫૭થી ૨૭૪ વાયુકાયનું વર્ણન જિત શત્રુ રાજાની કથા
૭૫થી ૨૮૦ વડી દીક્ષાની સંક્ષિપ્તિ વિધિ બોધ સાથે

# શુદ્ધિપત્ર.

| પૃષ્ટ | લાઇન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૧૯ | પ્રદિજ્ઞા | પરિજ્ઞા |
| ૩ | ૨ | એને | અને |
| ૩ | ૧૦ | ફરેન્ના | કરેલો |
| ૫ | ૫ | મંગળ | મંગળ, |
| ૧૧ | ૧૩ | पश्चय | पच्चय |
| ૧૨ | ૩ | યુક્ત | યુક્ત |
| ૧૩ | ૪ | તીર્થ | તીર્થ, |
| ૨૮ | ૧૯ | ભાષે | ભાવ |
| ૩૦ | ૭ | ક્રરતાં | કરતાં |
| ૩૫ | ૧૪ | ખુણુ | ગુણુ |
| ૩૯ | ૭ | છે | છે, |
| ૪૧ | ૨ | દ્ધિથી | ધિથી |
| ૪૮ | ૩ | સ્થાપવા | સ્થાપના, |
| ૪૮ | ૩ | દ્રવ્ય | દ્રવ્ય, |
| ૬૧ | ૨૧ | આશ્રસ | આશ્રવ |
| ૭૩ | ૧૩ | સ્વીકાર | સ્વીકાર છે |
| ૭૩ | ૧૩ | સંજ્ઞા | સંજ્ઞાના |
| ૮૯ | ૫ | યોનિયોમાં | યોનિઓ, |
| ૯૨ | ૨ | મોટ | માટે |
| ૯૫ | ૬ | સાવદ્ય | સાવદ્ય |
| ૧૨૧ | ૧ | જે | જીવ જે |

| પૃષ્ટ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૨૧ | ૧ | માં જીવ | માં |
| ૧૨૨ | ૧૨ | શસ્ત્રન્તે | શસ્ત્ર |
| ૧૨૬ | ૧૭ | ( ) | (ઉંબર) |
| ૧૩૮ | ૧૮ | (ત) | (તથી) |
| ૧૪૪ | ૨૧ | તે | તેને |
| ૧૪૫ | ૧ | બંધાય | ન બંધાય |
| ૧૪૫ | ૨ | ક્યાદિ | ક્યાંહિ છે તેને |
| ૧૫૭ | ૬ | દિશા | દીક્ષા |
| ૧૫૭ | ૧૮ | થાવ. | થાય.) |
| ૧૬૫ | ૧૭ | અથે | અર્થે |
| ૧૭૭ | ૬ | મુનિને | મુનિને જ્ઞાતા |
| ૧૭૭ | ૬ | જ્ઞાતાહે | હે |
| ૨૨૦ | ૧૨ | ધી | ધી આરંભથી |
| ૨૨૧ | ૧૨ | દ્વાશ | દ્વેષ |
| ૨૨૭ | ૧૬ | થી, | થી |
| ૨૪૧ | ૧૧ | સ્મૂહ | સમૂહ |
| ૨૪૯ | ૯ | ભૂત | ભૂત, |
| ૨૪૯ | ૧૮ | નિર્વાણ | નિર્વાણ, |
| ૨૪૯ | ૧૯ | સુખ, | સુખ |
| ૨૬૪ | ૧ | રિણા | રિયા |
| ૨૭૩ | ૪ | કલ્પ | કલ્પ્ય |
| ૨૭૩ | ૧૨ | જીવોનો, | જીવોને |
| ૨૭૪ | ૪ | છજ્જી | છજ્જીવ |

## સૂત્રોમાં આવક અને ખર્ચની ટુંક નોંધ.

| જ | ઉ |
|---|---|
| ૭૧૬) દશ વૈકાલીક ખાતે છાપેલી ટીપના ૭૬૧) તેમાંથી બાકી ૪૫) | ૪૦૨॥ પુંઠા છપાઇ કાગળ ફર્મા ચૌદના. |
| | ૩૦) ગીરધરલાલને લખાઈના |
| | ૨૫) માણસને પગાર તથા પરચુરણ ખર્ચ |
| | ૨૮૮॥ શ્રી પુરાંત બાકી |
| ૭૧૬) | ૭૧૬) |

### હેન્ડબીલ સિવાયના ગ્રાહકો.

૨૫ ઝવેરી ફકીરચંદભાઇ નગીનચંદ
૫ ,, પાનાચંદ ભગુભાઇ
૨૫ ,, ધર્મચંદ ઉદેચંદના સુપુત્રો.
૨ ઝવેરભાઇ બંગડીવાળા
૨ ઝવેરી બાલુભાઇ
૫ શેઠ તારાચંદ જેતજી અંબાચ

# આચારાંગ વિગેરેમાં મદદ મળી તેની નોંધ.

જમે

૨૮૮।। દશ વૈકાલીકના વધેલા.
૫૦૧) ઝવેરી નગીનચંદ ઘેલાભાઇ
૨૦૦) ઝવેરી રાયચંદ મોતીચંદ
૨૫) રતનજી રાયચંદ ચોકસી
૨૫) ઉત્તમચંદ મુળચંદ
૧૫) કસ્તુરચંદ વનાજી કોસાડ-વાળા
૧૫) જુહારમલસ હસમલ બ્યાવરવાળા
૧૬।। કંસાડના શ્રાવકો
૫) ડોસજીભાઇ નગીનદાસ પાલણપુરવાળા
૧૦) નાનચંદ સદાજી મરોલી સ્ટેશન
૫) મગનલાલ ફકીરચંદ રાંદેર-વાળા.
૧૦) ગુલાબચંદ હંસાજી
૫।। ચીમનલાલ મોહનલાલ તથા મોહનલાલ તરફથી
૧) આચારાંગ ખાતે

ઉ

૬૫૦) ૧૯ ફર્માના કાગળ છપાઇ પાકા પુઠાં. સાતસો કાપીના
૫૫) પંડીત અમૃતલાલને લખાઇના
૨૦) માણસોને પગારના
૩૦) દશવૈકાલીક બીજો ત્રીજો ભાગ લખાઇના રામદાસ
૫૦) પંડિત વાડીલાલ ડાહ્યાભાઇ અમદાવાદ સૂયગડાંગ છપાવવા.
૩૨૭) શ્રી પુરાંત બાકી તેમાં ૨૯૨) કપુરચંદભાઇ હરખચંદ
૩૫) સોભાગચંદ લલ્લુભાઇ પાસે

# સૂત્રોના ગ્રાહક થનારના નામો.

| | દશવૈકાલીક. | આચારાંગ. | સુયગડાંગ. |
|---|---|---|---|
| નગીનભાઇ મંછુભાઇ ઝવેરી | ૨ | ૫ | ૩ |
| કેશરીચંદ રૂપચંદ ,, | ૧ | ૧ | ૧ |
| ઠે. નગીનચંદ ઘેલાભાઇની પાસે | | | |
| શા. નાથુભાઇ મગનલાલ | ૧ | ૦ | ૦ |
| શા. મગનલાલ ચુનીલાલ | હરીપુરા. | ૧ | ૦ |
| શા. ચીમનલાલ ખુશાલચંદ | | | ૧ |
| શા. નગીનદાસ કપુરચંદ | ૧ | | |
| રૂપચંદ લલ્લુભાઇ ઓસવાલ મહોલ્લો | ૦ | ૧ | ૧ |
| બાઇ માણેક હીરાચંદ જીવણજીની ધણીઆણી નાનપુરા. | ૦ | ૩ | ૨ |
| છોટાલાલ નવલચંદ નગરશેઠ રાંદેર | ૦ | ૭ | ૭ |
| શેઠ હીરાચંદ મોતીચંદ રાવ સાહેબની પત્નિ | ૦ | ૫ | ૦ |
| મગનભાઇ નગીનભાઇ ભુતીયાવાસ ગોપીપુરા. | ૦ | ૧૦ | ૧૦ |
| મનુભાઇ મગનલાલ નવાપુરા બાતની પીઠ | ૧૦ | ૧૦ | ૧૦ |
| જીવણચંદ તલકચંદ હ. મણીલાલ | ૦ | ૧ | ૦ |
| સાકેરભાઇ ખુશાલચંદ | ૦ | ૫ | ૫ |

| | દશવૈકાલીક. | આચારાંગ. | સુયગડાંગ. |
|---|---|---|---|
| શા. પ્રેમચંદ ખુમાજી નડોદ પોસ્ટ મરોલી | ૧ | ૨ | ૧ |
| કેસુરભાઇ પેમાજી } કનસાડ પોસ્ટ સચીન. | ૦ | ૪ | ૦ |
| લલ્લુભાઇ હરજી | ૦ | ૪ | ૦ |
| પાનાચંદ હરજી | ૦ | ૪ | ૦ |
| ફકીરભાઇ હરજી | ૦ | ૧ | ૦ |

## બીજો ભાગ.

| | | | |
|---|---|---|---|
| જુહારમલજી સહસમલજી વહોરા બીચાવર | ૫ | ૫ | ૫ |
| મગનબેન મલજી ઉપાશ્રય ખાતે | | ૨ | |
| શ્રીમાન્ બુદ્ધિસાગર સુરિજીના ઉપદેશથી સાણંદ સંઘ. | | ૧૦ | |
| ચીમનલાલ મણીલાલ | ૧ | ૧ | ૧ |
| છોટુભાઇ હીરાચંદ } મોટા રસ્તા | ૦ | ૦ | ૧ |
| મગનભાઇ નવલચંદ | ૦ | ૦ | ૧ |
| શા. રતનદાસ રણછોડદાસ } ખંભાત જીરાવલા પાડા | ૦ | ૧ | ૧ |
| શા. ગાંડાભાઇ રતનચંદ | | ૦ | ૧ |
| મોહનલાલ હીરાચંદ મોટા રસ્તા | ૧ | | |
| ઝુરીયાભાઇ જીવણચંદ | ૦ | ૧ | ૧ |
| શા. નવલચંદ ખીમચંદ | ૧ | ૧ | ૧ |
| ઘેલાભાઇ રતનચંદ | ૦ | ૧ | ૦ |

| | દશવૈકાલીક. | આચારાંગ. | સુયગડાંગ. |
|---|---|---|---|
| ઝવેરી કેસરીભાઇ ખીમચંદ | ૧ | ૧ | ૧ |
| ચુનીલાલ ગુલાબચંદ દાળીયા ગોપીપુરા | ૦ | ૩ | ૨ |
| ઘેલાભાઇ ઉત્તમચંદ ગોપીપુરા | ૦ | ૧ | ૦ |
| શા. પાનાચંદ મોતીચંદ રૂદલાલ નાણાવટ | ૧ | ૧ | ૧ |
| શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળા | ૦ | ૫ | ૫ |
| વકીલ છોટુભાઇ ગુલાબચંદ ગોપીપુરા | ૦ | ૧ | ૧ |
| ફુલચંદ કસ્તુરચંદ ગોપીપુરા | ૦ | ૨ | ૨ |
| સાકેરચંદ સુરચંદ જુની અદાલત | ૧ | ૧ | ૧ |
| ડોસજીભાઇ નગીનદાસ પાલણપુર વાળા હાલ વડાચૌટા રોકડા પૈસા | ૨ | ૧ | ૨ |
| મગનલાલભાઇ બદામી વકીલ તથા | | ૨૫ | |
| તથા સુરચંદભાઇ બદામી વકીલ | | ૫ | |
| મગનલાલ ફકીરચંદ રાંદેરવાળા | ૫ | | |

# ધર્માત્માઓને સૂચના.

દ્રવ્ય અને જીવન એ કેટલી ચલાયમાન વસ્તુ છે તે જાણવા લખાય છે. ઝવેરી કેસરીભાઇ ખીમચંદ જેઓ જૈન બોર્ડીંગ ગોપીપુરા કમીટીના મેંબર હતા અને તેમાં વારંવાર પુત્રની માફક વિદ્યાર્થીઓની સંભાળ લેતા હતા, તેઓ આ આચારાંગનું હેન્ડબીલ ભર્યા પછી દેવ દર્શન કર્યા પછી સાંજના ગાડીમાં બેસતાંજ કાલ ધર્મ પામ્યા છે. વળી ખીમચંદભાઇ ઉત્તમચંદ જેઓ સુરતની ભોજનશાળાના દેખરેખ રાખનારા હતા અને જેમણે ૨૫) રૂ. આ ખાતામાં આપેલ છે તેઓ પુસ્તક મળે તે પહેલાં કાળધર્મને પામ્યા છે એટલા માટે દરેકે ધર્મનું કામ કરવામાં જરા પણ ઢીલ કરવી નહી.

પુરૂષોતમ માસ્તર અત્રે જાણીતા હતા. તેઓ યુવાન અવસ્થામાં કાળ ધર્મ પામતાં તેમના પુસ્તકોનો દુરૂપયોગ અટકાવવા સોભાગચંદ લલુભાઇ હરખચંદે પાંત્રીસ રૂપિયા આપી પુસ્તકો ભુરીયાભાઇ જીવણચંદની ધર્મશાળામાં આ ભંડાર મારફતે અપાવેલ છે.

કાલ કરે સો આજ કર, પીછે કરે સો અબ.
અવસર તેરો જાયેગો, ફીર કરેગો કબ.

આચારાંગના બીજા ચાર ભાગો અનુક્રમે નીકળશે; તથા દશવૈકાલિકના પ્રાયઃ બીજા બે ભાગો નીકળશે; તેમાં જેમને મદદ કરવી હોય; તેમણે ઝવેરી ફકીરચંદ કપુરચંદ ઉપર સુરત ગોપીપુરામાં લખવું.


# સુરતમાં મદદ કરવા યોગ્ય કેળવણીની સાર્વજનિક સંસ્થાઓ.

(૧) શ્રી રત્ન સાગરજી જૈન ધાર્મિક વ્યવહારિક પાઠશાળા અને જૈન બોર્ડીંગ સુરત ગોપીપુરા.

(૨) જૈન વિદ્યાર્થી આશ્રમ વડાચૌટા

(૩) જૈન વનિતા વિશ્રામ—સુરત ગોપીપુરા.

(૪) મોહનલાલજી જૈન શ્વેતાંબર જ્ઞાન ભંડાર અને ધાર્મિક પાઠશાળા—સુરત ગોપીપુરા.



શેઠ નગીનચંદ ઘેલાભાઇ ઝવેરી-સુરત.

ॐ नमो वीतरागाय ।

# શ્રી આચારાંગ સૂત્ર ભાષાંતર

(શ્રી સુધર્મ સ્વામીએ રચેલું શ્રી શ્રુત કેવલી ભદ્રબાહુ રચિત નિર્યુક્તિ સહિત.)

આચારાંગ સૂત્ર મૂળ તથા શ્રી શીલાંકાચાર્યે રચેલી ટીકાનું ગુજરાતી ભાષાંતર.

ॐ नमः सर्वज्ञाय ।

હણ્યો મોહને મોહને લોક જાણે, ખરા તત્વને જે સદાએ પીછાણે,
નમું તેહને દો સદા જ્ઞાન સારૂં, મને તારનારા કદી ના વિસારૂં.

**जयति समस्त वस्तु पर्याय विचारा पास्त तीर्थिकं**
**विहितै कैक तीर्थ नय वाद समूह वशात् प्रतिष्ठितम्**
**बहु विधभङ्गि सिद्ध सिद्धान्त विधूनित मलमलीमसम्**
**तीर्थमनादि निधनगतमनुपममादिनतं जिनेश्वरैः ॥१॥**

[स्कन्दकच्छन्दः]

જેણે બધી વસ્તુ તથા તેના પર્યાયના વિચાર બતાવવા વડે બીજાં તીર્થો (મંતવ્યો)ને દૂર કર્યાં છે અને એકે

એક તીર્થના નયવાદના સમૂહને લીધે પ્રતિષ્ઠા પામેલું અને બહુ પ્રકારે ભંગી બતાવવા વડે સિદ્ધ કરેલા સિદ્ધાંતથી, જેણે, કુમાર્ગ રૂપ મળની કાળાશ ધોઈ નાંખી છે, તથા જે અનાદિનિધન (સર્વદા પણા) ને પામેલું છે, અને અનુપમ તથા જીનેશ્વરોએ ઉપદેશ આપતા પહેલાંજ જેને નમસ્કાર કર્યો છે તે તીર્થ જયવંતુ વર્તે છે.

**आचारशास्त्रं सुविनिश्चितं यथा,**
**जगाद वीरो जगते हितायगः ।**
**तथैव किञ्चिद्वदतः सएवमे,**
**पुनातु धीमान् विनयार्पितागिरः ॥**

જેવી રીતે શ્રી વીર ભગવાને જગતના હિતને માટે સારી રીતે નિશ્ચય કરેલા આચાર શાસ્ત્રને વર્ણવ્યું તેવીજ રીતે તે શ્રી બુદ્ધિપૂર્ણ વીર ભગવાન પોતે કંઇક બોલનાર એવાની આ મારી વિનયથી અર્પણ કરેલી વાણી તેને પવિત્ર કરો.

**शस्त्र परिज्ञा विवरण, मतिबहुगहनं च गन्धहस्ति**
**कृतम् ।**
**तस्मात्सुख बोधार्थं गृह्णाम्यह मञ्जसा सारम् ॥**

ગન્ધહસ્તિ આચાર્યે કરેલું 'શસ્ત્ર પરિજ્ઞાનું' વિવરણ

બહુ મહેનત લીધા છતાં પણ ન સમજી શકાય તેવું હોવાથી તેનો જલદી અને થોડી મહેનતે બોધ થાય (સમજી શકાય) તેટલા માટે તેનો સાર માત્ર ગ્રહણ કરૂં છું.

અહિંઆ નિશ્ચયે રાગ દ્વેષ મોહ વિગેરેથી હારેલા સર્વ સંસારી જીવો જે શરીર અને મન સંબંધી અનેક અતિ કડવાં દુઃખોના સમૂહથી પીડાયેલા છે, તે દૂર કરવાને માટે હેય ઉપાદેય પદાર્થનું જ્ઞાન મેળવવા તેમણે યત્ન કરવો જોઇએ, તે યત્ન વિશિષ્ટ વિવેક વિના ન થાય, અને તે શ્રેષ્ઠ વિવેક જે આપ્ત પુરૂષ અશેષ (તમામ) અતિશય (અતીન્દ્રિય જ્ઞાન વિગેરે) નો સમૂહ પ્રાપ્ત કરેલા હોય, તેમના ઉપદેશ વિના ન મળે અને તે આપ્ત પુરૂષ રાગ, દ્વેષ, મોહ, વિગેરે દોષોને સર્વથા ક્ષય કર્યાથી થાય; તે દોષ રહિત જિનેશ્વરજ છે તેથી અમે અર્હન્ જિનેશ્વરના વચનનો અનુયોગ (અર્થકથન) કરીએ છીએ તે ચાર પ્રકારે છે તે આ પ્રમાણે છે.

(૧) ધર્મ કથાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ અને (૪) ચરણ કરણાનુયોગ. તેમાં ધર્મ કથાનુયોગ ઉત્તરા ધ્યયન વિગેરે, ગણિતાનુયોગ સૂર્ય પ્રજ્ઞપ્તિ વિગેરે, દ્રવ્યાનુયોગ ચૌદ પૂર્વ તથા સંમતિ વિગેરે ન્યાયના ગ્રન્થો, અને ચરણ કરણાનુયોગ તે આ આચારાંગાદિ સૂત્ર છે તે

ચોથો અનુયોગ બધામાં મુખ્ય છે કારણ કે બાકીના ત્રણમાં તેનો અર્થ બતાવેલો છે. કહ્યું છે કે—

**"चरण पडिवत्ति हेउं जेणियरे तिण्णि अणुओग"त्ति** તથા **चरण पडिवत्ति हेऊं, धम्म कहा काल दिक्खमाईया। दविए दंसण सोहि, दंसण सुद्धस्स चरणं तु ॥१॥**

ચારિત્રના સ્વીકારને માટે બાકીના ત્રણ અનુયોગો છે વળી ચરણના સ્વીકારનાં કારણો ધર્મ કથા કાળ અને દિક્ષાદિક છે. દ્રવ્યાનુયોગથી દર્શન શુદ્ધિ (સાચા તત્વ ઉપર આસ્થા) અને તેનાથી ચારિત્ર ગ્રહણ થાય છે. ગણધરોએ પણ તેથીજ તેનું પહેલું વિવેચન કર્યું છે. તેથી તે પ્રમાણે આચારાંગનો પહેલો અનુયોગ કરીએ છીએ.

હવે તે અનુયોગ મોક્ષ દેનારો હોવાથી તેમાં વિઘ્ન હોવાનો સંભવ છે. કહ્યું છે કે.

**श्रेयांसि बहु विघ्नानि, भवन्ति महतामपि;**
**अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः॥१॥**

જેટલાં સારાં કાર્યો છે તેમાં મોટાઓને વિઘ્નો પણ આવે છે પણ અકલ્યાણમાં પ્રવર્તનારાઓને કોઈપણ જગોએ વિઘ્ન આવતું નથી એટલે તેઓ ગમે તેમ વર્તે છે તેને કોઇ અટકાવતું નથી, તો સર્વ વિઘ્નોનો નાશ થવા માટે

મંગળ કહેવું જોઇએ, તે મંગળ આદિ મધ્ય અને અંત એવા ત્રણ ભેદે છે; તેમાનું '**सुयंमे आउ संतेणं भगवया एव मक्खायं** આ ભગવાનનું વચન હોવાથી પ્રથમ મંગળ છે, અથવા શ્રુત એટલે શ્રુત જ્ઞાન તે નંદી સૂત્રમાં ગણાતું હોવાથી મંગળ છે, એ મંગળ વિના વિઘ્ને ઇચ્છિત શાસ્ત્રના અર્થને પાર પહોંચવાનું કારણ છે; મધ્ય મંગળ લોકસાર અધ્યયનના પાંચમાં ઉદ્દેશાનું સૂત્ર છે. '**सेजहाके विहए पडि पुण्णे चिट्ठइ समंसि भोम्मे उवसंतरए सारक्ख माणे** અહિં હૃદ (કુંડ)ના ગુણો વડે આચાર્યોના ગુણોનું કીર્તન છે અને આચાર્યો પાંચ પરમેષ્ઠીમાં હોવાથી મંગળ છે. આ ભણેલા ઇચ્છિત શાસ્ત્રાર્થને સ્થિર કરવાને માટે છે. છેલ્લું મંગળ નવમા અધ્યયનમાં છેલ્લું સૂત્ર છે '**अभि निव्वुडे अमाई आवक हाए भगवं समियासी** અહિઆં અભિનિવૃંતનું ગ્રહણ "સંસાર મહાતરૂ કંદ"ને છેદીને ખાત્રીથી ધ્યાન કરવાનું હોવાથી મંગળ છે (દીક્ષા પાળનારે એમ ચોક્કસ માનવું કે હવે મને સંસાર ભ્રમણ નહિ થાય) આ છેવટનું મંગળ શિષ્ય અને પ્રશિષ્ય તેનો પરિવાર કાયમ રહેવા માટે છે (કે જે સૂત્રો ભણીને સ્વપરને પ્રતિબોધે છે) અધ્યયનમાં સૂત્રો મંગળપણે બતાવવાથી અધ્યયનોનું પણ મંગળપણું જાણી લેવું તેથી વિશેષ કહેતા નથી અથવા આ આખું શાસ્ત્રજ જ્ઞાનરૂપ હોવાથી મંગળ છે

અને જ્ઞાનથી સકામ નિર્જરા થાય છે. નિર્જરામાં તેની ચોક્કસ ખાત્રી છે. લખ્યું છે કે

**जं अन्नाणी कम्मं, खवेइ बहुयाहिं वास कोडीहिं।**
**तंनाणी तिहिं गुत्तो, खवेइ उस्सा समित्तेणं ॥१॥**

કરોડો વર્ષે અજ્ઞાની જે કર્મ ખપાવે તે જ્ઞાની અને ત્રણ ગુપ્તિનો ધરનારો શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવે છે. મંગળ શબ્દનું નિરૂક્ત (પદોને તોડીને અર્થ કરવો તે) આ છે; મને ભવથી દૂર કરે તે મંગળ અથવા મને, ગળ એટલે વિઘ્ન ન થાઓ, અથવા ગાલ એટલે નાશ, શાસ્ત્રનો ન થાઓ (મારૂં ભણેલું સ્થિર અને ઉપયોગી થાઓ) અહિં બાકી રહેલ આક્ષેપ (વાદીની શંકા) અને પરિહાર (સમાધાન) વિગેરે અન્ય ગ્રન્થોથી જાણવા.

હવે આચારનો અનુયોગ કરે છે અર્થનું કહેવું તે અનુયોગ, અથવા સૂત્રની પછવાડે અર્થ બતાવવો તે એટલે પહેલું સૂત્ર ભણાવવું અને પછી તેનો અર્થ બતાવવો અથવા અણુ તે નાનું સૂત્ર તેનો વિશાળ અર્થ કહેવો તે; તે આ પછીના કહેવાતા દ્વારો વડે જાણવું તે આ પ્રમાણે છે.

**निक्खेवे गट्ठ निरुत्ति, विहिपवित्ती यकेण वाकस्स**
**तद्दारभेयलक्खण, तदरिह परिसाय सुत्तत्थो ॥१॥**

(આ દશ વૈકાલિક સૂત્રની નિર્યુક્તિની પાંચમી ગાથા છે) તેમાં નિક્ષેપો નામ વિગેરે સાત પ્રકારે છે. નામ અને સ્થાપના એ બે નિક્ષેપા સુગમ છે. દ્રવ્યથી અનુયોગ બે પ્રકારે છે આગમથી અને નોઆગમથી તેમાં આગમથી જ્ઞાતા હોય પણ તેમાં ઉપયોગ ન રાખે, અને નોઆગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર, અને તેનાથી જુદો અનેક પ્રકારે છે. દ્રવ્ય વડે એટલે સાટિકા (ખડી) વિગેરેથી, અથવા દ્રવ્યનો એટલે આત્મા પરમાણુ વિગેરેનો અનુયોગ અથવા દ્રવ્યમાં એટલે નિષદ્યા વિગેરેમાં અનુયોગ થાય, તે દ્રવ્યાનુયોગ, ક્ષેત્રાનુયોગમાં, ક્ષેત્રવડે, ક્ષેત્રનો, અથવા ક્ષેત્રમાં અનુયોગ તે એ પ્રમાણે છે કાળ વડે કાળનો અથવા કાળમાં અનુયોગ જાણવો; વચનાનુયોગ તે એક વચન વિગેરેથી જાણવા, હવે ભાવાનુયોગનું વર્ણન કરે છે તે બે પ્રકારે આગમથી, અને નોઆગમથી, આગમથી, જ્ઞાતા અને ઉપયોગ રાખનાર, નોઆગમથી ઔપશમિક વિગેરે ભાવો વડે તેઓના અર્થનું કહેવું; આ શિવાય બાકીનું આવશ્યક સૂત્રથી જાણવું; કારણ કે અહિંઆ તો અનુયોગ માત્રનો વિષય છે.

આ અનુયોગ આચાર્યને આધીન હોવાથી, કોણે કર્યો, તે દ્વાર બતાવે છે. તેનાં ઉપક્રમ વિગેરે ચાર દ્વાર છે. તે ઘણા ઉપયોગી હોવાથી બતાવે છે. કોણે કર્યું અને તે

કેવા જોઈએ તે બતાવે છે. અહિંઆં આચાર્યના છત્રીશ ગુણો બતાવે છે.

**देश कुल जाइ रूवी संघयणी धिइजुओ अणासंसी**
**अविकत्थणो अमाई थिर परि वाडी गाहिय वक्को ॥१॥**
**जिय परिसो जियनिद्दो मज्झत्थोदेसकाल भावन्नू**
**आसन्न लद्ध पइभो णाणाविह देस भासण्णू ॥२॥**
**पंच विह आयारे जुत्तो सुत्तत्थ तदुभय विहिन्नू**
**आहरण हेउ कारण णय णिउणो गाहणा कुसलो ।३।**
**ससमय परसमय विऊ गम्भीरो दित्तिमं सिवोसोमो**
**गुणसय कलिओजुत्तो पवयण सारं परिकहेउं ॥४॥**

આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ તે બધાને સહેલાઈથી બોધ આપી શકે છે પિતાનું કુળ તે ઈક્ષ્વાકુ વિગેરે તથા જ્ઞાતકુળ, તે શ્રેષ્ટ હોવાથી માથે આવેલા બોઝાને ઉપાડતાં થાકતા નથી 'માતાની જાતિ,' તે ઉત્તમ હોય તો વિનયા. દિક ગુણવાળો થાય છે; અને જ્યાં સુંદર આકૃતિ ત્યાં ગુણો રહે છે તેથી રૂપ લીધું; સંહનન અને ધીરજ આ બેથી યુક્ત હોયતો ઉપદેશ વિગેરેમાં ખેદ ન પામે, અ નાશંસી હોવાથી સાંભળનારા પાસે વસ્ત્રાદિક ન માગે અવિકત્થન હોવાથી હિતમિત બોલનારો છે અમાયી તે કપટી ન હોવાથી સર્વત્ર વિશ્વાસ કરવા યોગ્ય છે, સ્થિર પરિપાટી તે ભણેલા

સૂત્ર તથા અર્થને ન ભૂલે, ગ્રાહ્ય વાક્ય તેની આજ્ઞા બધા માને, જીત પર્ષદ્ રાજા વિગેરેની મોટી સભાઓમાં હારે નહિં; જીત નિદ્ર હોવાથી નિદ્રાલુ શિષ્યોને અપ્રમાદીપણે સહેલાઈથી જગાડે, મધ્યસ્થ હોવાથી બધા શિષ્યોને યોગ્ય રીતે રાખે છે, દેશકાળ ભાવનો જાણનાર હોવાથી સુખથી ગુણ પ્રાપ્તિના દેશોમાં વિચરે છે, આસન્ન લબ્ધ પ્રતિભા (હાજર જવાબી હોવાથી) શીઘ્ર પરવાદીના ઉત્તર આપવામાં સમર્થ છે, પોતે જુદી જુદી ભાષાની વિધિ જાણતો હોય તો જુદા જુદા દેશમાં જન્મેલા શિષ્યોને સહેલાઇથી સમઝાવી શકે છે, જ્ઞાનાદિ પાંચ આચારે યુક્ત હોવાથી તેમનું વચન માનનીય છે. સૂત્ર અર્થ બંન્નેની વિધિ જાણતો હોવાથી જોઇએ તેવી રીતે ઉત્સર્ગ અપવાદના પ્રપંચને બતાવે છે. હેતુ, ઉદાહરણ, નિમિત્ત, નય તેના વિસ્તારને જાણનારો, વ્યાકુલ થયા વિના, હેતુ વિગેરે બરાબર બતાવે છે. ગ્રાહણા કુશળ હોવાથી ઘણી યુક્તિઓથી શિષ્યોને સમજાવે છે, જૈન અને બીજા મતોનો જાણીતો હોવાથી દરેકની સ્થાપના અને ખંડન કરે છે. ગંભીર તે ખેદને સહેનારો, અને દીપ્તિમાન્ તે પરના તેજમાં ન અંજાય; શિવના હેતુથી શિવ એટલે તે જ્યાં વિચરે ત્યાં મરકી વિગેરે રોગોની શાંતિ થાય, સૌમ્ય હોવાથી તેને દેખીને લોકોની આંખો આનંદ પામે, સેંકડો ગુણોથી

યુકત તે પ્રશ્રય (ભક્તિ) વિગેરેથી યુક્ત આ પ્રમાણે સૂરિ (આચાર્ય) પ્રવચનના કથનમાં યોગ્ય જાણવો. (આવા ગુણો વાળા આચાર્ય સૂત્ર અર્થ ભણાવે) એ અનુયોગના મોટા નગરમાં પેસવાની માફક (જૈન સિદ્ધાંતમાં પેસવાને માટે ચાર અનુયોગ દ્વારો તેજ વ્યાખ્યાન અંગ છે) તે કહે છે (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય, તેમાં ઉપક્રમ તે ઉપક્રમણ અથવા જેના વડે ઉપક્રમ કરીએ અથવા જેને કરીએ અથવા જેમાં કરીએ તેનો અર્થ આ થાય છે કે કહેવાના શાસ્ત્રને પૂરૂં સમજાવવા માટે શિષ્યનું તે તરફ લક્ષ ખેંચવું તે ઉપક્રમ આ ઉપક્રમ બે પ્રકારે છે (૧) શાસ્ત્ર સંબંધી તથા (૨) લોક સંબંધી શાસ્ત્ર સંબંધી અનુપૂર્વી નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર, અને સમવતાર, એમ છ પ્રકારે છે.

નિક્ષેપણ તે નિક્ષેપો જેના વડે જેનાથી જેમાં થાય તે નિક્ષેપ છે. ઉપક્રમમાં લાવેલા સાંભળનાર શિષ્યને પાસે લાવીને કહેવાના શાસ્ત્રનું નામ વિગેરે બતાવવું. તે ત્રણ પ્રકારે છે. ઓઘ નિષ્પન્ન, નામનિષ્પન્ન, સૂત્રાલાપકનિષ્પન્ન, તેમાં અંગ અધ્યયન વિગેરેનું સામાન્ય નામ સ્થાપવું તે ઓઘ નિષ્પન્ન છે, અને આચાર, શાસ્ત્ર, પરિજ્ઞા, વિગેરે, વિશેષ અભિધાન નામ સ્થાપવું અને સૂત્રના આલાવાનું નામ વિગેરે સ્થાપવું, તે સૂત્ર આલાપક નિષ્પન્ન જાણવું.

હવે અનુગમ કહે છે. જેના વડે અથવા જેનાથી અથવા જેનામાં અનુગમન થાય તે અનુગમ જાણવો એટલે તે અર્થનું કથન છે.

આ અનુગમ નિર્યુક્તિ અનુગમ, અને સૂત્રાનુગમ, એમ બે પ્રકારે છે. પહેલો નિર્યુક્તિ અનુગમ, ત્રણ પ્રકારે છે. નિક્ષેપ નિર્યુક્તિ, તથા ઉપોદ્ઘાત નિર્યુક્તિ, તથા સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ છે. તેમાં પહેલો નિક્ષેપ પોતે છે તેમાં સામાન્ય વિશેષ કહેવાવડે ઓઘ નિષ્પન્ન અને નામ નિષ્પન્ન, એ બે નિક્ષેપા વડે કહેલો સૂત્રની અપેક્ષાએ છે. તેનુ લક્ષણ હવે પછી કહેશે, ઉપોદ્ઘાત નિ. અ. આબે ગાથાઓ વડે જાણવો.

**॥ उद्देसे णिद्देसेय, णिग्गमे खेत्तकाल पुरिसेय ॥**
**कारण पच्चयलक्खण णये समो यारणाऽणुमए ॥१॥**
**किं कति विहं कस्स कहिं केसु कहं केच्चिरं हवइ कालं**
**कइसं तरमविरहियं भवा गरिस फास णाणिरुत्ती ॥२॥**

ઉદ્દેશો, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાલ, પુરૂષ, કારણ, પ્રત્યય, લક્ષણ, નયો, સમાવતાર, અનુમત; ॥૧॥ શું, કેટલા પ્રકારનું, કોનું, કયાં, કોનામાં, કેવીરીતે, કેટલો કાળ છે, કેટલું અંતર વાળું, અંતર રહિત, ભવાકર્ષ સ્પર્શના નિરૂક્તિ ॥૨॥ જાણવું હવે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ, અનુગમ કહેવા માટે સૂત્રોના અવયવના આક્ષેપને નયો વડે સમાધાન કહેવાનું છે તે

અનુગમ સૂત્ર સાથે થાય છે. તે સૂત્ર સૂત્રના અનુગમોમાં છે. તે ઉચ્ચારણ રૂપે તથા પદચ્છેદ રૂપે છે, અનંત ધર્મ વડે અધ્યાસિત (યુક્ત) વસ્તુ છે. તે એકજ ધર્મ વડે દોરે છે. એટલે વિભાગ પાડે છે. તે જ્ઞાન વિશેષ 'નયો' છે. તે નૈગમ વિગેરે સાત છે, હવે આચારાંગના ઉપક્રમ વિગેરે અનુયોગ દ્વારોનું યોગ્ય રીતે થોડું કહેવાની ઇચ્છાવાળા બધાં વિઘ્નો શાન્ત કરવાને તથા મંગળ માટે, તથા વિદ્વાનોની પ્રવૃત્તિ માટે, સંબંધ, અભિધેય, પ્રયોજન, બતાવનાર નિયુક્તિની ગાથાને નિર્યુક્તિકાર કહે છે.

**वंदित्तु सव्वसिद्धे जिणेअ अणु ओगदाए सव्वे ॥**
**आयारस्स भगवओ निज्जुत्तिं कित्त इस्सामि ॥१॥**

તેમાં 'સર્વ સિધ્ધોને તથા જિનેશ્વરોને વાંદિને' આ બોલવાથી મંગળ વચન છે. 'અનુયોગ' દાયકોને કહેવા વડે સંબંધ વચન થયું 'આચાર સૂત્રનુ' તે અભિધેય વચન છે. 'નિર્યુક્તિ કરીશ' તે પ્રયોજન બતાવ્યું. આ ટુંકામાં અર્થ છે. પણ અવયવનો અર્થ કહે છે. 'વદ' ધાતુ નમસ્કાર અને સ્તુતિ અર્થમાં છે. તેમાં નમસ્કાર કાયા વડે થાય. અને સ્તુતિ વાણીવડે થાય, આ બન્નેનો ભાવ મન વડે થાય, તેથી મન, વચન, અને કાયા, એ ત્રણે વડે પણ નમસ્કાર કર્યો જાણવો. હવે સિદ્ધ શબ્દનો અર્થ કહે છે.

જેમણે કર્મો બાળી નાંખ્યાં તે સિદ્ધ; એટલે સર્વથા કર્મથી રહિત જીવ તે સિદ્ધ જાણવો, અને બધા શબ્દ સાથે લેતાં બધા સિદ્ધ જાણવા, એટલે પંદર ભેદે સિદ્ધ થાય છે તે તીર્થ અતીર્થ, અનંતર, પરંપર, વિગેરે પણ સિધ્ધોના ભેદ જાણવા 'તે બધા સિધ્ધોને નમસ્કાર કરીને' આ સંબંધ છે. તે બધે જોડવો, રાગ દ્વેષને જે જીતે તે જિન જાણવા તેજ તીર્થંકર છે, તે અતીત, અનાગત, અને વર્તમાન, એ ત્રણ કાળના સર્વ ક્ષેત્રમાં રહેનારા એટલે પંદર કર્મ ભૂમિ વિગેરે સ્થાનમાં રહેલા તેમને પણ, નમસ્કાર કર્યો અને અનુયોગ કહેનારા સુધર્મ સ્વામી વિગેરેથી લઇને, ભદ્રબાહુ જે નિર્યુક્તિકાર છે, તે પોતે પોતાનાથી પૂર્વના આચાર્યોને નમસ્કાર કરે છે. આ નમસ્કારમાં એમ પણ આમ્નાય બતાવવાથી, પોતાની સ્વેચ્છા દૂર કરી જાણવી. અને પોતે પણ ગુરૂ પાસે જે જાણ્યું તે કહ્યું 'कत्वा' આ અવ્યય વડે પૂર્વ અને ઉત્તર ક્રિયાનો સંબંધ છે તે બતાવે છે એટલે નમસ્કાર કરીને યથાર્થ નામવાળા આચાર ભગવત્‌ની, નિર્યુક્તિ કરશે. ભગવત્ શબ્દથી આચારાંગ ભણનારને અર્થ ધર્મ પ્રયત્ન, ગુણ,ની પ્રાપ્તિ થશે તેથી તે ભગવત્ વિશેષણ વાપર્યું છે.

નિર્યુક્તિ એટલે નિશ્ચય અર્થ બતાવનાર યુક્તિ તેને કહીશ એટલે અંદર રહેલી નિર્યુક્તિને પ્રત્યક્ષ કહીશ,

॥ ૧ ॥ હવે જેવી પ્રતિજ્ઞા કરી છે તેજ કહેવાને નિક્ષેપાને યોગ્ય પદોને સુહૃદ્ બનીને આચાર્ય મહારાજ એકઠાં કરીને કહે છે.

**आचार अंग सुयखंध, बंभचरणे तहेव सत्थेय ॥**
**परिण्णाए सणाए, निक्खेवो तह दिसाणं च ॥ २॥**

આચાર, અંગ, શ્રુત, સ્કંધ, બ્રહ્મ, ચરણ, શસ્ત્ર પરિજ્ઞા, સંજ્ઞા, દિશા એ શબ્દોના નિક્ષેપા કરવા જોઈએ. તેમાં આચાર, બ્રહ્મ, ચરણ, શસ્ત્ર પરિજ્ઞા, એ શબ્દો નામ નિક્ષેપામાં જાણવા તથા અંગ, શ્રુતસ્કંધ, શબ્દો ઓઘ નિષ્પન્ન નિક્ષેપામાં અને સંજ્ઞા, દિશા, એ શબ્દો, સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપામાં જાણવા એટલે હરેકના કેટલા નિક્ષેપા થાય તે બતાવે છે.

**चरण दिसा वज्जाणं. निक्खेवो चउक्क ओघ नायव्वो**
**चरणंमि छव्विहो खलु, सत्तविहो होइउ दिसाणं ।३।**

ચરણ અને દિશા, છોડીને બાકીના બધા શબ્દોના ચાર પ્રકારના નિક્ષેપ છે. ચરણને‌ા છ પ્રકારને‌ા અને દિશાને‌ા સાત પ્રકારને‌ા નિક્ષેપ જાણવો, અહિં ક્ષેત્ર કાળ, વિગેરે જ્યાં ઘટે ત્યાં યોજવાં ॥૩॥ નામ સ્થાપના વિગેરે ચાર પ્રકારે બધામાં વ્યાપે છે, તે કહે છે.

**जत्थयजं जाणिज्जा निक्खेवं निक्खिवे निरवसेसं**
**जत्थवियन जाणिज्जा, चउक्कयं निक्खिवे तत्थ ॥४॥**

જ્યાં એટલે ચરણ, અને દિશા, શબ્દની આદિમાં જે નિક્ષેપો ક્ષેત્ર કાળ, વિગેરે સંબંધી જાણે ત્યાં સંપૂર્ણ કરે જ્યાં સંપૂર્ણ ન જાણે ત્યાં આચારાંગ વિગેરેમાં નામ સ્થાપના દ્રવ્યભાવ, એ ચાર નિક્ષેપા કરે આ ઉપદેશ છે ગાથાર્થ પ્રદેશ અંતરના પ્રસિદ્ધ અર્થના લાઘવને ઇચ્છનારા નિર્યુક્તિકાર ગાથા કહે છે.

**आचारे अंगमिय पुव्वुद्दिट्ठो चउक्कनिक्खेवो**
**नवरं पुण नाणत्तं भावायारंमि तं वोच्छं ॥ ५ ॥**

દશ વૈકાલિક ત્રીજા અધ્યયનની ક્ષુલ્લિક આચાર કથામાં આચારનો પૂર્વે કહેલો નિક્ષેપ છે, અને અંગનો ચતુરંગ અધ્યયનમાં છે. આ ઉત્તરાધ્યયનનું ત્રીજું અધ્યયન છે. અહિં જે વિશેષ છે, તે કહિએ છીએ, ભાવાચારનો અહિં વિષય છે તે કહ્યા પ્રમાણે બતાવે છે.

**तस्से गट्ठ पवत्तण, पढमंग गणी तहेव परिमाणे**
**समोयारे सारोय, सत्तहि दारेहि नाणत्तं ॥ ६ ॥**

ભાવાચારના એક અર્થવાળા શબ્દો કહેવા, તથા કયે પ્રકારે પ્રવૃત્તિ થાય, તે આચારનું પ્રવર્તન થયું તે કહેવું તથા આ પહેલું અંગ છે તે બતાવવું તથા ગણી (આચાર્ય) તેનું કેટલા પ્રકારનું આ સ્થાન છે, તે કહેવું તથા પરિમાણ

બતાવવું કે આટલું છે તથા કયું કયાં સમાય છે તે બતાવવું, તથા સાર કહેવો, આ દ્વારોવડે, પહેલા ભાવ આચારથી એનો ભેદ જાણવો આ સમુદાય અર્થ છે. એનો અવયવાર્થ નિર્યુક્તિ કારજ કહે છે.

**आयारो आचालो आगालो आगारोय आसासो**
**आयरिसो अंगंतिय आइण्णाऽऽजाइ आमोक्खा ॥७॥**

જે વર્તનમાં મૂકાય તે આચાર જાણવો એ નામ વિગેરે ચાર નિક્ષેપાયે જાણવો, નામ સ્થાપના સુગમ છોડીને દ્રવ્ય નિક્ષેપમાંજ્ઞ શરીર, ભવ્ય શરીર તથા એનાથી જુદો (વ્યતિરિકત) દ્રવ્યાચાર આ ગાથાવડે જાણવો.

**णामण धोमण वासण सिक्खावण सुकरणा विरोहीणि**
**दव्वाणि जाणि लोए दव्वायारं वियाणाहि ॥ ८ ॥**

નામન, ધાવન, વાસન, શિક્ષણ, સુકરણ, જે અવિરોધી દ્રવ્યો છે તે લોકમાં દ્રવ્યાચાર જાણવો દશ વૈકાલીક સુત્ર ત્રીજા અધ્યયનમાં જુઓ ( પેટ ભરવાને માટે આ લોકમાં જે કળા શિખાય છે તે દ્રવ્યાચાર જાણવો ) ભાવ આચાર બે પ્રકારે છે (૧) લૌકિક (૨) લોકોત્તર તેમાં લૌકિક તે જૈન શિવાયના ધર્મ કૃત્યો છે જે અન્યદર્શનીઓ પંચરાત્રિ વિગેરેનો કરે છે તે જાણવો, અને લોકોત્તર તે

જ્ઞાનદર્શન વિગેરેનો પાંચ પ્રકારે જાણવો, તેમાં જ્ઞાનાચાર આઠ પ્રકારે છે.

**काले विणए बहुमाणे, उवहाणे तहा अणिण्हवणे;**
**वंजण अत्थ तदुभये, अट्ठविहो णाण मायारो ॥१॥**

કાળમાં, વિનયથી, બહુમાન પૂર્વક, તપશ્ચર્યાની સાથે, ભણનાર ગુરૂનો ગુણ ન ભૂલતાં સૂત્ર અર્થ અને તે બન્ને શુદ્ધ ભણે તે આઠ પ્રકારનો જ્ઞાનઆચાર છે, હવે દર્શન આચાર આઠ પ્રકારનો છે તે બતાવે છે.

**निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठिय**
**उववूह थिरी करणे वच्छल्ल पभावणे अट्ठ ॥२॥**

શંકા રહિત, અન્યમતની વાંછા રહિત, સંદેહ રાખ્યા વિના, અમૂઢ દ્રષ્ટિપણે, ભાવ ચડાવી, પડતાને સ્થિર કરીને, બંધુભાવ રાખી, તન, મન, ધનનો, સદુપયોગ કરી, જૈન ધર્મનો પ્રભાવ વધારવો તે તે દર્શનાચાર આઠ પ્રકારનો છે હવે ચારિત્રાચાર આઠ પ્રકારનો છે તે બતાવે છે.

**तिन्नेवय गुत्तीओ पंचसमिइओ अट्ठामिलि याओ**
**पयवण माई उ इमा, तासुठिओ चरण संपन्नो ॥३॥**

ત્રણ ગુપ્તિ તે મન, વચન, કાયાને, પાપ વ્યાપારમાં કે ધર્મના સરાગ વિષયમાં ન રોકવું તે ગુપ્તિ છે. અને

સંભાળીને ચાલવું, બોલવું, ખાવું, વસ્તુ લેવી, મૂકવી, અને શરીર વિગેરેનો મેલ અયોગ્ય સ્થાને ન નાખવો તે પાંચ સમિતિ છે. તે આઠ પ્રવચન માતા કહેવાય છે. તેમાં રહેલો ચરણ યુક્ત સાધુ કહેવાય છે.

તપ આચાર બાર પ્રકારનો છે તે નીચે પ્રમાણે

**अणसण मूणो यरिया वित्ती संखेवणं रसच्चाओ**
**कायकिलेसो संलिणयाय बज्झो तवो होइ ॥४॥**
**पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ**
**झाणं उस्सग्गो ।विय अब्भिंतरओ तवो होइ ॥५॥**

આહાર ત્યાગ, ઓછું ભોજન, ખાવાની ચીજોનું પ્રમાણ, સ્વાદિષ્ટ વસ્તુનો ત્યાગ, કાયાને કષ્ટ, તથા અંગને સંકોચી રાખવું, એ છ પ્રકારે બાહ્ય તપ છે.

અને પાપનું પ્રાયશ્ચિત લેવું, ગુણીઓનો વિનય કરવો, તેમને યોગ્ય વસ્તુ પુરી પાડવી, ધર્મજ્ઞાન ભણવું, અશુભ ધ્યાન છોડીને નિર્મળ ધ્યાન કરવું, તથા કાઉસગ્ગ કરવો, એ છ પ્રકારે અભ્યંતર તપ છે. વીર્યાચાર અનેક પ્રકારે છે.

**अणि गूहिय बल विरिओ परक्कमइ जो जहुत्त माउत्तो**
**जुंजइय जहाथामं नायव्वो वीरिया यारो ॥६॥**

ધર્મના કામમાં. પરમાર્થના કામમાં, પોતાનું બળ

અને ઉત્સાહ યથા યોગ્ય પણે ઉપયોગમાં વાપરે એ વીર્યા-ચાર જાણવો. જેમાં ધર્મ ક્રિયામાં બેસવું, ઉઠવું, નમસ્કાર કરવો, જવું, આવવું, એ બધામાં વિધિ પૂર્વક ઉલ્લાસથી ચિત્ત સ્થિર રાખીને નિશ્ચલ પણે કરે, આ પાંચ પ્રકારનો આચાર બતાવનાર આ સૂત્રજ ભાવ આચાર છે એમ બધી જગોએ જાણવું, હવે આચારની પછી આચાલની વ્યાખ્યા કરે છે.

અતિગાઢ (ચીકણાં) કર્મ જેના વડે સર્વથા ચલાયમાન થઇ જાય તે આચાલ છે તેનો નિક્ષેપો ચાર પ્રકારે છે, નામ સ્થાપના છોડીને દ્રવ્ય નિક્ષેપામાંજ્ઞ શરીર, ભવ્ય શરીર, છોડીને તેનાથી જુદો દ્રવ્ય આચાલ તે વાયુ છે, (કે તે વાયુ બધાને કંપાવે છે) અને ભાવ આચાલમાં આ પાંચ પ્રકારનો જ્ઞાનાદિ આચારજ જાણવો, હવે આગાલ શબ્દનો નિક્ષેપો લખે છે, આગાલન તેજ સમપ્રદેશમાં રહેવું છે, તેના ચાર નિક્ષેપા થાય છે, નામ સ્થાપના સુગમ છે, દ્રવ્યમાંજ્ઞ શરીર, ભવ્ય શરીર, શિવાય વ્યતિરિક્તમાં પાણી વિગેરેનું નિચાણમાં રહેવાનું છે. અને ભાવ આગાલ તે જ્ઞાનાદિક પાંચ આચાર છે. તે આચારો રાગાદિ રહિત આત્મામાં રહે છે. હવે આકર લખે છે, તેની અંદર આવીને કરે તે આકર, તેના ચાર પ્રકારે નિક્ષેપા છે. દ્રવ્ય વ્યતિરિકત નિક્ષેપામાં ચાંદી વિગેરેની ખાણો છે અને ભાવ

આકારમાં જ્ઞાનાદિ આચાર છે. તેનું પ્રતિપાદન કરનાર આજ ગ્રન્થ છે. નિર્જરાદિ રત્નો જે આત્માના ગુણ છે તે તેમાંથી મળે છે, હવે આશ્વાસ શબ્દ લખે છે, જેમાં આશ્વાસ લેવાય તે, તેના ચાર નિક્ષેપામાં દ્રવ્ય વ્યતિરિકતમાં યાનપાત્ર દ્વીપાદિ (વહાણ અને દ્વીપ ડૂબતાને આધાર ભૂત) ભાવાશ્વાસ તે જ્ઞાનાદિ છે, હવે આદર્શ શબ્દ બતાવે છે, જેમાં દેખાય તે આદર્શ, તેના નામાદિ ચાર નિક્ષેપામાં, દ્રવ્ય વ્યતિરિકતમાં, દર્પણ, અને ભાવાદર્શ જ્ઞાનાદિ પૂર્વે કહેલ તે છે. કારણ તેની અંદર કર્ત્તવ્યતા દેખાય છે. હવે અંગ બતાવે છે. જેનામાં પ્રગટ કરાય તે અંગ, તેમાં દ્રવ્ય નિક્ષેપામાં વ્યતિરિકત શરીરનાં અંગ, માથું, ભુજા, વિગેરે લેવાં. ભાવ અંગ તે આ, આચાર સૂત્રજ છે. હવે આચીર્ણ લખે છે. તે ઉપયોગમાં લેવાના અર્થમાં છે. તે આચીર્ણ નામાદિ છ પ્રકારે છે. દ્રવ્યાચીર્ણ વ્યતિરિકતમાં, સિંહાદિનું ઘાસ ખાવાનું છોડીને માંસનું ભક્ષણ છે, ક્ષેત્રાચીર્ણમાં વાલ્હિક દેશમાં સકતુ (સાથવો) ખાય છે, અને કોકણમાં પેયા ખાય છે. હવે કાલા ચીર્ણમાં જેમકે ઉનાળામાં રસવાળો ચંદનનો લેપ લગાવે છે તથા કાષાયિકી ગંધ રસવાળી લગાવે છે તથા પાટલ, સિરીશ, અને મલ્લિકા, એ ફુલો વ્હાલાં લાગે છે તેની ગાથા.

**सरसो चन्दन पंको, अग्घइ सरसाय गन्ध कासाई**

**पाडलि सिरीस मल्लिय, पियाइं काले निदाहंमि ॥१॥**

[અર્થ ઉપર કહ્યો છે.]

ભાવાચીર્ણમાં જ્ઞાનાદિ પંચક છે. તેનો પ્રતિપાદક આ-ચાર ગ્રન્થ છે. હવે, આ જાતિ લખે છે. જેનામાંથી સંપૂર્ણ જન્મ પામે, તે પણ ચાર પ્રકારે છે, દ્રવ્ય નિક્ષેપામાં વ્યતિ-રિકતમાં મનુષ્ય વિગેરે જાતિ લેવી અને ભાવ આ જાતિમાં જ્ઞાનાદિ આચારને જન્મ આપનાર આજ ગ્રન્થ છે. હવે આ મોક્ષ શબ્દ કહે છે. જેમાં સર્વથા મુકાય તે આમોક્ષણ, છે, તે આમોક્ષના ચાર નિક્ષેપા છે. તેમાં દ્રવ્ય વ્યતિરિકતમાં, હેડમાંથી પગ છુટો કરવાનું તે, અને ભાવ આમોક્ષમાં, આઠ કર્મને જડ મૂળથી કાઢનાર. આ આચાર ગ્રન્થ છે. ઉપર બતાવેલા આચાર, આચાલ, આગાલ, આકાર, આ-શ્વાસ, આદર્શ, અંગ, આચીર્ણ, આ જાતિ, અને આ મોક્ષ, એ, દશ શબ્દો કિંચિત્ વિશેષ બતાવનારા અને ઘણે ભાગે મળતા એક અર્થમાં છે, જેમકે ઈન્દ્રના પર્યાયવાચી શબ્દો શક્ર, પુરંદર વિગેરે છે, અને એક અર્થ કહેનારા, છન્દ, ચિતિ, બન્ધ, અનુલોમી, વિગેરે પ્રતિપત્તિના અર્થ માટે બતાવ્યા છે. કહ્યું છે કે—

**बंधाणु लोमया खलु सत्थंमिय लाघवं असंमोहो**
**संत गुण दीवणाविय एगट्ठ गुणा हवंते ए ॥२॥**

બંધ, અનુલોમતા, લાઘવ, અસંમોહ, સદ્‌ગુણ દીપન એ શાસ્ત્રમાં નિશ્ચય કરીને એકાર્થના ગુણો છે (જુદા જુદા દેશના રહેવાસી શિષ્યોને સમજવામાં આ પર્યાયોથી અર્થની દ્રઢતા સારી થાય છે અને બરોબર સમજવાથી તેમાં પ્રવૃત્તિ હોંસથી થાય છે) ॥૭॥

હવે પ્રવર્તના દ્વાર કહે છે, ભગવાને ક્યારે આચાર ગ્રન્થ કહ્યો તે બતાવે છે.

**सव्वे सिं आयारो तित्थस्स पवत्तणे पढमयाए**
**सेसाइं अंगाइं एक्कारस आणु पुव्वीए ॥८॥**

બધા તીર્થંકરો તીર્થ સ્થાપે તે વખતે પ્રથમ આચારનો અર્થ કહે તેમ પૂર્વમાં અને વર્તમાન અને ભવિષ્યમાં પણ જાણવું ત્યારપછી બીજાં અગ્યાર અંગનો વિષય કહે, છે અર્થને સાંભળીને શિષ્યોને હિતાર્થે ગણધર ભગવંતો એજ અનુપૂર્વીવડે સૂત્રોની રચના કરે છે ॥ ૮॥ આ પહેલો શામાટે કહ્યો તે બતાવે છે.

**आयारो अंगाणं पढमं अंगं दुवाल सण्हंपि**
**इत्थय मोक्खोवाओ एसयसारो पवयणस्स ॥९॥**

આ આચાર ગ્રન્થ બાર અંગોમાં પહેલું કહીને તેનું કારણ બતાવે છે. અહિંઆં મોક્ષનો ઉપાય જે ચરણ કરણ છે તે બતાવે છે. આ પ્રવચનનો સાર છે કારણ કે તે મુખ્ય

મોક્ષનો હેતુ છે. એમ સ્વીકાર્યું છે. અને એ આચારમાં રહેલો, બીજાં અંગોનું અધ્યયન કરવાને યોગ્ય છે. તેથી તેને પહેલું બતાવ્યું છે ॥ ૯ ॥

હવે ગણિદ્વાર કહે છે. સાધુ વર્ગ અથવા ગુણોનો ગણ જેને હોય તે ગણી અને આચારને આધીન ગણિપણું છે તે બતાવે છે.

**आयारम्मि अहीए जंनाओहोइ समण धम्मोउ**
**तम्हा आयार धरो भण्णइ पढमं गणिट्ठाणं ॥१०॥**

જે આચાર, અધ્યયનથી દશ પ્રકારનો ક્ષાન્ત્યાદિ અથવા ચરણ કરણ આત્મક શ્રમણ ધર્મ જાણીતો થાય છે, તેથી બધા ગણિપણાના કારણમાં આચાર ધરપણું પહેલું અથવા મુખ્ય ગણિસ્થાન છે ॥ ૧૦ ॥

(ગણિપણું કોણ ધરાવે તેનો ઉત્તર એ સૂચવ્યો કે બધા ગુણોમાં મુખ્ય ગુણ આચાર છે માટે તેનો આચાર સારો હોવો જોઈએ) હવે પરિમાણ બતાવે છે. આ અધ્યયનથી, પદથી, એ બે પ્રકારે બતાવે છે.

**णवबंभ चेर मइओ, अट्ठारस पय सहस्सिओ वेओ**
**हवइ य सपंच चूलो बहु बहु तरओ पयग्गेणं ॥ ११ ॥**

તેમાં અધ્યયનથી નવ બ્રહ્મચર્ય નામથી અધ્યયનરૂપ આ ગ્રન્થ છે. અને પદથી હઢાર હજાર પદરૂપ છે, વેદ

શબ્દથી એમ બતાવે છે કે, જેના વડે, હેય, અને ઉપાદેય, પદાર્થોનું સ્વરૂપ જાણે તે વેદ, આ ક્ષાયોપશમિક ભાવમાં વર્તનારા આ આચાર ગ્રન્થ છે (આચારને બદલે મૂળમાં વેદ શબ્દ વાપર્યો છે) તેની સાથે પાંચ ચૂડાઓ છે. તેથી પાંચ ચુડાવાળા થાય છે. કહેવામાં જે બાકી ખુલાસો કરવાનો હોય તે બતાવનાર ચુડા કહેવાય છે. તેમાં પહેલી સાત અધ્યયનવાળી છે. તે આ પ્રમાણે–

**पिंडेसण सेज्जिरियाँ, भासज्जायाय वत्थर्यांए सा**
**उग्गहपडि, मात्ति,**

પિંડેષણા, શય્યા, ઇર્યા, વિગેરે સાત અધ્યયનવાળી છે, બીજી સત્ત સત્તિકયા, ત્રીજી ભાવના, ચોથી મુક્તિ, અને પાંચમી તે નિશીથાધ્યયન ‘बहु बहु रओ पदग्गेणं’ ति તેમાં ચાર ચુલિકારૂપ બીજો શ્રુતસ્કંધ, ઉમેરવાથી બહુ અને નિશીથ નામની પાંચમી ચુલિકા ઉમેરવાથી બહુતર, અને અનંત, ગમ, પર્યાયરૂપે બહુતમ છે તે પદ પરિમાણવડે થાય છે (આનું વિવરણ આગળ કરશે) ॥ ૧૧ ॥

હવે ઉપક્રમની અંદર સમવતારનું દ્વાર છે, તેમાં, આ ચુડાઓ નવ બ્રહ્મચર્ય અધ્યયનમાં સમાય છે તે બતાવે છે.

**आयार ग्गाणत्थो, बम्भ चेरेसु सोसमोयरइ**
**सोऽविय सत्थ परिण्णा, ऍ पिंडि अत्थो समोयरइ ।१२।**

**सत्थ परिण्णा अत्थो, छस्सुवि कायेसु सो समो यरई**
**छज्जीवणिया अत्थो, पंचसुवि वएसु ओयरइ ॥१३॥**
**पंचय महव्वयाइं, समोयरंते य सव्व दव्वेसुं**
**सव्वेसिं पज्जवाणं, अणन्त भागम्मि ओयरइ ॥१४॥**

આચાર અગ્રનો, અર્થ બ્રહ્મચર્યમાં અવતરે છે, અને તેપણ શસ્ત્ર પરિજ્ઞામાં સમુદાય અર્થ સમાય છે ॥ ૧૨ ॥ અને શસ્ત્ર પરિજ્ઞાનો અર્થ છે તે છ કાયમાં સમાય છે, અને છ જીવણિઆનો અર્થ પંચ મહા વ્રતમાં સમાય છે, ॥ ૧૩ ॥ અને પાંચ મહાવ્રત છે તે સર્વ દ્રવ્યોમાં સમાય છે, અને સર્વે પર્યાયોના અનંત ભાગમાં એ દ્રવ્ય સમાય છે. ॥ ૧૪ ॥

ટીકાકારે ગાથાઓ સહેલી સમજીને ટીકા કરી નથી, માટે સાદો અર્થ ઉપર લખ્યો છે. પણ આચાર અગ્ર તે ચુલિકાઓ જાણવી, એટલે એમ સૂચવ્યું કે, ચુલિકાઓ બ્રહ્મચર્યમાં સમાય છે, બાકી ઉપર મુજબ છે. તેમાં દ્રવ્યો તે ધર્માસ્તિકાય વિગેરે છ લેવાં, અને પર્યાયમાં અગુરૂ લઘુ વિગેરે છે. તેમના અનંતમે ભાગે વ્રતોનો અવતાર થાય. ॥ ૧૨-૧૩-૧૪ ॥

શિષ્યનો પ્રશ્ન, મહાવ્રતોનો બધા દ્રવ્યમાં અવતાર કેવી રીતે થાય અને સર્વ પર્યાયોમાં કેમ ન થાય? તેનું સમાધાન કરે છે.

छज्जीवणिया पढमे, बीए चरिमेयसव्व दव्वाइं
सेसा महव्वया खलु, तदेक्क देसेण दव्वाणं ॥१५॥

છ જીવણિકાય પહેલા અને બીજામાં છે, અને છેલ્લા-માં સર્વ દ્રવ્યો છે, અને બાકીના મહાવ્રતો દ્રવ્યના એક દેશમાં છે. હવે મહાવ્રતને ઉપર પૂછેલો પ્રશ્ન સમજાવે છે. જે અભિપ્રાયવડે પ્રેરણા કરી તે બતાવે છે.

णणु सव्व णभ पएसा, णंत गुणं पढम संजमट्ठाणं
छव्विह परिवुड्ढीए, छट्ठाणा संखया सेढी ॥१॥
अन्नेके पज्जाया ?, जेणुव उत्ता चरित्त विसयम्मि
जे तत्तो णंत गुणा, जेसिं तमणंत भागम्मि ॥२॥
अन्ने केवल गम्माति, ते मई तेयके तदब्भहिया ?
एवंपि होज्ज तुल्ला, णाणंत गुणत्तणं जुत्तं ॥३॥
॥चो०॥ सेढीसु णाणदंसण, पज्जाया तेण तप्पमाणेसा
इहपुण चरित्त मेत्तो, वओगिणो तेण ते थोवा ॥४॥

આ ગાથાઓનો ટુંકામાં અર્થ બતાવે છે. (નનુતે અસૂયાના અર્થમાં છે) સંયમ સ્થાન અસંખ્યાત છે. તેઓમાં જે જઘન્ય છે, તે જેઓનો વિભાગ ન થાય એવું, નાનું આપણે કલ્પિએ તે પર્યાયોવડે ખંડિયે તો, અનન્ત, અવિભાગ, પલિચ્છેદરૂપ છે. અને તે પર્યાય સંખ્યાવડે નિર્દિષ્ટ કરીએ

તો બધા આકાશ પ્રદેશની સંખ્યાથી અનન્ત ગણું છે. એટલે આકાશના જેટલા પ્રદેશો છે તેનો વર્ગ કરીએ તેટલું છે. તેથી બીજું વિગેરે સ્થાનોવડે અસંખ્યાત ગચ્છમાં જવાવડે અનન્ત ભાગ આદિવૃદ્ધિવડે છ સ્થાનમાં રહેનારી અસંખ્યેય સ્થાન ગત શ્રેણી થાય છે. આ પ્રમાણે એકપણ સ્થાન સર્વ પર્યાયો યુક્ત હોય તે ગણુતરીમાં ગણી શકાય નહિ ત્યારે કેવી રીતે બધા ગણી શકાય ? એટલા માટે, હવે કયા બીજા પર્યાયો ? છે જેઓના અનન્ત ભાગે વર્તો રહે છે. જે પર્યાયો બુદ્ધિમાં પહોંચે તે લેવા બાકીના કેવળી ગમ્ય છે તેનો ભાવાર્થ આ છે કે કેવળી જાણે પણ ન કહેવાય તેવા પર્યાયોને પણ તેમાં ઉમેરવાથી બહુપણું થાય એજ પ્રમાણે જ્ઞાન અને જ્ઞેય એ બન્નેના તુલ્ય પણાથી બન્ને બરોબરજ છે. તેથી અનન્ત ગુણા ન થાય માટે શિષ્યની આ શંકાને દૂર કરવા આચાર્ય કહે છે જે આ સંયમ સ્થાન શ્રેણી કહી તે બધા ચારિત્ર પર્યાયો તથા જ્ઞાનદર્શન પર્યાય સહિત લઈએ તો પરિપૂર્ણ થાય, સર્વ આકાશ પ્રદેશથી તે પર્યાયો અનંત ગુણા થાય. અહિંઆં ફક્ત ચારિત્ર માત્ર ઉપયોગીપણાથી પર્યાયોનો અનન્ત ભાગ વૃત્તિપણું સૂચવ્યું તેથી તમારો બતાવેલો દોષ લાગુ પડતો નથી. હવે સારદ્વાર કહે છે. કોનો કયો સાર તે બતાવે છે.

**अंगाणं किं सारो ?, आयारो तस्स हवइ किं सारो ?**

**अणु ओगत्थो सारो, तस्स विय परूवणा सारो ॥१६॥**

અંગોનો શું સાર છે? ઉ. આચાર તેનો શું સાર? ઉ. અનુયોગ અર્થ, અને તેનો સાર પ્રરૂપણા છે. ગાથાનો અર્થ સરલ હોવાથી ટીકા નથી ફક્ત અનુયોગ અર્થ એટલે કહેવાનો વિષય અને તેની પ્રરૂપણા એટલે પોતાની પાસે છે તે બીજાને સમજાવવું વળી

**सारो परूवणाए, चरणं तस्स विय होइ निव्वाणं**

**निव्वाणस्स उसारो अव्वाबाहं जिणा बिंति ॥१७॥**

પ્રરૂપણાનો સાર ચારિત્ર (સદ્વર્તન છે. અને તેના વડે મોક્ષ છે. અને મોક્ષનો સાર અવ્યાબાધ સુખ છે એવું જીનેશ્વર દેવ કહે છે. હવે શ્રુતસ્કંધ અને પદના નામાદિ નિક્ષેપા વિગેરે પૂર્વ માફક કહેવા અહિંઆ ભાવ નિક્ષેપાનું કામ છે. તે ભાવ શ્રુતસ્કંધ બ્રહ્મચર્ય રૂપ છે. એથી બ્રહ્મ,-ચરણ એ બે શબ્દોના નિક્ષેપા કરવા તે કરે છે.

**बंभम्मीय चउक्कं, ठवणाए होइ बंभणुप्पत्ती**

**सत्तण्हं वण्णाणं, नवण्ह वण्णं तराणंच ॥१८॥**

તેમાં બ્રહ્મ તેના ચાર નિક્ષેપા છે. નામ બ્રહ્મ, તે કોઇનું નામ હોય, અસદ્ભાવ સ્થાપનામાં અક્ષ વિગેરેમાં કલ્પના કરવી, અને સદ્ભાવના સ્થાપનામાં; બ્રાહ્મણે જનોઈ પહેરી

હોય તેવી આકૃતિ વાળી માટી વિગેરે દ્રવ્યની મૂર્તિ હોય અથવા સ્થાપનામાં કહેવાતા સંબંધમાં બ્રાહ્મણની ઉત્પત્તિ કેવી થઇ તે બતાવવી તે પ્રસંગને લઇનેસાત વર્ણ અને નવ વર્ણાંતરની ઉત્પત્તિ બતાવવી જોઇએ તે બતાવે છે.

**एक्का मणुस्स जाई, रज्जुप्पत्तीइ दो कया उसभे**
**तिण्णेव सिप्प वणिए, सावग धम्मम्मिचत्तारि ॥१९॥**

જ્યાં સુધી રૂષભદેવ ભગવાન ગાદીએ બેઠા નહોતા ત્યાં સુધી મનુષ્ય જાતી એકજ હતી. અને રાજ ગાદીએ બેઠા પછી ભગવંતને આશ્રયીને જે રહ્યા તે ક્ષત્રિયો કહેવાયા અને બાકીના શોચ કરવાથી અને રૂદન કરવાથી શુદ્ર કહેવાયા અને અગ્નિની ઉત્પત્તિ થતાં તેમાંથી લોહાર વિગેરે ના શિલ્પ તથા વેપારની વૃત્તિએ ગુજરાન કરવાથી વૈશ્યો કહેવાયા અને ભગવાનને કેવળજ્ઞાન થયા પછી તેમના પુત્ર ભરત મહારાજાએ કાકણી રત્ન વડે લાંછન કરવાથી તે શ્રાવકો અને તેજ બ્રાહ્મણો કહેવાયા તે સંબંધમાં ચુર્ણિકાર નિચે મુજબ કહે છે. જે રાજાને આશ્રયી રહ્યા તે ક્ષત્રિય કહેવાયા અને બીજા ગૃહપતિ કહેવાયા. જ્યારે અગ્નિ ઉત્પન્ન થયો ત્યારે પાક (રાંધવું) ને આશ્રયી શિલ્પીઓ અને વેપારી થયા, તેમનાં શિલ્પ અને વેપાર વડે વૈશ્યો ઉત્પન્ન થયા અને જિનેશ્વરે દીક્ષા લીધી, અને રાજગાદી ભરતને મળી. ત્યારે જેઓએ શ્રાવકોનો ધર્મ સ્વીકાર્યો તેઓ બ્રાહ્મણ

કહેવાયા. તેઓનું કર્તવ્ય એ હતું કે લોકોને કહેતા 'માહણ, માહણ, અર્થાત્ કોઇ અજ્ઞાન દશાથી જીવોનું દુઃખ વિસારીને તેને મારે તો તેઓ ધર્મ પ્રિય થઇને રહેતા કે જીવને ન મારો, દુઃખ ન દો, આવી માણસોમાં ધર્મ વૃત્તિ કરાવવાથી તેઓ माहणा, ब्राह्मणो, કહેવાયા. અને જેઓ શિલ્પ વિનાના તથા ધર્મ રહિત હતા તે અમે ખલ છીએ એવું માનીને કામ પડતાં હિંસા, ચોરી વિગેરે કરતાં દુઃખ આવતાં શોચે રૂએ તેથી શુદ્ર કહેવાયા. એ પ્રમાણે ત્રણ જે શુદ્ધ જાતિઓ કહી. તે અને બીજી જાતિઓ એકવીશમી ગાથા વડે બતાવશે. હવે વર્ણ અને વર્ણાંતરથી થયેલ સંખ્યા બતાવે છે.

**संजोगे सोलसगं, सत्तयवण्णाउ नव य अंतरिणो**
**ए ए दोवि विगप्पा, ठवणा बंभस्स णायव्वा ॥२०॥**

સંયોગ વડે સોળ વર્ણ થઇ તેમાં સાત વર્ણ અને નવ વર્ણાંતર જાણવી. આવર્ણ અને વર્ણાંતર એવા બે ભેદ સ્થાપના બ્રહ્મ જાણવા. હવે પૂર્વે કહેલી ત્રણ વર્ણને અથવા પૂર્વે કહેલી સાત વર્ણને બતાવે છે.

**पगई चउक्कगाणं, तरेयते हुंति सत्त वण्णाउ**
**आणंतरेसु चरमो, वेण्णा खलु होइ णायव्वो ॥२१॥**

ચાર મૂળ જાતિ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર છે. તેમાંથી એક બીજાના સંયોગથી ત્રણ ત્રણ ઉત્પન્ન થઇ.

જેમકે બ્રાહ્મણથી ક્ષત્રિય સ્ત્રી સાથે જે પુત્ર થાય તે પ્રધાન ક્ષત્રિય અથવા સંકર કહેવાય એ પ્રમાણે ક્ષત્રિય પુરૂષથી વૈશ્ય સ્ત્રી સાથે જાણવું તથા વૈશ્ય પુરૂષ અને શુદ્ર સ્ત્રી હોય તો તે પ્રમાણે દરેકમાં પ્રધાન અને સંકર કહેવા એ પ્રમાણે સાત વર્ણો થાય છે. અનંતરે થયા તે આનન્તરા તે યોગોમાં ચરમ વર્ણનો વ્યપદેશ થાય છે જેમકે બ્રાહ્મણ પુરૂષથી ક્ષત્રિયાણી સ્ત્રીથી ક્ષત્રિય થાય વિગેરે અને તે સ્વસ્થાનમાં પ્રધાન થાય છે.

હવે નવ વાર્ણાંતરનાં નામો બતાવે છે ॥ ૨૧ ॥

**अंबट्ठुग्ग निसायाय अजोगवं मागहाय सूयाय**
**खत्ता(य) विदेहाविय चंडाला नवमगा हुंति ॥२२॥**

અંબષ્ટ, ઉગ્ર, નિશાદ, અયોગવ, માગધ, સૂત, ક્ષત્તા, વિદેહ, અને ચાંડાલ એ કેવી રીતે, તે બતાવે છે. ॥ ૨૨ ॥

**एगं अंतरिए इणमो, अंबट्ठो चेव होइ उग्गोय**
**बिइयंतरिअ निसाओ, परासरं तंच पुणवेगे ॥२३॥**
**पडि लोमे सुद्दाई, अजोगवं मागहो य सूओअ**
**एगंतरिए खत्ता, वेदेहा चेव नायव्वा ॥२४॥**
**बितियंतरे नियमा, चंडालो सोवि होइ णायव्वो**
**अणु लोमे पडिलोमे एवं ए ए भवे भेया ॥२५॥**

આ ગાથાઓનો અર્થ નીચેના લખાણ ઉપરથી જાણવો તે આ પ્રમાણે છે—

| | | | | |
|---|---|---|---|---|
| બ્રહ્મ પુરૂષ<br>વૈશ્યા સ્ત્રી<br>અંબષ્ટ | ક્ષત્રિય પુરૂષ<br>શુદ્રી સ્ત્રી<br>ઉગ્ર | બ્રાહ્મણ પુરૂષ<br>શુદ્રી સ્ત્રી<br>નિષાદ અ૦<br>પારાસર. | શુદ્ર પુરૂષ<br>વૈશ્યા સ્ત્રી<br>અયોગવ | વૈશ્ય પુરૂષ<br>ક્ષત્રિયા સ્ત્રી<br>માગધ |

| | | | |
|---|---|---|---|
| ક્ષત્રિય પુરૂષ<br>બ્રહ્મ સ્ત્રી<br>સૂત | શુદ્ર પુરૂષ<br>ક્ષત્રિયા સ્ત્રી<br>ક્ષત્તા | વૈશ્ય પુરૂષ<br>બ્રહ્મ સ્ત્રી<br>વૈદેહ | શુદ્ર પુરૂષ<br>બ્રહ્મ સ્ત્રી<br>ચાંડાલ |

ઉપરના કોષ્ટકમાં બતાવ્યા તે પ્રમાણે નવ વર્ણાંતર થયાં. હવે વર્ણાંતરના સંયોગથી કોની ઉત્પત્તિ થઈ તે કહે છે.

**उग्गेणं खत्ताए, सोवागो वेणवो विदेहेणं**
**अंबट्टीए सुद्दी,य बुक्कसो जो निसाएणं ॥२६॥**
**सूयेण निसाईए, कुक्करओ सोवि होइ णायव्वो**
**एसो बीओ भेओ, चउ व्विहो होए णायव्वो ॥२७॥**

એનો અર્થ પણ નિચેના કોષ્ટકથી જાણવો તે આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ઉગ્ર પુરૂષ<br>ક્ષત્તાસ્ત્રી<br>શ્વપાક | વિદેહ પુરૂષ<br>ક્ષત્તા સ્ત્રી<br>વૈણવ | નિષાદ પુરૂષ<br>અંબષ્ટી અથવા<br>શુદ્રી સ્ત્રી<br>બુક્કસ | શુદ્ર પુરૂષ<br>નિષાદ સ્ત્રી<br>કુકકુરક |

સ્થાપના બ્રહ્મ પુરો થયો. હવે દ્રવ્ય બ્રહ્મ બતાવે છે.

**दव्वं सरीर भविओ, अन्नाणी वत्थि संजमो चेव**
**भावेउ वत्थि मंजम, णायव्वो संजमो चेव ॥१८॥**

જ્ઞ શરીર, ભવ્યશરીર, શિવાય શાકય, પરિવ્રાજક, વિગેરે અન્ય દર્શનીય સાધુઓના શરીર માત્ર એટલે સ્ત્રી સંગ ત્યાગ પણ તત્વ બોધ વિનાનું બ્રહ્મચર્ય વ્રત તથા વિધવા અથવા પરદેશ ગયેલા પતિવાળી, અથવા પતિએ દૂર કરેલી જે સ્ત્રી ઇચ્છા વિના પણ કુળની મર્યાદાએ બ્રહ્મચર્ય પાળે છતાં કુશીલ સેવનારને સહાયતા કરે તથા કુશીલ બીજા પાસે કરાવે તે દ્રવ્ય બ્રહ્મ જાણવું ભાવ બ્રહ્મ તે સાધુઓ સર્વથા અઢાર ભેદે જે સંયમ પાળે અને ઇન્દ્રિય નિરોધ કરે તે. આ સત્તર ભેદે જે સંયમ છે તેનાથી ઘણે અંશે મળતું છે. ઉપર જે અઢાર ભેદ કહ્યા તે આ પ્રમાણે. મન, વચન, કાયાવડે કરવું અને કરાવવું અને અનુમોદવું એ દેવતા સંબંધી વૈક્રિય શરીરથી અને મનુષ્ય તિર્યંચીનું ઔદારિક શરીર તે સંબંધી એટલે ત્રણ કરણ ત્રણ યોગ અને બે શરીર એ ત્રણે નો

ગુણાકાર કરતાં અઢાર ભેદ થાય તે દેવીની સાથે કામ રતિ સુખ ન ભોગવે તેમ મનુષ્ય તથાં તીર્યંચ સ્ત્રી સાથે પણ ન ભોગવે તે ત્રણ કરણ સહિત પાળે તે બ્રહ્મચર્ય અઢાર ભેદે ભાવ બ્રહ્મ જાણવું. હવે ચરણના નિક્ષેપા કહે છે.

**चरणंमि होइ छक्कं, गइ माहारो गुणो व चरणं च खित्तंमि जंमि खित्ते, काले कालं जहिं जाओ (जोउ) ॥२९॥**

તે ચરણના નામ વિગેરે છ નિક્ષેપા છે. તે સુગમ નામ સ્થાપના છોડીને, જ્ઞ શરીર, ભવ્ય શરીર વિના દ્રવ્ય નિક્ષેપે ચરણ ત્રણ પ્રકારે છે. ગતિ, ભક્ષણ અને ગુણ, તેમાં ગતિ ચરણ તે ગમન જાણવું. આહાર ચરણ કે લાડુ વિગેરે ખાવાનું છે.

ગુણ ચરણ બે પ્રકારે તેમાં લૌકિક તે દ્રવ્યને માટે હાથી ઘોડા વિગેરેની શિક્ષા છે અથવા વૈદ્યકી વિગેરે શીખવવી અને લોકોત્તરમાં સાધુઓ ઉપયોગ વિના ચારિત્ર પાળે અથવા કોઈને ઠગવા માટે ઉપરથી ચારિત્ર પાળે. જેમ ઉદાયી નૃપને મારવા માટે વિનય રત્ન સાધુએ બાર વર્ષ ચારિત્ર પાળ્યું. ક્ષેત્ર ચરણમાં જે ક્ષેત્રે ગતિ આહાર વિગેરે ચરાય (ઉપયોગમાં લેવાય) તે. અથવા જે ક્ષેત્રમાં વ્યાખ્યાન કરાય અને શબ્દના સામાન્ય રીતે અંતર્ભાવથી શાલી ક્ષેત્ર વિગેરેમાં જવું તે ક્ષેત્ર ચરણ છે. અને કાળ ચરણમાં પણ તે પ્રમાણે જાણવું. એટલે જે કાળે વ્યાખ્યાન ચાલે તે કાળચરણ જાણવું.

હવે ભાવ ચરણ કહે છે.

**भावे गइ माहारो, गुणो गुण वओ पसत्थ मपसत्था**
**गुण चरणे पसत्थेण, बंभचेरा नव हवंति ॥३०॥**

ભાવ ચરણ પણ ગતિ આહાર અને ગુણ ભેદે ત્રણ પ્રકારનું છે. ગતિ ચરણમાં સાધુ ઉપયોગ પણે યુગ માત્ર (સાડા ત્રણ હાથ) દૃષ્ટિથી દેખીને ચાલે તે, ભક્ષણ ચરણ પણ શુદ્ધ પિંડ (બેતાળીશ દોષ રહિત) આહાર ગોચરી વિગેરેમાં વાપરે, ગુણ ચરણ તે અપ્રશસ્તમાં મિથ્યા દ્રષ્ટિ અને સમ્યક્ દૃષ્ટિઓનો કોઈપણ જાતનો અભિલાષ (નિયાણું) કરીને ચારિત્ર પાળે તે. અને પ્રશસ્તમાં કોઈ પણ જાતની અભિલાષા વિના મોક્ષને માટેજ આઠ કર્મ છેદવાને માટે મૂળ ઉત્તર ગુણના સમૂહવાળું જે ચારિત્ર પાળવામાં આવે તે.

અહિંઆં, આ પ્રશસ્ત ગુણવાળા ભાવ ચારિત્રથીજ અધિકાર છે જેથી નવ અધ્યયન મૂળ અને ઉત્તર ગુણ સ્થાપનારા છે તે નિર્જરાને માટે ઉપયોગમાં લેવામાં આવે છે. એ નવના અનુક્રમ અર્થ બતાવનાર નામોને કહે છે.

**सत्थ परिण्णा१ लोग विजओ२ य सीओसणिज्ज३ सम्मत्तं४**
**तह लोगसारनामं५ धुयं६ तह महापरिण्णा७ य ॥३१॥**
**अट्ठमए य विमोक्खो८ उवहाणसुयं९ च नवमगं भणियं**
**इच्चेसो आयारो, आयारग्गाणि सेसाणि ॥३२॥**

આ ગાથાનો અર્થ સ્પષ્ટ છે પણ એમ સમજવું કે આ નવ અધ્યયન રૂપ આચાર છે અને બાકી જે બીજા શ્રુત સ્કંધનાં અધ્યયન છે તે અગ્રાણિ એટલે આચારને સહાયતા કરનારાં છે. હવે ઉપક્રમમાં રહેલો અર્થ અધિકાર બે પ્રકારે છે (૧) અધ્યયનનો અર્થાધિકાર, તથા ઉદ્દેશાનો અર્થાધિકાર છે તેમાં પહેલાનું વર્ણન કરે છે.

**जिअसंजमो१ अलोगो, जह बज्झइ जहयतं पजहि यव्वं२॥**

**सुह दुःख तिति क्खाविय,३ सम्मत्तं४ लोगसारो५ य ॥३३॥**

**निस्सं गया६ य छट्ठे, मोह समुत्था परी सहुव सग्गा ॥७**

**निव्वाणं८ अट्ठमए नवमे य जिणेण एवंति ९ ॥३४॥**

તે શસ્ત્ર પરિજ્ઞામાં આ અર્થાધિકાર છે. જીવ સંયમ એટલે જીવોને દુઃખ ન દેવું તથા હિંસા ન કરવી. તે વાત જીવોનું અસ્તિત્વ સમજાયે છતે થાય છે. તેથી જીવોનું અસ્તિત્વ તથા પાપની વિરતિ બતાવનારો અહીં અર્થ અધિકાર છે. લોક વિજયમાં લોક જે બંધાય છે તે ત્યજવું એટલે વિજિત ભાવ લોકવડે એટલે સંયમમાં રહિને સાધુએ અજ્ઞાન લોક જેમ કર્મથી બંધાય તેમ તેણે ન બંધાવું તે જાણવું. તે અહિં અર્થ અધિકાર છે. ત્રીજામાં સંયમમાં રહેલ સાધુએ કસાય જીતવા વડે એટલે અનુકૂળ અથવા

પ્રતિકૂળ ઉપસર્ગ આવી પડતાં સુખ દુઃખમાં મધ્યસ્થ ભાવ રાખવો, ચોથામાં પૂર્વે કહેલા અધ્યયનના વિષયને જાણનારા સાધુએ તાપસ વિગેરેના કષ્ટ અને તપશ્ચર્યાના પ્રતાપે તેને આઠ ગુણવાળું ઐશ્વર્ય (અષ્ટસિદ્ધિ) પ્રાપ્ત થાય તેને દેખીને પણ પોતાના નિર્મળ ભાવમાં ખલના ન પામતાં દૃઢ સમ્યક્ત્વપણે રહેવું. અને પાંચમામાં ચાર અધ્યયન વડે સ્થિરતા કરીને અસાર પરિત્યાગવા વડે એટલે સંસારની સુંદર વસ્તુઓનો મોહ છોડીને ત્રણ રત્નરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર જે લોકસાર છે તેમાં ઉદ્યમવાળા થવું. છઠ્ઠામાં પૂર્વે કહેલા ગુણવાળા સાધુ નિઃસ્વાર્થ બનીને અપ્રતિબદ્ધ સ્વરૂપે થવું. સાતમામાં સંયમાદિ ગુણયુક્ત સાધુને પૂર્વના પાપના ઉદયથી મોહ ઉત્પન્ન કરનારા પરિષહ અથવા ઉપસર્ગ થાય તો સમ્યક્ પ્રકારે સહન કરવા. આઠમામાં નિર્યાણ છે. તે અંતક્રિયા સર્વ ગુણયુક્ત સાધુએ સારી રીતે કરવી. નવમામાં પૂર્વે કહેલા આઠ અધ્યયનમાં જે જે અર્થ છે તે શાસન નાયક વર્દ્ધમાન સ્વામીએ બરોબર પાળ્યો છે. અને તે બીજા સાધુઓ બરોબર ઉત્સાહથી પાળે તેથી બતાવ્યો છે. તે કહ્યું છે કે—

**तित्थयरो चउणाणी, सुरमहिओ सिज्झियव्वयधुवंमि**
**अणिगूहिय बलविरिओ, सव्वत्थामेसु उज्जमइ ॥१॥**
**किं पुण अवसेसेहिं, दुःक्खक्खय कारणा सुविहिएहिं**
**होंति न उज्जमियव्वं, सपच्च वायंमि माणुस्से ॥ २ ॥**

તીર્થંકર જે ચાર જ્ઞાનનો ધરનાર, દેવતાઓથી પૂજિત, અને નિશ્ચય કરીને મોક્ષમાં જનાર છે છતાં પણ શક્તિ પ્રમાણે બળ અને વીર્યને ઉપયોગમાં લઇને બધા બળથી ઉદ્યમ કરે છે તો દુઃખોના ક્ષય કરવાને બાકીના સુવિહિત પુરૂષોએ ખાત્રીવાળા મોક્ષ માર્ગ માટે વિઘ્નવાળા મનુષ્ય જન્મમાં ઉદ્યમ કેમ ન કરવો; (આ બે ગાથાનો પરમાર્થ એ છે કે તીર્થંકર જ્ઞાનથી જાણનારા અને દેવોથી પૂજિત છતાં મોક્ષને માટે ઉદ્યમ કરે તો બીજા ડાહ્યા પુરૂષે મનુષ્ય જન્મમાં સુખને બદલે અનેક દુઃખ આવનારાં જાણીને શા માટે મોક્ષ આપનારા ચારિત્ર ધર્મમાં પોતાની સંપૂર્ણ શક્તિથી ઉદ્યમ ન કરવો ?) હવે ઉદ્દેશાનો અર્થાધિકાર શસ્ત્ર પરિજ્ઞાનો આ પ્રમાણે છે.

**जीवो छक्काय परु, वणाय तेसिं वहेय बंधोत्ति ।**
**विरईए अहिगारो, सत्थपरिण्णा ए णायव्वो ॥३५॥**

તેમાં પહેલા ઉદ્દેશામાં સામાન્યપણે જીવનું અસ્તિત્વ સિદ્ધ કરવું. અને બાકીના ઉદ્દેશામાં વિશેષ પ્રકારે પૃથિવીકાય વિગેરેનું અસ્તિત્વ બતાવવું. અને બધાઓને છેડે જે કર્મનું બંધન છે તેની વિરતિ બતાવવી. આ છેડે મૂકેલ હોવાથી પ્રત્યેક ઉદ્દેશાના વિષયમાં જોડવું. પહેલા ઉદ્દેશામાં જીવનું વર્ણન, તેના વધથી બંધન, અને તેનાથી પાછા હઠવું તે વિરતિ છે. અહિં શસ્ત્ર પરિજ્ઞા એ નામમાં બે પદ છે. તેમાં પહેલા શસ્ત્ર પદના નિક્ષેપા બતાવે છે.

**दव्वं सत्थग्गि विसन्नेहं, बिलखार लोण माईयं ।**
**भावोयदुप्पउत्तो, वायाकाओ अविरई या ॥ ३६ ॥**

શસ્ત્રના નિક્ષેપા નામ વિગેરે ચાર પ્રકારે છે. વ્યતિરિક્ત દ્રવ્ય શસ્ત્ર તે તલવાર વિગેરે. અગ્નિ, વિષ, સ્નેહ (ઘી તેલ વિગેરે) અમ્લ ક્ષાર, લવણ, (મીઠું વિગેરે) છે. ભાવશસ્ત્ર તે દુષ્ટ ધ્યાન છે એટલે અંતઃકરણ તથા વચન અને કાયામાં જે અવિરતિ છે. તે જીવોને ઘાત કરનારી હોવાથી દુષ્ટ વૃત્તિ છે તે ભાવશસ્ત્ર જાણવું હવે પરિજ્ઞાના પણ ચાર નિક્ષેપા કહે છે.

**दव्वं जाणण पच्चक्खाणे, दविए सरीर उवगरणे**
**भाव परिण्णा जाण्णण, पच्चक्खाणंच भावेणं ॥ ३७ ॥**

દ્રવ્ય પરિજ્ઞા બે પ્રકારે છે. તેમાં જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા છે. જ્ઞ પરિજ્ઞાના બે ભેદ છે. આગમથી અને નો આગમથી. આગમથી જ્ઞાતા પણ તેનો ઉપયોગ ન હોય, નો આગમથી ત્રણ પ્રકારે છે. તેમાં જ્ઞ શરીર અને ભવ્ય શરીર શિવાય વ્યતિરિક્ત દ્રવ્ય પરિજ્ઞા જે કંઈ દ્રવ્યને જાણે તેમાં સચિત્ત આદિનું જ્ઞાન થાય તેથી તે પરિચ્છેદ્ય દ્રવ્યના પ્રધાનપણાથી દ્રવ્ય પરિજ્ઞા છે. તેજ પ્રમાણે પ્રત્યાખ્યાન પરિજ્ઞા પણ જાણવી. તેમાં વ્યતિરિક્ત દ્રવ્ય પ્રત્યાખ્યાન પરિજ્ઞામાં દેહ ઉપકરણ વિગેરેનું જ્ઞાન થવું અને ઉપકરણ તે રજોહરણ વિગેરે લેવાં. કારણ કે તે સાધકતમ

પણે છે. અને ભાવ પરિજ્ઞામાં પણ બે પ્રકાર છે. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા છે. તેમાં આગમથી જ્ઞાતા અને ઉપયોગ રાખવાવાળો જાણવો અને નો આગમમાં આજ્ઞાન ક્રિયારૂપ અધ્યયનજ છે. નો શબ્દનો અર્થ ક્રિયા અને જ્ઞાન એ મિશ્રપણું બોલનાર અર્થ છે. તેજ પ્રમાણે પ્રત્યાખ્યાન ભાવ પરિજ્ઞાને પણ જાણવી. આગમથી પૂર્વ પ્રમાણે છે. પણ નો આગમથી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ જાણવી. તે મન વચન અને કાયાએ ત્રણ યોગ અને કૃત, કારિત અને અનુમતિ (કરવું કરાવવું, અનુમોદવું) એમ નવ પ્રકારે હિંસાથી અટકવા રૂપ જાણવું. નામ નિષ્પન્ન નિક્ષેપો પુરો થયો. હવે આચાર વિગેરે આપનારના અને તે સહેલથી સમજાય માટે દ્રષ્ટાંત બતાવી વિધિ કહે છે.

જેમ કોઇ રાજાએ પોતાનું નવું નગર સ્થાપવાની ઇચ્છાથી જમીનના ભાગો કરીને સરખે ભાગે પ્રધાનોને આપ્યા. તેજ પ્રમાણે કચરો દૂર કરવા શલ્ય (કાંટા વિગેરે) દૂર કરવા તથા જમીન સરખી કરવા પાકી ઇંટોના ચોતરાવાળો મહેલ બનાવવા તથા રત્ન વિગેરે ગ્રહણ કરવા ઉપદેશ આપ્યો. તેથી તે પ્રધાનોએ રાજાના ઉપદેશ પ્રમાણે પોતાનું કાર્ય કરીને રાજાની મહેરબાનીથી ઇચ્છિત ભોગોને ભોગવ્યા. આ દષ્ટાંત છે. તેના ઉપરથી એમ સમજવું કે રાજા સમાન આચાર્યે પ્રધાન સમાન શિષ્ય ગણોને ભૂખંડરૂપ સંયમ તેને

બરોબર સમજાવીને મિથ્યાત્વાદિ કચરો દૂર કરી સર્વ ઉપાધિથી શુદ્ધને દીક્ષા આરોપીને સામાયિક સંયમમાં દૃઢ કરીને પાકી ઈંટોના ચોતરા સમાન વ્રતોને આપવાં તેના ઉપર મહેલ સમાન આચારને સમજાવવો. તેમાં રહેલો મુમુક્ષુ બધાં શાસ્ત્રરૂપ રત્નોને પ્રાપ્ત કરે છે અને મોક્ષનું સુખ મેળવે છે.

હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણ લક્ષણવાળું સૂત્ર ઉચ્ચારવું તેનું લક્ષણ આ છે.

**अप्पग्गंथ महत्थं, बत्तीसा दोस विरहियं जं च ।**
**लक्खण जुत्तं सुत्तं, अट्ठहिय गुणेहिं उववेयं ॥ १ ॥**

થોડા બોલમાં મહાન અર્થને અને બત્રીશ દોષ રહિત લક્ષણયુક્ત આઠ ગુણે કરીને યુક્ત બોલવું. તે આ પ્રમાણે છે.

**'सुयंमे आउसं तेणं भगवया एव मक्खायं–**
**इह मेगेसिं णो सण्णा भवइ' ( सू० १ )**

સૂત્રના ગુણો બતાવ્યા પછી પહેલું સૂત્ર ઉપર બતાવ્યું છે 'सुयंमे' ઇત્યાદિ આ સૂત્રની સંહિતાદિ ક્રમવડે વ્યાખ્યા કરે છે. તેમાં (૧) સંહિતા તે આખું શુદ્ધ સૂત્ર ઉચ્ચારવું જોઇએ તે બતાવ્યું. હવે (૨) પદચ્છેદ કરે છે. श्रुतं, मया, आयुष्मन् ! तेन भगवता, एवं आख्यातम्, इह, एकेषां, नोसंज्ञा, भवति, આમાં છેવટનું પદ ક્રિયા પદ છે. બાકીનાં નામ, સર્વનામ, વિશેષણ, વિગેરે છે. પદચ્છેદ સૂત્ર અનુગમ કહ્યા પછી હવે સૂત્રના પદાર્થ કહે છે. એટલે મૂળ ગ્રંથકર્તા

ભગવાન સુધર્મસ્વામી પોતાના મુખ્ય શિષ્ય જંબૂસ્વામીને આ પ્રમાણે કહે છે.

મેં ભગવાન્ મહાવીર પાસે આ પ્રમાણે સાંભળ્યું છે (તેમ કહેવાથી ગ્રંથકારે પોતાની બુદ્ધિવડે કહેવાનો નિષેધ કર્યો છે. પણ સર્વજ્ઞ મહાવીરે જે કહ્યુ તે પોતે કહે છે.)

હે આયુષ્મન્ (જાતિ વિગેરે ઉત્તમ ગુણ હોય છતાં પણ શિષ્યનું આઉખું જો લાંબુ હોય તો પોતે સારી રીતે ભણીને બીજાને ભણાવી શકે માટે આ શિષ્યને આશિર્વાદનું વચન છે) મેં સાંભળ્યું છે પણ પરંપરાએ નહિ.

અહિઆં આચાર સૂત્ર કહેવાની ઈચ્છાથી તેનો અર્થ તીર્થંકરે કહ્યો હોવાથી 'तेन' શબ્દવડે આયુષ્મન્ વિશેષણ તીર્થંકરને પણ લાગુ પડે, અથવા 'आमुशता' શબ્દવડે સુધર્માં સ્વામી પોતે પણ સમજાય, એટલે ભગવાનના ચરણને સ્પર્શ કરતા એવા મેં સાંભળ્યું તેથી ગુરૂનો વિનય બતાવ્યો તથા 'आवसता' શબ્દવડે ગુરૂ પાસે રહી મેં સાંભળ્યું તેમ તમારે પણ ગુરૂકુલ વાસ સેવવો એમ સૂચવ્યું. (આયુષ્મન શબ્દના જુદા જુદા ત્રણ અર્થ બતાવ્યા. પાછલા બે અર્થ 'आमुसंतेण' તથા 'आवसंतेण' એ બે પાઠાન્તર છે તેને આશ્રયી જાણવા ભગવત્ શબ્દ ઐશ્વર્ય આદિ છ ઉત્તમ ગુણો યુક્ત ભગવાન છે એમ સૂચવ્યું. અને કઇ વિધિએ કહ્યું તે 'तेन' શબ્દ વડે જાણવું. આખ્યાત શબ્દ વડે કૃત કૃત્ન (કર્ત્તા પણું) દૂર કરવા વડે આગમનું અર્થથી નિત્યપણું

કહ્યું. 'इह' શબ્દ વડે આ ક્ષેત્ર, પ્રવચન, આચારમાં, અથવા શસ્ત્ર પરિજ્ઞામાં સંબંધ છે અથવા આ સંસારમાં કેટલા જીવો જે જ્ઞાનઆવરણીય આદિ આઠ કર્મ યુક્ત છે તેમને સંજ્ઞા (સ્મૃતિ) થતી નથી. આ પદાર્થ બતાવ્યો છે હવે પદવિગ્રહમાં સમાસ ન હોવાથી બતાવ્યો નથી. હવે ચાલના એટલે શંકા થાય તે કહે છે.

અકાર વિગેરે નિષેધ કરનારા લઘુ શબ્દનો સંભવ અહિં થાય છતાં શા માટે નો શબ્દ નિષેધ માટે વાપર્યો? હવે પ્રતિ અવસ્થા ( સમાધાન ) કરે છે. તમારૂં કહેવું ઠીક છે. પણ અહિં નો શબ્દ વાપરવામાં પ્રેક્ષાપૂર્વકારિતા (વિશેષ હેતુ) છે તે બતાવે છે. જો અકાર વિગેરે લઇએ તો સર્વ નિષેધ થાય, જેમ ઘટ નહિ તે અઘટ તેથી ઘટનો બિલકુલ નિષેધ થયો પણ તેવો અર્થ લેવો નથી કારણકે પ્રજ્ઞાપના સૂત્રમાં દશ સંજ્ઞા સર્વ પ્રાણીઓને બતાવી છે તે બધાનો અકાર શબ્દથી નિષેધ થાય. હવે દશ સંજ્ઞા બતાવે છે.

ગૌતમ સ્વામીના પ્રશ્નમાં મહાવીર ભગવાન ઉત્તર આપે છે. દશ સંજ્ઞા છે. સાંભળો—(૧) આહાર (૨) ભય (૩) મૈથુન (૪) પરિગ્રહ (૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ (૯) ઓઘ (૧૦) લોકસંજ્ઞા. આ દશે સંજ્ઞાનો સર્વથા નિષેધ થાય છે તે ન થાય માટે 'નો' શબ્દ વાપર્યો. 'નો' શબ્દનો અર્થ સર્વ નિષેધવાચી પણ છે. તેમ થોડો નિષેધ પણ બતાવનાર છે. જેમકે 'નો' ઘટ બોલતાં ઘટનો અભાવ સમ-

જાય તેમ પ્રકરણાદિ પ્રસકતનું વિધાન પણ થાય તે વિધીય માન કરતાં પ્રતિષેધ્ય અવયવ ગ્રીવાદિ નિષેધ કરવાથી બીજો સમજાય અથવા ઘટને બદલે પટ વિગેરેની પ્રતીતિ થાય.

**प्रतिषेधयति समस्तं प्रसक्तमर्थं च जगति नो शब्दः**
**स पुनस्तद वयवोवा तस्मादर्थान्तरं वा स्यात् ॥ १ ॥**

આ શ્લોકનો ભાવાર્થ ઉપર આવી ગયો છે. અહિંઆં પણ સર્વ સંજ્ઞાનો નિષેધ કરવો નથી પણ જે વિશિષ્ટ સંજ્ઞા એટલે જેનાવડે આત્માદિ પદાર્થનું સ્વરૂપ જેમાં જીવોનું એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન કેવી રીતે થાય છે તેની સંજ્ઞા (જ્ઞાન) કેટલાક જીવોને નથી એમ 'નો' શબ્દવડે બતાવવું છે. હવે નિર્યુકિતકાર સૂત્રના અવયવોના નિક્ષેપાનો અર્થ બતાવે છે.

**दव्वे सचित्ताई, भावेणु भवण जाणणा सण्णा**
**मति होइ जाणणा पुण, अणुभवणा कम्म संजुत्ता॥३८**

સંજ્ઞા શબ્દ નામાદિ ભેદથી ચાર પ્રકારે છે. નામસ્થાપના સુગમ છે અને દ્રવ્યમાં જ્ઞશરીર ભવ્ય શરીર છોડીને વ્યતિરિકતમાં સચિત્ત અચિત્ત અને મિશ્ર એમ ત્રણ ભેદ છે. સચિત્ત તે હાથ વિગેરે દ્રવ્યથી પાન ભોજન વિગેરેની સંજ્ઞા કરાય તે, અચિત્ત તે ધ્વજાદિથી, અને મિશ્રથી તે દીવા વિગેરેથી જે સંજ્ઞાનો બોધ થાય તે જાણવી.

ભાવ સંજ્ઞામાં અનુભવ અને જ્ઞાન સંજ્ઞા છે. તેમાં

થોડું કહેવાનું હોવાથી જ્ઞાન સંજ્ઞા બતાવે છે. મનન એટલે મતિ તે અવબોધ છે. તે મતિજ્ઞાન વિગેરે પાંચ ભેદે છે. એટલે જ્ઞાનના પાંચ ભેદમાં કેવળજ્ઞાન ક્ષાયિક ભાવમાં છે. અને મતિ, શ્રુત, અવધિ, અને મનપર્યય એ ચાર જ્ઞાન ક્ષય ઉપશમ ભાવમાં છે. તે ક્ષાયિકી અને ક્ષાયઉપશમિકી સંજ્ઞાઓ જાણવી અને અનુભવ સંજ્ઞામાં પોતાના કરેલા કર્તવ્યોથી તેનાં ફળ ભોગવતાં જીવોને જે બોધ થાય છે તે અનુભવ સંજ્ઞા જાણવી. તેના સોળ ભેદ છે તે બતાવે છે.

**आहार भय परिग्गह, मेहुण सुख दुक्ख मोह विति-गिच्छा**
**कोह माण माय लोहे, सोगे लोगे य धम्मोहे ॥ ३९ ॥**

આહારની ઇચ્છા તે આહાર સંજ્ઞા, આ સંજ્ઞા તેજસ શરીર નામના કર્મના ઉદયથી અને અસાતા વેદની થતાં સર્વે સંસારી જીવોને ઓછા વધતા પ્રમાણમાં ભુખ લાગે છે તે જાણવી, ભય સંજ્ઞા તે ત્રાસરૂપ જાણવી. પરિગ્રહસંજ્ઞા તે મૂર્છારૂપ જાણવી. મૈથુન સંજ્ઞા તે સ્ત્રી પુરૂષને પરસ્પર પ્રેમ થાય તે પુરૂષ વેદ વિગેરે જાણવા. આ મોહનીય કર્મના ઉદયથી થાય છે. સુખ દુઃખ એ બે સંજ્ઞાઓ સાતા અને અસાતારૂપે અનુભવતાં વેદનીય કર્મના ઉદયથી છે. મોહ સંજ્ઞા તે મિથ્યા દર્શનરૂપ મોહના ઉદયથી છે વિચિકિત્સા સંજ્ઞા તે ચિત્તની વિપ્લુતિ (ભ્રમણા)થી મોહના ઉદયથી તથા

જ્ઞાનાવરણીયના ઉદયથી છે. ક્રોધ સંજ્ઞા અપ્રીતિરૂપ, માન સંજ્ઞા ગર્વરૂપ, માયા સંજ્ઞા વક્રતારૂપ, અને લોભ સંજ્ઞા ગૃદ્ધિરૂપ છે. શોક સંજ્ઞા વિપ્રલાપ તથા વૈમનસ્યરૂપ છે. આ બધી મોહના ઉદયથી જાણવી. લોક સંજ્ઞા પોતાની ઇચ્છાથી ગમે તેમ વિકલ્પ કરીને લોકોમાં આચરણ થાય છે તે, જેમકે પુત્ર વિનાના પ્રાણીને લોક (સ્વર્ગની પ્રાપ્તિ) નથી. કુતરા છે તે યક્ષ છે. વિપ્ર દેવો છે. કાગડા દાદાઓ છે. મોરોના પીંછાના વાપરવાથી ગર્ભ રહે ઇત્યાદિ કેટલીક વાતો જ્ઞાન આવરણના ક્ષય ઉપશમથી તથા સ્વાર્થરૂપ મોહના ઉદયથી સંજ્ઞા થાય છે.

ધર્મ સંજ્ઞા ક્ષમા રાખવી વિગેરે ઉત્તમ છે તે મોહનીય કર્મના ક્ષય ઉપશમથી થાય છે, એ સામાન્યપણે લેવાથી પંચેન્દ્રિય સમ્યક્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિઓને પણ હોય છે. પણ ઓઘ સંજ્ઞા તે અવ્યક્ત ઉપયોગ રૂપ છે. તે વેલાના સમૂહનું ઉપર ચડવાપણું વિગેરે ચિન્હ રૂપ છે. તે જ્ઞાનાવરણીય કર્મનું થોડું ક્ષય ઉપશમ થતાં આ સંજ્ઞા થાય છે તેમ જાણવું પણ આપણે તો પહેલાં કહેલી જ્ઞાન સંજ્ઞાની જરૂર હોવાથી તેનો અધિકાર છે. અને તેનો નિષેધ કર્યો જાણવો કે કેટલાક જીવોને ગતિ આગતિનું જ્ઞાન નથી. હવે નિષેધ સંજ્ઞાનોબોધ થવા માટે સૂત્ર કહે છે—

**तं जहा पुरित्थमाओ वा दिसाओ आगओ**

**अहमंसि, दाहिणाओ वा दिसाओ आगओ अहमंसि, पच्चत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि, उत्तराओ वा दिसाओ आगओ अहमंसि, उड्ढाओ वा दिसाओ आगओ अहमंसि, अहो दिसाओ वा आगओ अहमंसि, अण्णयरिओ वा दिसाओ अणुदिसाओ वा आगओ अहमंसि, एव मेगेसिं णो णायं भवति ( सू० २ )**

तं જહાથી લઈને ભવતિ સુધી સૂત્ર છે. તેમાં પોતાના પ્રતિજ્ઞાતાના અર્થનું ઉદાહરણ છે. અને પુરત્થિમા વિગેરે પ્રાકૃત શૈલી અને મગધદેશની ભાષાના અનુસારે અહિં પૂર્વ દિશા જાણવી તેમાં પાંચમી વિભક્તિ લેવી અને વા શબ્દથી ઉત્તર પક્ષની અપેક્ષાને આશ્રયી વિકલ્પ અર્થ જાણવો જેમકે ખાવું અથવા સૂવું એ પ્રમાણે પૂર્વથી કે દક્ષિણ દિશાથી હું આવ્યો છું. અહિં જે દેખાડે તે દિશા જાણવી એ અતિ સહજ એટલે દ્રવ્ય અથવા દ્રવ્યના ભાગનો વ્યપદેશ કરે છે (ટીકાકારે સૂત્ર સુગમ હોવાથી ખુલ્લો અર્થ કહ્યો નથી પણ એમ જાણવું કે પૂર્વ દક્ષિણ પશ્ચિમ ઉત્તર ઉર્ધ્વ તથા નીચી અથવા બીજી કોઈ દિશા કે ખુણામાંથી હું આવ્યો છું તે કેટલાક લોકોને જાણમાં નથી.) હવે દિશા શબ્દના નિક્ષેપા નિર્યુક્તિકાર કહે છે.

**नामं ठवणा दविए, खित्ते तावेय पण्णवग भावे**
**एस दिसा निक्खेवो, सत्त विहो होइ णायव्वो ॥४०॥**

નામ, સ્થાપના દ્રવ્ય ક્ષેત્ર, તાપ, પ્રજ્ઞાપક, ભાવ, એમ સાત રૂપે દિશાનો નિક્ષેપો જાણવો. સચિત્ત આદિ કોઇ વસ્તુનું દિશા એવું નામ, તે નામ દિશા. ચિત્રમાં લખેલ જંબૂદ્વીપ વિગેરેના નકશામાં દિશાના વિભાગ સ્થાપવા તે સ્થાપના દિશા છે. હવે દ્રવ્ય દિશાનો નિક્ષેપો કહે છે.

**तेरस पयेसियं खलु, तावइ एसुं भवे पए सेसुं**
**जं दव्वं ओगाढं, जहण्णयं तं दस दिसागं ॥ ४१ ॥**

દ્રવ્યદિશા આગમથી અને નો આગમથી એમ બે પ્રકારે છે. આગમથી દિશાનો જાણનારો પણ ઉપયોગ ન રાખે, અને નો આગમથી જ્ઞશરીર ભવ્ય શરીર છોડીને વ્યતિરિકત તેર પ્રદેશ વાળું દ્રવ્ય તેને આશ્રયી નિશ્ચે આ પ્રવર્તે છે તે, તેર પ્રદેશમાં રહેલુંજ. તે દ્રવ્ય દિશા છે પણ દશ દિશાવાળું કેટલાકે કહેલું છેતે ન લેવું.

પ્રદેશ એટલે પરમાણું તેમના વડે ઉત્પન્ન થયેલ કાર્ય દ્રવ્ય તેટલા પ્રદેશો એટલે ક્ષેત્રના તેટલા પ્રદેશોમાં રહેલું સૌથી નાનું દ્રવ્ય આશ્રયીને દશ દિશાનો વિભાગની પરિકલ્પનાથી દ્રવ્ય દિશા જાણવી. તેની સ્થાપના આ પ્રમાણે છે. ત્રણ બાહુકવાળા નવ પ્રદેશ ચિત્રીને ચારે દિશામાં એક એક અહની વૃદ્ધિ કરવી. હવે ક્ષેત્ર દિશા કહે છે.

**अट्ठ पएसो रुयगो, तिरियं लोयस्स मज्ज्ञ यारंमि**
**एस पभवो दिसाणं, एसेवभवे अणु दिसाणं ॥ ४२ ॥**

તિર્યક્ લોકના મધ્ય ભાગમાં રત્ન પ્રભા પૃથિવીના ઉપર બહુમધ્ય દેશમાં મેરૂ પર્વતના અંતરમાં બે સૌથી નાના પ્રતર છે. એના ઉપર ચાર પ્રદેશ ગાયના સ્તનના આકારે અને નિચે પણ તેવીજ રીતે ચાર એમ આઠ પ્રદેશનો ચોખુણો રૂચક નામનો ભાગ છે. ત્યાંથી દિશા અને અનુ દિશાઓની પ્રવૃત્તિ થઇ છે તેની સ્થાપના આ પ્રમાણે છે. તેઓનાં નામો કહે છે.

**इंद ग्गेइ जम्माय, नेरुनी वारुणी य वायव्वा**
**सोमा ईसाणावीय, विमलाय तमा य बोद्धव्वा ॥४३॥**

એમાં ઇંદ્રના વિજય દ્વારને અનુસરીને પૂર્વ દિશા જાણવી. બાકીની પ્રદક્ષિણાથી સાત જાણવી, ઉંચી તે વિમળા અને નીચી તે તમા જાણવી. એમનું સ્વરૂપ બતાવે છે.

**दुपए साइ दुहत्तर, एगपएसा अणुत्तराचेव**
**चउरो चउरो य दिसं, चउराइ अणुत्तरा दुण्णिग ॥४४॥**

ચાર મહા દિશા તે બબ્બે પ્રદેશ આદિ બબે પ્રદેશ ઉત્તરે વધેલી અને ચાર વિદિશાઓ એક પ્રદેશ રચનારૂપ એમાં ઉત્તર વૃદ્ધિ નથી. અને ઉંચી નીચી દિશાનું જોડકું તે અનુત્તર છે તે ચાર પ્રદેશ વિગેરે રચનાવાળું જાણવું વળી—

**अंतो साई आओ, बाहिर पासे अपज्ज वसिआओ**

**सव्वाणं तपएसा, सव्वाय भवंति कड जुम्मा ॥ ४५ ॥**

એ બધી એ મધ્યમાં સાદિક છે, કારણ કે રૂચકને લીધે છે. અને બહારથી અલોકને આશ્રયી રહેવાથી અપર્યવસિત (અનન્ત) છે, દશે પણ દિશાઓ અનન્ત પ્રદેશાત્મિકા થાય છે. અને બધી દિશાઓમાં જે પ્રદેશો છે. તે ચારે ભાગે ભાગતાં ચાર ચાર શેષવાળા થાય છે તે બધા પ્રદેશરૂપ દિશાઓ આગમની સંજ્ઞાએ કડ જુમ્મા શબ્દવડે બોલાય છે આગમમાં આ પ્રમાણે છે.

**कइणं भंते? जुम्मा पण्णत्ता गोयमा चत्तारि जुम्मा पण्णत्ता, तजहाकड जुम्मे ते उए दावर जुम्मे कलिओए से केणट्ठेणं भंते एवं वुच्चइ गोयमा! जेणंरासी चउक्क गावहारेणं अवहीरमाणे अवहीरमाणे चउपज्ज वसिएसिया, सेणं कड जुम्मे एवं तिपज्ज वसिए, तेउए दुपज्ज वसिएदावर जुम्मे, एग पज्ज वसिए कलिओए"त्ति.**

ગૌતમ સ્વામી પુછે છે હે ભગવન્! કેટલા યુગ્મ કહ્યા છે? ઉત્તર–હે ગૌતમ ચાર યુગ્મ કહ્યા છે (૧) કૃત યુગ્મ (૨) ત્ર્યોજ (૩) દ્વાપર યુગ્મ (૪) કલ્યોજ યુગ્મ. પ્રશ્ન. શા માટે એમ કહો છો? ઉત્તર. હે ગૌતમ-જે રાશીમાંથી ચાર ચાર લઇએ તેમાં જેટલા ચાર ચાર શેષ રહે તે કૃત યુગ્મ

જાણવો, ત્રણ પ્રદેશ વધે તો ત્ર્યોજ, બે વધે તો દ્વાપર, અને એક વધે તો કલ્યોજ, યુગ્મ એમ જાણવું. હવે તેઓનું સંસ્થાન કહે છે.

**सगडुद्धी संठिआओ, महादिसाओ हवंति चत्तारि**
**मुत्तावली य चउरो, दो चेव हवंति रुयगनिभा ॥४६॥**

પૂર્વ વિગેરે ચાર મોટી દિશાઓ શકટ ઉધ્ધી (ગાડાના ઉંટડાના આકાર) સંસ્થાન વાળી છે. અને વિદિશાઓ મુક્તાવળીના આકારે છે. અને ઉંચી નીચી બન્ને દિશાઓ રૂચક આકારે છે. હવે તાપ દિશાઓ બતાવે છે.

**जस्स जओ आइच्चो, उदेइ सा तस्स होइ पूव्व दिसा**
**जत्तो अ अत्थमेइ उ, अवर दिसा साउ णायव्वा ॥४७॥**
**दाहिण पासंमिय दाहिणा दिसा उत्तरा उ वामेणं**
**एया चत्तारि दिसा, तावखित्तेउ अक्खाया ॥४८॥**

હવે જે દિશામાં સૂર્ય ઉદય થઇને તાપ આપે તેને પૂર્વ દિશા અથવા તાપ દિશા કહેવી. અને જ્યાં સૂર્ય આંથમે તે પશ્ચિમ દિશા. પૂર્વ તરફ મોં કરીને ઉભા રહીએ તો જમણી બાજુની દક્ષિણ અને ડાબી બાજુની ઉત્તર દિશા જાણવી. આ બધા વ્યપ દેશો છે. કારણ કે એક બીજાને આશ્રયી આપૂર્વ વિગેરે દિશાઓ છે. તેવા બીજા પણ વ્યપ દેશો છે. તે પ્રસંગને લીધે બતાવે છે.

**जे मंदरस्स पूव्वेण मणुस्सा दाहिणेण अवरेण**
**जे आवि उत्तरेणं, सव्वेसिं उत्तरो मेरू ॥४९॥**
**सव्वेसिं उत्तरेणं, मेरू लवणो य होइ दाहिणओ**
**पूव्वेणं उट्ठेई, अवरेणं अत्थमइ सूरो ॥५०॥**

મેરૂ પર્વતના પૂર્વથી જે મનુષ્યો ક્ષેત્ર દિશાને અંગીકાર કરે છે. તે રૂચકની અપેક્ષાએ જાણવી. તેઓના ઉત્તરમાં મેરૂ અને દક્ષિણમાં લવણ સમુદ્ર જાણવો, આ પ્રમાણે તાપ દિશા સ્વીકારી છે ( અહિંઆં સમજવાનું છે કે આપણે જંબૂદ્વીપના દક્ષિણમાંભરત ક્ષેત્રમાં છઇએ એટલે આપણી અપેક્ષાએ ઐરવૃત ક્ષેત્ર ઉત્તરમાં છે. પણ એજ મેરૂની અપેક્ષાએ આપણે તેની ઉત્તરમાં છીએ કારણ કે સૂર્ય ગોળાકારે ફરતાં આપણી જે પશ્ચિમ તેજ તેમની પૂર્વ દિશા થાય છે વિગેરે ગુરૂ ગમથી જાણવું) હવે પ્રજ્ઞાપક દિશા કહે છે.

**जत्थयजो पण्णवओ, कस्स विसाहइ दिसासु य णिमित्तं**
**जत्तो मुहोयठाई, सापुव्वा पच्छओ अवरा ॥५१॥**

પ્રજ્ઞાપક (બોલનારો) કોઈપણ જગાએ ઉભેલો હોય તે દિશાઓના બળથી કંઇપણ નિમિત્ત કહે તે જે દિશામાં સન્મુખ બેસે તે પૂર્વ અને પાછળની અપર (પશ્ચિમ) જાણવી. નિમિત્તનો કહેનારો આ ઉપલક્ષણથી અન્ય પણ કોઈ બીજો

વ્યાખ્યાન કરે તે પણ તેમાં ગણવો. હવે બીજી દિશાઓ સાધવાને કહે છે.

दाहिण पासंमि उदाहिणा दिसा उत्तराउ वामेणं ।
एयासि मन्तरेणं, अण्णा चत्तारि विदिसाओ ॥५२॥
एयासिं चेव अट्ठण्ह मंतरा अट्ठहुंति अण्णाओ ।
सोलस सरीर उस्सय बाहल्ला सव्व तिरिय दिसा ॥५३॥
हेट्ठा पायतलाणं, अहोदिसा सीस उवरिमा उड्ढा ।
एया अट्ठारसवी पण्ण वगदिसा मुणे यव्वा ॥५४॥
एवं पकप्पि आणं दसण्ह अट्ठाण्ह चेव य दिसाणं ।
नामाइं वुच्छामि जहक्कमं आणु पुव्वीए ॥५५॥
पूव्वाय पूव्व दक्खिण दक्खिण तह दक्खिणावरा चेव ।
अवरा य अवर उत्तर उत्तर पुव्वुत्तरा चेव ॥५६॥
सामुत्थाणी कविला खेलिज्जाखलु तहेव आहिधम्मा ।
परिया धम्माय तहा सावित्ती पण्ण वित्तीय ॥५७॥
हेट्ठा नेरइयाणं अहोदिसाउ वरिमा उ देवाणं ।
एयाइं नामाइं पण्णव गस्सा दिसाणंतु ॥ ५८ ॥

એ સાત ગાથાઓ સરલ છે છતાં અર્થ બતાવીએ છીએ (પણ ટીકા કરી નથી) પૂર્વ દિશા તરફ મોઢું કરીને ઉભા રહીએ તો જમણે હાથે દક્ષિણ દિશા અને ડાબે હાથે ઉત્તર દિશા જાણવી. દરેક બે દિશાની વચમાં ચાર વિદિશા

(ખુણાઓ) જાણવા ॥ ૫૨ ॥ એ આઠની વચમાં બીજી આઠ દિશાઓ છે. તે મળીને સોળ જાણવી. શરીરની ઉંચાઇના પ્રમાણમાં સર્વે તિર્યક્ દિશાઓ જાણવી ૫૩. લોકનું સ્વરૂપ મનુષ્યાકારે છે. પગ પહોળા કરીને ઉભા રહેતાં બે પગની વચ્ચેનો ભાગ તે અધો (નીચી) દિશા જાણવી. અને માથાના ઉપરની ઉર્ધ્વ (ઉંચી) દિશા જાણવી તેનું બીજું નામ વિમળા છે. આ અઢાર દિશાઓ પ્રજ્ઞાપના દિશાઓ જાણવી. ૫૪. આ પ્રમાણે કલ્પિત દશ અને આઠ મળી અઢાર દિશાઓ છે. તેના નામ અનુક્રમે કહું છું. ૫૫. પૂર્વ, પૂર્વ દક્ષિણ, દક્ષિણ પશ્ચિમ, પશ્ચિમ પશ્ચિમોત્તર, ઉત્તર, ઉત્તરપૂર્વ, સમુત્થાણી, કપિલા, ખેલિજા, અહિધર્મા, પર્યાધર્મા, સાવિત્રી, પ્રજ્ઞાવિત્રી, નરકની હેઠે અધોદિશા છે અને દેવલોકની ઉપર ઉર્ધ્વ દિશા છે. આ નામ પ્રજ્ઞાપના દિશાનાં છે ૫૬. ૫૭. ૫૮. હવે એમનાં સંસ્થાન ( આકાર બતાવે છે )

**सोलस तिरियदिसाओ सगडुद्धी संठिया मुणेयव्वा**
**दोमल्ल गमूलाओ, उड्ढअ अहोवि य दिसाओ ॥ ५९ ॥**

સોળે તિર્યક્ દિશાઓ શકટ ઉર્દ્ધિ (ગાડાના ઉંટડા) ના આકારે જાણવી. એટલે પ્રજ્ઞાપકના પ્રદેશમાં સાંકડી અને બહાર પહોળી છે. નારકી અને દેવલોકની નીચલી અને ઉપલી દિશાઓ શરાવલા (ચપણીઆ)ના આકારે જાણવી. કારણ કે માથાના મૂળમાં અને પગના મૂળમાં નાની હોવાથી

મલ્લક અને બુધ્ન, તળીઆ) ના આકારે જતી વિશાળ થાય છે. આ બધાનું તાત્પર્ય યંત્રથી જાણવું (યંત્ર મળ્યું નથી) હવે ભાવ દિશા બતાવે છે.

**मणुया तिरिया काया, तहऽग्गबीया चउक्कगा चउरो**
**देवा नेरइ यावा, अट्ठरसहोंति भावदिसा ॥ ६० ॥**

મનુષ્યના ચાર ભેદ થાય છે (૧) સંમૂર્છનજ (પુરૂષાદિકના મળ મૂત્રથી જન્મેલા) (૨) કર્મ ભૂમિના ગર્ભજ (૩) અકર્મભૂમિના ગર્ભજ (૪) અંતર્દ્વીપના ગર્ભજ, તે પ્રમાણે તિર્યંચોમાં બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને પાંચ ઇંદ્રિયવાળા એ ચાર ભેદે છે. અને પૃથિવી, પાણી અગ્નિ, વાયુ, એ ચાર કાયા છે. તથા વનસ્પતિકાયમાં, અગ્ર, મૂળ, સ્કંધ અને પર્વ, એ ચારમાં જ્યાં બીજ હોય તે બીજ પ્રમાણે ચાર ભેદ થયા. તેમાં નારકીય અને દેવને ઉમેરતાં અઢાર ભેદે જીવનો વ્યપદેશ કરાય છે (આ અઢાર ભેદે જીવ બતાવ્યો) ભાવ દિશા તે પ્રકારે અઢાર જાણવી અહિં સામાન્ય દિશાનું ગ્રહણ છતાં જે દિશામાં જીવોને અવિગાન (ન અટકવા) પણે ગતિ આગતિ સ્પષ્ટ કરી તે સર્વત્ર સંભવે છે. તે દિશાવડે આપણે અધિકાર છે તેથી તેનેજ નિર્યુકિતકાર સાક્ષાત્ બતાવે છે. કારણ કે ભાવ દિશાથી અવિનાભાવી (સાથેજ રહેનારી) પ્રસંગના સામર્થ્યથી અધિકૃતજ છે તેથી તેને માટેજ બીજી દિશાઓ ચિંતવીએ છીએ.

**पण्ण वग दिसद्दारस, भाव दिसा ओऽवि तत्ति या चेव**
**इक्किक्कं विंधेज्जा, हवंति अट्ठारस द्वारा ॥६१॥**
**पण्ण वग दिसाए पुण, अहिगारो एत्थ होइ णायव्वो**
**जीवाण पुग्गलाण य, एयासु गया गई अत्थि ॥६२**

પ્રજ્ઞાપકની અપેક્ષાએ અઢાર ભેદે દિશા છે. અને અહિં ભાવદિશા પણ તેજ પ્રમાણે પ્રત્યેક સંભવે છે. એથી એકેક પ્રજ્ઞાપક દિશાને ભાવદિશાના અઢાર અંક વડે ગુણવા. તેની સંખ્યા ૧૮×૧૮=૩૨૪ એમાં ઉપલક્ષણથી તાપદિશા વિગેરેમાં પણ યથા સંભવ યોજના કરવી. ક્ષેત્ર દિશામાં પણ ચાર મહાદિશાઓનો સંભવ છે પણ વિદિશા વિગેરેનો સંભવ નથી કારણ કે તેઓમાં ફક્ત એક પ્રદેશપણું હોવાથી તથા ચાર પ્રદેશપણું હોવાથી સંભવ નથી ॥ ૬૧–૬૨ ॥ આ દિશા સંયોગનો સમૂહ તે પૂર્વે ' **अण्ण यरिओ दिसाओ आगओ अहमंसि,** 'કહેલ વચનથી લીધો છે. સુત્રનો અવયવાર્થ આ પ્રમાણે છે. અહિં દિશા શબ્દથી પ્રજ્ઞાપક દિશા પૂર્વાદિ ચાર અને ઉર્ધ્વ અધો મળીને છ ગ્રહણ કરી છે અને ભાવ દિશા તો અઢારે પણ છે, અનુદિક્ ગ્રહણ કરવાથી પ્રજ્ઞાપકની બાર વિદિશા જાણવી. (ઉપરના ચાર ખુણા તથા નીચલી પૂર્વે કહેલી ચાર દિશા તથા ખુણા મળીને બાર જાણવા) તેમાં અસંજ્ઞીઓને આવો બોધ નથી તથા સંજ્ઞીઓને પણ કેટલાકને હોય અને કેટલાકને ન હોય કે, હું

અમુક દિશામાંથી આવ્યો છું (જન્મ લીધો છે.) **एव मेगेसिं णोणायं भवइत्ति** એ પ્રમાણે પ્રતિવિશિષ્ટ દિશા અને વિદિશામાંથી મારૂં આવવું થયું એવું કેટલાક જીવો નથી જાણુતા. આ કહેવાનું તાત્પર્ય વાકય છે (ઉવવાઇ સૂત્રની ટીકાને આધારે આ ત્રીજા સૂત્રનો અવતરણ ભાગ છે. અને ચુર્ણિકાના અભિપ્રાય પ્રમાણે '**भविस्सामि**' શબ્દ વડે પર્યંત ઉપસંહાર વાકય છે, ભવતિ સાથે તંજહા એટલું અધિક વાકય છે.

હવે નિર્યુક્તિકાર તેજ કહે છે.

**केसिंचि नाणसण्णा, अत्थि केसिंचिनत्थि जीवाणं**
**कोऽहं परंमिलोए, आसी कयरा दिसाओवा ॥६३॥**

કેટલાક જીવો જેમને જ્ઞાનાવરણીય કર્મનો (વધારે) ક્ષય ઉપશમ હોય તેમને જ્ઞાન સંજ્ઞા છે. કેટલાકને તે આવરણ વધારે હોવાથી જ્ઞાન સંજ્ઞા નથી જેવી સંજ્ઞા નથી તે બતાવે છે કે હું પરલોકમાં એટલે પૂર્વ જન્મમાં મનુષ્યાદિ કઈ ગતિમાં હતો ? એનાવડે ભાવ દિશા લીધી, અથવા કઇ દિશાથી હું આવ્યો ? એના વડે તો પ્રજ્ઞાપક દિશા લીધી. જેમકે કોઇ દારૂના નિસામાં લોચન ઘેરાયલો જેનું મન અવ્યકત વિજ્ઞાનવાળું છે. તે ભૂલીને શેરીમાં પડી ગયેલો તેની વાસને લીધે આવેલા કૂતરાથી તેનું મોઢું ચટાય તે સમયે તેને ઘેર કોઇ લાવે તોપણુ નસામાં શું બન્યું તે નસો ઉતર્યા પછી જાણુતો નથી કે હું કયાંથી આવ્યો છું તેવી રીતે

બીજી ગતિમાંથી આવેલો વિશિષ્ટ જ્ઞાનરહિત મનુષ્ય વિગેરે પણ જાણતો નથી હવે ઉપલીજ સંજ્ઞા નથી પણ તેને બીજી સંજ્ઞાઓ પણ નથી તે સૂત્રકાર બતાવે છે.

**अत्थि मे आया उववाइए, नत्थि मे आया उववाइए, केहं आसी ? के वाइओ चूएइह पेच्चा भविस्सामि ? ( सू. ३)**

અસ્તિ' તે મારો આત્મા વિદ્યમાન છે છઠ્ઠી વિભક્તિ અંતે હોવાથી 'મમ' સાથે શરીરનો સંબંધ બતાવ્યો કે શરીરનો માલીક અંદર રહેલો આત્મા તે નિરંતર ગતિમાં પ્રવૃત્ત થયેલો તે પોતે જીવ છે. હવે તે કેવો છે? ઔપપાતિક છે. ફરી ફરીને એક જન્મમાંથી બીજા જન્મમાં જવું તે ઉપપાત છે. તેમાં થવું તે ઔપપાતિક છે. આ સૂત્રવડે સંસારીનું સ્વરૂપ બતાવે છે. તે મારો આત્મા આ પ્રકારે છે કે નહિં તેવું જ્ઞાન કેટલાક અજ્ઞાની જીવોને નથી હોતું અને હું કોણ છું પૂર્વ જન્મમાં નારકીય, પશુ, મનુષ્યાદિ કે દેવ હતો, અને ત્યાંથી આ મનુષ્ય જન્મમાં આવેલો છું. અને મરણ પછી ફરી વખત હું ક્યાં પેદા થઈશ એ પ્રમાણે કોઈ જાતનું જ્ઞાન નથી હોતું. જો કે અહિં બધી જગોપર ભાવ દિશાવડે અધિકાર અને પ્રજ્ઞાપક દિશાવડે છે. તોપણ પૂર્વ સૂત્રમાં સાક્ષાત્ પ્રજ્ઞાપક દિશા લીધી છે અને અહિં તો ભાવ દિશા છે એમ જાણવું. વાકીની શંકા, અહિંઆં સંસારીઓને

દિશા વિદિશામાંથી આવવા વિગેરેની વિશિષ્ટ સંજ્ઞા નિષેધ થાય પણ સામાન્ય સંજ્ઞાનો નહિં. આ વાત સંજ્ઞી, જે ધર્મી આત્મા છે તેને સિદ્ધ કર્યા પછી થાય છે. કહ્યું છે કે ધર્મી સિદ્ધ થાય તો ધર્મનું ચિંતવન થાય છે. હવે તમારો માનેલો આત્મા પ્રત્યક્ષ આદિ પ્રમાણ ગોચરથી, દૂર હોવાથી તેની સિદ્ધિ નહિં થાય અને તે પ્રમાણે વિચારીએ તો આત્મા પ્રત્યક્ષથી અર્થ (આત્મા) સાક્ષાત્કારીથી વિષયી થતો નથી (નજરો નજર દેખાતો નથી) કારણ કે તે ઇંદ્રિયોના જ્ઞાનથી દૂર છે. અને અતીન્દ્રિયપણું સ્વભાવથી પ્રકૃષ્ટ પણે છે. અને અતીન્દ્રિય પણાથીજ તેનું અવ્યભિચારી કાર્ય વિગેરેનું ચિન્હ તેનો સંબંધ ગ્રહણ કરવાનો અસંભવ છે. (અતીન્દ્રિય તે સર્વજ્ઞ છે. અને તે જાણે, પણ બીજાં સામાન્ય માણસ ન જાણે તો કેવી રીતે માને) જેવી રીતે પ્રત્યક્ષ સિદ્ધ થતો નથી તેવી રીતે અનુમાન પણે પણ સિદ્ધ થતો નથી, કારણ કે આત્માના અપ્રત્યક્ષ પણાથી તેની સામાન્ય ગ્રહણ શક્તિની ઉત્પત્તિ ન થાય તથા ત્યાં બુદ્ધિ પૂર્વક અનુમાન પણ કેવી રીતે થાય, જેમ આ બે પ્રમાણ લાગુ ન પડે તેમ આગમ પ્રમાણની વિવિક્ષાના પ્રતિપાદ્યમાનમાં અનુમાનના અંતનો ભાવ છે અને બીજી જગોએ બાહ્ય અર્થમાં સંબંધનો અભાવ હોવાથી અપ્રમાણ છે. અથવા પ્રમાણ પણ માનીએ. તો પરસ્પર વિરોધી હોવાથી આગમ પ્રમાણ નકામું છે (જુદાં જુદાં આગમો એટલે જૈન અને જૈનેતરમાં એકજ આગમ નથી તેથી બધા પ્રમાણ ભૂત

જૈનાગમને નમાને) અને તેના વિના સકલ અર્થની ઉત્પત્તિ પણ અર્થાપત્તિથી સિદ્ધ થતી નથી. તેથી જે પ્રત્યક્ષ અનુમાન, આગમ, ઉપમાન, અર્થાપત્તિથી, દૂર છે. અને આ સંબંધી છઠ્ઠા પ્રમાણના વિષયનો અભાવ છે. તો આત્મા સિદ્ધ

પ્રતિજ્ઞા.

થઈ શકતોજ નથી તે પ્રયોગથી બતાવે છે (૧) આત્માનથીજ

હેતુ. દૃષ્ટાંત.

કારણ તે પ્રમાણ પંચકના વિષયથી દુર છે. ગધેડાના શીંગડા માફક.

તેના અભાવમાં વિશિષ્ટ સંજ્ઞાના પ્રતિષેધનાં અભાવના સંભવ વડે સૂત્રની ઉત્પત્તિજ નથી (વાદી કહે છે કે. પ્રમાણ પંચકથી આત્મા સિદ્ધ થતો નથી તો પછી સૂત્રની રચના કરવાનું કારણ શું) જૈનાચાર્યનું સમાધાન,

તમે જે કહ્યું તે સઘળું ગુરૂની સેવા કર્યા વિના સ્વચ્છંદાચારનું વચન છે સાંભળો.

પ્રતિજ્ઞા. હેતુ

(૧) આત્મા પ્રત્યક્ષજ છે, તેનો ગુણ જ્ઞાન છે તેનું પોતાના જ્ઞાનથીજ સિદ્ધપણું છે. અને સ્વસંવિત્ નિષ્ટાઓ

દ્રષ્ટાંત

વિષયની વ્યવસ્થિતિઓ છે. ઘટ પટ વિગેરેને પણ રૂપાદિ ગુણ પ્રત્યક્ષ પણે આંખની સામેજ છે તેથી, મરણના અભાવના પ્રસંગથી ભૂતોનો ગુણ ચૈતન્ય છે એવી શંકા ન કરવી.

કારણ કે તેઓનો તેની સાથે હમેશાં સન્નિધાનનો સંભવ છે. ત્યાગવા યોગ્ય, ગ્રહણ કરવા યોગ્ય. ત્યાગવું લેવું, એ બધાની પ્રવૃત્તિના અનુમાન વડે આપણી માફક પારકા આત્માની પણ સિદ્ધિ થાય છે. આ પ્રમાણે એજ દિશાએ ઉપમાન આદિ પ્રમાણને પણ પોતાની બુદ્ધિ વડે પોતાના વિષયમાં ડાહ્યા માણસે યથા સંભવ યોજવાં કેવળ મૌનીન્દ્ર (જિનેશ્વર) ના આ આગમ વડેજ વિશિષ્ટ સંજ્ઞા નિષેધના દ્વાર વડે હું છું એમ આત્માના ઉલ્લેખ વડે આત્માનો સદ્‌ભાવ સિદ્ધ કર્યો છે. અને જૈનાગમ શિવાયના બીજા આગમો અનાપ્ત પુરૂષના બનાવેલાં હોવાથી અ પ્રમાણજ છે.

અહિં આત્મા છે. એનાજ વડે ક્રિયાવાદિઓના બધા ભેદો સમાયા અને આત્મા નથી, એ વચનવડે અ ક્રિયાવાદીઓના મતોનો આની અંદર સમાવેશ કરેલો છે. અને અજ્ઞાની તથા વૈનયિકના બધા ભેદો તેમાં સમાતા હોવાથી સમાવ્યા છે.

જૈનેતરના ભેદો આ પ્રમાણે છે.

**असिय सयं किरियाणं, अक्किरिय वाईण होइ चुलसीई**
**अन्नाणिय सत्तट्ठी, वेणइ आणं च बत्तीसा ॥ १ ॥**

૧૮૦) ભેદ ક્રિયાવાદીઓના છે અને અ ક્રિયાવાદીના ૮૪) ભેદ છે અને અજ્ઞાનીના ૬૭) ભેદ છે. તથા વિનયવાદીઓના ૩૨, ભેદ છે.

તેમાં જીવ, અજીવ, આશ્રવ, બન્ધ, પુન્ય, પાપ, સંવર,

નિર્જરા, અને મોક્ષ એ નવ પદાર્થ છે તે સ્વ, પર, એ એ ભેદથી તથા નિત્ય અને અનિત્ય એ બે વિકલ્પ વડે તથા કાળ નિયતિ સ્વભાવ, ઇશ્વર, અને આત્મા, એ પાંચ બધા સાથે ગુણતાં ૯×૨×૨×૫=૧૮૦ ભેદ ક્રિયા વાદીના થયા આનુ અસ્તિત્વ માનનારા આ પ્રમાણે કહે છે.

(૧) જીવ સ્વથી અને કાળથી નિત્ય છે, (૨) જીવ સ્વથી અને કાળથી અનિત્ય છે (૩) જીવ પરથી અને કાળથી નિત્ય છે (૪) જીવપરથી અને કાળથી અનિત્ય છે. એ પ્રમાણે કાળના ચાર ભેદ થયા, એ પ્રમાણે નિયતિ, સ્વભાવ, ઇશ્વર, આત્મા વિગેરેના ચાર ચાર વિકલ્પ થાય, તે પાંચ ચોકડાં ગણુતાં ૨૦) થાય. આ જીવ સાથે થયા. આ પ્રમાણે અજી- વાદી આઠના ભેદો લેવા એટલે ૧૮૦) ભેદ થયા. તેમાં સ્વથી એટલે પોતાનાજ રૂપવડે જીવ છે પણ પરની ઉપાધિવડે હ્રસ્વ પણા કે દીર્ઘપણાની માફક નથી તે નિત્ય અને શા- શ્વત છે. પણ ક્ષણિક નથી કારણ કે તે વર્તમાનની માફક ભૂત અને ભવિષ્યમાં પણ છે. કાળથી એટલે કાળજ આ દુનિયાની સ્થિતિ અને ઉત્પત્તિ તથા પ્રલયનું કારણ છે.

કહ્યું છે કે:—

**कालः पचति भूतानि, कालःसंहरते प्रजाः ।**
**कालःसुप्तेषु जागर्ति, कालोहि दुरति क्रमः ॥ १ ॥**

કાળજ ભૂતોને પરિપકવ કરે છે. અને તેજ સર્વ પ્રજા-

નો નાશ કરે છે. બધા સુતેલા હોય તોપણ કાળ તો જાગેજ છે. માટે કાળ દુઃખેથી પણ ઉલંઘન થઇ શકાતો નથી. અને તે અતિન્દ્રિય છે. તથા થોડા કાળે તથા ઘણા કાળે થતી ક્રિયાથી જણાય છે. હીમ, ગરમી, વર્ષા, વિગેરેની વ્યવસ્થાનો હેતુ છે. તથા ક્ષણ, લવ, મુહુર્ત, પ્રહર, અહોરાત્ર, માસ, રૂતુ, અયન, સંવત્સર, યુગ, કલ્પ, પલ્યો-પમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદગલ પરાવર્ત, અતીત, અનાગત, વર્તમાન, સર્વ, અદ્ધા વિગેરેનો વ્યવહારરૂપ છે. તથા બીજા વિકલ્પમાં કાળથીજ આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. પણ પહેલા અને બીજા વિકલ્પમાં ભેદ એટલો છે કે આ અનિત્ય છે અને પૂર્વનો નિત્ય હતો. ત્રિજા વિક-લ્પમાં પર આત્માથીજ સ્વ આત્માની સિદ્ધિ સ્વીકારી છે.

પણ કેવી રીતે પરથી આત્માનું અસ્તિત્વ સ્વીકારી શકાય ? ઉત્તર આતો પ્રસિદ્ધજ છે કે સર્વ પદાર્થ પર પ-દાર્થના સ્વરૂપની અપેક્ષાએ, પોતાના રૂપનો પરિચ્છેદક છે. જેમકે દીર્ઘની અપેક્ષાએ હ્રસ્વ પણાનુ જ્ઞાન છે અને હ્રસ્વની અપેક્ષાએ દીર્ઘપણાનું જ્ઞાન છે. એમજ આત્મા શિવાયના સ્તંભ, કુંભ, વિગેરે દેખીને તેનાથી જુદો જે પદાર્થ તેમાં આત્મ પણાની બુદ્ધિ પ્રવર્તે છે. તેથી આત્માનું સ્વરૂપ તે પરથીજ નિશ્ચય થાય છે. પણ પોતાની મેળે નહિં. એમ ત્રીજો વિકલ્પ સિદ્ધ થયો, ચોથા વિકલ્પમાં પહેલાની માફકજ

છે એ ચાર વિકલ્પ છે. તે પ્રમાણે બીજા નિયતિથીજ આત્માનું સ્વરૂપ નિશ્ચય કરે છે.

આનિયતિ શું છે? ઉત્તર પદાર્થોનું જેવી રીતે અવશ્યપણે થવાપણું હોય તેને યોજનારી નિયતિ છે.—

**प्राप्तव्यो नियतिबला श्रयेण योर्थः**
**सोवश्यं भवति नृणां शुभोऽशुभोवा**
**भूतानां महति कृतेपिहि प्रयत्ने,**
**ना भाव्यं भवति न भाविनोस्ति नाशः ॥१॥**

નિયતિ બળના આશ્રયથી જે પદાર્થ મેળવવાનો હોય છે તે ચ્હાય શુભ હોય કે અશુભ પણ તે માણસોને અવશ્ય મળે છે. હવે તે અટકાવવા કે ફેરફાર કરવા માણસો પ્રયત્ન કરે તો પણ ભાવીનો નાશ ન થાય અને અભાવ્યની પ્રાપ્તિ ન થાય.

આમસ્કરી નામના પરિવાટ્ના મતને પ્રાયઃ અનુસરનારી છે.

બીજા કેટલાક સ્વભાવનેજ સંસારની વ્યવસ્થામાં જોડે છે.

પ્રશ્ન એ સ્વભાવ શું છે? ઉત્તર—વસ્તુને પોતાનોજ તેવો પરિણતિ ભાવ તે સ્વભાવ છે. કહ્યું છે કે.

**कः कंटकानां प्रकरोति तैक्ष्ण्यं, विचित्रभावं मृगपक्षिणांच**
**स्वभावतः सर्व मिदं प्रवृत्तं, न काम चारोऽस्ति कुतः प्रयत्नः ॥१॥**

કાંટાઓની તીક્ષ્ણ અણીને કોણ બનાવે છે? અને મૃગ તથા પક્ષીઓમાં વિચિત્ર ભાવ કોણ ઉત્પન્ન કરે છે? ખરી રીતે તે બધું સ્વભાવથીજ થાય છે. તેમાં કોઇ ખાસ મહેનત હોતું નથી. ત્યારે પ્રયત્ન શામાટે મુખ્ય ગણવો?

**स्वभावतः प्रवृत्तानां, निवृत्तानां स्वभावतः**
**नहि कर्त्तेति भूतानां, यः पश्यति स पश्यति ॥**

સ્વભાવથી પ્રવર્તેલા છે. અને સ્વભાવથી નિવૃત થયેલા છે તેવા પ્રાણીઓનુ હું કંઇ પણ કરનારો નથી એમ જે માને છે તેજ દેખે છે. ( દેખતો છે )

**केनाञ्जितानि नयनानि मृगाङ्गनानाम्,**
**कोऽलङ्करोति रुचिराङ्ग रुहान् मयूरान**
**कश्चोत्पलेषु दलसंनिचयं करोति,**
**कोवादधाति विनयं कुलजेषु पुंस्सु ॥ ३ ॥**

મૃગલીઓની આંખો કોણ આંજવા ગયું છે, તેમજ મયુર વગેરેના પીછામાં શોભા કોણ કરવા ગયું છે. અને કમળની પાંખડીઓને સારી સુંદર રીતે કોણ ગોઠવવા જાય છે તથા કુળવાન પુરૂષના હૃદયમાં વિનય કોણ મુકવા જાય છે? ( કોઇ નહિ, તે બધું સ્વભાવે જ થાય છે એવું સ્વભાવવાદી માને છે ).

હવે બીજા કહે છે કે આ બધું જીવ વિગેરે જે કંઇ

છે તે ઇશ્વરથીજ ઉત્પન્ન થયું છે. અને તેથીજ સ્વરૂપમાં રહે છે. પ્રશ્ન આ ઇશ્વર કોણ છે? ઉત્તર-અણિમાદિ ઐશ્વર્ય યોગથી તે ઇશ્વર છે.

કહ્યું છે કેઃ—

**अज्ञो जन्तुरनीशःस्या, दात्मनः सुख दुःखयोः ॥**
**ईश्वर प्रेरितो गच्छेत्, श्वभ्रं वा स्वर्ग मेव वा ॥१॥**

અજ્ઞજન્તુ આત્માના સુખ દુઃખના કારણમાં અસમર્થ છે પણ ઇશ્વરનો પ્રેરાયલો સ્વર્ગ અગર નર્કમાં જાય છે. તથા બીજાઓ કહે છે કે જીવાદિ પદાર્થ કાલાદિથી સ્વરૂપને પામતા નથી ત્યારે કેવી રીતે છે? ઉત્તર આત્માથીજ છે. પ્રશ્ન એ આત્મા કોણ છે? ઉતર—આત્માથી બીજું નહિ એવું અદ્વૈત માનનારા વિશ્વની પરિણતિ રૂપ આત્માજ માને છે કહ્યું છે કે—

**एक एवहि भूतात्मा, भूते भूते व्यवस्थितः**
**एकधा बहुधा चैव, दृश्यते जल चन्द्र वत् ॥२॥**

નિશ્ચયે એકજ ભૂતાત્મા સર્વ ભૂતોમાં રહેલો છે. અને તે એકલો છતાં જેમ ચંદ્ર પાણીમાં જુદો જુદો દેખાય છે, તેમ તે આત્મા, જૂદી જાતિમાં દેખાય છે. વળી કહ્યું છે કે-

**पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम्' इति**

જે આ જગતમાં બધું થયું છે અને થવાનું છે તે સઘળું એક પુરૂષજ છે. વિગેરે એ પ્રમાણે અજીવ પણ

પોતાથી અને કાળથી નિત્ય છે ઇત્યાદિ ઉપર પ્રમાણે બધું યોજવું. તેવીજ રીતે અક્રિયાવાદીઓના પણ ભેદ છે. તે નાસ્તિત્વ વાદી છે. તેઓમાં પણ, જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, તથા મોક્ષ એ સાત પદાર્થ છે. તે સ્વ અને પર એ બે ભેદવડે તથા કાળ, યચ્દૃછા, નિયતિ, સ્વભાવ, ઇશ્વર, અને આત્મા, એ છ ભેદોવડે ચિંતવતાં–૮૪) વિકલ્પ થાય છે. તે આ પ્રમાણે છે. જીવ સ્વતઃ એટલે પોતાનાથી અને કાળથી નથી તેમજ જીવ, પરથી અને કાળથી (સિદ્ધ થતો) નથી. આ પ્રમાણે કાળ સાથે લેતાં બે ભેદ થયા, તેજ પ્રમાણે યદૃચ્છા તથા નિયતિ વિગેરેમાં પણ સર્વે જીવ પદાર્થમાં બાર થાય એ પ્રમાણે અજીવમાં પણ બાર લેવા. તે બાર સપ્તક એટલે ૮૪) થયાં તેનો અર્થ આ છે. જીવ પોતાના કાળથી નથી. અહિં પદાર્થોના લક્ષણવડે સત્તા નિશ્ચય કરાય છે. અથવા કાર્યથી નિશ્ચય કરાય છે? અને આત્માનું તેવું કંઇ પણ લક્ષણ નથી કે જેનાવડે અમે તેની સત્તા સ્વીકારીએ. ? તેમ અણુઓથી પર્વત વિગેરેનો સંભવ થાય તેમ પણ નથી. વળી લક્ષણ અને કાર્યવડે વસ્તુ ન મેળવીએ તો તે વિદ્યમાન નથી જેમ આકાશનું કમળ વિદ્યમાન નથી તેમ, તેટલા માટે આત્મા નથી. બીજો વિકલ્પ પણ જે આત્માને પોતાથી નથી સ્વીકારતો તે આકાશના કમળની માફક પરથી પણ નથી. અથવા સર્વ પદાર્થોનાજ પર ભાગમાંના અદર્શનથીજ સર્વ અર્વાક્ ( ? ) ભાગ સૂક્ષ્મપણાથી અને ઉભય (તે બન્ને) ના

અને ઉપલબ્ધિથી સર્વ અનુપલબ્ધિથી, નાસ્તિત્વને સ્વીકારીએ છીએ. કહ્યું છે કે—

**यावद् दृश्यं परस्तावद् भागः सच नदृश्यते. इत्यादि**

જેટલું દેખાય છે તેટલોજ ભાગ પછવાડે છે. અને તે દેખાતો નથી વિગેરે તથા યદૃચ્છાથી આત્માનું અસ્તિત્વ નથી (નાસ્તિત્વ છે). પ્રશ્ન, આયદૃચ્છા તે શું છે? ઉત્તર— અનભિસંધી (અનાયાસે) અર્થની પ્રાપ્તિ થાય તે યદૃચ્છા છે.

**अतर्कितो पस्थि तमेव सर्वं, चित्रं जनानां सुख दुःख जातम्,**
**काकस्य तालेन यथाभि घातो, न बुद्धि पूर्वोत्र वृथाभि मानः ॥१॥**
**सत्यं पिशाचास्म वने वसामो, भेरिं कराग्रैरपि न स्पृशामः**
**यदृच्छयासिद्ध्यति लोक यात्रा, भेरीं पिशाचाः परिताडंयन्ति ॥२॥**

વિના વિચારનું આ માણસોનું આશ્ચર્યકારક સુખ દુઃખનું થવું તે ઉપસ્થિત થયેલુંજ છે. જેમ કાગડાના બેસવાથી તાડનું પડવું થાય તે જેમ કાગડાએ પાડયું નથી તેમ જગત્માં જે કંઇ થાય છે, તે બુદ્ધિ પૂર્વક નથી. પણ તેમાં લોકોનું ખોટું અભિમાન છે (કે મેં આ કર્યું) ૧.

અમે વનના પિશાચો છીએ તે ખરૂં છે. અમે હાથથી ભેરીને અડકતા પણ નથી તો પણ યદૃચ્છાએ લોકો એકઠા થાય છે અને કહે છે કે પિશાચો ભેરીને વગાડે છે. ૧. (પંચ તંત્રમાં આને મળતું એક દ્રષ્ટાંત છે. કોઈ લશ્કરમાંથી છુટો પડેલો ભેરીવાળો સિંહના મારથી મરી ગયો અને તેની ભેરી વાંદરાના હાથમાં આવી તે કોઇ વખત વગાડે અને તે પહાડમાં જાય તે લોકને સંભળાય તેથી આજુબાજુના લોકો ગભરાયા કે પહાડની અંદર પિશાચો ભેરી વગાડી ડરાવે છે. તેથી લોકો ડરીને નાસવા લાગ્યા તેમાં કોઇ હિંમતવાને ફળ લઇ વાંદરાઓને એકઠાં કરી તેમની પાસેથી ભેરી લઇ લીધી અને લોકોનો વહેમ મટાડયો ? જેમ કાગડાના બેસવાથી તાડનું આડ પડે તો પણ તેમાં કાગડાની બુદ્ધિ નથી કે મારા ઉપર તાડ પડશે, તેમ તાડનો અભિપ્રાય નથી કે કાગડા ઉપર પડું. છતાં તે બેઉ થાય છે. એ પ્રમાણે, બાકીનું પણ વિના વિચારનું, અજા કૃપાણી, આતુર ભેષજ, અંધ કંટક વિગેરે દ્રષ્ટાંતો પણ જાણી લેવાં એ પ્રમાણે બધા પ્રાણીઓનાં, જન્મ, જરા, મરણ વિગેરે લોકમાં જે કંઇ થાય તે બધું કાકતાલીય ન્યાય માફક જાણવું, એવીજ રીતે, નિયતિ સ્વભાવ, ઇશ્વર, આત્મા વિગેરેથી પણ આ આત્માને, અસિદ્ધ કરવો, (એટલે આત્માની દરેક રીતે અસિદ્ધિ બતાવવી) ક્રિયાવાદીના ૮૪ ભેદ થયા. હવે અજ્ઞાનીઓના ૬૭ ભેદ બતાવે છે; તે આ પ્રમાણે.

પૂર્વે જીવાદિ નવ પદાર્થ કહી ગયા, તેની સાથે ઉત્પત્તિ દશમી લેવી તે દશેને સત્, અસત્, સદસત્, અવ્યક્તવ્ય, સદ્ વક્તવ્ય, અસદ્ વક્તવ્ય, અને સદસદ્વક્તવ્ય, આ સાત ભેદ વડે જાણવાને શક્તિમાન નથી તેમજ જાણવાથી શું પ્રયોજન છે? તેની ભાવના નિચે મુજબ, જીવ વિદ્યમાન છે એમ કોણ જાણે છે? અથવા જાણવાથી શું લાભ? અથવા જીવ અવિદ્યમાન છે અથવા જાણવાથી શું લાભ? એ પ્રમાણે અજીવાદિકમાં પણ સાત વિકલ્પ, તે પ્રમાણે સાત સાત ગણતાં ૬૩) ભાગ થયા તેમાં ચાર બીજા ઉમેરવા તે આ છે. વિદ્યમાન (છતી) ભાવની ઉત્પત્તિ કોણ જાણે છે? અથવા જાણવાથી શું પ્રયોજન? બાકીના ત્રણ વિકલ્પ ઉત્પત્તિના, ઉત્તર કાળ પદાર્થના અવયવની અપેક્ષાએ છે. તેનો સંભવ થતો નથી તેથી તે ત્રણ નથી કહ્યા એટલે ચાર ભાંગા સંભવે. તે ઉમેરતાં કુલ ૬૭) થયા. આમા જીવ સત્ છે તે કોણ જાણે છે. તેનો અર્થ આ છે કે.

કોઈને વિશિષ્ટ જ્ઞાન નથી કે જે ઇન્દ્રિઓથી અતીત જીવાદિ પદાર્થોને જાણી શકે અને તેમના જાણવાથી કંઈ પણ ફળ નથી જેમકે જીવ નિત્ય, સર્વગત મૂર્ત જ્ઞાનાદિ ગુણ ઉપેત અથવા ઉપરના ગુણોથી વ્યતિરિક્ત છે. અને તેથી કયા પુરૂષાર્થની સિદ્ધિ થાય? તેથી અજ્ઞાનજ શ્રેય છે. વળી તુલ્ય અપરાધમાં, અજ્ઞાનતાથી કરવામાં લોકોમાં સ્વલ્પ દોષ છે. અને, તેજ પ્રમાણે લોકોત્તરમાં પણ આકુ-

ર્દ્રિક (મનથી પાપ કરનાર) અનાભોગ (અજાણ્યું) સહશાકાર (જલદી,) વિગેરે કાર્ય થાય તેમાં ક્ષુલ્લક (નાનો) ભિક્ષુ તથા સ્થવિર, ઉપાધ્યાય, આચાર્ય ને અનુક્રમે વધારે વધારે પ્રાયશ્ચિત્ત છે, તેવું બીજા વિકલ્પમાં પણ યોજવું.

વિનય વાદીના ૩૨ ભેદ આ પ્રમાણે છે.

દેવતા, રાજા, યતિ, જાતિ, સ્થવિર, અધમ, માતા, પિતા, એ આઠમાં મન, વચન, કાયા, અને પ્રદાન, એ ચાર પ્રકારે વિનય કરવો તે આ પ્રમાણે, આ દેવતાઓનો મન, વચન, કાયા, અને દેશ કાળની ઉત્પત્તિ પ્રમાણે દાન દેવા વડે વિનય કરવો. આ વિનયથીજ સ્વર્ગ, અપવર્ગ, ના માર્ગને તેઓ સ્વીકારે છે. અને નીચૈર્વૃત્તિ (નીચે નમવું) અને નમ્રતા બતાવવી તે વિનય છે. બધી જગોએ આ પ્રમાણે વિનય વડે દેવ વિગેરેમાં લીન થયેલો. સ્વર્ગ મોક્ષનો મેળવનારો થાય છે. કહ્યું છે કે.

**विणया णाणं णाणाओ, दंसणं दंसणाहि चरणं च ॥**
**चरणाहिं तो मोक्खो, मोक्खे सोक्खं अणाबाहं ॥१॥**

વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ અને મોક્ષથી અવ્યાબાધ સુખ છે. અહિંઆં ક્રિયાવાદીઓમાં અસ્તિત્વ છે. છતાં તેમાં પણ કેટલાકમાં આત્માને નિત્ય, અનિત્ય, કર્તા, અકર્તા, મૂર્ત, અમૂર્ત, શ્યામાક તંડુલ માત્ર, અંગુઠાના પર્વ જેટલો

દીવાની શીખા સમાન, હૃદયમાં રહેલો, વિગેરે પણ તે ઔપપાતિક છે. તથા અક્રિયાવાદીઓમાં આત્માજ નથી તો કયાંથી ઔપપાતિક ( ઉત્પન્ન થનાર ) પણ સિદ્ધ થાય ? અને અજ્ઞાનીઓ આત્માને વિષે અપ્રતિપત્તિ નથી કરતા પણ તેઓ જ્ઞાનને નકામું માને છે. વિનયવાદીઓને પણ આત્માના અસ્તિત્વમાં અસ્વીકાર નથી પણ વિનય વિના બીજું મોક્ષ સાધનજ નથી એવું માને છે. તેમાં સામાન્ય આત્માના અસ્તિત્વ સ્વીકારથી અક્રિયાવાદીઓને દુર કર્યા ( તેમના માનવાને ખોટું કર્યું ) અને આત્માનું નમાનવું તેમાં આ પણ તેમણે વિચારવું જોઈએ.

**शास्ता शास्त्रं शिष्य, प्रयोजनं वचनहेतुदृष्टान्तः**
**सन्ति न शून्यं ब्रुवतः, तद भावाचा प्रमाणं स्यात्॥१॥**
**प्रतिषद्धृ प्रतिषेधौ, स्तश्चे च्छून्यं कथं भवेत्सर्वम्**
**तद भावेनतु सिद्धा, अप्रतिषिद्धा जगत्यर्थाः ॥२॥**

ઉપદેશ, શાસ્ત્ર, શિષ્ય, પ્રયોજન, વચન, હેતુ અને દ્રષ્ટાંત છે તે બધાં બોલનારથી શૂન્ય નથી. તેના અભાવથી તે અપ્રમાણ છે. ( આત્માનુ અસ્તિત્વ સ્વીકારે તોજ બધાં કામનાં છે. નહિ તો તેઓનું બોલવુંજ આત્માના અભાવે અપ્રમાણ છે. ) ॥ ૧ ॥

પ્રતિષેધ કરનાર અને પ્રતિષેધ જો શૂન્ય હોય તો બધું કેવી રીતે થાય અને પ્રતિષેધ કરનારના અભાવમાં પ્રતિ-

ષિદ્ધ એવા જગતના પદાર્થો સિદ્ધ થાય એ પ્રમાણે જૈનાચાર્ય કહે છે. કે આદરેકોનું અહિંજ યથાયોગ્ય રીતે નિરાકરણ સમજવું. વચમાં સમજવા માટે વાદીએ શંકા કરેલી કે આત્મા નથી તો સૂત્ર શામાટે કરવું તેનું સમાધાન કર્યું. હવે ચાલુ વાત કહે છે.

તેમાં અહિં કેટલાકને તેની ખબર નથી કે હું કયાંથી આવ્યો છું એનાવડે કેટલાકનેજ સંજ્ઞાનો નિષેધ કરવાથી કેટલાકને છે તેપણ કહેલું સમજવું. તેમાં સામાન્ય સંજ્ઞાનું દરેક પ્રાણીમાં સિદ્ધપણાથી અને તેનું કારણ જાણવાથી અહિંઆ અકિંચિત્ પણે છે ( સામાન્ય સંજ્ઞાનું વિશેષ પ્રયોજન નથી ) પણ અહિં વિશિષ્ટ સંજ્ઞાની જરૂર છે અને તે કેટલાકનેજ હોવાથી તથા તે સંજ્ઞાનું બીજા ભવમાં જનાર આત્માને સ્પષ્ટ સ્વીકાર. તે સંજ્ઞા ઉપયોગી પણાથી સામાન્ય સંજ્ઞાના કારણના પ્રતિપાદનને છોડીને ફક્ત વિશિષ્ટ સંજ્ઞાના કારણોને સૂત્રકાર બતાવે છે.—

**सेजं पुण जाणेज्जा सह संमइ या ए परवागरणेण अण्णेसिं अंति एवा सोच्चा तंजहा–पुरत्थिमाओ, चा दिसाओ, आगओ अहमंसि, जाव अण्णयरिओ, दिसाओ अणु दिसाओ वा आगओ अहमंसि, एव मेगेसिं जं णायं भवति अत्थि मे आया, उववाइए जोइमाओ (दिसाओ) अणुदि-**

**साओ वा, अणुसंचरइ, सव्वा ओ दिसाओ अणु दिसाओ सोऽहं (सू. ४)**

તે જાણે તે હું, આમાં 'સે' શબ્દ માગધી શૈલી પ્રમાણે પ્રથમાના એક વચનમાં છે. 'ता' શબ્દવડે જાણવું કે જે પૂર્વે કહેલા જાણનારો એટલે જેને વધારે ક્ષય ઉપશમ હોય તે વિચારે છે કે પૂર્વે કહેલી દિશા અને વિદિશામાંથી મારૂં આગમન થયું છે. તથા હું પૂર્વ જન્મમાં કોણ હતો દેવતા, નારકીય, કે તિર્યંચ, અથવા મનુષ્ય હતો અથવા સ્ત્રી, પુરૂષ કે નપુંષક હતો ? અથવા ભવિષ્યમાં હું આ મનુષ્ય જન્મથી મરીને દેવાદિ શરીરમાં જઇશ એવું વિચારે અને સમજે આથી એમ સમજવું કે કોઇ પણ અનાદિ સંસારમાં ભ્રમણ કરતો પ્રાણી દિશામાંથી આગમનને ન જાણે (હરેક ન જાણે) પણ જે વિશિષ્ટ સંજ્ઞાવાળો હોય તે જાણે તે મતિ જ્ઞાનવાળો એટલે જેની બુદ્ધિ ખીલેલી હોય તેનો ભાવાર્થ એ છે કે આત્માની સાથે જેની સુબુદ્ધિ હોય તે સુબુદ્ધિવડે કોઈક ભવ્યાત્મા જાણે છે સૂત્રમાં '**सह सम्मइ आए'** त्ति શબ્દથી એમ સૂચવ્યું કે મતિનું આત્મ સ્વભાવપણું હંમેશાં છે પણ વૈશેષિક મતવાળા મતિને આત્માથી જુદી માને છે અને આત્માથી સમવાય વૃત્તિએ જોડાયલી છે. તેવું નહિં જો **सम्मइ ए' त्ति** એટલે પોતાની બુદ્ધિવડે તેમાં ભિન્ન પણ અશ્વાદિક પોતાનાં માને છે તેથી મતિ પણ

જુદી થઈ જાય તેવી શંકા ન થાય માટે સ શબ્દ વિશેષણમાં છે. અને સહ (સાથે) શબ્દ બધે લાગુ ન પડે અને આત્માની સાથે હંમેશાં રહ્યા છતાં પ્રબળજ્ઞાન આવરણવડે ઢંકાવાથી સદા વિશિષ્ટ બોધ નથી. હવે તે મતિ સન્મતિ અથવા સ્વમતિ, તે અવધિ, મનઃપર્યાય, અને કેવળજ્ઞાન, જાતિ સ્મરણ, એ ચાર ભેદે જાણવી. તેમાં અવધિ, મનઃપર્યાય, અને કેવળ જ્ઞાનનું સ્વરૂપ, બીજા સ્થાનમાં વિસ્તારથી કહ્યું છે. અને જાતિ સ્મરણ જ્ઞાન તે મતિજ્ઞાનનો વિશેષ બોધજ છે. તેથી આ પ્રમાણે આત્માની ચાર પ્રકારની મતિ વડે કોક વિશિષ્ટ દિશાની ગતિ આગતિ જાણે છે. અને કોક પર (શ્રેષ્ટ) તે તીર્થંકૃત્ સર્વજ્ઞ છે. પરમાર્થથી તેનેજ પરશબ્દનું વાચ્યપણું હોવાથી પરપણું હોવાથી પરપણું આપે છે તેનાવડે વ્યાકરણ તે ઉપદેશ તે ઉપદેશથી જીવોને તથા તેના ભેદો પૃથ્વી વિગેરે તથા તેની ગતિ આ ગતિને બીજો પણ જાણે છે. બીજા જીવો તીર્થંકર શિવાય અતિશય જ્ઞાની એવા કેવળી વિગેરે પાસે સાંભળીને જાણે છે અને જે જાણે છે તે સૂત્ર અવયવવડે બતાવે છે. કે હું પૂર્વ દિશાથી આવ્યો છું કે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઉંચી, નીચી કે બીજી કોઇ દિશા વિદિશામાંથી આવ્યો છું. એવું વિશિષ્ઠ ક્ષય ઉપશમ આદિવાળાને તીર્થંકર તથા અન્ય અતિશયજ્ઞાની એવા પુરૂષોએ જેમને બોધ આપેલો છે તેમને આજ્ઞાન હોય છે, તથા પ્રતિ વિ-

શિષ્ટ દિશામાંથી આગમનના પરિજ્ઞાન શિવાય બીજું પણ આવું જ્ઞાન તેને થાય છે કે જેમ હું પૂર્વે હતો તેમ જાણું છું અને હવે પછી મારા આ શરીરનો અધિષ્ટાતા (આત્મા) જ્ઞાન દર્શન, ઉપયોગ લક્ષણુવાળો ઉપપાદુક (ભવાંતરમાં જનારો) અને અસર્વ ગત (શરીર માત્ર પ્રમાણ વાળો) ભોકતા, મૂર્તિ રહિત, અવિનાશી, શરીર વ્યાપી, ઇત્યાદિ ગુણુવાળો મારો આત્મા છે. તે આત્માના આઠ ભેદ છે દ્રવ્ય, કષાય, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આત્મા, એમ આઠ પ્રકારે છે. તેમાં અહિંઆ મુખ્યત્વે ઉપયોગ આત્મા વડે અધિકાર છે. અને બાકીના ભેદો તેના અંશ તરીકે ઉપયોગમાં લેવાય છે, તેથી બતાવ્યા છે.

તે પ્રમાણે મારો આત્મા છે. જે અમુક દિશામાંથી કે વિદિશામાંથી ગતિ પ્રાયોગ્ય કર્મના ઉપાદાનથી તેને અનુસારે ચાલે છે. પાઠાન્તરમાં અનુસંચરતીને બદલે અનુસંસરઈ પાઠ છે. તેનો અર્થ આ પ્રમાણે છે કે દિશા વિદિશાઓનું ગમન અથવા ભાવ દિશામાંથી આગમન, તેને યાદ આવે છે, હવે સૂત્ર અવયવ વડે પૂર્વના સૂત્રના કહેલા અર્થને ઉપસંહરે છે. (બતાવે છે.)

બધી દિશાઓ અને અનુ દિશાઓમાંથી જે આવેલો છે અને અનુસંચરે છે. અથવા અનુસરે છે. તે હું એવો ઉલ્લેખ કરવા વડે આત્માનો ભાવ સિદ્ધ થાય છે. અને પૂર્વ વિગેરે પ્રજ્ઞાપક દિશાઓ બધી ગ્રહણ કરી છે. અને

ભાવ દિશાઓ પણ લીધી છે આ કહેલા ગંભીર અર્થને નિર્યુકિતકાર ખુલ્લો બતાવવા માટે નિર્યુકિતકાર ત્રણ ગાથાને સાથે કહે છે.

**जाणइ सयं मईए, अन्नेसिं वावि अंतिए सोच्चा**
**जाणग जण पण्णविओ, जीवं तह जीव काएवा ॥६४॥**
**इत्थ य सह संमइ अत्ति, जं ए अं तत्थ जाणणा होई**
**ओही मण पज्जव, नाण के वले जाइ सरणे य ॥६५॥**
**परवइ वागरणं पुण, जिण वागरणं जिणा परं न त्थि**
**अण्णेसिं सोच्चंतिय, जिणे हिं सव्वो परो अण्णो ॥६६॥**

કોઇ પ્રાણી સંસારમાં ભ્રમણ કરતો અવધિ વિગેરે ઉપર કહેલી ચાર પ્રકારની પોતાની મતી વડે જાણે છે. અનનુપૂર્વી ન્યાય પ્રગટ કરવા માટે પછવાડે લીધેલું અન્યોનું આ પદ પહેલું કહે છે. અથવા अन्येषां, આ પદ વડે અતિષય જ્ઞાનિઓની પાસે સાંભળીને જાણે છે તથા 'जाणग जणपण्णविओ' આ વાકયવડે પર વ્યાકરણ પણ ગ્રહણ કર્યું તેના વડે આ અર્થ છે. જ્ઞાપક એટલે તીર્થંકરનો પ્રજ્ઞાપિત ( બોધેલો ) પણ જાણે છે. જે વિષયને જાણે છે તે પોતેજ બતાવે છે. સામાન્યથી જીવને આ પદવડે અધિકૃત ઉદ્દેશાનો અર્થાધિકાર કહે છે. તથા જીવ અને કાયાને તે પદ વડે પૃથિવીકાયાદિને બતાવવા વડે બાકીના હવે પછીના છએ ઉદ્દેશાના અધિકાર અર્થને અનુક્રમે કહે છે.

અહિં '**सहसम्मइएणति** આ પદ સૂત્રમાં છે. તેમાં '**ज्ञाणण**' પદવડે જ્ઞાનને ઉત્પન્ન કરેલું છે ' **मन** ' ધાતુ જાણવાના અર્થમાં છે. કારણ કે મનન તેજ મતિ ( બુદ્ધિ છે માટે- અને તે જ્ઞાન કેવું છે. તે બતાવે છે. અવધિ, મન પર્યય કેવળ અને જાતિ સ્મરણ, રૂપવાળું છે. તેમાં અવધિજ્ઞાની હોય તે સંખ્યાતા અને અસંખ્યાતા ભવને જાણેછે એ પ્રમાણે મનઃ પર્યાયજ્ઞાની પણ જાણે છે. પણ કેવળીતો નિયમથી અનંતા (તમામ) જાણે છે. તથા જાતિ સ્મરણવાળો નિયમથી સંખ્યાતા ભવને જાણે છે બાકીની વાત સ્પષ્ટ છે. ॥ ૬૪–૬૫ ॥

ટીકા નહિં છતાં છાસઠમી ગાથાનો અર્થ થોડો બતાવીએ છીએ. 'પર વઇ વાગરણ'તે જિનવ્યાકરણ જાણવું જિનેશ્વરથી પર બીજો નથી, તથા બીજાઓની પાસે સાંભળીને, તથા જિનેશ્વરથી સર્વ પર અન્ય છે. નિચેની કથાઓથી જણાશે કે કોઈ ભવ્યાત્માને ધર્મ રૂચિની માફક સ્વયં જાતિ સ્મરણ પ્રગટ થાય છે. કોઇને જિનેશ્વર પાસેથી સાંભળીને થાય છે. જેમ મહાવીર સ્વામી પાસે ગૌતમ સ્વામીને થયું તથા અન્ય પાસે એટલે મલ્લિનાથ ભગવાનના મિત્રોને મલ્લિ કુમારીએ યુવાઅવસ્થામાં બોધ કરતાં (મિત્રોને) જાતિ સ્મરણ જ્ઞાન થયું. એ નિચેની કથાથી સમજાશે. અહિઆં સહસમ્મતિ વિગેરે પરિજ્ઞાનમાં સુખથી સમજાય માટે ત્રણ દૃષ્ટાંતો બતાવે છે.

વસંતપુર નગરમાં જીતશત્રુ નામે રાજા છે તેની ધારણી નામની મહાદેવી ( પટ્ટરાણી ) છે. તેને ધર્મરૂચી નામનો પુત્ર થયો, તે રાજા એક દિવસ તાપસપણે વ્રત લેવાની ઈચ્છાવાળો ધર્મરૂચિને રાજ્ય સોંપવાની તૈયારી કરવા લાગ્યો. તે જોઈને ધર્મરૂચિએ પોતાની માતાને પુછયું કે મારો પિતા રાજ્ય શામાટે તજે છે ? માએ કહ્યું બેટા ! આ નારકી વિગેરેના સકળ દુઃખના હેતુભૂત તથા સ્વર્ગ અને મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનાર અર્ગલા ( આગળી ) સમાન તથા અવશ્ય દુઃખ દેનારી લક્ષ્મી વડે શું પ્રયોજન છે ? પરમાર્થથી આ લોકમાં પણ અભિમાન માત્ર ફળ દેવાવાળી છે. તેથી તેને છોડીનેજ સકળ સુખનું સાધન જે ધર્મ તેજ કરવાને તારો પિતા ઉદ્યમ કરે છે. ધર્મરૂચિ તે સાંભળી બોલ્યો કે જો લક્ષ્મી આવીજ છે તો મારા પિતાને હું અનિષ્ટ છું કે જે આવી સકળ દોષને ધારનારી લક્ષ્મી મને સોંપે છે. અને સકળ કલ્યાણના હેતુ ધર્મથી મને દૂર કરાવે છે ! એમ કહી પિતાની આજ્ઞા લઈને બાપ સાથે પોતે પણ તાપસના આશ્રમમાં ગયો. ત્યાં બધી તાપસ સંબંધિ ક્રિયા યથા યોગ્ય કરી અને રહ્યો. એકદા અમાવાસ્યાના પહેલાં એક દિવસે કોઈ તાપસે ઉદ્ઘોષણા કરી કે હે તાપસો ! આવતી કાલે અનાકુટ્ટિ છે. ( અગતો પાખી, અણોજો ) છે. તેથી આજેજ સમિત્ ( હોમના લાકડાં ) પુલ કુશ ( દર્ભ ) કંદ, ફળ, મૂળ વિગેરે

હમણાજ લઇઆવો. આ સાંભળીને ધર્મરૂચિએ પોતાના બાપને પૂછયું હે તાત! આ અનાકુટ્ટી શું છે. તેણે કહ્યું બેટા! કંદફળ વિગેરે છેદવાનું કામ અમાવાસ્યા વિગેરે દિવસે ન કરાય કારણ કે તે કાપવા વિગેરેની ક્રિયા સાવદ્ય (પાપવાળી) છે. તે સાંભળીને આ વિચારવા લાગ્યો કે હંમેશાં અનાકુટ્ટિ થાય તો કેવું સારૂં. આ પ્રમાણે વિચાર કરતો હતો તેવામાં અમાવાસ્યાને દિવસેજ તપોવન પાસે જતાં સાધુઓનું દર્શન થયું તે સાધુઓને તેણે પૂછયું હે ભાઇઓ! આજે તમારે અનાકુટ્ટી કેમ નથી જેથી તમો આ અટવીમાં નિકળ્યા છો? તેઓએ પણ કહ્યું કે અમારે તો આખી જીંદગી સુધી અનાકુટ્ટિજ છે. એમ કહીને સાધુ ચાલતા થયા. ધર્મરૂચિને આ સાંભળી, ઇહા, અપોહ, અને વિમર્શવડે જાતિ સ્મરણ જ્ઞાન થયું કે હું પૂર્વભવમાં દીક્ષા લઇને દેવલોકના સુખને અનુભવી અહિં આવ્યો છું. તે પ્રમાણે તેણે વિશિષ્ટ દિશાઓનું આગમન પોતાની મતિ એટલે જાતિ સ્મરણરૂપ જ્ઞાનવડે જાણ્યું. અને પ્રત્યેક બુદ્ધ (ગુરૂ વિના પોતાની મેળે દીક્ષા લેનાર) થયો એ પ્રમાણે બીજા પણ વલ્કલ ચીરી, શ્રેયાંસકુમાર વિગેરે અહિંઆં જાણવા.

હવે પર વ્યાકરણનું ઉદાહરણ કહે છે. ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુને પૂછયું કે હે ભગવન! મને કેવળજ્ઞાન શા માટે ઉત્પન્ન થતું નથી? ભગવાને કહ્યું. હે ગૌતમ તમારો મારા ઉપર ઘણો સ્નેહ છે તેથી. તેણે કહ્યું હે ભગવન્?

શા માટે મને તમારા ઉપર આટલો બધો સ્નેહ છે ? ત્યારે ભગવાને કહ્યું કે પૂર્વમાં ઘણા ભવથી તારે અને મારે આવો સંબંધ હતો તેથી.

**चिर संसिट्ठोसिमे, परिचियोसिमे' गोयमे त्येवमादि.**

હે ગૌતમ ! તું મારી સાથે ઘણો કાળ રહેલો છે. તથા ઘણા કાળનો મારી સાથે પરિચિત છે ઇત્યાદિ. આ અધિકારને તીર્થંકરે કહેલો સાંભળીને પણ વિશિષ્ટ દિશાનું આગમન વિગેરેનું જ્ઞાન થયું. બીજાની પાસે સાંભળેલું તેનું ઉદાહરણ હવે કહે છે.

મલ્લિકુમારીને છ રાજ્ય પુત્રો જે જાણીતા હતા તે પરણવાને માટે આવેલા, તેમને પોતાના અવધિ જ્ઞાનવડે બોધ કરવા માટે જેવું પૂર્વમાં સાથે રહીને દીક્ષા લીધેલી, અને ધર્મના ફળથી જયન્ત નામના અનુત્તર વિમાનમાં જે સુખ ભોગવેલું તે કહી બતાવ્યું અને તે સાંભળીને છએ મિત્રો જે, ઓછા પાપવાળા હતા તેમને બોધ થયો અને વિશિષ્ઠ દિશાના આગમનનું જ્ઞાન થયું. તેજ સંબંધે આ ગાથા છે.

**किं थतयं पम्हुट्ठं, जंच तयाभो ! जयंतपवरंमि ।**
**वुच्छा समय निबद्धं, देवातं संभरह जातिं ॥ १ ॥**

હે મિત્રો ! આપણે જયંત વિમાનમાં રહેલા અને ત્યાં ઘણા કાળ સુધી સુખ ભોગવેલું તે ભૂલી ગયા ? તેને યાદ તો કરો. આ ત્રણ ગાથાનો તાત્પર્ય અર્થ છે.

હવે આપણી ચાલુ વાતને કહીએ છીએ. કે નિશ્ચે જે છે તે હું આ પદ વડે અહંકાર જ્ઞાન વડે આત્માના ઉલ્લેખ વડે પૂર્વ વિગેરે દિશાઓમાંથી પોતાના આત્માને આવેલો અને જરાપણ રોકાણ વિના ભવ ભ્રમણમાં પડેલો પોતાને દ્રવ્યાર્થપણે નિત્ય અને પર્યાય અર્થપણે અનિત્ય છું એમ જે જાણે છે, તેજ ખરી રીતે આત્મવાદી છે. એવું સૂત્રકાર બતાવે છે.

**से आयावादी लोयावादी कम्मावादी किरियावादी ( सू० ५ )**

તે એટલે જે પૂર્વે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવતા વિગેરે ભાવ દિશામાં અને પૂર્વ દિશા વિગેરે પ્રજ્ઞાપક દિશામાં ભમેલો પોતે પોતાના આત્માને, અક્ષણીક, અમૂર્ત, વિગેરે લક્ષણવાળો જાણે છે. તે આત્મવાદી, એટલે આત્માને બોલવાના સ્વભાવવાળો છે. અને જે પૂર્વ કહેલા પ્રમાણે આત્માને ન સ્વીકારે તે અનાત્મ વાદી (નાસ્તિક) જાણવા. વળી જે આત્માને સર્વ વ્યાપીં, નિત્ય, અને ક્ષણીક માને છે, તે પણ અનાત્મ વાદી છે. કારણ કે સર્વ વ્યાપી આત્માને નિષ્ક્રિય પણું હોવાથી બીજા ભવમાં સંક્રાન્તિ ન થાય, અને સર્વથા નિત્યપણે પણ, અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એક સ્વભાવ, એ નિત્યનું લક્ષણ હોવાથી, મરણનો અભાવ થાય. અને ભવ સંક્રાન્તિ પણ નજ થાય, સર્વથા ક્ષણિક માનવામાં પણ નિર્મૂળ વિનાશથી, તેજ હું, આવું પૂર્વ તથા ઉત્તરનું અનુ-

સંધાન (જોડાણ) ન થાય. જે આત્મવાદી છે. તેજ પરમાર્થથી લોક વાદી છે. કારણ કે અવલોકે (જુએ) છે તે 'લોક' એટલે પ્રાણી ગણ, તેને બોલવાનો જેનો સ્વભાવ છે તે આ વચનવડે જેઓ આત્માને અદ્વૈત માને છે, તેનું ખંડન કરવા આત્માનું બહુત્વ કહ્યું. અથવા लोयावादी ને બદલે 'लोकापाती' એ શબ્દ લઈએ તો લોક ચોદરજજુ પ્રમાણ છે. તે અથવા પ્રાણીગણ તેમાં આવવાના સ્વભાવવાળો આ વચન વડે વિશિષ્ટ આકાશ ખંડની 'લોકસંજ્ઞા' બતાવી અને તેમાં જીવાસ્તિકાય ( જીવસમૂહ ) ના સંભવથી જીવોનું ગમન આગમન સૂચવ્યું છે. તેજ જીવ દિશા વિગેરેમાં જવાના જ્ઞાનવડે આત્મવાદી અને લોકવાદી સંવૃત (યુક્ત) છે અને તે અસુમાન ( પ્રાણ ધારણ કરનાર ) છે. કર્મવાદી એટલે જ્ઞાનાવરણીય આઠ કર્મ છે. તેને બોલવાના સ્વભાવ વાળો કારણ કે નિશ્ચય, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાય યોગોથી પહેલા પ્રાણીઓ ગતિ આગતિના કર્મને ગ્રહણ કરે છે. ત્યાર પછી તે તે વિરૂપ રૂપવાળી યોનિઓમાં ઉ-ત્પન્ન થાય છે. અને કર્મ છે તે. પ્રકૃત્તિ, સ્થિતિ, અનુભાવ, પ્રદેશરૂપ ચાર પ્રકારે જાણવા. આ વચનથી કાળ, યદૃચ્છા, નિયતિ, ઇશ્વર, આત્મવાદી જે એકાન્ત માનનારા છે, તે-મનું ખંડન કર્યું જાણવું. તથા જે કર્મવાદી તેજ ક્રિયાવાદી છે કારણ કે યોગના નિમિત્તે કર્મ બંધાય છે. અને યોગ એટલે વ્યાપાર છે. અને વ્યાપાર ક્રિયારૂપ છે. તેથીજ કર્મને કાર્ય

પણે બોલવાથી તેનું કારણ ક્રિયાને પણ પરમાર્થથી બોલનારો છે. ક્રિયાનું કર્મ નિમિત્તપણું જૈનાગમમાં પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે આગમમાં છે.

**जावंणं भंते ! एस जीवे सया समियं एयइ वेयइ चलति फंदति घट्टति तिप्पति जाव तं तं भावं परिणमति तावं चणं अट्ठ विह बंधए वा सत्त-विह बंधए वा छव्विह बंधए वा एगविह बंधए वा णोणं अबंधए त्ति ॥**

હે ભગવન્. આ જીવ હમેશાં સમાન વધે છે કે વધારે વધે છે, ચાલે છે, ફરકે છે. અથવા તિપે છે (ગતિ કરે છે) તે તે ભાવને જ્યાં સુધી પરિણમે છે ત્યાં સુધી આઠ પ્રકારનો કર્મ બંધ કે, સાત પ્રકારનો, છ પ્રકારનો, કે એક પ્રકારનો, કે બંધ વિનાનો છે? (અહિં ઉત્તર નથી પણ જ્યાં સુધી તેરમા ગુણસ્થાન સુધી જીવ સંસારમાં હોય ત્યાંસુધી યોગી ક્રિયા કરનાર હોય એ આઠના, સાતના છના, અને એકના બંધનવાળો અનુક્રમે હોય છે. તે ગ્રન્થાતરથી જાણવું. એ પ્રમાણે બીજાઓની શંકા નિવારણ કરવા ગૌતમ સ્વામીએ પૂછયું અને મહાવીર પ્રભુએ ઉત્તર આપ્યો તેથી એમ બતાવ્યું જે કર્મવાદી છે તેજ ક્રિયાવાદી જાણવા. આ વચનથી સાંખ્ય મતવાળા જે આત્માને ક્રિયા વિનાનો માને છે તેમનું ખંડન કર્યું ॥ ૫ ॥

હવે પૂર્વે કહેલી આત્મપરિણત રૂપ ક્રિયાને વિશિષ્ટ કાળ બતાવનાર ' तिङ ' પ્રત્યયવડે કહેતાં अहं ' નામ હું પ્રત્યય સાધવા યોગ્ય આત્માને તેજ ભવમાં અવધિ, મનઃ પર્યાય કેવળ જ્ઞાન, જાતિ સ્મરણ, એ ચાર વિશિષ્ટ સંજ્ઞા શિવાય પણ ત્રણે કાળમાં ફરસનાર મતિજ્ઞાનવડે સદ્ભાવનો અવગમ ( જાણપણું ) બતાવવાને માટે કહે છે.

**अकरिस्सं चऽहं कारवेसु चऽहं, करओ आवि समणुन्ने भविस्सामि ( सू० ६ )**

અહિંઆ સૂત્રમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળની અપેક્ષાએ ત્રણ તથા તે ત્રણ સાથે કરવું. કરાવવું અને અનુમોદવું ગણતાં નવ વિકલ્પ થાય છે. તે આ પ્રમાણે છે. મેં કર્યું; કરાવ્યું અને કર્તાને ભલો જાણ્યો, હું કરૂં છું કરાવું છું, અને કરાવનારને અનુમોદું છું. હું કરીશ, કરાવીશ, અને કર્તાને ભલો જાણીશ, એમાં પહેલો અને છેલ્લો એ બે ભાંગા સૂત્રમાંથીજ લીધા છે તેથી કરીને બાકીના મધ્યમાં આવી ગયા તેથી નવે ભાગાનું ગ્રહણ થયું ( લીધા ) એજ અર્થને પ્રગટ કરવા બીજો વિકલ્પ છે કે હું કરાવીશ એ સુત્રવડે લીધો છે. આ નવે ભાગા સુત્રમાં બે ચકાર હોવાથી તથા અપિશબ્દ લેવાથી તે નવ સાથે મન, વચન, કાયા ચિંતાવતાં ૨૭) ભેદો થાય છે. તે આ પ્રમાણે. મેં કર્યું અહિઆં હું કાર શબ્દ વડે આત્માના ઉલ્લેખ કરનાર શબ્દ

વડે વિશિષ્ટ ક્રિયાના પરિણામ રૂપ આત્મા બતાવ્યો છે. તેનો આ ભાવાર્થ છે. તેજ હું કે જેનાવડે મેં આ દેહાદિની પહેલા યુવાવસ્થામાં ઇન્દ્રિયને વશ પડેલા વિષયરૂપ વિષ વડે મોહિત થએલા અન્ધ ચિત્તવડે તે તે અકાર્યના અનુષ્ઠાનમાં તત્પર થઇને મારે અનુકૂળ કર્યું (મને ગમ્યું તે કર્યું) કહ્યું છે કે.

**विहवा बले नडिएहिं, जाइं कीरंति जोवण मएणं ।**
**वयपरिणामेसरियाइ, ताइं हियए खुडुक्कं ति ॥ १ ॥**

વૈભવના અહંકાર વડે નાચેલા (નાટક કરેલા) એ યૌવનના મદ વડે જે જે કૃત્યો કરાયાં છે. તે બધાં બુઢ્ઢાપામાં યાદ આવીને હૃદયમાં શલ્યની માફક ખટકે છે. તથા મેં કરાવ્યું એનાવડે બીજા માણસને આ કાર્યમાં પ્રવર્તતો જોઇને મેં પ્રવૃત્તિ કરાવી. તથા કરનારને આજ્ઞા આપી. આ પ્રમાણે કર્યું કરાવ્યું અને અનુમોદ્યું એ ભૂતકાળ સૂચક છે. અને કરૂં છું, કરાવું છું, વિગેરે વચનવડે વર્ત્તમાન કાળ સૂચવ્યો છે. તથા કરીશ, કરાવીશ, અને કરનારને અનુમોદીશ, એ વચનથી ભવિષ્યકાળ સુચવ્યો આ ત્રણ કાળના ફરસવાવાળા વચનવડે દેહ, ઇન્દ્રિય, થી જુદો આત્મા ભૂત, વર્તમાન ભવિષ્ય સંબંધિ કાળ પરિણામ રૂપે આત્માનું અસ્તિત્વનું જાનપણું સુચવ્યું છે. અને જાણપણું તે એકાંત ક્ષણિકવાદીને કે એકાંત નિત્યવાદીને ન સંભવે તેથી આ વચન વડે તેમનું ખંડન કર્યું.

આત્માનું ક્રિયાના પરિણામવડે પરિણામપણું શ્વીકાર્યું છે તેથી ( ક્ષણિકવાદી વિગેરેનું ખંડન થયું છે. ) અને તેનાજ અનુસારે સંભવ અનુમાનથી અતીત અનાગત ભાવોમાં પણ આત્માનું અસ્તિત્વ જાણવું અથવા આ ક્રિયા પ્રબંધના પ્રતિપાદનથી કર્મના ઉપાદાન રૂપ છે. જે ક્રિયા છે તેનું સ્વરૂપ બતાવેલું જાણવું. ॥ ૬ ॥ હવે શિષ્ય પ્રશ્ન પુછે છે કે આટલીજ ક્રિયા છે કે બીજી કોઇ છે તેને આચાર્ય મહારાજ બતાવે છે.

**एयावंति सव्वावंति लोगंसि कम्मसमारंभा परिजाणियव्वा भवंति ( सू० ७ )**

આટલીજ વિશિષ્ટ ક્રિયાઓ જે પૂર્વે કહેલી છે, તે સર્વ લોક એટલે પ્રાણી સમૂહમાં કર્મનો સમારંભ છે તે અતીત, અનાગત, વર્તમાન, ભેદ વડે કર્યું, કરાવ્યું, અને અનુમોદયું એ વડે તમામ ક્રિયાને અનુસરનાર 'કરેછે' એ શબ્દવડે બધી ક્રિયાનો સંગ્રહ થાય છે. આટલીજ ક્રિયાઓ જાણવી. બીજી નહિં અને પરિજ્ઞા બે પ્રકારની છે. જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા તેમાં જ્ઞપરિજ્ઞા ( મળેલા બોધ ) વડે આત્મા અને બંધનું અસ્તિત્વ છે. પૂર્વે કહેલી કર્મ સમારંભની બધી ક્રિયાઓ વડે જાણપણું થાય છે. અને જાણ્યા પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે બધા પાપોને આવવાના હેતુરૂપ કર્મના સમારંભોના પચ્ચખાણ કરવાં જોઇએ (અને ત્યાંસુધી છોડવાં જોઇએ) આટલા સામાન્ય વચનવડે જીવનું અસ્તિત્વ સાધ્યું છે. અને તે આત્માનું દિશાઓનું જે ભ્રમણ તેના હેતુઓના

બતાવવા સાથે અપાયોને બતાવવા કહે છે. અથવા જે આત્મા તથા કર્મ વાદી છે, તે દિશાઓના ભ્રમણથી છુટશે અને જેઓ કર્મવાદને નથી માનતા તેઓને કેવા વિપાક ભોગવવા પડશે તે બતાવે છે.

**अपरिण्णाय कम्मा खलु अयं पुरिसे जो इमाओ दिसाओ अणुदिसाओ अणु संचरइ, सव्वाओ दिसाओ सव्वाओ अणुदिसाओ साहेति (सू० ८)**

જે પુરૂષ ( પુરિમાં શયન કરનાર તે પુરૂષ) અથવા સુખ દુઃખોથી પૂર્ણ તે કોઇપણ જંતુ અથવા માણસ અહિંઆ પુરૂષનું પ્રધાનપણું હોવાથી તે લીધો છે. પણ પુરૂષ શબ્દ ઉપલક્ષણમાં ચારે ગતિમાં ફરનારો પ્રાણી લેવો. તે પ્રાણી અથવા પુરૂષ દિશા-અને વિદિશામાં સંચરે તે કર્મના સ્વરૂપને જાણતો નથી. તેથી અપરિજ્ઞાત કર્મા છે. ( સૂત્રમાં ખલુ શબ્દ નિશ્ચયરૂપ છે. ) તે નિશ્ચે દિશા વિદિશામાં ભમે છે. પણ કર્મને જાણનારો ભમતો નથી આ ઉપલક્ષણ છે. પણ એમ જાણવું કે અપરિજ્ઞાત આત્મા અને અપરિજ્ઞાત ક્રિયાવાળો પણ જાણવો અને જે અપરિજ્ઞાત કર્મા છે. તે દરેક દિશા વિદિશાઓમાં પોતાના કરેલા કર્મો સાથે બીજી ગતિમાં સંચરે છે. (મૂળ સૂત્રમાં સર્વ શબ્દ એટલા માટેછે કે બધી પ્રજ્ઞાપક દિશાઓ તથા ભાવ દિશાઓનો પણ સાથે સંગ્રહ કરવો) ૮

તે આત્મા તથા કર્મને ન જાણુનારો શું ફળ પામે છે, તે બતાવે છે.

**अणे गरूवाओ जोणीओ संधेइ, विरू वरूवे फासे पडि संवे देइ ( सू० ९ )**

અનેક સંકટ વિકટ વિગેરે રૂપ યોનિયોમાં છે તે યોનીમાં ઉત્પન્ન થાય છે. યોનીનું સ્વરૂપ જેમાં ઉદારિક શરીર વર્ગણાના પુદ્ગલો સાથે જીવ પોતે જોડાય છે તે. એટલે જીવોનું ઉપત્તિસ્થાન તે યોનીયો છે.

યોનીઓનું સ્વરૂપ અનેક પ્રકારનું છે 'संवृत' એટલે ઢંકાયલી 'विवृत्त' એટલે ખુલ્લી તથા બન્ને પ્રકારની, તથા શીત, અને ઉષ્ણ એમ ભેદો છે.

અથવા ચોરાશી લાખ ભેદો છે નીચે પ્રમાણે.

**पुढवी जल जलण मारुय, एक्केक्के सत्त सत्त लक्खाओ ।**
**वण पत्तेय अणंते, दस चोद्दस जोणि लक्खाओ ॥१॥**
**विगलिंदि एसु दोदो, चउरो चउरो य णारय सुरेसुं ।**
**तिरिएसु हुंति चउरो, चोद्दस लक्खाय मणुएसु ॥२॥**

પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, એ દરેકની સાત સાત લાખ યોનિ છે. પ્રત્યેક સાધારણ વનસ્પતિકાયની ચૌદ અને દસ લાખ યોની છે. વિકલેન્દ્રિય એટલે બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય ચાર ઇન્દ્રિય, દરેકની બબ્બે લાખ છે. અને નારકીય તથા દેવલોકની ચાર ચાર લાખ છે. તિર્યંચ પંચેન્દ્રિયની પણ ચાર

લાખ અને મનુષ્યની ચૌદ લાખ છે. તથા શુભ અશુભ ભેદવડે યોનિયોનું અનેક રૂપ પણું છે. તે ગાથાઓથી બતાવે છે.

**सीयादी जोणीओ, चउरासी तीय सय सहस्साइं ।**
**असुभाओ य सुभाओ, तत्थसुभाओ इमा जाण ॥१॥**

શીતાદિ ભેદથી ચોરાશી લાખ યોનિયો છે. તેના શુભ અને અશુભ એવા બે ભેદ છે. તેમાં શુભ યોનિયો નીચે પ્રમાણે.

**असंखाउ मणुस्सा, राईसर संखमादि आऊणं ।**
**तित्थगर नामगोत्तं, सव्व सुहं होइ नायव्वं ॥ २ ॥**
**तत्थविय जाइ संपन्नतादि, सेसाउहुंति असुभाओ ।**
**देवेसु किविसादि, सेसाओ हुंतिउ सुभाओ ॥३॥**
**पंचिंदिय तिरिएसुं, हय गय रयणे हवंतिउ सुभाओ ।**
**सेसाओ असुभाओ, सुभवण्णे गिंदिया दीया ॥४॥**
**देविंद चक्कवट्टी, तणाइं मोत्तु च तित्थगर भावं ।**
**अणगार भावि ताविय, सेसाउ अणंत सोपत्ता ॥५॥**

અસંખ્ય આયુવાળા (જુગલીઆ મનુષ્યો.) અને સંખ્યાતા આયુવાળા રાજેશ્વર વિગેરે તથા તીર્થંકર નામ ગોત્રવાળા જે જીવ હોય છે. તેમને બધું શુભ હોય છે. અને તેમાં પણ જાતિ સ્મરણ જ્ઞાનવાળા વિગેરે શુભ હોય છે. અને બાકીના અશુભ જાણવા. અને દેવયોનિમાં પણ કિલ્વિષિયા શિવાય બીજી દેવયોનિઓ શુભ જાણવી. ॥૨-૩॥

પંચેન્દ્રિય તિર્યંચ યોનીયોમાં ઘોડા, હાથી, વિગેરે જે ચક્રવૃત્તિનાં રત્નો છે, તે શુભ યોનિ તથા શુભ વર્ણવાળા એકેન્દ્રિય વિગેરે શુભ હોય છે (૪) દેવેન્દ્ર તથા ચક્રવૃતિપણામાં તથા તીર્થંકર ભાવને મૂકીને તથા ભાવિત અનગારો (સાધુ) મુકીને બાકીના જીવો અનન્તવાર યોનિયોને પામ્યા.

આ અનેક રૂપવાળી યોનિયોને દિશા વિદિશામાં પર્યટન કરનારો કર્મને ન જાણનારો આત્મા પોતાની સાથે જોડે છે (યોનિમાં ભમે છે) એટલે યોની સાથે સંધિ કરે છે. કોઇ જગાએ ' સંધાવઈ ' પાઠ છે. તેનો અર્થ આ છે કે વારંવાર તે યોનિયોમાં જાય છે. અને તેના સંધાનને અનુભવે છે તે બતાવે છે. વિરૂપ એટલે બિભત્સ અમનોજ્ઞરૂપવાળા સ્પર્શો જે દુઃખ દેનારા છે તે દુખ સમુહને સ્પર્શ કરવાથી પીડાય છે. ' तात् स्पृशात् ' શબ્દથી તેનો વ્યપદેશ કર્યો છે માટે જાણવું કે દુખો ભોગવે છે. આ તો ઉપલક્ષણ માત્ર વેદના છે. કે એવા સ્પર્શોને અનુભવીને દુખ ભોગવે તેવી રીતે શરીર સંબંધી અને મન સંબંધી પણ દુખો અનુભવે છે. (નારકીની અંદર જીવોને તે સ્થાનની વેદના શરીરને પીડે છે. તેમ મનમાં વિકલ્પોનાં પણ ઘણાં દુખો છે. તે બતાવ્યાં છે.)

અહિં સ્પર્શ ગ્રહણ કરવાથી એમ સમજવું કે સ્પર્શ

જ્ઞાન બધા સંસારી જીવોને છે. તેથી સંસારમાં રહેનારા સવ જીવોનો સમુહ દુઃખ ભોગવે છે. એમ બતાવવા માટે સ્પર્શ લીધો છે. વળી અહિંઆ પણ કહેવું કે ખરાબ એવા રૂપ, રસ, ગંધ, અને શબ્દ તેને પણ અનુભવે છે. સ્પર્શોનું વિરૂપ રૂપ થવાનું કારણ પૂર્વે કરેલાં જે પાપો તે ઉદયમાં આવતાં કારણરૂપ થઈને કાર્યમાં સ્પર્શપણે અનુભવાવે છે. એમ જાણવું. વિચિત્ર કર્મના ઉદયથી કર્મનું સ્વરૂપ ન જાણનારો સંસારી સ્પર્શાદિ વિરૂપ રૂપ અનેક જુદી જુદી યોનિયોમાં વિપાકથી એટલે ફળરૂપે ભોગવે છે. કહ્યું છે કે—

तैः कर्मभिः सजीवो, विवशः संसार चक्रमुपयाति ।
द्रव्यक्षेत्राद्धा भाव भिन्न, मावर्त्तते बहुशः ॥ १ ॥
नरकेषु देवयोनिषु, तिर्यग्योनि च मनुष्ययोनिषु च ।
पर्यटतिघटियन्त्रवदात्माबिभ्रच्छरीराणि ॥ २ ॥
सततानु बद्ध मुक्तं, दुःखं नरकेषु तीव्र परिणामम् ।
तिर्यक्षु भय क्षुत्तृड्वधा, दि दुःखं सुखं चाल्पम् ॥३॥
सुख दुःखे मनुजानां, मनः शरीरा श्रये बहु विकल्पे ।
सुख मेवहि देवानां, दुःखं स्वल्पं च मनसि भवम् ॥४॥
कर्मानुभाव दुःखित, एवं मोहान्धकार गहन वति ।
अन्ध इव दुर्गमार्गे, भ्रमति हि संसार कान्तारे ॥५॥
दुःख प्रतिक्रियार्थं, सुखाभिलाषाच्च पुनरपितु जीवः ।

प्राणि वधादीन् दोषा, नधितिष्ठति मोहसंछन्नः॥६॥
बध्नाति ततो बहुविध, मन्यत्पुनरपि नवं सु बहु कर्म्म।
तेनाथपच्यते पुन, रग्ने रग्निं प्रविश्ये व ॥ ७ ॥
एवं कर्म्माणि पुनः पुनः, स बध्नंस्तथैव मुंश्चंश्च।
सुख कामो बहुदुःख, संसार मनादिकं भ्रमति ॥८॥
एवं भ्रमतः संसार सागरे, दुर्लभं मनुष्यत्वम्।
संसार महत्वा धार्मिक, त्वदुष्कर्म्म बाहुल्यैः॥ ९ ॥
आर्योदेशः कुलरूप, संपदायुश्च दीर्घमारोग्यम्।
यति संसर्गः श्रद्धा, धर्म श्रवणं च मति तैक्ष्ण्यम्॥१०॥
एतानि दुर्लभानि, प्राप्तवतोपि दृढमोहनीयस्य।
कुपथाकुलेऽर्हदुक्तोऽति दुर्लभोजगति सन्मार्गः॥११॥

તે કર્મોથી જીવ પરવશ થઈને સંસાર ચક્રને પામે છે. અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ, એ ચારેમાં ઘણીવાર બદલાય છે ॥૧॥ નરકમાં દેવયોનિ તિર્યંચ યોનિ અને મનુષ્ય યોનિમાં ઘટી યંત્રની માફક નવાં નવાં શરીર કરીને આત્મા ભમે છે ॥૨॥ હંમેશા બાંધેલાં પૂર્વે કહેલાં તીવ્ર પરિણામવાળાં નરકના દુઃખો ભોગવે છે. તથા તિર્યંચ યોનિમાં, ભય, ભૂખ, તરશ, વધ તથા માર વિગેરે ઘણાં દુઃખો અને થોડાં સુખને ભોગવે છે ॥૩॥ મનુષ્યના સુખ દુઃખમાં મન અને શરીર આશ્રયી બહુ વિકલ્પો છે. એટલે તેમાં સુખ દુઃખનો

નિશ્ચય નથી એટલે દેવોને સુખ તો છે પણ તેમને મન સંબંધી થોડું દુઃખ છે ॥૪॥ કર્મના અનુભવથી દુઃખી થયેલો આત્મા અંધની માફક મોહાન્ધકારે ગહન અને કઠણ માર્ગવાળા સંસાર રૂપ વનમાં જીવ નિશ્ચયે ભમે છે ॥૫॥ ( પણ નીકળી શકતો નથી ) દુઃખને દૂર કરવા અને સુખની ઈચ્છાથી ફરીને પણ મોહથી ઘેરાયલો જીવ પ્રાણીવધ વિગેરે દોષો ( ધર્મને નામે અધર્મ ) કરે છે ॥૬॥ તે અજ્ઞાની જીવ તેથી ઘણે પ્રકારે ઘણાં પાપ અને તેથી એકવાર અગ્નિમાંથી નીકળેલો બીજી વખત અગ્નિમાંજ પ્રવેશ કરે તેની માફક દુઃખથી બળે છે ॥૭॥ આ પ્રમાણે તે જીવકર્મોને ફરી ફરીને બાંધતો અને ભોગવીને મુક્ત થતો અનાદિ કાળથી સુખની ઈચ્છાવાળો બહુ દુઃખવાળા સંસારમાં ભમે છે ॥૮॥ એ પ્રમાણે સંસાર સાગરમાં ભમતાં ભમતાં દુર્લભ મનુષ્યપણું પામીને વિશાળ સંસારમાં વિઘ્નરૂપ અધાર્મિકત્વ દુષ્કર્મ પ્રાય હોવાથી (જીવો ધર્મ કરી શકતા નથી ॥૯॥ આર્ય દેશ, ઉત્તમકુળ, રૂપ, સંપદા આયુઃ, અને લાંબા કાળ સુધી આરોગ્યતા તથા યતિ (સાધુ) સંસર્ગ તથા તેમના વચન ઉપર શ્રદ્ધા તથા ધર્મનું સાંભળવું અને તેની બુદ્ધિમાં વિચાર કરવાની શક્તિ આવવી એ બધું દુર્લભ છે ॥૧૦॥ તે મળે તે બધું થાય છતાં પણ ચીકણા મોહનીય કર્મથી કુપથમાં પડેલા જીવોને આ જગતમાં જીનેશ્વરે કહેલો સન્માર્ગ પામવો બહુજ મુશ્કેલ છે. ॥૧૧॥ અથવા જે પુરૂષ બધી દિશા વિદિશામાં અનુસંચરે

છે. તથા અનેક રૂપવાળી યોનિયોમાં દોડે છે. અને વિરૂપ રૂપવાળા સ્પર્શોને અનુભવે છે. તે મનુષ્ય કર્મ બંધનની ક્રિયાથી અજાણ્યો હોવાથી, મન, વચન, અને કાયાવડે કર્મ કરે છે. પોતે જાણતો નથી કે મેં પૂર્વે કરેલાં છે. કરૂં છું અને જે કરીશ તે બધાં કર્મો જીવોને દુઃખ દેવા રૂપ હોવાથી તે સાવધ છે અને તે બંધનનાં હેતુ છે. અને તેથી અજ્ઞાન દશામાંજ તે જીવોને પીડા કરનારાં કૃત્યોમાં તૈયાર થાય છે અને તેનાથી આઠ પ્રકારનાં કર્મ બંધ થાય છે. અને તેના ઉદયથી અનેક રૂપવાળી યોનિમાં અનુક્રમે અવતરે છે અને વિરૂપ રૂપવાળા સ્પર્શોનો અનુભવ કરે છે. ાહ્યા જો આજ પ્રમાણે છે. તો શું કરવું તે બતાવે છે.

**तत्थ खलु भगवता परिण्णा पवेइआ (सू. १०)**

ઉપર કહેલા વ્યાપારને મેં કર્યો કરૂં છું અને કરીશ, એવી આત્માની જે પરિણુતિ છે, તે સ્વભાવપણે મન વચન અને કાયાના વ્યાપાર રૂપમાં પરિજ્ઞાન તે પરિજ્ઞા છે. અને તે પ્રકર્ષથી પ્રશસ્ત છે. એમ શ્રી મહાવીર પ્રભુએ બતાવ્યું છે. એમ સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે તે પરિજ્ઞા બે પ્રકારની છે. જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા તેમાં ભગવાન કહે છે કે સાવાદ્ય વ્યાપારથી બંધ થાય છે. એમ જાણવું તે જ્ઞપરિજ્ઞા છે અને ત્યાગવું તે ને પ્રત્યાખ્યાન પરિજ્ઞા છે. નિર્યુંકિતકાર તેજ અર્થને કહે છે.

**तत्थ अकारिं करिं स्संति, बंध चिंता कया पुणो होइ**
**सह सम्मइआ जाणइ, कोइ पुण हेतु जुत्तीए ॥६॥**

તેમાં એટલે ક્રિયાથી બંધાતા કર્મમાં શું થયું તે કહે છે. કર્યું અને કરીશ આ ભવિષ્ય અને ભૂતકાળ લેવાથી વચમાં રહેલ વર્તમાન કાળ પણ આવી જાય છે તથા કરવા સાથે કરાવવું અને કર્તાને અનુમોદવું એ દરેકના ત્રણ ત્રણ ભેદો ગણતાં નવ થયા તે આત્મ પરિણામ ઘણે યોગ ( વ્યાપાર રૂપે લીધેલા જાણવા તેમાં આ આત્મ. પરિણામ રૂપ ક્રિયા વિશેષવડે બંધની ચિંતા કરી છે એટલે બંધનું ઉપાદાન લીધું છે. કારણ જે જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે ' યોગ નિમિત્તે કર્મ બંધાય છે' અને આ કોઈક પુરૂષ જાણે છે જે ને સન્મતિ અથવા સ્વમતિ આત્માની સાથે છે. તે અવધિ મનઃ પર્યાય કેવળ જ્ઞાન તથા જાતિ સ્મરણ રૂપ જ્ઞાન છે તેના વડે જાણે છે, અને કોઈતો પક્ષ ધર્મ, અન્વયવ્યતિરેક લક્ષણ વાળી હેતુની યુકિત વડે જાણે છે. હવે અજ્ઞાની જીવ શા માટે આવા કડવા વિપાકવાળા કર્મના આશ્રવ રૂપ હેતુભૂત ક્રિયા વિશેષમાં પ્રવર્ત્તે છે? આ શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપે છે.

**इमस्स चेव जीवियस्स परिवंदण माणण पूयणाए**
**जाईं मरण मोयणाए दुक्ख पडिघाय हेउं (सू०११)**

તેમાં જેનાવડે જીવે છે તે જીવિત એનાથી આયુઃકર્મ વડે પ્રાણનું ધારણ કરવું છે. અને તે દરેક પ્રાણીને જાણીતું છે. તેથી પ્રત્યક્ષ આસન્ન વાચી 'इदम्' શબ્દવડે પ્રયોગ કર્યો છે (ગુજરાતીમાં આ જીવિત માટે વપરાય છે) ચકાર હવે પછી કહેવાની જાતિ વિગેરેનો સામટો અર્થ બતાવે છે. એવકાર નિશ્ચય વાચક છે. તેનાવડે જાણવું કે આજીવિત તદ્દન સાર વિનાનું (નકામું) જ છે તથા વીજળીના જેવું ચંચળ છે. જેમાં બહુ વિઘ્ન છે, તે જીવિતના લાંબા સુખને માટે ક્રિયાઓમાં પ્રવર્તે છે. તે આ પ્રમાણે.

હું રોગ વિના જીવીશ, સુખથી ભોગો ભોગવીશ. વળી વ્યાધિ દૂર કરવા માટે સ્નેહપાન (મદિરા વિગેરે પીવું) તથા લાવકપિશિત (તિતરનું માંસ) ભક્ષણ વિગેરે ક્રિયામાં વર્તે છે. તથા અલ્પ સુખને માટે અભિમાન ગ્રહવડે આકુળ ચિત્તવાળો થઇ ઘણા આરંભ પરિગ્રહવડે બહુ અશુભ કર્મો ઉપાર્જન કરે છે. કહ્યું છે કે—

**क्षेवासमी प्रवर योषिद पाय शुद्धा,**
**शय्यासनं करिवरस्तुरगो रथो वा।**
**काले भिषग्प्रियमिताशनपानमात्रा,**
**राज्ञः पराक्रममिव सर्व मवेहि शेषम् ॥१॥**

સુંદર બે પ્રકારનાં વસ્ત્રો, યુવાન સ્ત્રી, સુખ ઉપજાવે એવી સુંદર શય્યા, આસન, હાથી, ઘોડા, રથવાળા રાજાને

પણ કાળ આવી પહોંચે છે. તે વખતે વૈદ્યે કહેલા નિયમથી બાંધી આપેલા ખાનપાન શિવાય બીજું બધું પારકા જેવુંજ થઈ જાય છે એમ સમજો. ॥ ૧ ॥

पुष्ट्यर्थमन्नमहि यत्प्रणिधि प्रयोगैः
संत्रासदोषकलुषो नृपतिस्तु भुङ्क्ते
यन्निर्भयः प्रशमसौख्यरतिश्च भैक्षम्
तत्स्वादुतां भृशमुपैति न पार्थिवान्नम् ॥ २ ॥

નોકર ચાકર દ્વારાના ત્રાસથી પીડાયલો રાજા પોતાની પુષ્ટિને માટે જે અન્ન ખાય છે. પણ ભય વિનાનો અને શાંતીના સુખમાં પ્રીતીવાળો સાધુ ભિક્ષામાં જે આનંદ માને છે તેવો આનંદ અને સ્વાદ રાજાનું અન્ન આપતું નથી. ॥૨॥

भृत्येषु मन्त्रिषु सुतेषु मनोरमेषु
कान्तासु वा मधु मदाङ्कुरिते क्षणासु
विश्रम्भ मेतिन कदा चिदपि क्षितीशः
सर्वाभिशङ्कितमतेः कतरत्तु सौख्यम् ॥ ३ ॥

નોકરોમાં, પ્રધાનોમાં, બધી રીતે સુન્દર એવા પુત્રોમાં, અને સુંદર નયનવાળી પોતાની સ્રીયોમાં પણ રાજા કોઈ દિવસ વિશ્વાસ રાખી શકતો નથી. તો બધી જગે પર શંકા વાળાને તો સુખ કયાંથીજ હોય ! ૩.

તેથી આ પ્રમાણે ન જાણતો એવો તરૂણ કોમળ ખાખરાના પુલની માફક ચંચળ જીવિતમાં આનંદ માનનાર

અને જીવોને હણવા વિગેરે કૃત્યોમાં આનંદ માનવાથી તેમાં પ્રવર્તે છે. અને તે બધું જીવિતના, પરિવંદન, માન, પૂજનને માટે કરે છે. ( અહિં પરિવંદનનો અર્થ સંસ્તવ અને પ્રશંસા છે. ) એટલે પ્રશંસા માટે પાપ કરે છે. જેમકે હું મોર વિગેરેના માંસ ભક્ષણથી, બળવાન, તેજથી દેદીપ્યમાન્ દેવકુમાર જેવો લોકોમાં પ્રશંસા પાત્ર થઇશ, તથા માનન, (ઉભા થવું, આસન આપવું, હાથ જોડી પગે લાગવું) વિગેરેમાં યોગ્ય થઇશ એવી ઇચ્છાથી તેને માટે ચેષ્ટા કરીને કર્મ એકઠાં કરે છે. તથા પૂજન એટલે દ્રવિણ, (ધન), વસ્ત્ર, અન્ન, પાન, સત્કાર, પ્રણામ તથા સેવા વિગેરે રૂપવાળી છે તે અથવા તેને માટે ક્રિયાઓમાં કર્માશ્રવોવડે આત્માને દોરવે છે. તેજ પ્રમાણે વીર ભોગ્યા વસુંધરા માનીને લડાઇઓ કરે છે, અને દંડના ભયથી પ્રજા ડરે એમ ધારી દંડે છે. જેવી રીતે પ્રશંસા માન અને પૂજાના ભુખ્યા રાજાઓ અધર્મ કરે છે. તે પ્રમાણે બીજા જીવોને આશ્રયી પણ જાણી લેવું (પરોપકાર માટે તન મન તથા ધન આપતાં જો કે યત્કિંચિત્ ક્રિયાઓ લાગે છે, અને તેનાથી પ્રશંસા વિગેરે પણ થાય છે. તેનો નિષેધ આ જગોએ નથી. પરંતુ જેઓ ખાસ રાજા અથવા મોટા અમલદારો કે આગેવાનો ખોટી મોટાઇ લેવા અલ્પ જીંદગીને માટે દુષ્ટ કૃત્યો કરી પ્રજાને પીડે છે, તેમને નિષેધ કર્યો છે.) અહિઆં વંદન વિગેરેના દ્વંદ્વ સમાસ

કરીને તાદર્થ્યમાં ચોથી વિભક્તિ છે, એટલે જીવિતના પરિ-વંદન, માન, પૂજનને માટે કર્મ આશ્રવમાં અજ્ઞાન સંસારી જીવો પ્રવર્ત્તે છે. આ સમુદાય અર્થ છે. ફક્ત પરિવંદન વિગેરે માટેજ કર્મ બાંધે છે. એમ નહિં પણ બીજા માટે પણ બાંધે છે તે બતાવે છે. જન્મ, મરણ, અને મુકાવું એટલે જાતિ, મરણ, તથા મોચન સમાહાર દ્વંદ્વ કરીને તાદર્થ્યે ચતુર્થી વાપરી એટલે પ્રાણીઓ જન્મ, મરણ, અને મોક્ષને માટે તેવી ક્રિયામાં પ્રવર્તમાન બની કર્મોને ગ્રહણ કરે છે. તેમાં જન્મ માટે ક્રૌંચઅરિ (કાર્તિકેય) નું વંદન આદિ ક્રિયા કરે છે. તથા જે જે ઉત્તમ વસ્તુઓ અહિં બ્રાહ્મણ વિગેરેને આપે છે તે તે બીજા જન્મમાં ભોગવશે એ પ્રમાણે મનુએ પણ કહેલ છે.

**वारि दस्तृप्तिमाप्नोति, सुखमक्षय्यमन्नदः**
**तिलप्रदः प्रजामिष्टा-मायुष्क मभयप्रदः ॥**

પાણી આપનારો તૃપ્તિ પામે છે. અન્ન આપનારો અક્ષય સુખ ભોગવે છે. તલ દેનારો ઇચ્છિત પ્રજાને પામે છે. અને અભયદાન દેનારો દીર્ઘાયુષી થાય છે. ॥ ૧૧ ॥ અહિં એકજ સુભાષિત છે. અભય પ્રદાન તે તુષ (ભાત-નાં છોડાં ફુસકી) માં કણિકા કણકીની માફક છે. એ પ્રમાણે કુમાર્ગ ઉપદેશથી હિંસાદિમાં પ્રવર્તિ જીવો ક્રિયા કરે છે તથા મરણને માટે પિંડદાન વિગેરેની ક્રિયામાં પ્રવર્તે છે.

અથવા મારો સંબંધી એણે માર્યો છે. એમ ધારી તેનુ વેર વાળવા માટે તેના વધ બંધમાં પ્રવર્તે છે. તથા પોતાના મરણની નિવૃત્તિ માટે દુર્ગા વિગેરે દેવીએ માગેલો બકરા વિગેરેનો ભોગ આપે છે. અથવા **યશો ધર્મની** માફક આટાનો કુકડો બનાવીને ધરે છે. તથા મોક્ષને માટે જેનું ચિત્ત અજ્ઞાનથી ઘેરાયલું છે, એવા મનુષ્યો પંચાગ્નિતપ વિગેરે જે પ્રાણીઓને દુઃખ દેનારાં અનુષ્ઠાન છે, તેમાં પ્રવર્તમાન થઈને કર્મ ગ્રહણ કરે છે. અથવા જાતિ મરણ બન્નેથી મુકાવા માટે હિંસાદિ ક્રિયા કરે છે. આ શિવાય '**जाइ मरण मोयणाए** ' त्ति, બીજો પાઠ છે. તેનો અર્થ એ છે કે ભોજનને માટે કૃષી ( ખેતી ) વિગેરેમાં પ્રવર્તેલા પૃથિવી, પાણી, પવન, અગ્નિ, વનસ્પતિ, તથા બે, ત્રણ, ચાર, પાંચ ઈન્દ્રિયવાળા જે જીવો છે, તેમને મારવા માટે ઉધમવાન થાય છે. ( આમાંના મનુષ્યના શાન્તિમય જીવન માટે ગ્રહસ્થોને જે ખાસ જરૂરનાં કૃત્યો છે, તે છોડીને આરંભ પરિગ્રહ વિશેષ પણે ન કરવા તથા સાધુઓનો માટે સર્વથા શાન્તિમય જીવન ગુજારવા આરંભ પરિગ્રહનો નિષેધ છે.) તથા દુઃખના પ્રતિઘાત (દૂર કરવા) માટે ધ્યાન રાખી પોતાના રક્ષણ માટે આરંભો કરે છે. જેમકે વ્યાધિના પીડાયલા તેતરનું માંસ તથા મદિરા વિગેરેનું પાન કરે છે. તથા વનસ્પતિના મૂળ. છાલ, પાંદડાં, રસ વિગેરેથી સિદ્ધ થયેલો શત પાક વિગેરેને માટે અગ્નિ

વિગેરેનો સમારંભ વડે પાપ પોતે કરે છે. બીજાથી કરાવે છે. અને અન્ય કરનારને અનુમોદે છે આ પ્રમાણે અતીત અનાગત કાળનું પણ મન વચન કાયાના યોગવડે કર્મનું ગ્રહણકરે છે, તેવું સમજવું. તથા દુઃખ નાશ કરવા માટે તથા સુખને મેળવવા માટે સંસાર સંબંધી સ્ત્રી પુત્ર ઘરનું રાચ રચીલું વિગેરે ગ્રહણ કરે છે. તથા તેને મેળવવા તથા રક્ષણ કરવા તે ક્રિયાઓ કરવામાં પ્રવર્તેલા રહી પાપ કર્મને સેવે છે. કહ્યું છે કે.

**आदौ प्रतिष्ठाधिगमे प्रयासो,**
**दारेषु पश्चादूगृहिणः सुतेषु।**
**कर्तुं पुनस्तेषु गुणप्रकर्ष,**
**चेष्टातदुच्चैः पद लङ्घनाय॥**

સંસારી જીવ પહેલાં પ્રતિષ્ઠા મેળવવામાં પ્રયાસ કરે છે. ત્યાર પછી પરણવામાં, પછી પુત્ર મેળવવામાં અને પછી તેને ગુણવાન કરવામાં અને તેથી પણ વધારે સારો થાય તેમ કરવામાં પ્રયાસ કર્યા કરે છે.

આ પ્રમાણે ક્રિયાવિશેષથી કર્મોપાર્જન કરીને જુદી જુદી દિશાઓમાં સંચરે છે. અને અનેક રૂપવાળી યોનિયોમાં જન્મે છે. અને વિરૂપ રૂપવાળા સ્પર્શોને વેદે છે. આવું સમજીને ક્રિયા વિશેષની નિવૃત્તિ કરવી.

॥ ૧૧ ॥ હવે ક્રિયા વિશેષ આટલીજ છે તે બતાવે છે.

**एयावंति सव्वावंति लोगंसिकम्म समारंभा परिजाणि य व्वा भवंति ( सू० १२ )**

માગધી દેશી ભાષાની પ્રસિદ્ધિવડે મૂળ સૂત્રમાં ' એયાવંતિ સવ્વાવંતિ ' શબ્દ છે. તેનો પર્યાય એટલીજ બધી ક્રિયાઓ બધા લોકને વિષે એટલે ધર્મ અધર્મ અસ્તિકાય થી અવચ્છિન્ન ( વિંટાયલા ) આકાશ ખંડમાં ક્રિયા વિશેષ છે. પણ એનાથી અધિક નથી એમ જાણવું. પૂર્વે સર્વેનું ગ્રહણ કરેલ છે, એવું તાત્પર્ય છે. એટલે પોતાના આત્મા માટે બીજા માટે તથા તે બન્ને માટે આ લોક અને પરલોકના અતીત, અનાગત અને વર્તમાન કાળમાં કર્યું કરાવ્યું અને અનુમોદવાવડે આરંભો થાય છે. તે બધાને પૂર્વે ગ્રહણ કરેલા છે. તે જ્યાં લાગુ પડે ત્યાં યોજવા ॥ ૧૨ ॥ આ પ્રમાણે સામાન્યપણે જીવ, અસ્તિત્વ સાધીને તેને દુઃખ દેનારી વિશિષ્ઠ ક્રિયાઓનું બંધ હેતુપણું બતાવી, તેનો ઉપસંહાર દ્વારવડે વિરતિ બતાવે છે.

**जस्सेते लोगंसि कम्म समारंभा परिण्णाया भवंति से हु मुणि परिण्णाय कम्मे (सू० १३) त्तिबेमि ॥ प्रथमोद्देशकः ॥ १ ॥**

ભગવાન સર્વ વસ્તુના જાણનારા કેવળ જ્ઞાન વડે સાક્ષાત્ જાણીને આ પ્રમાણે કહે છે. જે મુમુક્ષુ છે; તેને પૂર્વ કહેલા સમારંભ ક્રિયા વિશેષ છે. અથવા જ્ઞાનાવરણી આદિ આઠ

કર્મના ઉપાદાનના હેતુ છે. તે ક્રિયા વિશેષજ છે. તે સારી રીતે કર્મ બંધન હેતુ પણે જાણેલા છે. મૂળમાં હુ શબ્દ અવધારણ અર્થમાં છે. અને જગત્‌ના ત્રણે કાળની અવસ્થા માને તે મુનિ. તેજ મુનિ જ્ઞપરિજ્ઞા વડે કર્મને જાણનારો અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે કર્મ બંધના હેતુઓ જે સમસ્ત વચન કાળના વેપાર છે, તેને ત્યાગે. આ સંસારી વેપાર ત્યાગેલો મુનિ મોક્ષના અંગભૂત જ્ઞાન અને નિર્વદ્ય ક્રિયા જે છે, તેને ગ્રહણ કરે, કારણ કે જ્ઞાન ક્રિયા વિના મોક્ષ નથી. તેથી કહ્યું છે કે. **ज्ञान क्रियाभ्यां मोक्षइति,** ઇતિ શબ્દથી આટલો આ આત્મ પદાર્થનો વિચાર છે અને કર્મ બંધ હેતુનો વિચાર છે તે સંપૂર્ણ પણે ઉદ્દેશા વડે સમાપ્ત કર્યો તે બતાવનાર છે. અથવા ઈતિ શબ્દથી આજે હું કહું છું. પૂર્વે કહેલું અને હવે કહીશ તે બધું ભગવાન પાસે સાક્ષાત્ સાંભળીને કહું. છું આ પ્રમાણે શસ્ત્ર પરિજ્ઞાનમાં પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.

**।। ઉદ્દેશો પહેલો સમાપ્ત ।।**

હવે બીજો ઉદ્દેશો કહે છે. પહેલા અને બીજા સાથે આ સંબંધ છે. પહેલામાં સામાન્યપણે જીવ અસ્તિત્વ સાધ્યું અને હવે તે જીવને ઇન્દ્રિયાદિ પૃથિવી વિગેરેનું અસ્તિત્વ બતાવવાની ઇચ્છાથી કહે છે. અથવા પૂર્વે પરિજ્ઞાત કર્મપણું તે મુનિપણાનું કારણ બતાવ્યું. પણ જે

અપરિજ્ઞાત કર્મપણાથી મુનિ ન બને, અને વિરતિ (ચારિત્ર) ન લે, તે પૃથિવી વિગેરે જીવ યોનિમાં ભ્રમણ કરે છે. હવે પૃથિવી વિગેરે શું છે? ક્યાં છે? તે બતાવવા અને તેનું વિશેષ અસ્તિત્વ જણાવવા આ બીજો ઉદ્દેશો કહે છે તેથી આ બીજા આવેલા ઉદ્દેશાના ચાર અનુયોગદ્વારોમાં કહેલા નામ નિષ્પન્ન નિક્ષેપામાં, પૃથિવી એ ઉદ્દેશો છે. તથા ઉદ્દેશાના નિક્ષેપા વિગેરે બીજી જગોએ બતાવેલા હોવાથી અહિઆં નહિ બતાવીએ અને પૃથિવીના જે નિક્ષેપા વિગેરે સંભવે તે નિર્યુક્તિકાર બતાવે છે.

**पुढवीयेनिक्खेवो, परूवणालक्खणं परीमाणं।**
**उव भोगोसत्थं वेयणा य वहणा निवित्तीय ॥६८॥**

પૂર્વે જીવના ઉદ્દેશામાં જીવની પ્રરૂપણા કેમ ન કરી? એવી શંકા ન કરવી કારણ કે જીવાત્મા સામાન્ય છે. તેનો વિશેષ આધારપણે પૃથ્વ્યાદિરૂપપણે હોવાથી સામાન્ય જીવનું–ઉપભોગ વિગેરેનું થવું અસંભવ છે. (જીવ જે ખાય છે. અથવા જે જે જીવનો વિનાશ કરે છે. તે જીવનો નહિં પણ જીવ સંબંધી કાયનો છે.) માટે જીવને બદલે પૃથિવી વિગેરેની ચર્ચાથી જીવની ચિંતવના કરી છે તેમાં પૃથિવીનો નામાદિ નિક્ષેપો કહેવો અને પ્રરૂપણામાં તેના સુક્ષ્મ, બાદર વિગેરે ભેદો કહેવા, અને લક્ષણ તે સાકાર અને અનાકાર ઉપયોગ (સામાન્ય દેખવું તે અનાકાર અને વિશેષ દેખવું

તે સાકાર, તથા કાય યોગ વિગેરે છે. પરિમાણ એટલે સંવર્તિત લોકના પ્રતરના અસંખ્યેય ભાગ માત્ર છે. અને ઉપભોગ તે શયન, આસન અને ચંક્રમણ ચાલવું વિગેરે છે. શસ્ત્ર તે સ્નેહ, અમ્લ, (ખાટો) રસ તથા ખાર વિગેરે છે. વેદના તે પોતાના શરીરમાં અવ્યકત ચેતનારૂપ, તે સુખ દુઃખનો સ્વભાવ છે એમ જાણવું. વધ, તે કર્યું, કરાવ્યું, અને અનુમોદ્યું, એ વિગેરેથી જીવના ઉપમર્દન રૂપ છે. નિવૃત્તિ એટલે અપ્રમત્તપણે સાધુના મન, વચન, કાય ગુપ્તિવડે જીવોને દુઃખ ન દેવું તે. આ બધા ગાથામાં આવેલા શબ્દોનો ટુંકામાં અર્થ છે. પણ વિશેષ તો નિર્યુક્તિકાર અનુક્રમે કહે છે.

**नामं ठवणा पुढवी, दव्व पुढवीय भाव पुढवीय ।**
**एसो खलु पुढवीए, निक्खेवो चउव्विहो होइ ॥६९॥**

નામ સ્થાપના પૃથિવી, તથા દ્રવ્ય અને ભાવ પૃથિવી, એમ ચાર પ્રકારે પૃથિવીનો નિક્ષેપો થાય છે. તેવો અર્થ ગાથામાં છે. હવે નામ સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને દ્રવ્ય પૃથિવીનો નિક્ષેપો કહે છે.

**दव्वं शरीर भविओ, भावेणय होइ पुढविजीवोउ ।**
**जो पुढवि नाम गोयं, कम्मं वेएइ सो जीवो ॥७०॥**

દ્રવ્ય પૃથિવી આગમથી અને નોઆગમથી એમ બે પ્રકારે છે. આગમથી જાણનારો પણ, તેનો તેમાં ઉપયોગ

નથી, અને નોઆગમથી પૃથિવી પદાર્થને જાણનારો જીવ, શરીર મૂકી ગયેલો તે. જ્ઞ શરીર અને ભવિષ્યમાં જાણશે તે બાળક વિગેરે ભવ્ય શરીર, આ બે શિવાય દ્રવ્ય પૃથિવી જીવ, એક ભવિક, બધ્ધ આયુષ્ક, તથા અભિમુખ નામગોત્ર છે. એ ત્રણ ભેદો .છે. ( આનું વર્ણન દશ વૈકાલિકમાં, વૃક્ષના નિક્ષેપામાં છપાયલું છે. પાને ૫૧ મે જોવું. )

ભાવ પૃથિવી જીવ, જે પૃથિવી નામાદિકર્મ ઉદયમાં આવ્યું હોય તેને વેદે છે. નિક્ષેપદ્વાર પૂરૂં થયું. હવે પ્રરૂપણાદ્વાર કહે છે.

**दुविहाय पुढवि जीवो, सुहुमातह बायराय लोगंमि।**
**सुहुमाय सव्वलोए, दोचेवय बायर विहाणा ॥७१॥**

પૃથિવી કાયના બે ભેદ છે. સૂક્ષ્મ અને બાદર. તે આ પ્રમાણે, સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી સૂક્ષ્મ, અને બાદર નામકર્મના ઉદયથી બાદર, કર્મોના ઉદયથી તેમનું સૂક્ષ્મ બાદરપણું છે. ( ઇન્દ્રિયોથી ન દેખાય તે સૂક્ષ્મ, અને ઇન્દ્રિયોથી દેખાય તે બાદર, ) વ્યવહારમાં બોર અને આમળું એક બીજાની અપેક્ષાએ નાનાં મોટાં ગણાય પણ તે અહિં ન લેવું. દાબડામાં ઠાંસી ઠાંસીને ભરેલા ગંધના અવયવોને છુટા ફેંકયા હોય અને તેમાંથી સુગંધી ઉડે અને દાબડો ખાલી થઇ જાય પણ દેખાય નહિ. તેની માફક સર્વ લોક વ્યાપી ઠાંસી ઠાંસીને ભરેલા સૂક્ષ્મ પૃથિવી

કાય છે. અને બાદર, તે મૂળ ભેદથી બે પ્રકારે છે. તે બતાવે છે.

**दुविहा बायर पुढवी, समासओ सण्ह पुढवि खर पुढवी**
**सण्हाय पंचवण्णा, अवरा छत्तीस इविहाणा ॥७२॥**

સંક્ષેપથી બાદર પૃથિવી બે પ્રકારની છે. સુંવાળી બાદર પૃથિવી, અને ખડબચડી બાદર પૃથિવી, તેમાં સુંવાળી બાદર પૃથિવી લીલી, કાળી, લાલ, પીળી અને ધોળી, એમ પાંચ પ્રકારની છે. અહિંઆ ગુણના ભેદથી ગુણીનો ભેદ જાણવો. હવે ખડબચડી પૃથિવી ૩૬ પ્રકારની છે તે બતાવે છે.

**पुढवीय सक्करा वालुगा, य उवले सिलाय लोणुसे ।**
**अय तंब तउअसीसग, रुप्प सुवण्णे य वइरे य ॥७३॥**
**हरियाले हिंगुलए, मणोसिला सासगंजण पवाले ।**
**अब्भ पडलब्भ वालुअ, बायर काये मणि विहाणा ७४**
**गोमेज्जयेय रुयगे, अंको फलिहे य लोहि यक्खे य ।**
**मरगय मसार गल्ले भुय मोयग इंद निलेय ॥ ७५ ॥**
**चन्दप्पहं वेरुलिए, जल कंते चेव सूरकंते य ।**
**ए ए खर पुढवीए, नामं छत्ती सयं होइ ॥ ७६ ॥**

પહેલી ગાથામાં પૃથિવીના ચૌદ ભેદ છે. બીજીમાં હરિતાલ વિગેરે આઠ અને ત્રીજીમાં ગોમેદક વિગેરે દશ અને ચોથીમાં ચંદ્રકાન્ત વિગેરે ચાર ભેદ છે. અહિં પહેલી બે

ગાથાવડે સામાન્ય પૃથિવીના ભેદ કહ્યા એ ઉત્તરની બે ગાથાઓવડે મણિના ભેદ બતાવ્યા. આ ગાથાઓ સ્પષ્ટ હોવાથી ટીકાકારે વધારે ખુલાસો કર્યો નથી. પણ સામાન્ય બુદ્ધિવાળા માટે બધા ભેદો લખીએ છીએ (૧) પૃથિવી (૨) શર્કરા (૩) વાલુકા (૪) ઉપલ (૫) શીલા (૬) લુણ (૭) ઉસ (૮) લોઢું (૯) તાંબુ (૧૦) તરવું (૧૧)સીસું (૧૨) રૂપું (૧૩) સોનું (૧૪) વજ્ર (૧૫) હરતાલ (૧૬) હિંગલોક (૧૭) મણશીલ (૧૮) સાસક (૧૯) સુરમો (૨૦) પરવાળું (૨૧) અભ્રકના પતરાં (૨૨) અભ્રકની રેતી એ બાદરકાયના ભેદ છે. અને મણિના ભેદો છે તે હવે કહેશે. (૨૩) ગોમેદ (૨૪) રૂચક (૨૫) અંક (૨૬) સ્ફટીક (૨૭) લોહિતાક્ષ (૨૮) મરકત ( પાનું ) (૨૯) મસાર્ગલ (૩૦) ભુજમોચક (૩૧) ઇન્દ્રનીલ નીચેની ટિપ્પણી ઉપરથી જણાય છે કે ચંદન ગેરૂં હંસગ, આ વિગરે રત્નનાજ ભેદો છે, તે બત્રીસમું જાણવું (૩૩) ચંદ્રપ્રભ (૩૪) વૈડૂર્ય (૩૫) જલકાંત (૩૬) સુર્યકાંત સૂક્ષ્મ બાદર ભેદોને એ પ્રમાણે બતાવીને હવે વર્ણ વિગેરેના ભેદવડે પૃથિવીના ભેદો બતાવે છે.

**वण्ण रस गंध फासे, जोणिप्पमुहा भवंति संखेज्जा ।**
**णेगाइ सहस्साइं, हुंति विहाणं मि इक्कि ॥ ७७ ॥**

વર્ણ તે ધોળા વિગેરે પાંચ, અને રસ તે તીખા વિગેરે પાંચ, અને ગંધ તે સુગંધી તથા દુર્ગંધી એવા બે તથા

મૃદુ કર્કશ વિગેરે આઠ સ્પર્શ તેમાં એકેક વર્ણાદિકમાં પણ યોનિ વિગેરે ઘણાજ ભેદ થાય છે, સંખ્યેયનુ અનેકરૂપ પણ હોવાથી, વિશિષ્ટ સંખ્યાના અર્થને કહે છે. અનેક હજાર એક એક વર્ણાદિકના ભેદો થાય છે. કારણ કે ભેદો યોનિથી, અને જુદા જુદા ગુણોથી થાય છે. અને તે બધા મળી સાત લાખ યોનિ પ્રમાણ છે. પૃથિવીકાયનું સ્વરૂપ પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે—

**"तत्थणं जेते पज्जत्तगा एएसिं णं वण्णा देसेणं गंधा देसेणं रसा देसेणं फासा देसेणं सहस्सग्गसो विहाणाइं संखेज्जाइं जोणि पमुह सय सहस्साइं पज्जत्तयणिस्साए अपज्जत्तया वक्कमंति, तं जत्थेगो तत्थ नियमा असंखेज्जा, सेत्तं खर बायर पुढवी काइया।"**

તેમાં જે પર્યાપ્તા છે, તે પોતાના વર્ણ આદેશથી, ગંધ, રસ, અને સ્પર્શ આદેશથી, હજારો પ્રકારના ભેદો છે. યોનિ વિગેરે લાખો ગણત્રીએ છે. અને પર્યાપ્તાની નિશ્રાએ, અપર્યાપ્તા વ્યુતક્રમે છે. એટલે જ્યાં એક પર્યાપ્ત હોય ત્યાં અસંખ્યાત અપર્યાપ્ત હોય છે. આ પ્રમાણે ખર બાદર પૃથિવીકાય જીવ જાણવા. અહિંઆ સંવૃત્ત યોનિવાળા પૃથિવીકાયિક કહ્યા, અને તે સચિત્ત, અચિત્ત, અને મિશ્ર, તથા શીત

ઉષ્ણ અને તે બેઉ એમ ભેદો જાણવા, આ યોનિના ભેદ છે. તેજ ફરીથી નિર્યુક્તિકાર ખુલાસાવાર કહે છે.

**वण्णंमि य इक्किक्के, गंधंमि रसम्मि तह य फासम्मि ।**
**नाणत्ति कायव्वा, विहाणए होइ इक्किक्कं ॥ ७८ ॥**

વર્ણાદિક એકેક ભેદમાં હજારો પ્રકારે જુદા જુદાપણું જાણવું. જેમકે કાળો રંગ એ સામાન્ય છે, પણ તેમાં ભમરો, કોયલો, કોયલ, ( ગવલ ) અને કાજળ કોઇમાં વધારે અને કોઇ ઓછી કાળાશ છે. તે ભેદ છે. તેથી કોઈ કાળું અને કોઇ તેથી કાળું કોઇ વધારે કાળું એ પ્રમાણે લીલા વિગેરે બધા રંગોમાં જાણવું. તે પ્રમાણે રસ, ગંધ, અને સ્પર્શમાં પણ જાણવું તથા રંગોમાં પણ પરસ્પર મેળવવાથી ધૂસર, કેશરી, કર્બુર, ( કાબરચિત્રું ) વિગેરે બીજા રંગની પણ ઉત્પત્તિ થાય છે એમ વિચારીને કહેવું. એ પ્રમાણે વર્ણાદિકના પ્રત્યેકમાં પ્રકર્ષ અને અપ્રકર્ષપણે પરસ્પર અનુવેધ ( સરખામણી ) વડે ઘણા ભેદો થાય છે એમ જાણવું. હવે ફરીથી પર્યાપ્ત વિગેરેના ભેદો જણાવે છે.

**जे बायरे विहाणा, पज्जत्ता तत्तिआ अपज्जत्ता ।**
**सुहुमावि हुंति दुविहा, पज्जत्ता चेव अपज्जत्ता ॥७९॥**

જે બાદર પૃથિવીકાયના ભેદો બતાવ્યા તે જેટલા પર્યાપ્તાના છે તેટલાજ અપર્યાપ્તાનાં છે. આ સરખાપણું ભેદને આશ્રયીને માનવું જીવોનું સરખાપણું ન માનવું. કારણ કે

એક પર્યાપ્તાને આશ્રયી અસંખ્યાત અપર્યાપ્તા હોય છે. સૂક્ષ્મ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદે જાણવા, પણ અપર્યાપ્તાની નિશ્રાયે પર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જેમાં એક અપર્યાપ્તો ત્યાં તેને આશ્રયી અસંખ્યાત પર્યાપ્તા નિશ્ચે હોય છે. હવે પર્યાપ્તિઓ બતાવે છે.

**आहार सरीरिंदिय, ऊसास वओ मणोऽहि निव्वत्ती**
**होंति जतो दलियाओ, करणं पइसाउ पज्जत्ती ॥१॥**

આહાર, શરીર, ઇન્દ્રિયો, શ્વાસોશ્વાસ, વચન, મન, એઓની અભિનિર્વૃત્તિ (સંપૂર્ણ રીતે પ્રાપ્તિ) થાય છે. જે સમૂહથી કરવું તેની તે પર્યાપ્તિ કહેવાય, એટલે એક ગતિમાંથી જનારો બીજી ગતિમાં ઉત્પન્ન થાય ત્યાં પ્રથમ પુદ્ગલને ગ્રહણ કરીને નિર્વાહ કરે છે. તે કરણ વિશેષ વડે એટલે આહારને લીધે જુદું ખલ રસ વિગેરે ભાવ વડે પરિણામ પમાડે, તેવું કરણ વિશેષ એટલે આહાર તેને પર્યાપ્તિ કહે છે. એ પ્રમાણે બીજી પર્યાપ્તિઓ પણ જાણવી. (આત્મા કર્મને આશ્રયી નવી ગતિમાં ઉત્પન્ન થતાં જે શક્તિ વડે આહારનાં પુદ્ગલો લઇ શકે તે શક્તિ તે આહાર પર્યાપ્તિ જાણવી. તેજ પ્રમાણે આહાર લીધાથી શરીરરૂપે બનાવે તે શક્તિને શરીર પર્યાપ્તિ જાણવી તેજ પ્રમાણે બધી પર્યાપ્તિઓ જાણવી.) તેમાં એકેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઇન્દ્રિય, અને ઉચ્છ્વાસ નામની ચાર પર્યાપ્તિઓ

છે. આ ચાર પર્યાપ્તિઓને અંત મુંહૂર્તમાં ( અડતાળીશ મિનીટની અંદર ) જીવ ગ્રહણ કરે છે. અનાપ્ત પર્યાપ્તિ એટલે પર્યાપ્તિ પૂરી કર્યા વિનાનો જે જીવ હોય તે અપર્યાપ્ત કહેવાય, અને જે પર્યાપ્તિ પૂરી કરે તે પર્યાપ્ત કહેવાય. પૃથિવી કાયનો વિગ્રહ આ પ્રમાણે કરવો. પૃથિવી તેજ કાય જેની છે તે પૃથિવી કાય જાણવા, જેમ સૂક્ષ્મ બાદર ભેદો સિદ્ધ થાય છે તેમાંના પ્રસિધ્ધ ભેદો ઉદાહરણથી બતાવે છે.

**रुक्खाणं गुच्छाणं, गुम्माण लयाण वल्लिवलयाणं ।**
**जहदीसइ नाणत्तं, पुढवी काये तहा जाण ॥ ८० ॥**

જેમ વનસ્પતિને ઝાડ વિગેરેના ભેદવડે જુદા જુદા પણું જાણીએ તેમ પૃથિવીકાયમાં પણ જાણો. જેમકે વૃક્ષ એ આંબા વિગેરે, ગુચ્છા તે વેગણ, શલ્લકી અને કપાસ વિગેરે છે. ગુલ્મ છે તે નવ મલ્લિકા કોરંટક વિગેરે, લતામાં પુન્નાગ અશોક લતા વિગેરે અને વલ્લીમાં તુરીઉં વાલોળ અને કોશાતકી વિગેરે છે. વલયમાં કેતકી અને કેળ વિગેરે છે. વળી ફરીથી વનસ્પતિ ભેદના દૃષ્ટાંતવડે પૃથિવીના ભેદો બતાવે છે.

**ओसहि तण सेवाले, पणग विहाणे य कंदमूलेय ।**
**जह दीसइ नाणत्तं, पुढवी काये तहा जाण ॥८१॥**

જેમ વનસ્પતિકાયના ઔષધિ વિગેરે ભેદ છે તેમ પૃથિવી કાયના પણ જાણવા, ઔષધિમાં શાલી (કમોદ) વિગરે

તૃણમાં દર્ભ વિગેરે શેવાળ તે પાણીના ઉપર મેલ બાજે છે તે, પનકતે લાકડા વિગેરે ઉપર ઉલ ( લીલણ ફુલણ ) વિગેરે પાંચ વર્ણની હોય છે. કંદ તે સુરણ વિગેરે મૂળ તે ઉશીરાદિ ( સુગંધી વાળો ) વિગેરે, આ સૂક્ષ્મ હોવાથી એક, બે, વિગરે ભેદ થતા નથી. હવે જેની સંખ્યા થઇ શકે તે બતાવે છે.

**इक्कस्स दुण्ह तिण्हव, संखिज्जाणवन पासिउं सक्का ।**
**दीसंति सरीराइं, पुढवि जियाणं असंखाणं ॥८२॥**

ગાથા સ્પષ્ટ છે તેનો અર્થ આ છે કે, એક, બે, ત્રણ, અને સંખ્યાતા જીવો એક એક શરીરમાં રહેનારા દેખાતા નથી. પણ અસંખ્યાતા જીવોના અસંખ્યાતા શરીર સાથે મળે ત્યારે તેનો સમૂહ આપણી નજરે આવે, એવાં તેમના ઝીણાં શરીર છે. આ કેવી રીતે માનવામાં આવે કે પૃથિવકાયમાં પણ જીવ છે? ઉત્તર-તેમાં રહેલા શરીરની ઉપલબ્ધીથી શરીરમાં રહેનાર આત્માની પ્રતીતિ છે જેમ ગાય, ઘોડા, વિગેરેની પ્રતીતિ થાય છે તેમ આંહું પણ જાણવી તે બતાવે છે.

**ए एहिं सरीरे हिं पच्चक्खंते परू वियाहुंति ।**
**सेसा आणागिज्झा, चक्खु फासं नजं इंति ॥ ८३ ॥**

અસંખ્યાતપણે મેળવાતા પૃથિવી શર્કરા વિગેરે જુદા ભેદવાળા શરીરોવડે તે શરીરવાળા શરીરવડે સાક્ષાત્ કહેવાય

છે. બાકીના સૂક્ષ્મ જીવો આપણી બુદ્ધિની બહાર હોવાથી તે જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે માનવા જોઇએ કારણ કે તે ચક્ષુએ દેખાતા નથી. અહિં 'સ્પર્શ' એ શબ્દ મૂળમાં છે. તેનો અર્થ ચક્ષુનો વિષય એમ કરવો. પ્રરૂપણા દ્વાર પુરૂં થયું. હવે લક્ષણદ્વાર કહે છે.

**उव ओग जोग अज्झव, साणे मइसुय अचक्खु दंसेय।**
**अट्ठ विहोदय लेसा, सन्नुस्सासे कसायाय॥ ८४॥**

તેમાં પૃથિવીકાય વિગેરે સ્ત્યાનર્ધિ (એક જાતની ઉંઘ) ના ઉદયથી જે ઉપયોગ શક્તિ અવ્યક્ત છે તે જ્ઞાન દર્શન રૂપવાળી છે. એજ રૂપે ઉપયોગ લક્ષણ છે. તથા યોગ તે કાયાનો એકલોજ છે. અને ઐાદારિક તથા ઐાદારિક મિશ્ર તથા કાર્મણરૂપ વૃદ્ધ માણસની લાકડી સમાન કર્મ ધારી જીવોને આલંબન માટે વપરાય છે. તથા અધ્યવસાય તે આત્માના સૂક્ષ્મ પરિણામ વિશેષ છે. અને તે લક્ષણ છે. અવ્યક્ત ચૈતન્ય પુરૂષના મનમાં ઉત્પન્ન થયેલી ચિંતા વિશેષની માફક તે લક્ષમાં ન આવે તેવા જાણવા તથા સાકાર ઉપયોગમાં સમાવેશ થાય તેવા મતિ, શ્રુત અજ્ઞાનયુક્ત પૃથિવીકાયિક જીવ જાણવા તથા સ્પર્શન ઇન્દ્રિય વડે અચક્ષુ દર્શન પામેલા જાણવા તથા જ્ઞાન આવરણીયાદિ આઠ પ્રકારના કર્મના ઉદયને ભજનારા તથા બાંધનારા જાણવા. તથા લેશ્યા તે અધ્યવસાય વિશેષરૂપ છે. તેમાં કૃષ્ણ, નીલ, કાપોત, અને તૈજસ. એ

ચાર લેશ્યાને તેઓ મેળવે છે. તથા દશવિધ સંજ્ઞા પામેલા છે. તે પૂર્વે આહાર વિગેરે કહિ ગયા છીએ. તથા સૂક્ષ્મ ઉચ્છ્વાસ નિશ્વાસ સહિત છે, કહ્યું છે કે—

**पुढवि काइयाणं भंते ! जीवा आणवन्ति वा पाणवंतिवा ऊससन्ति वा नीससन्ति वा ? गोयमा ! अविरहियं सतयं चेव आणवन्ति वा पाणवन्ति वा ऊससन्ति वा नीससन्ति वा ।**

ગૌતમ ઇન્દ્રભૂતિ મહારાજ પૂછે છે. હે ભગવન્ ! પૃથિવી કાયિક જીવો શ્વાસ વિગેરે લે છે ? ત્યારે જિનેશ્વર ભગવાન કહે છે. હે ગૌતમ ! જરા પણ વિસામો લીધા વિના પૃથિવી કાય ઉસાસો નિસાસો લીધા કરે છે. તથા કષાયો (ક્રોધાદિ) પણ સૂક્ષ્મ હોય છે. એ પ્રમાણે જીવ લક્ષણ તે ઉપયોગ વિગેરેથી લઇને કષાય સુધીના પ્રથિવી કાયના જીવોમાં હોય છે. અને તે જીવ લક્ષણ સમૂહવાળી હોવાથી મનુષ્યની માફક પૃથિવી પણ સચિત્ત જાણવી. શંકા—આપનું કહેવું તે અસિદ્ધવડે અસિદ્ધજ સાધવા જેવું છે. કેમકે ઉપયોગ વિગેરે લક્ષણો પૃથિવી કાયમાં પ્રગટ દેખાતાં નથી ! ઉત્તર—તમારૂં કહેવું સત્ય છે કે ઉપયોગ વિગેરે લક્ષણો પૃથિવી કાયમાં પ્રગટ દેખાતાં નથી. કારણ કે તે લક્ષણો તેમાં અપ્રગટપણે છે. જેમ કોઇ માણસ ઘણાજ પ્રમાણમાં નસો ચડે તેવું મદિરા પાન કરે અને તેનું ચિત્ત વ્યાકુળ થઇ

જાય તેથી તેને પ્રગટ ભાન હોતું નથી પણ સૂક્ષ્મ હોય છે. તેટલા માટે કંઇ તેને અચિત્ત ન ગણી શકાય તેજ પ્રમાણે બીજી જગોએ પણ અપ્રગટ ચેતનાનો સંભવ જાણવો.

શંકા—અહિં પીધેલા વિગેરેમાં શ્વાસોશ્વાસ વિગેરે અવ્યક્ત ચેતનાનું ચિન્હ છે. પણ પૃથિવીકાયમાં તેવું જરા પણ ચિન્હ દેખાતું નથી.

સમાધાન—તેમ નથી, પૃથિવીકાયમાં પણ માંસના અંકુર (મસા)ની માફક સમાન જાતિવાળા લતાના ઉદ્ભેદાદિ ચેતનાનું ચિન્હ છે. કારણ કે અવ્યક્ત ચેતનાવાળામાં પણ જેમાં એક પણ ચેતનાનો દાખલો (ચિન્હ) મળી આવે છે એવી વનસ્પતિની માફક ચેતના માની લેવી. અને વનસ્પતિમાં જીવ (ચૈતન્ય) છે. એમ ચોખ્ખું જણાય છે. કારણ કે તેઓ રૂતુ, રૂતુમાં રૂતુને લાયક ફુલ ફળો આપે છે. (ચૈતન્ય વિનાની સુકી વનસ્પતિ ફળ આપી શકતી નથી) તેથી વનસ્પતિમાં ચૈતન્ય છે એમ અવ્યક્ત અને ઉપયોગ વિગેરે લક્ષણ તેમાં હોવાથી સિદ્ધ થયું. કે પૃથિવી સચિત્ત છે શંકા પત્થરની પાટ વિગેરે કઠણ પુદ્ગલવાળાને ચેતના ક્યાંથી હોય? તેનું સમાધાન કરવા નિચેની ગાથા કહે છે.

**अट्ठी जहासरीरंमि, अणुगयं चेयणं खरं दिट्ठं**
**एवं जीवाणु गयं, पुढविसरीरं खरं होइ ॥ ८९ ॥**

જેમ શરીરમાં રહેલું હાડકું કઠણ છે પણ ચેતન છે.

( કારણ કે હમેશાં વધતું દેખાય છે ) તેવીજ રીતે જીવ-વાળું પૃથિવી શરીર કઠણ છે. હવે લક્ષણદ્વાર કહીને તુરતજ પરિમાણદ્વાર નિર્યુક્તિકાર કહે છે.

**जेबायर पज्जत्ता, पयरस्स असंख भाग मित्ताते ।**
**सेसा तिन्निविरासी, वीसुं लोया असंखिज्जा ॥८६॥**

પૃથિવીકાય ચાર પ્રકારે છે તે આ પ્રમાણે છે.

(૧) બાદર પર્યાપ્તા (૨) બાદર અપર્યાપ્તા, (૩) સુક્ષ્મઅ-પર્યાપ્તા (૪) સુક્ષ્મ પર્યાપ્તા, તેમાં જે બાદર પર્યાપ્તા છે તે સંવર્તિત લોકમાં જે પ્રતર છે તેના અસંખ્યેય ભાગ માત્રમાં રહેનારા પ્રદેશનો જે સમૂહ તેની બરોબર જાણવા. બાકીની ત્રણ રાશીઓ પ્રત્યેક છે. તે અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશ પ્રદેશ તેની રાશી પ્રમાણે જાણવા. આ ચારે ભેદે અનુક્રમે એક એકથી ઘણાજ જાણવા. કહ્યું છે કે,

**सव्वत्थोवा बादर, पुढवि काइया पज्जत्ता, बादर पुढवि काइया अपज्जत्ता, असंखेज्जगुणा, सुहुम पुढवि काइया, अपज्जत्ता, असंखेज्जगुणा सुहुम पुढवि काइया पज्जत्ता असंखेज्जगुणा ।**

બાદર પર્યાપ્તા સૌથી થોડા છે. તેના કરતાં બાદર અપ-ર્યાપ્તા અસંખ્યાત ગુણા છે. તેનાથી સૂ૦ અપર્યાપ્તા અસં-ખ્યાત ગુણા અને તેનાથી સૂ૦ પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે. હવે બીજી રીતે ત્રણ રાશીનું પરિમાણ બતાવે છે.

**पत्थेणव कुडवेणव, जहकोइ मिणिज्ज सव्व धन्नाइं ।**
**एवं मविज्जमाणा, हवंति लोया असंखिज्जा ॥ ૮૭ ॥**

જેમ કોઈ માણસ પોતાના બધા અનાજને પ્રસ્થ અથવા કુડવ (એક જાતના માપ)થી માપે છે તેવીજ રીતે જો કેઇપણ માણસ અસદ્ભાવ પ્રજ્ઞાપનાને અંગીકાર કરીને આ જગતનેજ કુડવ રૂપ બનાવીને મધ્યમ અવગાહનાવાળા પૃથિવીકાયના જીવોને જો માપવા માંડે તો અસંખ્યાત લોકોને પૃથિવીકાયના જીવો પૂરી નાખે, હવે બીજી રીતે પરિમાણુ બતાવે છે.

**लोगा गासपएसे, इक्किक्कं निक्खिवे पुढवि जीवं ।**
**एवं मविज्जमाणा, हवंति लोया असंखिज्जा ॥ ૮૮ ॥**

લોકાકાશના પ્રદેશમાં એક એક પૃથિવીકાયનો જીવ મુકીએ અને તેવી રીતે જો માપ કરીએ તો અસંખ્યાત લોક ભરાય. હવે કાળથી પરિમાણુ બતાવવાની ઇચ્છાવાળા નિર્યુકિતકાર ક્ષેત્ર અને કાળનું સુક્ષ્મ બાદરપણાને કહે છે,

**निउणोउ होइ कालो, तत्तो नियुणयरयं हवइ खित्तं ।**
**अंगुलसेढीमित्ते, ओसप्पिणीओ असंखिज्जा ॥૮૯॥**

સમય રૂપકાળ અત્યંત નિપુણ અર્થાત્ સુક્ષ્મ છે. તેનાથી પણ ક્ષેત્ર ઘણુંજ સૂક્ષ્મ છે. કારણ કે એક આંગળ શ્રેણીમાત્ર પણ ક્ષેત્રના પ્રદેશોને એક એક સમયે ખસેડવા માંડીએ તો અસંખ્યાત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ

ચાલી જાય તેટલાજ માટે કાળથી પણ ક્ષેત્ર ઘણુંજ સૂક્ષ્મ છે. હવે ચાલતું પરિમાણ પહેલા કાળથી બતાવે છે.

**अणु समयं च पवेसो, निक्खमणं चेव पुढविजीवाणं। काये कायट्ठिइया, चउरो लोया असंखिज्जा ॥२०॥**

પૃથિવી જીવોનો પૃથિવીકાયમાં દરેક સમયે પ્રવેશ અને બહાર આવવું થયાં કરે છે. તે એકજ સમયમાં કેટલાનો પ્રવેશ થાય છે, ૧. અને કેટલાનું બહાર નિકળવું થાય છે. ૨. તથા કહેવાતા એક સમયમાં કેટલા પૃથિવી-કાયના જીવો પરિણામ પામ્યા સંભવે છે. ૩. તથા પૃથિવી કાયની સ્થિતિ કેટલી છે. ૪. એ પ્રમાણે ચાર વિકલ્પો કાળથી કહેવાય છે. તેમાં ઘણાજ ( અસંખ્યાત ) લોકાકાશ પ્રદેશના પરિમાણવાળા જીવો એક સમયઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પ્રમાણો પૃથિવીપણે પરિ-ણામ પામેલા છે અને શરીરની સ્થિતિ પણ છે. મરી મરીને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પરિમાણ કાળ ત્યાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ક્ષેત્ર અને કાળથી પરિમાણ પ્રતિપાદન કરીને હવે તે સર્વ પરસ્પર મળીને ( સેળભેળ થઈને ) રહેલાં છે તે બતાવે છે.

**बायर पुढविक्काइय पज्जत्तो अन्नमन्न मोगाढो। सेसा ओगाहंते सुहुमा पुण सव्व लोगंम्मि ॥९१॥**

બાદર પૃથિવીકાય પર્યાપ્તો જે આકાશ ખંડમાં જીવ રહ્યો છે તે આકાશ ખંડમાં બીજા પૃથિવીકાય જીવનું શરીર અવગાઢેલું છે. અને બાકીના અપર્યાપ્તક જીવો પર્યાપ્તાને આશ્રયીને અંતરા રહિતની પ્રક્રિયાવડે ઉત્પન્ન થાય છે. તે પર્યાપ્તા પૃથિવીકાયના અવગાઢ આકાશ પ્રદેશમાં અવગાઢેલા (સમાઈને રહેલા) છે. અને જે સૂક્ષ્મો છે તે બધા લોકમાં અવગાઢેલા છે. હવે ઉપભોગદ્વાર કહે છે.

**चंकमणे यट्ठाणे, निसीयण तुट्टयणेय कयकरणे ।**
**उच्चारे पासवणे, उवगरणाणं च निक्खिवणे ॥९२॥**
**आलेवण पहरण भूसणेय कय विक्कए किसीएय ।**
**भंडाणं पि य करणे, उव भोग विही मणुस्साणं ॥९३॥**

ચાલવું, ઉભા થવું, નિચે બેસવું, સુવું કૃતક પુત્રકરણ (માટીનાં પૂતળાં બનાવવાં) ઉચ્ચાર, પેશાબ, તથા ઉપકરણ મૂકવું; ॥ ૯૨ ॥ તથા લીપવું, ઓજાર દાગીના બનાવવાં વિગેરે લેવા વેચવા, ખેતી કરવી, વાસણ બનાવવાં વિગેરેમાં માણસોને પૃથિવીકાય ઉપભોગ (વપરાશ) માં આવે છે. જો એમ છે તો શું કરવું તે કહે છે.

**ए एहिं कारणे हिं, हिंसंति पुढविकाइए जीवे ।**
**सायं गवेसमाणा, परस्सदुक्खं उदीरंति ॥ ९४ ॥**

ઉપર કહેલા ચાલવા વિગેરે કારણોમાં પૃથિવીના જીવોને હણે છે. શા માટે? તે બતાવે છે. જે જીવો પોતાના

સુખને વાંછે છે અને પરનું દુઃખ ભૂલે છે અને કેટલાક દિવસ રમણીય ભોગની આશાથી જેમની ઇન્દ્રિયો ખેંચાયલી છે તેઓ વિમૂઢ ચિત્તવાળા બનેલા છે. અને તેથી તેઓ પૃથિવીકાયમાં રહેલા જીવોને દુઃખ ઉત્પન્ન કરે છે. એનાવડે પૃથિવીકાયના દાનથી ઉદય થયેલ શુભ ફળનો ઉદય પ્રતિયુક્ત છે. ( આ ટીકાકારનું વચન લોકમાં જે ભૂદાનથી શુભ ફળનો ઉદય મનાય છે તેથી ઉલટું છે. એટલે મોક્ષ વાંછ કે પૃથિવીકાય જીવોને દુઃખ ન થાય માટે તે દાન દેવાની અભિલાષા ન કરવી પણ ગ્રહસ્થે પોતાના સંસારિક કામમાં તે વાપરતો હોય અને તેમાંથી પરોપકારાર્થે થોડી પૃથિવીનું દાન આપે તો તેનો નિષેધ નથી ) હવે શસ્ત્રદ્વાર કહે છે. જેનાવડે ક્રિયા થાય તે શસ્ત્રન્તે બે પ્રકારનું છે. દ્રવ્ય શસ્ત્ર અને ભાવશસ્ત્ર. હવે દ્રવ્ય શસ્ત્ર પણ સમાસ અને વિભાગવડે બે પ્રકારનું છે. તેમાં પહેલું સમાસ દ્રવ્ય શસ્ત્ર કહે છે.

**हल कुलिअ विस कुद्दाला, लित्तय मिग सिंग कट्ठ मग्गि य।**
**उच्चारे पासवणे, एयंतु समासओ सत्थं ॥ ९५ ॥**

હળ, કોષ, ઝેર, કોદાળો, લિત્રક (            ), મૃગનું શીંગ, લાકડું, અગ્નિ, ઝાડો, પેશાબ આ સંક્ષેપથી દ્રવ્ય શસ્ત્ર છે. હવે વિભાગ દ્રવ્ય શસ્ત્ર કહે છે.

**किंची सकाय सत्थं, किंची परकाय तदुभयं किंची।**
**एयंतु दव्वसत्थं, भावेय असं जमो सत्थं ॥ ९६ ॥**

કાંઈ અંશે પૃથિવીનું શસ્ત્ર પૃથિવી બને તો તે સ્વકાય શસ્ત્ર છે. ( એટલે જુદા જુદા રંગની માટી વિગેરે એકઠી થાય તો પરસ્પર પીડાકારક છે. ) તથા પરકાય શસ્ત્ર તે પાણી વિગેરે પૃથિવીને અચેત બનાવે છે. અને બન્ને સાથે તે પાણીથી ભીંજાએલી પૃથિવી તે બીજી પૃથિવીનું શસ્ત્ર છે. આ બધાં દ્રવ્ય શસ્ત્ર છે. પણ અસંયમ એટલે મન, વચન, કાયાને ખરાબ રીતે ઉપયોગમાં લેવાં તે ભાવ શસ્ત્ર છે. હવે વેદના દ્વાર કહે છે.

**पायच्छेयण भेयण, जंघोरु तहेव अंग वंगेसु।**
**जहहुंति नरादुहिया, पुढवि काये तहा जाण ॥९७॥**

જેમ પગ વિગેરે અંગ ઉપાંગમાં છેદન ભેદન કરવાથી માણસોને દુઃખ થાય છે. તેજ પ્રમાણે પૃથિવીકાયમાં પણ તે જીવોને વેદના જાણો જો કે પૃથિવીકાયને પગ, માથું, ગરદન વિગેરે અંગો નથી તો પણ શરીરના છેદનથી વેદના અવશ્ય છે. એ બતાવે છે.

**नत्थियसिं अंगुवंगा, तयाणु रूवाय वेयणा तेसिं।**
**केसिंचि उदीरंति, केसिंचडाति वायए पाणे ॥ ९८ ॥**

અડધી ગાથાનો અર્થ ઉપર કહ્યો છે. પાછલીનો કહે છે. કેટલાક પૃથિવીકાયના જીવોનો આરંભ કરનારા તે

જીવોને વેદના ઉદીરે છે. અને કેટલાકના તો તેથી પ્રાણ પણ જાય છે. તેવોજ દૃષ્ટાંત ભગવતી સૂત્રમાં આપેલો છે. જેમકે ચાર દિશામાં ચક્રથી આણ ફેરવનાર ચક્રવર્તીની, સુગંધ પીસનારી યૌવન મદમાતી બળવાન દાસી કાચા આમળા જેટલા પ્રમાણવાળા સચિત્ત પૃથિવીની ગોળીને એકવીશ વાર ગન્ધ-પટ્ટમાં કઠણ શિલા પુત્રક (પીસવાનો પત્થર) વડે પીસે છે. તો પણ કેટલાક પૃથિવીકાયના જીવોને ફક્ત તેનો સંઘટ્ટ થાય છે. કેટલાકને પરિતાપ અને કેટલાક મરે પણ છે. અને કેટલાક જીવોને શિલાપુત્રકનો સ્પર્શ પણ થતો નથી. હવે વધદ્વાર કહે છે.

**पवयंतिय अणगारा, णय तेहि गुणेहि जेहिं अणगारा।**
**पुढविं विहिंसमाणा, नहुते वायाहि अणगारा ॥९९॥**

અહિં કેટલાક જિનેતર સાધુ વેશને લઇને કહે છે કે અમે અનગાર છીએ, પ્રવ્રજિત છીએ પણ તેઓ નિર્વંદ્ય અનુષ્ઠાનરૂપ જે કૃત્યો અનગાર કરે છે, તે તેઓ કરતા નથી. હવે તે અનગાર ગુણમાં કેમ નથી વર્તતા, તે બતાવે છે. તેઓ હંમેશાં મળદ્વાર તથા હાથ પગ સાફ કરવામાં પૃથિવી જીવોને વિપત્તિ કરનારા દેખાય છે. તથા બીજી રીતે પણ મળ દ્વારને નિર્લેપ કરવાને તથા દુર્ગંધ રહિત કર-વાને શક્ય છે. તેથી યતિ ગુણ કલાપથી શૂન્ય એવા અન-ગારોને બોલવા માત્રથી જ યુક્તિ વિના અનગારપણું મળતું

નથી. ( આથી એમ સમજાવ્યું કે યતિઓએ પૃથિવીકાયને પીડા ન થાય માટે હાથ ધોવા વિગેરેમાં માટીનો ઉપયોગ ન કરવો. ) અહિંઆ પહેલી ગાથાના પહેલા અર્ધ ભાગવડે પ્રતિજ્ઞા છે. પાછલી અડધી ગાથીથી હેતુ છે તથા ઉત્તર ગાથાના અર્ધ વડે સાધર્મ્ય દૃષ્ટાંત છે. કે જૈનેતર યતિ પણાનુ અભિમાન કરવા છતાં યતિગુણમાં પ્રવર્તતા નથી, કારણકે તેઓ પૃથિવીની હિંસામાં પ્રવર્તે છે. અને જે જે પૃથિવીની હિંસામાં પ્રવર્તે છે, તે યતિગુણોમાં પ્રવર્તતા નથી. જેમકે ગૃહસ્થીઓ હવે દૃષ્ટાંતવાળું નિગમ ન કહે છે.

**अणगार वाइणो पुढवि हिंसगा निग्गुणा अगारि समा**
**निद्दोसत्तिय मइला, विरइ दुगंछाइ मइलतरा ॥१००॥**

અમે યતિ છીએ એમ બોલીને પૃથિવીકાયની હિંસા કરનારા યતિઓ ગ્રહસ્થાશ્રમી જેવાજ છે. સામટો અર્થ કહે છે. સચેતના પૃથિવી છે. એ જ્ઞાનના અભાવમાં તેના સમારંભવડે દોષવાળા છતાં અમે નિર્દોષ છીએ એમ માનનારા પોતાના દોષ જોવામાં વિમુખ હોવાથી તેઓ મલીન હૃદયવાળા છે. છતાં ધાષ્ટર્યપણાથી સાધુજન આશ્રિત નિર્વદ્ય અનુષ્ઠાનવાળી વિરતિની નિંદા કરે છે. અને વધારે મલીન બને છે. આ સાધુ નિંદાથી અનંત સંસારીપણું બતાવ્યું જાણવું આ બે ગાથા સૂત્રમાં કહેલા અર્થને અનુસરનારી છતાં વધદ્વારના અવસરમાં નિર્યુક્તિકારે કહી છે. તેનું

વ્યાખ્યાન પોતેજ કરવું તે ન્યાયયુકત છે કારણ કે ગાથા પોતેજ કહેલી છે. તે સૂત્ર નીચે બતાવે છે.

**लज्ज माणा पुढो पास अणगारा मोत्ति एगे पवयमाणेत्यादि ।**

આ વધ કરવો, કરાવવો, અને અનુમોદવો એમ ત્રણ પ્રકારે થાય છે, તે બતાવે છે.

**केई सयं वहंती, केई अन्नेहिंउ वहाविंति ।**
**केई अणु मन्नंती, पुढविकायं वहेमाणा ॥ १०१ ॥**

ગાથાનો અર્થ સ્પષ્ટ છે તોપણ કહીએ છીએ. કેટલાક લોકો જીવને સ્વયં મારે છે. કેટલાક બીજા પાસે વધ કરાવે છે અને કેટલાક વધ કરતાને અનુમોદે છે. હવે તેને આશ્રિત બીજાઓનો પણ વધ થાય છે એમ બતાવે છે.

**जो पुढवि समारंभइ, अन्नेविय सो समारभइ काए ।**
**अ नियाए अनियाए, दिस्सेय तहा अदिस्सेय ॥ १०२ ॥**

જે પૃથિવીકાયને હણે છે તે તેને આશ્રય કરીને રહેલા પાણી તથા બે ઇન્દ્રિય વિગેરે ઘણા દૃશ્ય તથા અદૃશ્ય જીવોને હણે છે. જેમ કે ઉદુંબર ( . ) તથા વડનું ફળ વિગેરે જે ખાય તે ફળમાં રહેલા બીજા જીવોને પણ ખાય છે તેમ સમજવું કારણને લીધે અથવા અકારણ, મનથી ધારીને અથવા અણજાણે પૃથિવી જીવોને હણે છે. અને તેને હણતાં દેખાતા જીવો દેડકા વિગેરે, તથા ન દેખાતા

એવા પાંચે વર્ણના પનક વિગેરે જીવોને હણે છે. હવે તે વધારે સ્પષ્ટ કરે છે.

**पुढविं समारंभंता, हणंति तन्निसिए य बहु जीवे ।**
**सुहुमे य बायरे य, पज्जत्ते या अपज्जत्ते ॥ १०३ ॥**

પૃથિવીકાયનો સમારંભ કરતાં તેને આશ્રયીને રહેલા સૂક્ષ્મ અને બાદર પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા અનેક જીવોને તે હણે છે. અહિં સૂક્ષ્મોનો વધ ખરી રીતે થતો નથી. પણ પરિણામની અશુદ્ધિથી તેની નિવૃત્તિનું પચ્ચખાણ ન કર્યું હોય ત્યાં સુધી તેના વધનો દોષ લાગે છે. હવે વિરતિદ્વાર કહે છે.

**एवं वि याणि ऊणं, पुढवीए निक्खिवंति जे दंडं ।**
**तिविहेण सव्व कालं, मणेण वायाए काएणं ॥१०४॥**

ઉપર કહેલા વચનને અનુસારે પૃથિવીના જીવોને જાણીને તથા તેનો વધ તથા બંધ જાણીને પૃથિવીકાયના જીવોને હણવાની વૃત્તિથી દૂર થાય છે તે હવે પછીની ગાથામાં કહેવાતા અણગાર થાય છે. તેઓ મન, વચન, કાયા, વડે પૃથિવીના જીવોને કોઈ દિવસ હણે નહિ. હણાવે નહિં અને અનુમોદના પણ ન કરે, આવું વ્રત જે આખી જીંદગી પાળે તે અણગાર છે. બાકી રહેલા અણગારના લક્ષણો હવે કહે છે.

**गुत्ता गुत्तीहिं सव्वाहिं, समिया समिईहिं संजया ।**
**जयमाणगा सुविहिया, एरिसया हुंति अणगारा ।१०५**

મન, વચન, કાયા, એ ત્રણેને કબજામાં રાખવાથી ગુપ્તા તથા પાંચ સમિતિ તે ઈર્યા ભાષા, એષણા, વિગેરેથી યુક્ત એટલે સમ્યક્ રીતે ઉભા થવું સુવું, ચાલવું વિગેરે ક્રિયામાં ઉદ્યમ કરનાર, તે સંયત સર્વ પ્રકારે નિર્દોષ યત્ન કરનારા તથા સમ્યક્દર્શન વિગેરે અનુષ્ઠાન જેઓનું સારૂં છે તે ગુણોવાળા જૈન અણગાર હોય છે. પણ પૂર્વે બતાવેલા માત્ર નામથીજ અણગાર પૃથિવીકાયના જીવોને હણનારા શાકય મત વિગેરેના સાધુઓ ન લેવા. નામ નિષ્પન્ન નિક્ષેપો સમાપ્ત થયો. હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણ યુકત સૂત્ર ઉચ્ચારવાનું છે. તે આ છે.

**अट्टे लोए परिजुण्णे दुस्संबोहे अविजाणए अस्सिं लोए पव्वहिए तत्थ तत्थं पुढो पास आतुरा-परितावेंति ( सू० १४ )**

પૂર્વનો સંબંધ બતાવે છે. તેરમા સૂત્રમાં પરિજ્ઞાતકર્મા મુનિ હોય છે. પણ જે કર્મના ભેદને જાણતો નથી તે અપરિજ્ઞાત કર્મા પોતે ભાવ આર્ત્ત હોય છે. તે બતાવે છે. વળી પહેલા સૂત્ર સાથે આ સંબંધ છે. સુધર્મ સ્વામી કહે છે કે હે જંબૂ ! મેં સાંભળ્યું, શું સાંભળ્યું ! તે કહે છે. પૂર્વ ઉદ્દેશામાં કહેલું તે અને આ પણ સાંભળ્યું છેકે 'અટ્ટે' વિગેરે તથા પરંપર સંબંધ આ પ્રમાણે છે. '**के इह एगेसिं णो सम्मा भवंति इति उक्तम्**' તે કેવી રીતે તે જીવોને સંજ્ઞાન

હોય તે બતાવે છે. તે જીવો પીડાયલા છે. તેથી બતાવે છે. ‘ अट्ट ’ આર્તના નિક્ષેપા ચાર પ્રકારે છે. નામ સ્થાપના સુગમ છે. જ્ઞશરીર, ભવ્યશરીર અને તે બેથી વ્યતિરિકતનો આગમથી દ્રવ્યાર્ત ગાડા વિગેરેના ચક્રોમાં ઉદ્ધીમૂળ ( ) માં જે લોહાનો પાટો (ઓળી) ચડાવે છે તે દ્રવ્યાર્ત છે. ભાવાર્ત્ત પણ બે પ્રકારે છે. આગમથી નોઆગમથી તેમાં આગમથી જ્ઞાતા તે આર્ત પદાર્થને જાણનારો અને ઉપયોગમાં રાખ-નારો અને નો આગમથી ઔદયિક ભાવમાં વર્તનારો તે રાગ દ્વેષરૂપ ગ્રહવડે ઘેરાયલા અંતરાત્માવાળો પ્રિયના વિયોગ વિગેરે દુઃખ સંકટમાં નિમગ્ન ભાવાર્ત તરીકે ગણાય છે. અથવા શબ્દાદિ વિષયો જે વિષના વિપાક જેવા છે, તેમાં તેની આકાંક્ષા હોવાથી હિત અહિતના વિચારમાં શૂન્ય મન-વાળો હોવાથી ભાવાર્ત્ત છે. તે કર્મને એકઠાં કરે છે. જેથી કહ્યું છે કે—

**सोइंदिय वसट्टेण भंते । जीवे किं बंधइ किं चिणाइ किं उव चिणाइ गोयमा ! अट्ठ कम्म पग-डीओ, सिढिलबंधण बद्धाओ धणिय बंधण बद्धाओ पकरेइ जाव अणादिअं चणं अणवदग्गं दीहमद्धं चाउरंत संसार कन्तार मणु परि यट्टइ ।**

શ્રીવીરને પ્રશ્ન–હે ભગવાન ! કાનથી સાંભળવાનો રસી-ઓ બની પીડાતો જીવ શું બાંધે છે. શું એકઠું કરે છે.

શું ઉપચય કરે છે ? ઉત્તર–હે ગૌતમ, આઠ કર્મની પ્રકૃતિઓ જે શિથિલ બંધવાળી હોય તેને ગાઢ બંધનવાળી કરે છે. તે ક્યાં સુધી કે જેમ અનાદિ કાળથી રખડતો આવેલો તેમ અનંત કાળના લાંબા પંથના ચાર ગતિવાળા સંસાર કાંતારમાં ભ્રમણ કરશે; એ પ્રમાણે બીજી ચાર ઇન્દ્રિયોના વિષયમાં તે સ્પર્શ ઇન્દ્રિય સુધી સમજવું. એજ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય, વિગેરેથી ભાવ આર્ત્ત સંસારી જીવો પણ ચાર ગતિમાં ભ્રમણ કરનારા જાણવા. કહ્યું છે કે—

**रागदोष कसाए हिं, इंदिए हिय पञ्च हिं ।**
**दुहा वामोह णिज्जंण, अट्टा संसारिणो जिया ॥१॥**

રાગ દ્વેષ અને કષાયો વડે પાંચ ઇન્દ્રિયો તથા બે પ્રકારના મોહનીય કર્મથી સંસારી જીવો પીડાયલા છે. અથવા જ્ઞાન આવરણીય વિગેરે શુભઅશુભ જે આઠ પ્રકારનાં કર્મ છે તેનાથી પીડાયલો તે કોણ છે ? તેનો ઉત્તર કહે છે. અવલોકે તે લોક. એક, બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળો જીવ સમૂહ તે અહિં લોક જાણવો- લોક શબ્દના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, અને પર્યાય એ આઠ પ્રકારે નિક્ષેપા બતાવી તેમાં અપ્રશસ્ત ભાવ ઉદય વાળા લોકવડે અહિં અધિકાર કહેવો, કારણ કે જેટલો જન સમૂહ આર્ત છે તે સર્વ પરિદ્યુન નામ પરિપેલત્ર નિઃસાર

છે. ઔપશમિક વિગેરે પ્રશસ્ત ભાવ રહિત અથવા અવ્યભિચારી મોક્ષ સાધન વિનાનો છે.

( સમ્યકદર્શન જ્ઞાન ચારિત્ર તે મોક્ષનો ઉપાય તેના વિના સંસારી જીવ માત્ર દુષ્ટ ભાવોમાં રહી પોતે પીડાય છે. અને બીજાને પીડી નવાં ચીકણાં કર્મ બાંધી ચારે ગતિમાં અનંત કાળ ભમે છે. ) પરિધુન શબ્દ બે પ્રકારે છે. દ્રવ્યથી અને ભાવથી તેમાં ભાવથી સચિત્ત પરિધુન તે જીર્ણ શરીરવાળો બુઢો અથવા જીર્ણ ( જુનું ) ઝાડ અને અચિત્ત દ્રવ્ય પરિધુન તે જીર્ણ વસ્ત્ર વિગેરે અને ભાવ પરિધુન તે ઔદયિક ભાવનાના ઉદયથી પ્રશસ્ત જ્ઞાન વિગેરેથી રહિત કેમ વિકલ? અનંત ગુણોની પરિહાણીથી કહે છે. પાંચ, ચાર, ત્રણ, બે એક ઇંદ્રિયવાળા જીવો ક્રમથી જ્ઞાને વિકલ ( ઓછાં જ્ઞાનવાળા ) છે. તેમાં સૌથી ઓછા જ્ઞાનવાળા સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્ત જીવો જે પ્રથમ સમયે ઉત્પન્ન થયેલા હોય તે જાણવા. કહ્યું છે કેઃ—

सर्व निकृष्टो जीवस्य, दृष्ट उपयोग एष वीरेण ।
सूक्ष्म निगोदा पर्याप्त, कानां सच भवति विज्ञेयः॥१॥

સૌથી ઓછા જ્ઞાનવાળા જીવનો ઉપયોગ મહાવીર પ્રભુએ નિગોદના અપર્યાપ્તા જીવોનો દેખ્યો છે. એ જાણવું.

तस्मात्प्रभृति ज्ञान विवृद्धि, र्दृष्टा जिनेन जीवानाम् ।
लब्धि निमित्तैः करणैः कायेन्द्रिय वाङ्मनोदृगभिः॥२

ત્યાર પછી જીવોની લબ્ધિના નિમિત્ત કારણ તથા કાયેન્દ્રિય, મન, વચન, વડે જ્ઞાનની વૃદ્ધિ થાય છે, એમ જીનેશ્વરે દેખેલું છે. ॥ ૨ ॥ હવે તે વિષય અને કષાયથી પીડાયલો પ્રશસ્ત જ્ઞાન ઘુન (હીણો) કેવી અવસ્થાવાળો થાય છે, તે બતાવે છે. દુઃસંબોધ એટલે ધર્મની અને ચારિત્રથી પ્રાપ્તિ સંબંધી જે બોધ તેને ઘણી મુશ્કેલીથી સમજાય છે (સમજવું દુર્લભ છે.) જેમ મેતાર્ય મુનિને સમજવું કઠણ પડયું હતું અથવા બ્રહ્મદત્ત ચક્રવર્તી માફક તેને બોધ આપવો મુશ્કેલ હતો (તેના પૂર્વ ભવના ભાઇએ જ્ઞાનથી જાણી પોતે સાધુ બનીને તેને બોધ આપ્યો પણ ઘણા પ્રયાસ છતાં ન સમજાયાથી સાધુ થાકી ગયો પણ બ્રહ્મદત્ત ન સમજ્યો અને ક્રૂર કર્મ કરી નરકમાં ગયો.) શા માટે આવું કરે? તે કહે છે. વિશિષ્ટ અવબોધ રહિત તે આ પ્રમાણે અજ્ઞાન બનેલો શું કરે છે? તે કહે છે. આ પૃથિવીકાય લોકને અતિશય પીડા કરે છે. તેના પ્રયોજન માટે ખોદવા વિગેરેથી પીડા કરતાં જુદી જુદી જાતનાં શસ્ત્રોવડે તે જીવોને ડરાવી તે તે ખેતી કરવી ખાણ ખોદવી ઘર કરવું વિગેરે જુદા જુદાં કાર્યોમાં જરૂર પડતાં તે જીવોને પીડા કરે છે. તેવું ગુરૂ મહારાજ શિષ્યને કહે છે કે તું જો પૃથિવીકાયના ઉપરજ બધાનો આશ્રય હોવાથી પ્રકર્ષે એટલે મુખ્યત્વે પીડા પૃથિવીકાયનેજ થાય, તથા વ્યગ્ર

ધાતુ ભય તથા ચલનમાં પણ થાય છે. એટલે ટીકાકારે વ્યથિતના બે અર્થ લીધા. પીડા કરવી અથવા ભય પમાડવો તથા પશ્ય શબ્દથી એક દેશમાં એટલે થોડાથી બીજું રહેલું તે પણ લેવાય તે સિદ્ધાંત શૈલીવડે પ્રાકૃત ભાષાની રીતી પ્રમાણે ઘણો આદેશ લેવાય એટલે શિષ્યને કહ્યું કે. જો, શિષ્યે પૂછ્યું શું ? ઉત્તર—લોકો પોતાના પ્રયોજનમાં પૃથિવી કાયને નિરંતર પીડે છે.)

આતુર શબ્દવડે સૂચવ્યું કે વિષય કસાય વિગેરેથી પીડાયલા જીવો (અહિં પૃથિવીકાયનો વિષય ચાલતો હોવાથી) તેને વારંવાર પીડે છે. બહુ વચનનો નિર્દેશ કરવાનું કારણ એ છે કે તેનો આરંભ કરનારા ઘણા છે. અથવા લોક શબ્દ છે તે દરેકમાં સંબંધ રાખે છે. એટલે કોઇ લોક (જીવ સમૂહ) વિષય કષાયથી પીડાયેલ છે. બીજો કાયથી પરિજીર્ણ છે. કોઇ દુઃખ સંબોધ છે. અને કોઇ વિશિષ્ટ જ્ઞાન રહિત છે. એ બધાએ દુઃખી જીવો પોતાની ઇચ્છાઓ પૂરી કરવા તથા સુખ મેળવવા આ પૃથિવીકાયના જીવોને અનેક પ્રકારના ઉપાયોવડે પરિતાપ ઉપજાવે છે એટલે ઘણી પીડા કરે છે ॥૧૪॥

શંકા—એક દેવતા વિશેષથી આધારવાળી પૃથિવી રહેલી છે. તે વાત માનવી શકય છે. પણ તેમાં અસંખ્યાત જીવોનો સમૂહ રહેલો છે. એ વાત માનવી કઠણ છે. જૈનાચાર્ય તે શંકા દૂર કરવા કહે છે.

**संति पाणा पुढोसिया लज्जमाणा पुढो पास अणगारा मोत्ति।एगे पवयमाणा जमिणं विरूवरूवेहिं सत्थेहिं पुढवि कम्म समारंभेणं पुढविसत्थं समारंभे माणा अणेगरूवे पाणे विहिंसइ ( सू० १५ )**

સંતિ શબ્દથી વિદ્યમાન છે. જીવો જુદા જુદા ભાવે અંગુળના અસંખ્યેય ભાગ સ્વદેહની અવગાહનાવડે પૃથિવીકાયને આશ્રયીને રહ્યા છે. તેથી શાસ્ત્રકાર કહે છે કે પૃથિવી તે એકજ દેવતારૂપ નથી, પણ જીવોનું જુદા જુદા શરીરનું સંધાન થઇને પૃથિવી અનેક જીવોની બનેલી છે. તેથી સચેતનપણું અને અનેક જીવોનો તેમાં આશ્રય છે. એવું પૃથિવીનું સ્વરૂપ ખુલ્લું બતાવ્યું છે. અને એ જાણીને તેના આરંભથી વર્તેલાને બતાવે છે કે તમો જો સાધુપણું કહેતા હો તો તે જીવોની રક્ષા કરો નહિતો લજ્જા પામશો. અહિં લજ્જા બે પ્રકારે છે લોક સંબંધી તે વહુ સસરાની લાજ કાઢે છે. તથા સુભટ વિગેરે પોતાના અમલદારથી યુદ્ધમાં હારતાં શરમાય છે. તે અને લોકોત્તર લજ્જા તે સત્તર પ્રકારનો સંયમ છે. તેથી કહ્યું છે કે—

**लज्जादया संयमबंभचेरमित्यादि ।**

લાજ, દયા, સંયમ, બ્રહ્મચર્ય, વિગેરે એકાર્થ છે લાજનો અર્થ એ છે કે સંયમ અનુષ્ઠાનમાં રહી તેની મર્યાદા પાલન કરીને બીજા જીવોને ન પીડવું. અથવા જૈનેતર સાધુ

પૃથિવીકાયના સમારંભ રૂપ અસંયમ કરવાથી લજ્જા પામતા એવા પ્રત્યક્ષ જ્ઞાનીઓથી તથા પરોક્ષ જ્ઞાનીઓથી છે, તેમને તું જો તેવું શિષ્યને ગુરૂ કહે છે આ કહેવાથી સૂચવ્યું કે શિષ્યે કુશળ અનુષ્ઠાન પ્રવર્તિના વિષયમાં રહેવું કે તેને તેઓની માફક લજાવું ન પડે, જૈનેતર જીવ દયાનું સ્વરૂપ જેવું બોલે છે તેવું કરતા નથી એ દેખાડવા જૈનાચાર્ય કહે છે કે જૈનેતરો પોતાને અમે અગાર એટલે ઘર તેનાથી રહિત એટલે અનગાર (યતિ) છીએ એમ બોલે છે. તે શાક્યમત વિગેરેના સાધુઓ જાણવા. એમ બતાવે છે તે કહે છે કે અમેજ જંતુ રક્ષામાં તત્પર છીએ તથા અમે કષાય અજ્ઞાનરૂપ અંધકાર ને દૂર કર્યાં છે. એ પ્રમાણે બોલનારા પ્રતિજ્ઞા માત્ર જે અનર્થનું મૂળ તે વ્યર્થ બોલે છે. જેમ કોઇ અત્યંત સુચીવોદ્ર (          ) તે ચોસઠ વાર માટીથી સ્નાન કરનારો અને ગાયના મડદાની શુચિને દૂર કરીને પાછો કર્મ કર (          ) ના કહેવાથી ચામડાં હાડકાં માંસ, સ્નાયુ વિગેરેને પોતાના ઉપયોગ માટે તેનો સંગ્રહ કરે તેજ પ્રમાણે તેણે પવિત્રતાનું અભિમાન ધારણ કર્યા છતાં શું ત્યાગ્યું ? કંઇજ નહિં તે પ્રમાણે શાક્યમત વિગેરેના સાધુઓ અનગાર વાદને વહન કરે છે. પણ અનગારના ગુણોમાં જરાપણ વર્તતા નથી અને ગ્રહસ્થની ચર્યાને જરા પણ ઉલ્લંઘતા નથી એવું દેખાડે છે એનું આ સર્વજન

પ્રત્યક્ષ એવું કૃત્ય પૃથિવી કાયના જીવોને જુદા જુદા પ્રકારના હળ કોદાળી, ખનિત્ર વિગેરેથી જીવોને હણે છે. અને પૃથિવીકાયના સમારંભમાં પૃથિવીકાયના શસ્ત્રોવડે પૃથિવીકાયના જીવોને હણવા સાથે તેને આશ્રયીને રહેલા બીજા જીવો પાણી વનસ્પતિ, વિગેરેને હણે છે. તેનો ભાવાર્થ આ છે કે જીવ માત્રને બચાવવાની પ્રતિજ્ઞા કરી જીવનુ સ્વરૂપ જાણવાની દરકાર કરતા નથી અને ગ્રહસ્થ માફક પૃથિવી કાયનો સમારંભ કરીને અનેક પ્રકારે પૃથિવીના જીવોને તથા તેને આશ્રયી રહેલા અનેક જીવોને હણે છે. આ પ્રમાણે શાક્ય વિગેરેનું પાર્થિવ જંતુ સાથે વેરભાવ બતાવી તેમનુ અયતિપણું બતાવી હવે સુખોના અભિલાષ વડે કરવું કરાવવું અનુમોદવું તથા તે ત્રણ કરણ સાથે યોગની પ્રવૃત્તિ બતાવે છે.

**तत्थ खलु भगवया परिण्णा पवेइया, इमस्स चेव जीविअस्स परिवंदणमाणण पूयणाए जाइमरण मोयणाए दुक्खपडिघाय हेउं स सयमेव पुढवि सत्थं समारंभइ अन्नेहिं वा पुढवि सत्थं समारंभावेइ अण्णे वा पुढवि सत्थं समारंभंते समणु जाणइ ( सू० १९ )**

ત્યાં પૃથિવીકાયના સમારંભમાં શ્રી વર્ધમાન સ્વામી ભગવાને આવું કહ્યું છે કે હવે પછીના કહેવાતા કારણોવડે

સુખના અભિલાષીઓ કરવા કરાવવા અને અનુમોદવાવડે પૃથિવીકાયનો સમારંભ કરે છે, તેનાં કારણો બતાવે છે. ( ૧ ) નાશવંત જીવનના પરિવંદનમાનન પૂજન માટે તથા જન્મ મરણ અને મુક્તિ માટે તથા દુઃખોને દુર કરવા માટે પોતે સુખનો અભિલાષી અને દુઃખનો દ્વેષી બની પોતે પોતાના વડેજ પૃથિવી શસ્ત્રનો સમારંભ કરે છે બીજા, જીવો પાસે કરાવે છે. અને કરતાને અનુમોદે છે. એમ અજ્ઞાન દશાથી પૂર્વકાળમાં કરી ભવિષ્યમાં કરશે એ પ્રમાણે મનવચન કાયાના કર્મવડે યોજવું, આવી જેનીમતિ છે તેનુ શું થાય છે તે બતાવે છે.

**तंसे अहिआए तंसे अबोहिए सेतं संबुज्झमाणे आयाणीयं समुट्ठाय सोच्चा खलु भगवओ अणगाराणं इह मेगेसिं णातं भवति एस खलु गंथे एस खलु मोहे एस खलु मारे एस खलु णरए इच्चत्थं गड्ढिए लोए जामिणं विरूवरूवेहिं सत्थेहिं पुढवि कम्म समारंभेण पुढवि सत्थं समारंभमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसइ, से बेमि अप्पेगे अंधमब्भे अप्पेगे अंधमच्छे अप्पेगे पायमब्भे अप्पेगे पायमच्छे अप्पेगे, गुप्फमब्भे अप्पेगे गुप्फमच्छे अप्पेगे, जंघमब्भे२ अप्पेगे जाणुमब्भे२ अप्पेगे**

उरूमब्भे २ अप्पेगे कडिमब्भे २ अप्पेगे णाभि-मब्भे २ अप्पेगे उदर मब्भे २ अप्पेगे; पास-मब्भे २ अप्पेगे पिट्ठिमब्भे २ अप्पेगे, उरमब्भे २ अप्पेगे हिययमब्भे २ अप्पेगे थणमब्भे २ अप्पेगे खंधमब्भे २ अप्पेगे बाहुमब्भे २ अप्पेगे हत्थमब्भे २ अप्पेगे अंगुलिमब्भे २ अप्पेगे णहमब्भे २ अप्पेगे, गीवमब्भे २ अप्पेगे हणुमब्भे २ अप्पेगे, हाँट्ठमब्भे २ अप्पेगे दंतमब्भे २ अप्पेगे, जिब्भमब्भे २ अप्पेगे तालुमब्भे २ अप्पेगे गलम-ब्भे २ अप्पेगे गण्डमब्भे २ अप्पेगे कण्णमब्भे २ अप्पेगे णासमब्भे २ अप्पेगे अच्छिमब्भे २ अप्पेगे भमुहमब्भे २ अप्पेगे णिडालमब्भे २ अप्पेगे सीसमब्भे २ अप्पेगे, संपमारए अप्पेगे, उद्दवए, इत्थं सत्थं समारंभ माणस्स इच्चेते आरंभा अपरि-ण्णाता भवंति ( सू० १४ )

ઉપર કહેલાં પાપના કૃત્યો જે પૃથિવીકાયને દુઃખ દેવા રૂપ છે તે કરવા કરાવવા તથા અનુમોદવાથી તેને ભવિષ્ય-કાળમાં અહિતને માટે થશે તેમ બોધિલાભ (સમ્યકત્વ થી વિમુક્ત કરશે. કારણ કે પ્રાણી ગણના ઉપ મર્દનમાં પ્રવ-ર્તેલાઓને થોડો પણ હિતનો લાભ નહિં થાય. જે કોઈ ભગવાન પાસે અથવા તેના શિષ્ય ખરા સાધુ પાસે પૃથિવી

કાયના આરંભને પાપરૂપ જાણીને ભાવે છે તે આવું માને છે. જેણે પૃથિવીનું જીવપણું જાણ્યું છે, તે પરમાર્થનો જાણનારો સાધુ પૃથિવીકાયના શસ્ત્રનાં સમારંભને અહિતપણે સારી રીતે જાણનારો પોતે સમ્યક્દર્શન વિગેરે સ્વીકારીને બચાવે છે. હવે તે કેવા પ્રત્યયથી માને છે તે બતાવે છે. કાં તો તે ભગવાન પાસે કાં તો કોઇ સાધુ પાસે સમજીને બચાવે છે. મનુષ્ય જન્મમાં તત્વનો પ્રતિબોધ પામેલા સાધુ-ઓએ આ જાણ્યું છે. શું જાણ્યું છે? તે બતાવે છે. આ પૃથિવીકાયનુ શસ્ત્ર જેનો સમારંભ અષ્ટ પ્રકારના કર્મનો બંધ છે ખલુ શબ્દથી નિશ્ચે જાણવું તથા કારણમાં કાર્યનો ઉપચાર કરવો તે નડ્વલોદક (ગંદું પાણી) જેમ પગને રોગી બનાવે છે તેથી પગ રોગ તરીકે જાણીતું છે તે ન્યાયે પૃથિવીકાયનો સમારંભ મોહનીય કર્મના બંધરૂપ છે. વળી મોહનો હેતુ હોવાથી પૃથિવીકાયનો સમારંભ કારણ અને આઠ કર્મ તે કાર્ય છે એમ સૂચવ્યું તે મોહનીય કર્મના બે ભેદ છે. અને અઠાવીશ પ્રકારની કર્મ પ્રકૃતિ છે. તે જાણવી. વળી મરણનું હેતુ હોવાથી મારરૂપ છે, એટલે પૃથિવી કાયને મારે તે પોતાના આયુકર્મનો ક્ષય કરે છે. અર્થાત્ અકાળે મરે છે. તથા નરકનો હેતુ હોવાથી તે નર્ક છે. આપણા રહેવાસથી નીચે જે પૃથિવી છે તેમાં નરક છે, તેમાં સીમંત વિગેરે દુઃખદાઇ સ્થાનોમાં નરકના જીવો તરીકે

રહી દુઃખ ભોગવે છે. આથી અશાતા વેદનીય કર્મ બાંધવાનું સૂચવ્યું. છે.

શંકા—એક પ્રાણીના નાશ કરવાથી પ્રવૃત્તિમાં આઠ પ્રકારનો કર્મબંધ કેવી રીતે થાય?

ઉત્તર—મરાતા જંતુના જ્ઞાનને રોકવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એવી રીતે બધા કર્મોમાં યોજવું અને પુર્વે કહેલા જ્ઞાની સાધુઓએ બીજું પણ આવું જાણેલું છે, તે બતાવે છે. કે આહાર ભૂષણ તથા ઉપકરણને માટે તથા પરિવંદન, માનન, પૂજનને માટે અને દુઃખના પ્રતિઘાત માટે લોક ( પ્રાણીગણ ) ઘેલો બનેલો છે. ( કાર્ય અકાર્યને જાણતો નથી ) આ પ્રમાણે અતિ પાપના સમૂહના વિપાકરૂપ ફળ એવા પૃથિવીકાયના સમારંભમાં અજ્ઞાની અજ્ઞાનવશ મૂર્છિત થએલો આવાં કાર્યો કરે છે. તે બતાવે છે. આ પૃથિવીકાયના જીવોને વિરૂપ શસ્ત્રોવડે પૃથિવીકાયનો સમારંભ કરતો પૃથિવીકાયના જીવોને હણે છે. અને તેની સાથે પૃથિવી શસ્ત્રવડે પૃથિવીનું નિકંદન કરે છે. અથવા હળ, કુદાળા વિગેરેથી અનેક પ્રકારે સમારંભ કરે છે. અને તેને હણતાં તેને આશ્રયીને રહેલા બે ઇન્દ્રિયાદિ જીવોને હણે છે. વાદીની શંકા આરેકા ( હદપાર જવાય છે ) કારણ કે જે ન જુએ, ન સાંભળે, ન સૂંઘે, ન જાય, તે કેવી રીતે વેદના અનુભવે અને તે વાત અમે માનીએ?

આ બાબતમાં આચાર્ય મહારાજ દૃષ્ટાંતથી સમાધાન કરે છે. તમે પૂછયું માટે પૃથિવીકાયની વેદના હું કહું છું, અપિ શબ્દ યથાના રૂપમાં છે. જેમ કોઇ જન્મથી અંધ બહેરો, મુંગો, કોઢીઓ પંગુ, તથા હાથ પગ વિગેરે અવયવથી શિથીલ વિપાક સૂત્રમાં કહેલા દુઃખી મૃગાપુત્ર જેવા પુર્વે કરેલા પાપોથી અશુભ કર્મ ઉદયમાં આવતાં હિત અહિત, પ્રાપ્તિતથા ત્યાગથી વિમુખ સર્વ પ્રકારે દુઃખી જોતાં આપણને તેના ઉપર અતિ કરૂણા આવે તેજ પ્રમાણે અંધ વિગેરે ગુણ યુકત દુખીને કોઇ ભાલાની અણીવડે ભેદે છેદે તોપણ તે બાપડો દુઃખી છે. અને છેદાતો ભેદાતો ન દેખે ન સાંભળે અને મુંગાપણાથી ન રૂએ તો આપણે તેને વેદનાનો અભાવ માનીશું ? અથવા તેમાં જીવનો અભાવ માની શકાશે. એજ પ્રમાણે પૃથિવીના જીવો પણ અવ્યક્ત ચેતનાવાળા જન્માંધ, બહેરા, મુંગા, પંગુ વિગેરે ગુણોવાળા પુરૂષ માફક જાણવા અથવા જેમ પંચેન્દ્રિય જીવો જે સ્પષ્ટ ચેતનાવાળા છે, તેમને કોઇપણ પગમાં ભેદે, છેદે એ પ્રમાણે ગુલ્ફ (ઘુંટણ) વિગેરેમાં પણ દુઃખ દે તથા એજ પ્રમાણે જંઘા, જાનું, ઉરૂ,—કટી, નાભી, પેટ, પડખાં, પીઠ, છાતી, હૃદય, સ્તન, સ્કંધ, બાહુ, હાથ, આંગળી, નખ, ગળું, હડપચી, હોઠો, દાંત, જીભ, તાળવું, ગળું, લમણા, કાન, નાક, આંખ, ભ્રૂ, લલાટ, શિર વિગેરે અવય-

વમાં છેદન, ભેદન વિગેરે થતાં વેદના ઉત્પન્ન થતી દેખાય છે તેજ પ્રમાણે અતિશય મોહના અજ્ઞાનને ભજનારા, સ્ત્યાનર્ધિ ( ઘોર નિદ્રા ) ના ઉદયથી અવ્યક્ત ચેતનાવાળા પ્રાણીઓને અવ્યક્ત વેદના થાય છે એમ જાણવું. અહિં બીજું દૃષ્ટાન્ત કહે છે. જેમ કોઇ માણસ દુષ્ટ બુદ્ધિથી જીવોને બેભાન કરે અને બેભાન કર્યા પછી તેને મારે અને જીવરહિત કરે તો તેની વેદના પ્રકટ દેખાતી નથી પણ તેને વેદના અપ્રકટ છે. એવું આપણે જાણીએ છીએ તેજ પ્રમાણે પૃથિવીકાયના જીવોને પણ જાણવું ( દારૂ પીને ઘેલા થયેલા અથવા વ્યંતર વિગેરેથી ઘેલા બનેલાને જોરથી મારતાં તે વખતે તેને દુઃખ પૂરૂં પડતું દેખાતું નથી પણ ચેતના આવતાં તેના મારને પોતેજ સારી રીતે જાણી શકે છે. તથા શીશી સુંઘાડી ડૉકટર કાપકૂપ કરે છે તે માલુમ પડતું નથી પણ તે નસા કરતાં વધારે વાર રહે તો પેલો સાક્ષાત્ દુઃખ અનુભવતો દેખાય છે. અથવા વધારે વાર નસો રહે તો દરદીનાં પ્રાણ પણ જાય છે. ) એ પ્રમાણે પૃથિવીના જીવોનું પણ જાણવું. હવે પૃથિવીકાયનું જીવત્વ સાધીને તથા જુદાં જુદાં શસ્ત્રોના મારવડે પીડા થતી બતાવીને તેના વધમાં થતા બંધને બતાવે છે.

( સોળમાં સૂત્રમાં સુગમ અર્થ ધારીને ટીકાકારે પૂરો અર્થ લખ્યો નથી માટે થોડો ખુલાસો કરીએ છીએ કે તે

અહિતને માટે અબોધીને માટે થાય છે. એવું જાણીને આદરવા યોગ્ય ચારિત્ર વિગેરે લઇ સાધુ વિચારે છે કે જિનેશ્વરને તથા સારા સાધુઓને આ માલુમ છે કે પૃથિવીકાયની હિંસા તે કર્મનો ગાંસડો, મોહ, માર, નર્ક છે. છતાં તેની અંદર લોક ગૃદ્ધ બનીને વિરૂપ શસ્ત્રોવડે પૃથિવીકાયને અનેક પ્રકારે દુઃખ દે છે. તે દૃષ્ટાંત બતાવે છે કે પૃથિવીકાય જીવો અંધ માફક નસાવાળા માફક અવ્યક્ત ચેતનવાળા છે. તેને દુઃખ દે છે. જેમ તે આંધળાને પગ ઘુંટી–પીંડી ઝાંગ, જાનુ, નાભી, કેડ, ઉદરથી છેવટ માથા સુધી દુઃખ દે છે તેમ પૃથિવીકાયને દુઃખ દે છે. આ ભાવાર્થ છે.)

**एत्थ सत्थं असमारभ माणस्स इच्चेते आरंभा परिण्णाता भवंति, तं परिण्णाय मेहावी नेव सयं पुढवि सत्थं समारंभेज्जा णेवण्णेहिं पुढवि सत्थं समारंभवेज्जा णेत्रण्णे पुढवि सत्थं समारंभन्ते समणु जाणेज्जा, जस्सेते पुढवि कम्म समारंभा परिण्णाता भवंति से हु मुणी परिण्णात कम्मेत्ति बेमि ( सू० १७ ) ॥ इति द्वितीय उद्देशकः ॥**

અહિઆં પૃથિવીકાયમાં દ્રવ્ય અને ભાવથી ભિન્ન બે શસ્ત્ર છે તથા દ્રવ્ય શસ્ત્ર તે સ્વકાય અને પરકાય તથા બે રૂપવાળું બતાવ્યું અને ભાવ શસ્ત્ર તે અસંયમ એટલે ખરાબ ધ્યાન તથા

મન, વચન, કાયાનો ખરાબ ઉપયોગ બતાવ્યો આ બન્ને પ્રકારનું શસ્ત્ર ચલાવી ખોદવું, ખેતી કરવી વિગેરે સમારંભનાં કામો બંધ હેતુપણે જેમણે જાણ્યાં નથી તે અજ્ઞાત અને જેમણે જાણ્યા છે તે પરિજ્ઞાત છે. તે બતાવે છે. અહિં પૃથિવીકાયમાં બન્ને પ્રકારનું શસ્ત્ર ન ચલાવનારા પૂર્વે કહેલા સમારંભને પાપરૂપ જાણીને તેને ત્યાગેલા જે અણગારો તે પરિજ્ઞાત જાણવા. આ વચનથી એ સૂચવ્યું કે અહિંઆ વિરતિ એટલે જીવોને દુઃખ ન દેવું તે બતાવ્યું. હવે તે વિરતિને ખુલ્લે ખુલ્લી બતાવે છે. એટલે પૃથિવીકાયના સમારંભમાં બંધ જાણીને મેધાવી (બુદ્ધિમાન) શું કરે ? તે બતાવે છે. આ પૃથિવી શસ્ત્ર જે દ્રવ્યભાવે ભિન્ન છે, તે પોતે ન કરાવે ન અનુમોદે એ પ્રમાણે મન, વચન, કાય, તથા અતીત, અનાગત, કાળના પણ પચ્ચખાણ કરે કે મારે પૃથિવીકાયના જીવોને કોઇ પણ રીતે દુઃખ ન દેવું વિગેરે. આ પ્રમાણે કરેલી નિવૃત્તિવાળો મુનિ છે, એમ જાણવું પણ બીજા નહિં, હવે આ વિષયને સંકેલતાં કહે છે કે જેઓએ પૃથિવી જીવની વેદનાનું સ્વરૂપ જાણ્યું છે તથા પૃથિવી ખોદવી ખેતી કરવી તેમાં કર્મબંધનો હેતુ છે. તે જાણ્યું છે. તેથી જ્ઞપરિજ્ઞાવડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે તેને ત્યાગે તે મુનિ છે. આ પ્રમાણે બન્ને પ્રકારની પરિજ્ઞાવડે જાણે તથા જે ત્યાગે તે આઠ પ્રકારના કર્મ

બંધાય તે સાવદ્ય અનુષ્ઠાન ત્યાગવાથી તે પરિજ્ઞાત કર્મા મુનિ જાણવો. પણ ન ત્યાગનારો શાકયાદિ મુનિ ન જાણવો.

'ब्रवीमि' શબ્દનો અર્થ પૂર્વ માફકજ છે. શસ્ત્રપરિજ્ઞાનો બીજો ઉદ્દેશો પુરો થયો. પૃથિવીનો ઉદ્દેશો પુરો થયો. હવે અપકાયનો ઉદ્દેશો કહે છે. તેનો સંબંધ આ પ્રમાણે છે. ગયા ઉદ્દેશામાં અને તેમાં પૃથિવીકાયના જીવ સિદ્ધ કર્યા તેના વધમાં કર્મ બંધ બતાવ્યો અને છેવટે મોક્ષ માટે વિરતિ ધર્મ બતાવ્યો, તેજ પ્રમાણે હવે અનુક્રમે આવેલું અપકાયનું જીવત્વ અને તેના વધમાં બંધ અને કરવી જોઇતી વિરતિ બતાવે છે. આ પ્રમાણે બીજા અને ત્રીજા ઉદ્દેશાનો સંબંધ છે. તેના ચાર અનુયોગ દ્વાર કહેવા તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપામાં અપકાયનો ઉદ્દેશો છે. અને જેવું પૂર્વે પૃથિવીકાય જીવનું સ્વરૂપ સમજાવવાને માટે નિક્ષેપા વિગેરે જે નવ દ્વાર કહ્યાં હતાં તે અહિં સમાનપણે હોવાથી તેજ કાયમ રાખી કંઇક વધારે બતાવવાની ઇચ્છાથી ઉદ્ધાર કરી નિર્યુક્તિકાર કહે છે.

**आउस्स विदाराइं, ताइं जाइं हवंति पुढवीए ।**
**नाणत्ती उ विहाणे, परिमाणु वभोग सत्थे य ॥१०६॥**

અપકાયના પૃથિવીકાયમાં બતાવ્યા પ્રમાણે નવદ્વારો છે. ફક્ત ભેદ એટલોજ છે કે વિધાન (પ્રરૂપણા) પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર, સંબંધમાં તે પૃથિવીથી જુદી રીતે છે એમ જાણવું. ચ શબ્દથી લક્ષણ વિષય છે. તુ શબ્દ નિશ્ચય

વાચક છે. એટલે પૃથિવીકાય અને અપકાય ફકત વિધાન વિગેરેમાંજ જુદા છે બીજામાં નહિ એમ જાણવું. હવે વિધાન એટલે પ્રરૂપણા તે સંબંધી જુદાપણું બતાવે છે.

**दुविहा उ आउ जीवा, सुहुमा तह बायरा य लोगंमि।**
**सुहुमाय सव्वलोए, पंचेव य बायर विहाणा ॥१०७॥**

અપકાયના જીવ લોકમાં સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે છે. તેમાં સુક્ષ્મ બધા લોકમાં છે. પણ બાદરના પાંચ ભેદ છે. હવે તેની પ્રરૂપણા કરે છે.

**सुद्धो दए य उस्सा, हिमे य महिया य हरतणु चेव।**
**बायर आउ विहाणा, पंच विहा वण्णिया एए॥१०८**

શુદ્ધોદક તે તળાવ, નદી, સમુદ્ર, કુંડ, અવટ (      ) વિગેરેમાં રહેલું પણ તે ઓસસિવાયનુ જાણવું. અને રાતમાં અથવા પરોડીએ જે ઠાર પડે છે જેને ગુજરાતમાં ઝાકળ કહે છે. તે અવશ્યાય ( ઓસ ) છે. અને શિયાળામાં ઠંડા પુદ્ગલના સમુહના સંપર્કથી જળ બરફીના ચોસલા જેવું કઠણુ થાય છે તે હિમ છે. અને ગર્ભ મહિનામાં સાંજ સવાર જે ધુમાડા જેવું પડે છે તે ધુમસ અથવા મહીકા કહેવાય છે અને શરદ તથા વર્ષાના કાળમાં લીલી વનસ્પતિના ઉપર પાણીનાં બિંદુ પડે છે. તે જમીનના સ્નેહના સંપર્કથી ઉત્પન્ન થયેલો હરતનું કહેવાય છે. આ મુખ્ય પાંચ ભેદ બાદર અપકાયના છે.

શંકા—પન્નવણા સૂત્રમાં બાદર અપકાયના ઘણા ભેદો બતાવ્યા છે જેમકે કરા, થંડો ઉનો ખારક્ષત્ર, કટુ, અમ્લ, લવણ, વરૂણ, કાલોદ, ઉષ્કર, ક્ષીર, ઘૃત, ઇક્ષુરસ, વિગેરે ભેદો બતાવ્યા છે. તે શા માટે? ઉત્તર–આ બધા ભેદ બાદર અપ્કાયના છે ખરા, પણ બધા ભેદોનો પાંચ ભેદમાંજ સમાવેશ થાય છે જેમકે કરા કઠણ હોવાથી હિમમાં તેનો સમાવેશ થાય છે અને બાકીનાઓનો શુદ્ધોદકમાં સમાવેશ થાય છે, ફકત તેઓનું ભિન્નપણું સ્પર્શ, રસ, સ્થાન, વર્ણ, વિગેરેમાંજ છે. (જેમ કે સમુદ્રનું પાણી માત્ર જુદા જુદા પાણીના પુદ્ગલો તેમાં મળેલા હોવાથી સ્વાદમાં ખારૂં છે પણ તે શુદ્ધોદકજ છે.) શંકા–જો એવી રીતે પાંચમાંજ બધાનો સમાવેશ થતો હોય તો પન્નવણા સૂત્રમાં બીજા ભેદોનો પાઠ કેમ આપ્યો?

ઉત્તર—સ્ત્રી, બાળ, અને મંદ બુદ્ધિવાળાને સહેલથી સમજાય તે માટે ભેદ પાડયા છે.

પ્રશ્ન—ત્યારે અહિં નિર્યુક્તિકારે કેમ ભેદ ન બતાવ્યા?

ઉત્તર—પ્રજ્ઞાપના અધ્યયન તે ઉપાંગ છે અને આર્ષ વચન છે. તેમાં બધા ભેદો લેવા યોગ્ય છે. અને ત્યાં બધા ભેદો બતાવવાથી સ્ત્રી વિગેરેને વધારે લાભ થાય, અને નિર્યુક્તિઓ તો સૂત્રના અર્થ સાથે એકતા કરે છે, તેથી લીધા નથી, તેથી અદોષ છે.

ઉપર કહેલા બાદર અપકાયના સંક્ષેપથી બે ભેદ છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા તેમાં અપર્યાપ્તા તે વર્ણ વિગેરેને ન પામેલા અને પર્યાપ્તા તે વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શના આદેશોવડે હજારો ભેદવાળા છે. અને તેથી સંખ્યેય યોનિ પ્રમુખ લાખો ભેદ થાય છે તે જાણવું. આ બધાની સંવૃત યોનિ જાણવી અને તે યોનિ સચિત્ત, અચિત્ત, મિશ્ર એમ ત્રણ ભેદે છે. તથા શીત ઉષ્ણ, અને મિશ્ર એમ ત્રણ ભેદે છે. એ પ્રમાણે ગણતાં અપકાયની સાત લાખ યોનિ થાય છે. હવે પ્રરૂપણા પછી પરિમાણ દ્વાર કહે છે.

**जे बायर पज्जत्ता पयरस्स असंख भाग मित्ताते ।**
**सेसातिन्नि विरासी, वींसुं लोका असंखिज्जा ॥१०९**

જે બાદર અપકાય પર્યાપ્તા છે તે સંવર્તિત લોક પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં જે પ્રદેશ રાશી છે તેના બરોબર છે. અને બાકીના જે ત્રણ રહ્યા તે પ્રથક્ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ રાશી પ્રમાણ જાણવા પણ તેમાં આટલું વિશેષ છે કે બાદર પૃથિવીકાય પર્યાપ્તાથી બાદર અપકાય પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે, અને બાદર પૃથિવીકાય અપર્યાપ્તાથી બાદર અપકાય અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે, તેમજ સુક્ષ્મ પૃથિવીકાય અપર્યાપ્તાથી સુક્ષ્મ અપકાય અપર્યાપ્તા વિશેષ અધિક છે અને સુક્ષ્મ પૃથિવીકાય પર્યાપ્તાથી સુક્ષ્મ અપકાય

ચયીમા વિશેષ અધિક છે. હવે પરિમાણ દ્વાર કહ્યું. પછી ચ શબ્દથી સુચવેલું લક્ષણદ્વાર કહે છે.

**जह हत्थिस्स सरीरं, कलला वत्थस्स अहुणो ववन्नस्स**
**होइ उदगंडगस्स य, एसुवमा सव्व जीवाणं॥११**

શંકા—અપ્કાય જીવનથી તેનું લક્ષણ સમજાતું નથી જેમ પેશાબ વિગેરે દ્રવ્ય છે તેમ પાણી પણ અજીવ છે,

આચાર્યનું તે સંબંધી દૃષ્ટાંત સાથે સમાધાન—જેમ હાથણીના પેટમાં ગર્ભ ઉત્પન્ન થવા સાથે દ્રવ છતાં તે ચેતન છેતેવીજ રીતે અપ્કાયનું પણ સચેતન પણું જાણવું. અથવા પક્ષીના તુર્ત ઉત્પન્ન થયેલા ઇંડામાં જ્યાંસુધી કઠણ ભાગ ચાંચ વિગેરે બંધાયા નથી ત્યાંસુધી ઘણું પાણી હોય છતાં તે ચેતન છે તેમ અપ્કાય પણ ચેતન છે એમ જાણવું. હાથણીનો ગર્ભ તથા ઇંડાનું પાણી લેવાની જરૂર એટલીજ કે તેમાં વધારે પાણી હોવાથી સારી રીતે દ્રષ્ટાંત સમજાય છે. તુર્ત ઉત્પન્ન થયેલા એમ કહેવાથી સાત દિવસ સુધીનું લેવું ત્યાં સુધીજ, કલલ રહે છે પછી તો તે ગર્ભનો ભાગ કઠણ થઇ જાય છે.

હવે અપકાયની સચેતનતા ઉપર અનુમાન કરે છે તે નીચે પ્રમાણે.

શસ્ત્રથી ન હણાયું હોય ત્યાં સુધી દ્રવપણું છે તેટલા માટે પાણી હાથણીના ગર્ભ કલલની માફક ચેતન છે. અહિં

વિશેષણ લેવાથી પ્રસ્રવણ વિગેરેનો નિષેધ જાણવો. તેજ પ્રમાણે બીજું અનુમાન પ્રયોગથી બતાવે છે.

અંડામાં રહેલા કલલની માફક પ્રાણીનું દ્રવપણું નાશ નથી થયું તેથી તે પાણી સચેતન છે. તથા પાણી જીવ શરીર છે. કારણ કે, છેદી શકાય છે, ભેદી શકાય છે, ઉરાડી શકાય છે, પી શકાય છે, ભોગવાય છે, સુંઘાય છે, સ્વાદ લેવાય છે, સ્પર્શ કરાય છે, દેખાય છે અને દ્રવ્યપણે છે. આ બધા શરીરના ધર્મો પાણીમાં છે માટે તે ચેતન છે. (આ બધો સંબંધ બતાવીને પાણી એ જીવોનું શરીર છે એમ બતાવ્યું.) અને આકાશ વર્જીને ભૂતોના જે ધર્મ તે રૂપ આકાર વિગેરે પણ લેવા. સર્વ જગાએ આ દૃષ્ટાંત છે. સાસ્નાવિશાણ ( ) ના સમૂહની માફક જાણવું.

શંકા—રૂપપણું, આકારપણું, વિગેરે ધર્મો પરમાણુઓમાં પણ છે. તેથી તમારો હેતુ અનેકાંત દોષવાળો છે.

ઉત્તર—એમ નથી કારણ કે અહિં છે; છેદ્યત્વ વિગેરે હેતુ પણ સાથે લીધેલા છે અને તે બધું ઇન્દ્રિયના વ્યવહારને અનુપાતી (સાથે રહેનારા) છે. તે પ્રમાણે પરમાણુ નથી. આ પ્રકરણથી અતીન્દ્રિય પરમાણુનો વ્યવચ્છેદ કર્યો.

અથવા વિપક્ષજ નથી કારણ કે સર્વ પુદ્ગલ દ્રવ્યોનું દ્રવ્યશરીરનો સ્વીકાર કર્યો છે. અને જીવ સહિત અને નજીવ સહિત આટલું વિશેષ છે. કહ્યું છે કેઃ—

**तणवो णऽमाति विगार, मुत्त जाइत ओडणिलंताउ सत्थासत्थ हयाओ, निज्जीवसजीव रूवाओ ॥१॥**

અણુ અભ્ર વિગેરે વિકારવાળાં મૂર્ત જાતિપણાથી પૃથિવીથી વાયુ સુધી એટલે પૃથિવી, પાણી, અગ્નિ અને વાયુ એ ચારનાં શરીર શસ્ત્રથી હણાયલા તે નિર્જીવ છે. અને શસ્ત્રથી ન હણાયલા તે સજીવ છે એ પ્રમાણે શરીરપણું સિદ્ધ થતાં પ્રમાણ થાય છે.

(૧) હીમ કોઇ જગોપર પાણી પણે હોવાથી બીજા પાણીની માફક સચેતન છે.

(૨) અને પાણી સચેતન છે કારણ કે કોઇ જગોપર ભૂમિ ખોદતાં દેડકાંની માફક ઉછળી આવે છે.

(૩) અથવા આકાશમાંથી પડતું પાણી સચેતન છે. કારણ કે તે આકાશમાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતાં માછલાની માફક ઉછળી પડે છે.

ઉપર કહેલા બધા લક્ષણો અપકાયને મળતા આવતાં હોવાથી અપ્કાય સચેતન છે.

હવે ઉપભોગ દ્વાર કહે છે.

**ण्हाणे पियणे तह धोयणे य, भत्तकरणे अ से ए अ। आउस्स उ परिभोगो, गमणा गमणे य जीवाणं॥११**

નહાવું, પીવું, ધોવું, રાંધવું, સીંચવું તથા નાવ વિગેરેથી જવું આવવું તેમાં પાણી કામ લાગે છે. તેથી તેના

ભોગના અભિલાષી જીવો આ કારણોને ઉદ્દેશીને અપકાયના વધમાં પ્રવર્તે છે, તે બતાવે છે.

**ए ए हिं कारणे हिं, हिंसंती आउ काइए जीवे ।**
**सायं गवेसमाणा, परस्स दुक्खं उदीरंति ॥ ११२ ॥**

સ્નાન, અવગાહન વિગેરે કારણો આવતાં ઇન્દ્રિયોના વિષયના વિષમાં મોહિત થયેલા જીવો નિર્દયપણે અપકાયના જીવોને હણે છે. કારણ કે પોતાના સુખની ઇચ્છા હોવાથી પારકાના હિત અહિતના વિચારથી શૂન્ય હોવાથી કેટલાક દિવસના સ્થાયી મનોહર જુવાનીના મદથી તપેલ ચિત્તવાળાની સારાસાર વિવેક રહિત, તથા વિવેકી પુરૂષના સંસર્ગ રહિત રહીને પાણી વિગેરે જીવોના દુઃખને ઉદીરીને પીડા કરે છે. કહ્યું છે કે.

**एकं हि चक्षु रमलं सहजो विवेक,**
**स्तद्वद्भि रेव सहसंवसतिर्द्वितीयम् ।**
**एतद्द्वयं भुवि न यस्य स तत्वतोऽन्धः,**
**तस्यापमार्ग चलने खलु कोपराधः ॥**

જેને સ્વભાવિક નિર્મળ વિવેક છે તે એક ચક્ષુવાળો કહેવાય છે. અને વિવેકવાળા પુરૂષનો સંગ તે મનુષ્યને બીજી આંખ ગણાય છે. તે બેઉથી જે રહિત છે તે ખરેખરી રીતે જોતાં તો આંખવાળો હોય છતાં આંધળોજ છે તો તેવો પુરૂષ કદી ખરાબ રસ્તે જાય તો તેમાં તે બિચા-

રાનો શું ગુનો છે? (વિવેક તથા વિવેકી પુરૂષની સંગત વિનાનો આદમી જરૂર આડે રસ્તે જાય છે.) હવે શસ્ત્ર દ્વાર કહે છે.

**उस्सिंचण, गालण, धोवणे य उवगरण मत्त भंडेय।**
**बायर आउक्काए, एयंतु समासओ सत्थं ॥ ११३ ॥**

દ્રવ્ય અને ભાવ એ બે ભેદે શસ્ત્ર છે. અને દ્રવ્ય શસ્ત્ર પણ સમાસ અને વિભાગ એ બે ભેદે છે. તેમાં સમાસથી દ્રવ્ય શસ્ત્ર આ છે. કુવામાંથી કોશ વિગેરેવડે પાણી ઉંચે ચડાવવું તે ઊર્ધ્વ સિંચન છે. અને ઘન (ઘટ્ટ) મસૃણ (કોમળ) વસ્ત્રથી ગાળવું તથા વસ્ત્ર વિગેરે ઉપકરણ ચર્મ કોશ, કડાયું, વિગેરે વાસણ ધોવાં વિગેરેમાં આ પ્રમાણે અનેક રીતે બાદર અપ્કાયનાં શસ્ત્રો જાણવા (એટલે આ કારણે જીવોને પીડા થાય છે.) ગાથામાં 'तु' શબ્દ વિભાગની અપેક્ષાએ વિશેષણ અર્થ છે. હવે તે વિભાગથી બતાવે છે.

**किंची सकाय सत्थं किंची परकाय तदुभयं किंची।**
**एयंतु दव्व सत्थं, भावेय असंजमो सत्थं ॥ ११४ ॥**

કિંચિત્ સ્વકાય શસ્ત્ર તે તળાવનું પાણી નદીના પાણીને દુઃખ દે અને કિંચિત્ પરકાય શસ્ત્ર તે, માટી, સ્નેહ (તેલ વિગેરે) ખાર વિગેરે, પાણીના જીવોને હણે છે. કિંચિત્ ઉભય એટલે પાણીમાં મળેલી માટી વિગેરે બીજા પાણીના જીવોને હણે છે. પણ ભાવશસ્ત્રમાં તો પૂર્વે કહ્યા મુજબ

પ્રમાદીનો, ખરાબ ધ્યાનવાળાનો મન, વચન, કાયાએ પાળેલો અસંયમ છે. બાકીનાં દ્વારો પૃથિવીકાયની માફક જાણવાં તે કહે છે.

**सेसाइं दाराइं, ताइं जाइं हवंति पुढवीए।**
**एवं आउद्देसे, निज्जुत्ती कित्तिया एसा (होइ)॥११९**

નિક્ષેપ, વેદના, વધ, અને નિવૃત્તિ જેમ પૃથિવીકાયમાં બતાવ્યાં તેવી રીતે અપૂકાયના ઉદ્દેશામાં પણ નિર્યુક્તિ એટલે નિશ્ચયથી અર્થ ઘટના બતાવી છે. (એટલે એમ જાણવું કે અપૂકાયના જીવોનો વધ કરવાથી બંધ થાય છે અને તે સમજી બુદ્ધિમાને અપૂકાયના જીવોને દુઃખ ન દેવું એવો સર્વ વિરતિ ધર્મ સ્વિકારવો.) હવે સૂત્ર અનુગમમાં અસ્ખ-ખલિત વિગેરે ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારણ કરવું તે નીચે પ્રમાણે.

**सेबेमि, जहा अणगारे उज्जुकडे नियाय पडि-वण्णे अमायं कुव्वमाणे वियाहिए ( सू० १८ )**

પૂર્વ સૂત્ર સાથે આ સૂત્રનો એમ સંબંધ છે કે ગયા ઉદ્દેશામાં છેલ્લા સૂત્રમાં પૃથિવીકાયનો સમારંભ ત્યાગે તે મુની એમ કહ્યું હતું. પણ તેટલાથીજ સંપૂર્ણ મુની ન થવાય તે બતાવે છે. સુધર્મસ્વામી કહે છે કે " મેં ભગવાન પાસે પૂર્વે સાંભળ્યું તેમાં આ પણ જાણવું." એટલે પૂર્વના સૂત્ર સાથે આ સૂત્રનો સંબંધ જોડાયો. મૂળમાં 'से' શબ્દ છે તેનો અર્થ ગુજરાતીમાં 'તે' થાય છે. એટલે પૃથિવિ-

કાયનો સમારંભ ત્યાગે અને તેની સાથે બીજું શું ત્યાગે તો સંપૂર્ણ અણગાર થાય. અથવા કેવો અણગાર ન થાય તે હું કહું છું.

" अणगारामोत्ति एगे पयवमाणेत्यादि "

જેમને ઘર નથી તે 'અણગાર' છે. અહીંઆ યતિ વગેરે શબ્દ છોડીને અણગાર શબ્દ લીધો તેનું કારણ બતાવે છે. ઘરનું ત્યાગવું તે મુનિપણામાં પ્રથમ ગણાય છે કારણ કે ઘરનો આશ્રય કરે તો ઘર સંબંધી પાપ કૃત્યો કરવાં પડે અને મુનિ તો નિર્દોષ અનુષ્ઠાન કરવાવાળા હોય છે તે બતાવે છે. ઋજુ તે અકુટિલ સંયમ એટલે મનવચન કાયાની ખરાબ ચેષ્ટાનો નિરોધ કરીને સર્વ પ્રાણીના રક્ષણ માટે પ્રવૃત્તિ કરવાથી દયાનું એક રૂપજ છે. અને બધી જગાએ તેની ' અકુટિલ ' ( સરળ ) ગતિ છે અથવા મોક્ષ સ્થાનમાં ગમન કરવા સરળ શ્રેણી જે ઋજુ શ્રેણી ગતિ કહેવાય છે તે મેળવવા સર્વ પ્રકારે સંવરવાળું સંયમ પાળવાથી મોક્ષ મળે. અહીંઆં કારણમાં કાર્યનો ઉપચાર કરીને સંયમ તે સત્તર પ્રકરનો બતાવેલો સરળ સાધુ માર્ગ તેને કરે (આરાધે) તે ઋજુકારી છે. એનાથી એમ સૂચવ્યું કે સંપૂર્ણ સંયમ અનુષ્ઠાન કરનાર સંપૂર્ણ અણગાર છે આવો મુનિ શું ફળ પામે તે બતાવે છે. યજન તે યાગ, નિયત એટલે નિશ્ચિત એ બે મળીને નિયાગ એટલે મોક્ષ માર્ગ, અહીંઆ સંગત

અર્થપણાથી ધાતુઓનું સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ પણે સંગત છે. તે નિયાગ સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર્ય રૂપ મોક્ષ માર્ગ છે તેને સ્વીકાંરેલો તે નિયાગ પ્રતિપન્ન જાણવો. પાઠાન્તરમા નિકાય પ્રતિપન્ન છે. એટલે નિર્ગત કાય તે ઔદારિક વિગેરે શરીર જેનાથી અથવા જેમાં છે. તે નિકાય તેને પામેલી તેનું કારણ સમ્યક્ દર્શન વિગેરે પોતાની શક્તિ પ્રમાણે અનુષ્ઠાન કરવાથી અને નિષ્કપટિપણે આચરવાથી તે અમાયાવી થાય છે તે બતાવે છે. અહિં માયા એટલે બધાં ધર્મ કાર્યમાં પોતાના વીર્યને ઉપયોગમાં ન લેતે; તેથી એમ સૂચવ્યું કે અમાયાવી એટલે ઉપર કહેલા વીર્યને ઉપયોગમાં લે તે અને અગૂહિત, બલ, વીર્ય એટલે સંયમ અનુષ્ઠાનમાં પરાક્રમ બતાવનારો અણગાર કહ્યો. આ વચનથી તેના સંબંધી બધા કષાયોનો પણ અપગમ ( દૂર કરવું ) જાણવો.

( આ આખા સૂત્રનો સાર એ છે કે હે જંબૂ—પ્રભુ પાસે મેં સાંભળ્યું છે કે જેઓ સત્તર પ્રકારનો નિર્દોષ સંયમ પાળે સમ્યક્દર્શન જ્ઞાનચારિત્રની આરાધના કરે તથા પોતાની શક્તિ ગોપવે નહિં તથા બધા કષાય વિગેરે દુર્ગુણોને છોડે તેમનેજ સાધુ જાણવા. ) કહ્યું છે કે—

**सोहीय उज्जुय भूयस्स धम्मो सुद्धस्स चिट्ठइ'त्ति.**

પ્રાયશ્ચિત્ત તે નિષ્કપટીનું છે, અને ધર્મ પવિત્ર ભાવવાળાનો છે. તો આ બધી માયા વેલડીને દૂર કરી શું કરે ? તે કહે છે.

**जाए सद्धाए निक्खंतो तमेव अणुपालिज्जा विअहित्ताविसोत्तियं ( सू० १९ )**

વધતા સંયમ સ્થાન કંડક રૂપવાળી શ્રદ્ધાવડે દિક્ષા લીધેલી તે આખી જીંદગી સુધી પોતાની નિર્મળ શ્રદ્ધા પાળે કારણ કે પ્રાયઃ એવો નિયમ છે કે પરિણામ ઉચ્ચ ભાવમાં ચડેલા હોય ત્યારેજ દિશા લે છે. અને પાછળથી સંયમ શ્રેણીને પામેલો તેને પરિણામ વધે ઘટે, અથવા બરોબર રહે તેમાં વૃદ્ધિકાળ કે હાનિકાળ એક સમયથી માનીને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત જાણવો પણ એથી વધારે કાળ સંકલેશ કે વિશુદ્ધિ ન હોય. કહ્યું છે કે—

**नान्तर्मुहूर्तकालमतिवृत्य शक्यं हि जगति संक्लेष्टुम्**
**नापिविशोद्धुं शक्यं, प्रत्यक्षोह्यात्मनः सोर्थः ॥ १ ॥**
**उपयोग द्वय परिवृत्तिः, सानिर्हेतुका स्वभावत्वात्**
**आत्मप्रत्यक्षोहि स्वभावो व्यर्थाऽत्रहेतूक्तिः ॥ २ ॥**

અંતમુહુર્ત કાળને ઉલ્લંઘીને જગતમાં વધારે કલેશ કરવાને શક્તિમાન્ નથી તેજ પ્રમાણે આત્માને શુદ્ધ કરવાને પણ વધારે કાળ શક્ય નથી તે આત્માનો અર્થ પ્રત્યક્ષ છે (તેથી વધારે વાર પરિણામ ન ટકે કંઇક ફેરફાર થાય. ॥૧॥

બે ઉપયોગની પરિવૃત્તિ તે સ્વભાવથીજ હેતુ રહિત છે. કારણ કે સ્વભાવ તે આત્માથી પ્રત્યક્ષજ છે. અને ત્યાં હેતુ બતાવવા વ્યર્થજ છે. ॥ ૨ ॥ અને અવસ્થિત કાળ તે વૃદ્ધિ,

હાનિ, લક્ષણુવાળા બન્ને અને યવ મધ્ય, અને વજ્ર મધ્ય એ બેની માફક આઠ સમય છે. ત્યાર પછી અવશ્ય બદલાય આ વૃદ્ધિ હાનિનું રહેલું પરિણામ તે કેવળી જાણે, પણ કેવળ જ્ઞાન વિનાના છદ્મસ્થ જીવોને જણાય નહિ. જો કે પ્રવ્રજ્યા લીધા પછીના કાળમાં સિદ્ધાંત સાગરને અવગાહન કરતો સંવેગ વૈરાગ્ય ભાવના ભાવિક અંતર આત્માવાળો કોઇ મુનિ વધતા પરિણામ ને ભજે છે. તેજ કહ્યું છેઃ—

**जह जह सुयमावगाहइ, अइ सय रस पसर संजुयमउव्वं ।**
**तह तह पल्हाइ मुणी, नव नव संवेग सद्धाए ॥१॥**

મુનિ જેમ જેમ શ્રુતને અવગાહે, (ભણે) તેમ તેમ અતિશય રસના પ્રસરથી સંયુત અપૂર્વ આનંદને નવા નવા સંવેગની શ્રદ્ધાવડે પામેછે, તો પણ વધવાવાળા થોડા અને ઉત્તમ ભાવમાંથી હેઠે પડનારા ઘણા તેથી કહીએ છીએ કે તે શ્રદ્ધા પાળે એટલે નિરંતર ઉત્તમભાવ વધારે, હવે તે કેવી રીતે પાળે, તે કહીએ છીએ, શંકા છોડીને પાળે, આ શંકા બે પ્રકારની છે. સર્વ શંકા અને દેશ શંકા આ સર્વ શંકામાં જીનેશ્વરનો માર્ગ છે કે નહિ? અને દેશ શંકામાં અપકાય વિગેરેના જીવો છે કે નહિ? કારણ કે પ્રવચનમાં વિશેષ પ્રકારે કહિને બતાવેલ છે. તેથી તથા સ્પષ્ટ ચેતના લિંગના અભાવથી જીવો નથી વિગેરે શંકાઓને દૂર કરી સાધુના

સંપૂર્ણ ગુણોને પાળે. અથવા વિસ્રોત બે પ્રકારે છે. દ્રવ્યથી નદી વિગેરેના ઝરણો જોરથી ચાલે છે તે, અને ભાવ વિસ્રોત તે મોક્ષ તરફ સમ્યક્‌દર્શન વિગેરે ઝરણોથી મોક્ષ માર્ગમાં ચાલનારાઓને ઉલટું ગમન થાય (અધમભાવે પરિણમે) તેમને છોડીને સંપૂર્ણ અણુગારના ગુણોને ભજનારો થાય છે. તે પણ શ્રદ્ધા પાળવાના અર્થમાં છે. વળી—'**विजहित्ता पूव्त्र संजोगं**' એટલે પૂર્વનો સંબંધ જે માતા પિતા સાથે છે તથા પાછલો સંબંધ જે સસરા વિગેરે સાથે છે તે બન્ને સંયોગને છોડીને શ્રદ્ધા પાળે તેમાં જેને આ ઉપદેશ દેવાય છે તે શંકા અથવા કુભાવના છોડીને શ્રદ્ધાનું પાલન કરવું તેનેજ કહેવાય છે. તેથી એમ સમજવું કે જંબૂસ્વામીને કહે છે કે તમે આવું સંયમનું રૂડું અનુષ્ઠાન કરશો એટલુંજ નહિં પણ બીજા મહા સત્વવાળા પુરૂષો થઇ ગયા તે પણ પૂર્વે આ પ્રમાણે કરતા હતા તે બતાવે છે.

**पणया वीरा महा वीहिं ( सू० २० )**

પરિષહ, ઉપસર્ગ, કષાય, તેમની સેનાના વિજયથી વીરપદ પામેલા અને મહાન પંથ સમ્યક્‌દર્શન વિગેરે રૂપ મોક્ષમાર્ગ જે જિનેશ્વર વિગેરે સત્પુરૂષોએ વારંવાર વાપરેલો તેને અનુસરીને વીર્યવાળા બની સંયમ અનુષ્ઠાન કરે છે. તેથી ઉત્તમ પુરૂષોથી આ માર્ગ ઉપયોગમાં લેવાયલો છે. એવું બતાવી તેમણે પાડેલા માર્ગમાં વિશ્વાસવાળા

શિષ્યો સંયમ અનુષ્ઠાન સુખથીજ કરશે, ઉપદેશ કર્યા પછી કહે છે, કે લોક વિગેરે છે તેમાં તમારી બુદ્ધિ અપ્કાયના જીવ વિગેરે વિષયોમાં અસંસ્કારી હોવાથી ન પહોંચે તો પણ ભગવાનની આજ્ઞા છે. તેથી માનવું જોઇએ તે કહે છે.–

**लोगंच आणाए अभिसमेचा अकुओ भयं ( सू० २१ )**

અહિં લોક શબ્દથી ચાલતા પ્રસંગે અપ્કાયનો વિષય હોવાથી અપ્કાયનેજ લેવો તે અપ્કાય લોકને અને 'ચ' શબ્દથી અન્ય પદાર્થો ને આજ્ઞાવડે એટલે જિનેશ્વરનાં વચનની બહુ માન્યતાથી સારી રીતે જાણીને આ અપ્કાયના જીવો છે. એવું માનીને તેમને કોઇ પ્રકારે ભય ન થાય એવો અકુતો ભય સંયમ પાળવો અથવા અકુતો ભય એટલે અપ્કાય જીવનો સમુહ છે તે કોઇથી ભય ન વાંચ્છે, કારણ કે તેમને પણ મરણની બીક લાગે છે. માટે ભગવાનની આજ્ઞાથી તેની રક્ષા કરવી તેમની રક્ષા માટે શું કરવું તે કહે છે.

**से बेमि णेव सयं लोगं अब्भाइक्खिज्जा णेव अत्ताणं अब्भाइक्खिज्जा, जे लोयं अब्भाइक्खइ, से अत्ताणं अब्भाइक्खइ, जे अत्ताणं अब्भाइक्खइ, से लोयं अब्भाइक्खइ ( सू० २२ )**

સુધર્મા સ્વામી કહે છે કે હે જંબુ જેમેં ભગવાન પાસે સાંભળ્યું છે. તેજ તને કહું છું પણ કલ્પના કરીને નથી

કહેતો, આ અપ્ કાય જીવનો સમૂહ જીવ છે એમ હું જે કહું છું તે અચોરને ચોર કહેવા માફક જુઠું નથી કહેતો, કોઇ એમ કહે કે, અપ્કાય જીવ, નથી, ફક્ત ઘી, તેલ, વિગેરે જેમ ઉપ કરણ છે તેમ તે ઉપ કરણ માત્ર છે. આ અસત્ અભિયોગ છે. કારણ કે હાથી વિગેરેમાં પણ કરણપણું આવી જશે તેથી શંકા થશે કે હાથીમાં જીવ છે કે નહિ ?

શંકા—આજ અભ્યાખ્યાન છે કે તમો અજીવોને જીવપણું આપોછો. આચાર્યનું સમાધાન; એમ નથી. અમે પૂર્વે પાણીનું સચેતન પણું સિદ્ધ કર્યું છે. જેમ આ શરીરનો હું વિગેરે હેતુ સહિત આત્મા અધિષ્ઠિત છેએટલે શરીરથી આત્મા જુદો છે. એવું પૂર્વે સાધ્યું છે. એજ પ્રમાણે અપ્કાય પણ અવ્યક્ત ચેતન વડે પૂર્વે સચેતન સાધ્યો છે. અને સાધેલાને અભ્યાખ્યાન કહેવું; તે ન્યાય નથી, વળી વાદી કહે છે કે આત્માને પણ શરીરનો અધિષ્ઠાતા માનવો તે અભ્યાખ્યાન છે. કારણ કે તે ક્રિયા કરતો યુક્તિમાં ઘટતો નથી, એટલા માટે કહે છે. આત્માને શરીરનો અધિષ્ઠાતા એટલે હું જ્ઞાનથી અભિન્ન ગુણવાળો પ્રત્યક્ષ સિદ્ધ છું, એવું દરેક જાણે છે તેથી તેને ન લોપે.

શંકા—આ અમે કેવી રીતે જાણીએ કે આત્મા શરીરમાં ઘરના માલીક માફક રહેલો છે ?

ઉત્તર—ભૂલાવાના સ્વભાવવાળો દેવોનો પ્રિય હેવાદિ !

આગળ કહેલું છતાં ફરીને કહેવડાવે છે. ફરીથી સાંભળ, જેમકે આ શરીર કોઇથી લવાયું છે, તેનો સંબંધ આ શરીર સાથે છે. તેથી કફ, લોહી, અંગ, ઉપાંગ વિગેરે પરિણતિને પામેલાથી અન્ન વિગેરે માફક છે, તેવીજ રીતે કોઇ સંધિ રાખનારાથીજ ઉત્સૃષ્ટ (ત્યજાયલું) છે. લીધેલું હોવાથી અન્ન મળ ( વિષ્ટા ) ની માફક છે, વળી તેજ પ્રમાણે જ્ઞાનની ઉપલબ્ધિ પૂર્વક પરિસ્પંદ ( શરીરનું હલન ચલન ) પણ ભ્રાંતિ રૂપ નથી, કારણ કે પરિસ્પંદપણે થવાથી તમારાં વચન જેમ બુદ્ધિપૂર્વક બદલાય છે, તેમ; વળી ચોથું અનુમાન કહે છે. અંદર રહેલો માલિક છે તેના વ્યાપારને ભજનારી ઇન્દ્રિયો છે. કરણપણે હોવાથી, જેમ દાતરડું વિગેરે, ઉપયોગપૂર્વક હાથથી ચાલે તેમ આ છે. આ પ્રમાણે ચાર અનુમાન પ્રમાણ આપીને જીવને શરીરની અંદર રહેલો સિદ્ધ કર્યો, તે પ્રમાણે કુતર્ક માર્ગને અનુસરનારા હેતુની માળા ( શ્રેણી ) ને સ્યાદ્વાદ કુહાડાવડે દરેક આત્માર્થીએ ઉચ્છેદ કરવો, અર્થાત્ ( નાસ્તિકોને જીવ સત્તા સિદ્ધ કરી આપવી ) એ પ્રમાણે જો ઉત્પત્તિ અને પ્રાપ્ત થએલો આત્મા શુભ અશુભ ફળને ભોગવનારો જાણવા છતાં કોઇ ન માને, તો એ પ્રમાણે થતાં જે અજ્ઞ છે તથા કુતર્ક રૂપ તિમિરથી જેનાં જ્ઞાન ચક્ષુ હણાયાં છે, તે અપકાયના જીવને ન માને, તે અપકાયને ન માનતાં સર્વ પ્રમાણથી સિદ્ધ એવા આત્માને પણ ઉડાવે છે! એટલે જે એમ કહે છે, કે હું નથી, તે

પોતે સામર્થ્યથી અપ્કાયના જીવોને પણ ન માને, કારણ કે આત્માની અંદર હાથ વિગેરે અવયવ યુક્ત શરીર અધિષ્ઠાતા છે છતાં તેને ઉડાવે છે, તો પછી જેનું ચેતના લિંગ અવ્યક્ત છે એવા અપકાય જીવોને ઉડાવે એ તો સહેલુંજ છે.

આ પ્રમાણે અનેક દોષો આવતા જાણીને બુદ્ધિમાન પુરૂષે અપકાય નથી, એવું ખોટું ન બોલવું, એવું વિચારીને અપકાયમાં પણ જીવ છે, એમ સમજીને અપકાયનો આરંભ સાધુઓએ ન કરવો, પણ બૌદ્ધ મત વિગેરેના સાધુઓ તેનાથી ઉલટા એટલે અપકાયની હિંસા કરનારા છે, તે બતાવે છે.

**लज्जमाणा पुढो पास अणगारा मोत्ति एगे पवयमाणा जमिणं विरूवरूवे हिं सत्थे हिं उदय कम्म समारंभेणं उदय सत्थं समारंभ माणे अणेग रूवे पाणे विहिंसइ। तत्थ खलु भगवता परिण्णा पवेदिता। इमस्स चेव जीवियस्स परिवंदण माणण पूयणाए जाइ मरण मोयणाए दुक्ख पडिघाय हेउं से सयमेव उदय सत्थं समारभति अण्णे हिं वा उदय सत्थं समारंभावेति अण्णे उदय सत्थं समारंभं ते समणु जाणाति। तं से अहियाए तं से अबोहि ए। से तं सं बुज्झमाणे आयाणीयं समुट्ठाय**

**सोचा भगवओ अणगाराणं अंतिए इह मेगे सिं-णायं भवति-एस खलु गंथे एस खलु मोहे एस खलु मारे एस खलु णरए इच्चत्थं गढ्ढिए लोए ज-मिणं विरूवरूवे हिं सत्थे हिं उदय कम्म समारंभेणं उदय सत्थं समारंभ माणे अण्णे अणेग रूवे पाणे विहिंसइ। से बेमि संति पाणा उदय निस्सिया जीवा अणेगे ( सू० २३ )**

અન્ય સાધુઓ પોતાની પ્રવ્રજ્યાને લજાવનારા અથવા સાવદ્ય અનુષ્ઠાનથી લજ્જા પામેલા જુદા પડેલા શાક્ય, ઉલૂક, કણ-ભુક્, કપિલ, વિગેરેના જે મુનિઓ છે તેમને તું જો, એવું જૈનાચાર્ય શિષ્યને કહે છે. અવિવક્ષિત કર્મવાળા છતાં અક-ર્મક થાય છે. જેમકે તું જો, મૃગ દોડે છે. એ પ્રમાણે બીજી વિભક્તિના અર્થમાં પહેલીનો પ્રત્યય છે. તેનો અર્થ આ છે કે શાક્ય વિગેરે સાધુઓ દિક્ષા લીધેલી છે છતાં સાવદ્ય અનુષ્ઠાન કરે છે. એવા જુદા જુદા પડેલાને તું જો, તેઓએ જેનાવડે સાધુને અયોગ્ય આચરણ કર્યું તે આ પ્રમાણે બતાવ્યું, તે કહે છે કે અમે સાધુ છીએ એવું કેટલાક શાક્યાદિ બતાવે છે તે વ્યર્થ બતાવે છે. કારણ કે તેઓ ઉત્સેચન, અગ્નિ વિદયાપન, વિગેરે શસ્ત્રોથી સ્વકાય અને પરકાય એ બે ભેદથી ભિન્ન શસ્ત્રોવડે ઉદક કર્મ ( પાણીને દુઃખ દેવું ) કરે છે. ઉદકના કર્મ સમારંભ વડે અથવા

ઉદકમાં શસ્ત્ર તે ઉદકજ શસ્ત્ર ચલાવે છે. અને તેથી તે કર્મ કરતાં વનસ્પતિ તથા બેઇન્દ્રિય જીવ વિગેરે હણે છે. ત્યાં આગળ નિશ્ચે કરીને જિનેશ્વર દેવે પરિજ્ઞા બતાવી છે કે જેમ આ જીવિતવ્યનાજ પરિવંદન, માનન, પૂજન, જન્મ મરણથી મૂકાવાને માટે તથા દુઃખનો નાશ કરવા જે કરે છે તે, બતાવે છે. પોતે પાણીના જીવોનો સમારંભ કરે છે, બીજાઓ પાસે સમારંભ કરાવે છે. અને સમારંભ કરનારાને અનુમોદે છે. તે કરવું કરાવવું અનુમોદવું અને તેનાથી અપ્કાયના જીવોને દુઃખ થાય છે, તેનું ફળ આ પ્રમાણે છે. અહિત માટે અબોધિલાભ માટે અર્થાત્ પાણીના જીવોને દુઃખ દેનારનું અહિત થાય છે તથા સમ્યકત્વ (ધર્મ બીજ) નાશ થાય છે. આ બધું સમજનારો પુરૂષ ગ્રહણ કરવા યોગ્ય સમ્યક્ દર્શન વિગેરે સારી રીતે ભગવાન અથવા સુસાધુઓ પાસે સાંભળીને આ લોકના કેટલાક સાધુઓને જે જાણપણું થાય છે તે બતાવે છે.

આ અપ્કાયને દુઃખ દેવું તે ખરેખર ગ્રન્થ, (પાપનો સમૂહ એકઠો થવો) મોહ, માર, નર્ક છે. છતાં તેને અર્થે ગૃદ્ધ થયેલો લોક પાણીને દુઃખ દેનારાં વિરૂપ શસ્ત્રોવડે પાણીને દુઃખ દેવા સાથે તેને આશ્રી બીજા અનેક જીવોને જુદી જુદી રીતે હણે છે, તે બધું પૂર્વ માફક જાણવું. ફરીથી સુધર્મા સ્વામી કહે છે કે આ અપ્કાય સંબંધી તત્વનું

વૃત્તાંત મેં પૂર્વે સાંભળ્યું તે ઉદકમાં રહેલા પ્રાણીઓ પોરા, મત્સ્ય વિગેરે જે જીવો છે તેને પણ પાણીના સમારંભ કરનારો હણે છે. અથવા બીજો સંબંધ આ છે કે પૂર્વે કહેલું ઉદક શાસ્ત્ર આરંભતો બીજા અનેક જીવોને અનેક રીતે હણે છે.

શંકા—એ કેવી રીતે જાણવું શક્ય છે?

ઉત્તર–જીવો છે. તે અમે પૂર્વે કહી ગયા છીએ.

શંકા–તે કેટલા છે. ?

ઉત્તર–જીવો અનેક છે.

અહિંઆ જીવનું ફરી ઉપાદાન ઉદકમાં રહેલા ઘણા જીવો છે તે જણાવવા માટે કર્યું છે તેથી એમ સમજવું કે એક એક જીવ ભેદમાં ઉદકને આશ્રી અસંખ્યાત પ્રાણીઓ છે. એ પ્રમાણે તેઓ અપકાયનો સમારંભ કરતાં તે પુરૂષો પાણીને તથા પાણીના આશ્રયના ઘણા જીવોને મારનારા થાય છે. તે જાણવું.

હવે શાકયાદિ ઉદક આશ્રિત બેઇન્દ્રિય જીવોને ઇચ્છે છે પણ ઉદકને નહિ, તે બતાવે છે.

**इहं च खलु भो ! अणगाराणं उदय जीवा वियाहिया ( सू० २४ )**

અહિંઆ જ્ઞાતપુત્ર મહાવીર તેના પ્રવચન તે બાર અંગ જે ગણી પિટક નામે ઓળખાય છે. તેમાં સાધુઓને બતાવ્યું છે કે ઉદકરૂપ જીવ છે અને 'ચ' શબ્દથી તેને

આશ્રિત પોરા છેદનક, લોદ્રણુક, ભમરા, માછલાં વિગેરે અનેક જીવો છે. તેમાં અવધારણ ફળ આ છે કે જૈન શાસ્ત્ર માફક બીજામાં આવી રીતે પાણીના જીવો સિદ્ધ નથી કર્યા.

શંકા—જો એમ હોય, કે પાણીજ જીવ છે તો તેનો વારંવાર પરિભોગ કરતા સાધુઓ પણ પાણીના જીવોના ઘાતક સિદ્ધ થશે ?

ઉત્તર—એમ નથી પણ અમે પાણીના સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ ભેદ માનીએ છીએ અને અચિત્ત, અપકાયનો ઉપભોગ થાય, એવી વિધિ છે. પણ સચિત્ત અથવા મિશ્ર પાણી સાધુ ન વાપરે.

પ્રશ્ન—આ પાણી અચિત્ત સ્વભાવથી થાય છે કે શસ્ત્રના સંબંધથી ?

ઉત્તર—બન્ને પ્રકારે. એમાં જે અપ્‌કાય સ્વભાવથી અચિત્ત છે, તેને જો બાહ્ય શસ્ત્રનો સંપર્ક ન થાય, તો તેને અચિત્ત જાણનારા પણ કેવળજ્ઞાની મનઃપર્યાયજ્ઞાની અવધિ તથા શ્રુતજ્ઞાની મુનિઓ પણ તેને વાપરે નહિં; કારણ કે તેથી મર્યાદા તુટી જવાની બીક રહે છે. જેમકે ગુરૂ પરંપરાથી સાંભળીએ છીએ કે, ભગવાન શ્રી મહાવીરે પૂર્ણ નિર્મળ પાણીથી ઉલસત્ તરંગવાળો તથા શેવાળ સમૂહત્રસ વિગેરે જીવ રહિત અને જેમાં બધા પાણીના જીવો અચિત્ત થઇ ગયેલા છે એવો એક અચિત્ત પાણીથી ભરેલો મોટો કુંડ દેખીને

પણ ઘણીજ તરશથી પીડાતા પોતાના શિષ્યોને તે પાણી પીવાની આજ્ઞા ન આપી તથા અચિત્ત તલનું ગાડું સ્થડિંલના પરિભોગની અનુજ્ઞા અનવસ્થા દોષના રક્ષણને માટે ન આપી શ્રુતજ્ઞાનનું પ્રમાણપણું બતાવવા માટે, કારણ કે સ્વભાવથી અચિત્ત અપ્કાય કેવળ જ્ઞાનથીજ જણાય, પણ શ્રુતજ્ઞાનથી ન જણાય, અને સાધુઓને શ્રુતજ્ઞાનપણે ચાલવાનું હોવાથી તેજ પ્રમાણે કર્યું, જેમકે સામાન્ય શ્રુતજ્ઞાની હોય તે બાહ્ય ઇન્ધનના સંપર્કથી ગરમ થયેલું તેજ અચિત્ત જળ છે એમ માને છે. પણ લાકડાના તાપ વિના પાણી પોતાની મેળે અચિત્ત નજ થાય એમ વ્યવહાર છે. બાહ્ય શસ્ત્રના સંપર્કથી જુદા પરિણામને પામેલું એટલે તેનો વર્ણ ગંધ વિગેરે બદલાય તે અચિત્ત થયેલું કહેવાય, અને તેજ સાધુઓને વાવરવું કલ્પે, હવે તે શસ્ત્રો બતાવે છે.

**सत्थं चेत्थं अणुवीइ पासा, पुढो सत्थं पवेइयं ( सू० २५ )**

જેનાથી પ્રાણીઓ શસ્ય થાય (મરાય) તે શસ્ત્ર, તે ઉંચે ચડાવવું ગાળવું ઉપકરણ ધોવા અને પોતાની કાયા વિગેરેથી જે પૂર્વ અવસ્થાથી વિલક્ષણ રૂપવાળા થવું, તે જેનાવડે થાય, તે પાણીનું શસ્ત્ર કહેવાય, જેમકે અગ્નિ પુદ્ગલ અંદર જવાથી થોડું પિંગળ ( પીળું ) પાણી ગરમ થાય છે, તે ગંધથી પણ ધુમાડાના ગંધ જેવું થાય છે. રસથી પણ

વિરસ થાય છે, અને સ્પર્શથી ઉષ્ણ હોય છે. તથા ત્રણ ઉકાળા ( ઉભરા ) આવેલ હોય, એવું બરોબર ઉકાળેલું પાણી હોય તે કલ્પે છે. શિવાયનું નહિ. વળી કચરો કરીષ ( છાણાં ) ગોમુત્ર ઉષ વિગેરે તથા ઇન્ધન ( લાકડાં ) થી સ્તોક અને મધ્ય એવા ઘણા ભેદથી એટલે થોડામાં થોડું નાંખે એવી ચોભંગીની ભાવના કરવી એ પ્રમાણે ત્રણ પ્રકારનું શસ્ત્ર છે. અહિંઆ 'ચ' શબ્દ અવધારણ અર્થમાં છે. તેથી એમ જાણવું કે પૂર્વે બતાવેલાં ત્રણ શસ્ત્ર એટલે પાણીનો જે કપડાં વિગેરે ધોવાથી સ્વભાવ બદલાય તે સ્વકાય શસ્ત્ર તથા અગ્નિથી તપાવેલું તથા કચરા વિગેરેથી મળેલું એવું ત્રણ પ્રકારનુ પાણી જે અચિત થયેલું હોય તેજ લેવું. આ અપકાયના વિષયમાં વિચારીનેજ અમે આ એનું શસ્ત્ર છે તેજ બતાવ્યું. પશ્ય ક્રિયાપદવડે શિષ્યને પ્રેરણા કરી કે તે તું જો ( કે આ પાણીનાં શસ્ત્ર છે. ) તેજ બતાવે છે કે ॥ ૨૫ મું સૂત્ર છે તેમાં જુદાં જુદાં ઉત્સેચન ( છાંટવું ) વિગેરે શસ્ત્ર ભગવાને બતાવ્યાં છે. અથવા પાઠાન્તરનાં આ પાઠ છે કે—

**पुढोऽपासं पवेदितं ।**

એ પ્રમાણે જુદાં જુદાં લક્ષણવાળા શસ્ત્રોવડે પરિણામને પામેલું પાણી ગ્રહણ કરે એમ અપાશ બતાવ્યું એટલે અપાશથી એમ સુચવ્યું કે અચિત્ત પાણી લે તો કર્મ બંધ ન થાય એ પ્રમાણે સાધુઓને, સચિત્ત તથા મિશ્ર પાણી ત્યાગીને

કેવળ અચિત્ત પાણીએ કામ ચલાવવું, જેઓ શાક્યાદિ સાધુઓ છે. તે અપકાયના ઉપભોગમાં લીન થયેલા છે, તેઓ નિયમથી અપ્કાયને હણે છે. અને તેના આશ્રયમાં રહેલા બીજાઓને પણ હણે છે. આથી તેઓને ફક્ત પ્રાણાતિપાતનો દોષ નથી લાગતો, પણ બીજા દોષો સાથે લાગે છે. તે બતાવે છે—

**अदुवा अदिन्नादाणं ( सू० २६ )**

અથવા શબ્દથી બીજા પક્ષના ઉપન્યાસ દ્વારવડે અભ્યુચ્ચય બતાવવા માટે છે તેથી એમ જાણવું કે અચિત્ત ન થયેલું પાણી વાપરવામાં પ્રાણાતિપાતનો દોષ લાગે છે એમ નહીં પણ તેની સાથે અદત્તા દાનનો પણ દોષ લાગે છે. કારણ કે અપ્કાયના જીવોએ જે શરીરો મેળવ્યાં છે, તેઓએ તેમને વાપરવાની આજ્ઞા આપી નથી, કે તમો અમોને વાપરો, છતાં તેઓ વાપરે છે. જેમ કોઇ ભિક્ષુ શાકયના સચિત્ત શરીરમાંથી ટુકડો છેદી લે તો લેનારને અદત્તાનો દોષ લાગે છે. કારણ કે તે પારકી વસ્તુ છે. જેમ કોઇ પારકી ગાય વિગેરે ચોરી જાય તો ચોર ગણાય, એજ પ્રમાણે અપ્કાયના જીવોએ જે શરીર ગ્રહણ કરેલાં છે તે બીજા લે તો અદત્તા દાનનો દોષ અવશ્ય લાગે, કારણ કે સ્વામીએ તેમને આજ્ઞા આપી નથી.

શંકા—જેનો કુવો કે તળાવ હોય તેની આજ્ઞા લઇને

કોઇ પાણી પીએ, તો તેમાં સ્વામીએ એકવાર આજ્ઞા આપવાથી દોષ લાગતો નથી તેમ પારકાનું ઢોર હોય, અને તે આજ્ઞા આપે અને બીજો મારે, તેમાં દોષ નથી આ પણ સાધ્ય અવસ્થાવાળુંજ અમે કહેલું છે.

ઉત્તર—આ પણ સાધ્ય અવસ્થાને યોગ્ય બતાવ્યું છે કારણ કે પશુ પણ શરીર અર્પણ કરવાથી વિમુખજ છે. અને આર્ય મર્યાદા ઓલંઘનારાઓ મોટેથી બરાડા પાડતા પશુને મારે છે. તો શા માટે અદત્તા દાન ન થાય? કારણ કે પરમાર્થ ચિંતાએ જોતાં કોઇ પશુ વિગેરેનો કોઇ બીજો માલીક નથી. હવે વાદી કહે છે કે, જો જૈનોના કહેવા પ્રમાણે માનીએ, તો વ્યવહારની અંદર બધા લોકમાં પ્રસિદ્ધ ગાયના દાન વિગેરેની રૂઢી તુટી જાય.

જૈનાચાર્ય—ભલે એ પાપ સંબંધ તુટી જાય, પણ તેથી તે પશુ વિગેરે દાસી તથા બળદની માફક દુઃખી નહિં થાય અને હળ તથા તલવારની માફક બીજાઓના દુઃખની ઉત્પત્તિનું કારણ પણ નહિં થાય એનાથી વ્યતિરિક્ત અને લેનાર તથા દેનાર બન્નેને એકાંતથી ઉપકાર કરનારી, આપવા લાયક બીજી વસ્તુ જિનેન્દ્ર મતવાળા બતાવે છે. કહ્યું છે. કે—

**यत्स्व यमदुःखितं स्यात्, नच पर दुःखे निमित्त भूतमपि ।**
**केवल मुपग्रह करं, धर्मकृते तद्भवेद्देयम् ॥ १ ॥**

જે પોતે દુઃખી ન થાય અને બીજાને દુઃખ દેવામાં નિમિત્ત ન થાય, અને કેવળ ઉપકાર કરનારી વસ્તુ હોય તેજ ધર્મને માટે આપવી જોઇએ, આ ઉપરથી એ સિદ્ધ થયું કે પશુ વિગેરેનું આપવું તે પણ અદત્તા દાનજ છે. હવે એ દોષને પોતાના સિદ્ધાંતના સ્વીકારના દ્વારવડે વાદી બીજા દોષ દુર કરવાને માટે કહે છે.

**कप्पइ णे कप्पइ णे पाउं, अदुवा विभूसाए**
( સૂ૦ ૨૭ )

અશસ્ત્ર ઉપહત (સચિત્ત) જળ વાપરનારાઓને આ પ્રેરણા કરતાં તેઓ આ પ્રમાણે કહે છે. આ અમારી પોતાની બુદ્ધિથી સમારંભ કરતા નથી. કિંતુ અમારા આગમમાં નિર્જીવ પણાવડે ન નિષેધ કરવાથી અમને પીવાને તથા વાપરવાને કલ્પે છે. અને જુદા જુદા પ્રયોજનમાં ઉપભોગ કરવાની અમોને આજ્ઞા આપી છે. જેમ કે આજીવિક ( ગોશાલના મતવાળા ) તથા ભસ્મસ્નાયી વિગેરે કહે છે કે અમને પાણી પીવાને કલ્પે છે, પણ નહાવાને નહિ, તથા બૌધ મતવાળા અને પરિવ્રાજક વિગેરે કહે છે કે સ્નાન, પાન, અવગાહન, વિગેરે બધામાં અમોને સચિત્ત જળ કલ્પે છે, તેજ પોતાના નામ લઇને બતાવે છે. અથવા પાણી અમારા શરીરની શોભા માટે અમારા સિદ્ધાંતમાં બતાવ્યું છે. વિભૂષા એટલે હાથ, પગ, મળદ્વાર તથા મુખ વિગેરે ધોવાં, તથા વસ્ત્ર વાસણ વિગેરે ધોવાં એ

પ્રમાણે સ્નાન વિગેરે પવિત્ર અનુષ્ઠાન કરનારને કંઇ પણ દોષ નથી જૈનાચાર્ય તેમનું ખંડન કરીને કહે છે કે—

એ પ્રમાણે તેઓ વ્યર્થ વચન બોલનારા પરિવ્રાજક વિગેરે પોતાના સિદ્ધાંતના ઉપન્યાસવડે મુગ્ધ બુદ્ધિવાળાને મોહ પમાડીને શું કરે છે, તે કહે છે.

**पुढो सत्थे हिं विउट्टन्ति ( सू० २८ )**

વિભિન્ન લક્ષણવાળા એટલે જુદી જુદી રીતે છાંટવા વિગેરે શસ્ત્રોથી તે અનગારથી વિરૂદ્ધ આચરણ કરનારા અપકાયના જીવોને તેમના જીવનથી દૂર કરે છે. અથવા જુદા જુદાં શસ્ત્રોવડે અપકાયના જીવોને છેદે છે. મૂળસૂત્રમાં કુટ્ટ ધાતુ છે, તેનો અર્થ છેદનના રૂપમાં છે હવે તેમના કહેલા આગમને અનુસરનારાઓના મતને અસારપણે બતાવવા કહે છે.

**एत्थवि तेसिं नो निकरणाए ( सू० २९ )**

ચાલતા વિષયમાં તેઓના મત પ્રમાણે સ્વીકારે છતે તેઓ પાણી પીવામાં ન્હાવામાં ધોવામાં વાપરે તો તે સિદ્ધાંત સ્યાદ્વાદ યુક્તિવડે ખંડન થયેછતે નિશ્ચય કરવાને તેઓ સમર્થ નથી તેઓની યુક્તિઓ કેવળ નિશ્ચયને માટે સમર્થ નથી એટલુંજ નહિં પણ તેમના આગમ પણ નિશ્ચય કરવાને સમર્થ નથી.

પ્રશ્ન—કેવી રીતે તેમના આગમ નિશ્ચયને માટે સમર્થ નથી ?

ઉત્તર—તેમને એવું પૂછવું કે તમારો આગમ કયો છે કે જેના આદેશવડે તમારો અપ્કાયનો આરંભ છે ! તેઓ પ્રાતવિશિષ્ટ અનુપૂર્વી વિન્યસ્ત વર્ણ પદ વાક્ય સમૂહવાળો આપ્ત પુરૂષે કહેલો આગમ છે એમ કહેશે અથવા તો તે નિત્ય અકર્તૃક છે, એમ કહેશે તો પહેલાના ઉત્તરમાં એજ કહેવું કે જેનો માનેલો તે તેનો આપ્ત (વિશ્વાસલાયક પુરૂષ) છે. તેથી તે દૂર કરવા યોગ્ય છે કારણ કે તે અનાપ્ત છે. તેથી અપ્કાયના જીવોનું તેને જ્ઞાન નથી અથવા તેને જ્ઞાન હોય છતાં તેના વધની આજ્ઞા આપેલી છે. તેથી તમારી માફકજ તે અનાપ્ત છે. કારણ કે અમે પાણીનું જીવપણું પૂર્વે સાધી ગયા છીએ અને તેથી તેમના કહેલા સિદ્ધાંતો પણ સદ્ધર્મની પ્રેરણામાં અપ્રમાણ થશે અને શેરીમાં ફરતા પુરૂષના વાક્ય માફક તે વાકયો પણ અનાપ્ત પુરૂષનાં કહેલાં છે એમજ મના:શે.

હવે વાદીઓ એમ કહે કે અમારો આગમ આપ્ત પ્રણીત નથી પણ નિત્ય અકર્તૃકજ છે, તો નિત્યપણું સિદ્ધ થશે નહિં, કારણ કે તમારો આગમ વર્ણપદ વાકયવાળો છે. તેથી સકર્તૃક છે. અને વિધિ તથા પ્રતિષેધરૂપવાળો છે. ઉભય સંમત સકર્તૃક ગ્રંથની માફક સ્વીકારવા યોગ્ય છે. અથવા આકાશાદિની માફક તમારા ગ્રંથને તમારૂં નિત્ય માનવું અમે અપ્રમાણ ગણીએ છીએ, કારણ કે આકાશની માફક તમારો સિદ્ધાંત નિત્ય નથી પણ તેમાં હંમેશા પ્રત્યક્ષની પેઠે ફેરફાર દેખાય છે.

વળી જેઓ વિભૂષાસૂત્ર બતાવે છે, તેના અવયવમાં પણ પ્રશ્ન પૂછતાં ઉત્તર દેવાને તેઓ સમર્થ નહિ થાય, જેમકે અમે કહિશું કે-યતિને યોગ્ય સ્નાન નથી, કારણકે આભૂષણની માફક તે કામાંગ છે. અને સ્નાનમાં કામાંગતા સર્વ જન પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—

**स्नानं मददर्प करं कामांगं प्रथम स्मृतम् ।**
**तस्मात्कामं परित्यज्य नैवस्नांति दमेरताः ॥ १ ॥**

સ્નાન, મદ અને દર્પ કરનારૂં છે, અને તે કામનું પ્રથમ અંગ કહેલું છે; તેથી કામને છોડીને ઇન્દ્રિયોના દમનમાં રહેનારા સ્નાન નથી કરતા, વળી શૌચને માટે પણ પાણી પુરૂં નથી, કારણ કે તે પાણીથી ફકત બાહ્ય મલજ દૂર કરાય છે; પરંતુ અંદર રહેલો કર્મનો મેલ દૂર કરવા માટે પાણી સમર્થ નથી, તેથી શરીર વાચા અને મન તેમની અકુશળ વર્તણુંક રોકવારૂપ ભાવ શૌચજ કર્મ ક્ષય કરવાને સમર્થ છે, પણ તે પાણીથી સાધ્ય થાય તેમ નથી.

પ્રશ્ન—શા માટે પાણી સમર્થ નથી ?

ઉત્તર-સર્વ પદાર્થો અન્વય વ્યતિરેકને આશ્રી છે. કારણ કે પાણીમાં રહેનારાં માછલાં વિગેરે પાણીમાં સદા સ્નાન કરતા હોવાં છતાં પણ તેઓનું માછલાપણું દુર થતું નથી અને પાણીથી સ્નાન નહિ કરનાર મહર્ષિઓ વિચિત્ર તપ વડે સંસાર ભ્રમણનું કર્મ હણે છે, તેથી એ સિદ્ધ થયું કે

તેમનો સિદ્ધાંત નિશ્ચયને માટે સમર્થ ન થયો.

તેથી આ પ્રમાણે પાણીના જીવોનું અશસ્ત્રપણું સિદ્ધ કરીને તેની પ્રવૃત્તિ અને નિવૃત્તિના વિકલ્પનું ફળ બતાવવાના દ્વારવડે સમાપ્ત કરવાની ઇચ્છાથી જૈનાચાર્ય આખા ઉદ્દેશાનો અર્થ કહે છે.

**एत्थ सत्थं समारंभ माणस्स इच्चेए आरंभा अपरिण्णाया भवंति एत्थ सत्थं असमारभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति तं परिण्णाय मेहावी णेव सयं उदय सत्थं समारंभेज्जा णेवण्णेहिं उदय सत्थं समारंभावेज्जा उदय सत्थं समारंभंतेऽवि अण्णे ण समणु जाणेज्जा, जस्सेते उदय सत्थ समारंभा परिण्णाया भवंति सेहु मुणि परिण्णात कम्मे ( सू० ३० ) त्तिबेमि ॥ इति तृतीयोऽप्कायोद्देशकः ॥**

આ અપકાયમાં દ્રવ્ય ભાવરૂપ શસ્ત્રને વાપરનારને આ સમારંભો બંધ કારણપણાથી અપરિજ્ઞાત છે. ( પાણીના જીવોને હણવાથી કર્મ બંધ થાય છે તે જાણતા નથી ) અહિંઆ અપકાયના જીવોનો શસ્ત્ર સમારંભ કરતાં આ સમારંભો કર્મ બંધનુ કારણ છે. તે જ્ઞપરિજ્ઞાથી સાધુ જાણીતા થાય છે. અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તે સમારંભો દૂર કરે છે. તે

પ્રત્યાખ્યાન પરિજ્ઞાને વિશેષથી જ્ઞ પરિજ્ઞાપૂર્વક બતાવે છે. ઉદકનો આરંભ કરવો બંધ માટે છે, એવું જાણીને મર્યાદામાં રહેલો ડાહ્યો પુરુષ પોતાની મેળે ઉદકને નાશ કરનાર શસ્ત્ર ન ચલાવે, ચલાવરાવે નહિ; અને ચલાવનારને અનુમોદે નહિ. જે મુનિને ઉદકશસ્ત્રના સમારંભ બન્ને પ્રકારે જાણીતા છે, તેજ મુનિને, મુનિ કહે છે જ્ઞાતા હે જંબૂ, મેં સાંભળ્યું છે, તે તને કહું છું. ॥ ત્રીજો ઉદ્દશ પૂરો થયો. ॥

હવે ચોથો ઉદ્દેશો કહીએ છીએ; તેનો ત્રીજા સાથે આ સંબંધ છે. ત્રીજા ઉદ્દેશામાં મુનિપણાના સ્વીકાર માટે અપ્કાય બતાવ્યો. હવે મુનિત્વના સ્વીકાર માટે ક્રમે આવેલો અગ્નિકાયનો ઉદ્દેશો બતાવે છે. (અગ્નિના જીવો બતાવવા ચોથો ઉદ્દેશો કહે છે,) તેનાં ઉપક્રમ વિગેરે ચાર અનુયોગદ્વાર કહેવાં; તેમાં નામ નિષ્પન્ન નિક્ષેપમાં તેજસ્ ઉદ્દેશો એવું નામ છે.

તેમાં તેજ શબ્દના નિક્ષેપા વિગેરે દ્વાર કહેવાં; અને અહિયાં પૃથિવીના વિકલ્પ માફક કેટલાંક દ્વારોમાં અતિદેશ (જૂદાપણું,) તથા વિલક્ષણપણાથી બીજાં દ્વારોનું અપ્ (પાણીનું) ઉદ્ધાર (બાકી રહેલાં) એ બેને ધ્યાનમાં લઇને નિર્યુક્તિકાર ગાથા કહે છે.

**तेउस्स वि दाराइं, ताइं जाइं हवंति पुढवीए ।**
**नाणत्ती उ विहाणे, परिमाणुव भोग सत्थे य ॥११६॥**

અગ્નિના પણ દ્વાર વિગેરે નિક્ષેપા પૃથ્વીમાં બતાવ્યા

છે, તેજ પ્રમાણે છે, પણ જે અપવાદ છે, તે કહે છે. વિધાન, પરિમાણ, ઉપભોગ, અને શસ્ત્ર એ નિક્ષેપામાં ભેદ છે, પણ બીજે જુદાપણું નથી. મૂળમાં 'ચ' શબ્દથી અહિં લક્ષણદ્વારનો પરિગ્રહ છે. હવે જેવી પતિજ્ઞા કરી; તે પ્રમાણે નિર્યુકિતકાર દ્વાર બતાવે છે.

**दुविहा य तेउ जीवा, सुहुमा तह बायरा य लोगंमि।**
**सुहुमाय सव्वलोए, पंचेव य बायर विहाणा ॥११७॥**

અગ્નિકાયના જીવો સૂક્ષ્મ, અને બાદર એમ બે પ્રકારે છે, તેમાં સૂક્ષ્મ તે સર્વ લોકમાં છે, અને બાદર અગ્નિકાયના પાંચ ભેદ છે તે બતાવે છે.

**इंगाल अगणि अच्ची, जाला तह मुम्मुरे य बोद्धव्वे।**
**बायर तेउ विहाणा, पंच विहा वण्णिया ए ए ॥११८॥**

તેમાં ધુમાડો, તથા જ્વાળા વિનાનું બળેલું લાકડું, તે અંગારો, તથા ઇન્ધનમાં રહેલો બળવાની ક્રિયાના વિશિષ્ટરૂપવાળો, તથા વીજળી, અને ઉલ્કાપાત, તથા અશનીથી ઘસાતાં ઉત્પન્ન થયેલ, તથા સૂર્યકાન્ત મણિના સંસૃત વિગેરેથી ઉત્પન્ન થયેલ તે અગ્નિ છે, તથા બળવાના સંબંધમાં રહેલો જ્વાળા વિશેષ તે અર્ચિ, અને અંગારાથી જુદી પડી તે સંબંધ વિનાના જે ભડકા, તે જ્વાળા, અને કોઇ કોઇ અગ્નિના કણ (તણખા,) અને ભસ્મ ઉડે છે, તે મુરમુર એમ પાંચ ભેદ બાદર અગ્નિ-કાયના છે, અને

એ બાદર અગ્નિનું પોતાનું સ્થાન ચિંતવતાં મનુષ્ય–ક્ષેત્રમાં અઢી દ્વીપ, અને બે સમુદ્રમાં વ્યાઘાત ન હોય; ત્યારે પંદર કર્મ–ભૂમિમાં છે, અને વ્યાઘાતમાં ફકત પાંચ મહાવિદેહમાં હોય છે. (જ્યારે ભરત ઐરવ્રતમાં જુગલીઆં હોય; ત્યારે બાદર અગ્નિકાય ન હોય.) એ શિવાય બીજે બાદર અગ્નિકાય હોય. હવે ઉપપાત ચિંતવતાં લોકના અસંખ્યેય ભાગ વર્તી છે. સિદ્ધાન્તમાં આ પ્રમાણે કહ્યું છેઃ—

**उववायेणं दोसु, उड्ढकवाडेसु तिरिय लोय तट्टे य**

તેનો અર્થ આ પ્રમાણે છે. અઢી દ્વીપ બે સમુદ્રની બાહુલ્ય ( લંબાઇ ) પૂર્વ પશ્ચિમ દક્ષિણ સ્વયંભૂરમણ પર્યંત, આયત ( વિસ્તારવાળા ) ઉર્ધ્વ અધો લોક પ્રમાણ કમાડ, તે બેની વચમાં રહેલા બાદર અગ્નિમાં ઉત્પન્ન થતાં તેનો વ્યપદેશ અગ્નિકાય ( નામ ) પામે છે. તથા તિર્યક્ લોક પ્રમાણ થાળીના આકારમાં રહેલો બાદર અગ્નિમાં ઉત્પન્ન થયેલો બાદર અગ્નિકાયનો વ્યપદેશ પામે છે. બીજા આચાર્ય આ પ્રમાણે કહે છે, કે તે બેની વચમાં રહેલો એટલે તિર્યક લોક એવો તત્સ્થ તે તિર્યક્ લોક તત્સ્થ તેમાં રહેલો ઉત્પન્ન થવાની ઇચ્છાવાળો બાદર અગ્નિનો વ્યપદેશ પામે છે. આ વ્યાખ્યાનમાં કમાડની અંદર રહેલોજ લેવો અને તે બન્નેની ઉંચા કમાંડની વચમાંનો આ કહેવાવડે તેજ આવ્યું છે. તેથી તેની વ્યાખ્યાના અભિપ્રાયને અમે સમજી શકતા નથી (આવું ટીકાકાર લખે છે.) કબાટની સ્થાપના આ પ્રમાણે છે.

સમુદ્‌ઘાતવડે સર્વ લોક વર્તી છે. અને પૃથિવકાય વિગેરે મારણાંતિક સમુદ્‌ઘાતવડે મરાયલા બાદર અગ્નિમાં ઉત્પન્ન થનારા તેના વ્યપદેશને પામનારા સર્વ લોકવ્યાપી હોય છે. અહિં જ્યાં બાદર અગ્નિકાય પર્યાપ્તા હોય ત્યાંજ બાદર અપર્યાપ્તા હોય કારણકે પર્યાપ્તાની નિશ્રાયે અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. તેથી એ પ્રમાણે સૂક્ષ્મ અને બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તાના ભેદ દરેક બબ્બે પ્રકારે છે. અને તે વર્ણ, રસ, ગંધ, સ્પર્શના આદેશવડે હજારો પ્રકારના ભેદવાળા સંખ્યેયયોનિ પ્રમુખ શતસહસ્ર (લાખ) ભેદના પરિમાણવાળા હોય છે, ત્યાં તેઓની સંવૃત, અને ઉષ્ણ યોનિ છે, તે સચિત્ત અચિત્ત અને મિશ્ર, એવા ત્રણ ભેદવાળી છે, અને એ અગ્નિકાયની બધી મળીને સાત લાખ યોનિ છે.

હવે મૂળમાં જે ચ શબ્દ છે, તેનો સમુચ્ચિત જે લક્ષણદ્વાર છે તે કહે છે.

**जह देह प्परिणामो रत्तिं खज्जोय गस्स सा उवमा।**
**जरियस्सय जह उम्हा तओवमा तेउ जीवाणं॥११९॥**

જેમ દેહના પરિણામ, તે પ્રતિવિશિષ્ટ શરીર–શક્તિ છે, તે રાત્રીમાં આગીયો જણાય છે, તેવી રીતે આ દેહનું પરિમાણ જીવ પ્રયોગની નિવૃત્ત શક્તિ દેખાડે છે. એવી રીતેજ અંગારા વિગેરેની પણ પ્રતિવિશિષ્ટ–પ્રકાશ વિગેરે શક્તિ અનુમાનમાં લેવાય છે. કે, જીવ પ્રયોગ વિશેષ વડે આ પ્રકટ

થઇ છે. ( ટીકાકારે નિર્યુક્તિનો અર્થ કરતાં આગીયાનું દૃષ્ટાંત બતાવી 'અંધારામાં તે પ્રકાશે છે, તેની ઉપમા લઈ જેમ પ્રકાશથી આગીયો જીવ છે, તેમ અગ્નિ પણ પ્રકાશ વિગેરે શક્તિથી જીવ છે. આ પ્રયોગ છે, અને તે શરીરના પરિમાણ વડે બતાવ્યો; તેમ અગ્નિકાય પણ જીવ માનવો; ) અથવા તાવની ગરમી જીવ-પ્રયોગને છોડીને જતી નથી; પણ તે જીવથી અધિષ્ઠિત-શરીરની અંદરજ રહે છે. આજ ઉપમા અગ્નિકાયના જીવોને છે, અને મરેલા તાવવાળા કોઇ જગોપર દેખાતા નથી. ( મર્યાપછી તાવ હોતોજ નથી ). એજ પ્રમાણે અન્વય વ્યતિરેક વડે અગ્નિનું સચિત્તપણું મુકત ( જૈન સિદ્ધાન્ત ) ગ્રંથની ઉત્પત્તિના મુખ વડે સ્વીકાર્યું છે. હવે પ્રયોગ ( અનુમાન ) બતાવીએ છીએ; તેનો અર્થ આ છે.

અંગારા વિગેરે જીવ શરીર છે. કારણ કે જેમ સાસ્નાવિષાણ વિગેરે ભેદાય છે, તેમ તે પણ છે. છેદ્યત્વાદિ હેતુ જાણથી યુકત છે. તે પ્રમાણે આત્માના સંયોગથી પ્રકટ થયેલો અંગારા વિગેરેનો પ્રકાશ પરિણામ છે. અને તે શરીરમાં રહેલો હોવાથી સિદ્ધ થાય છે. અને તેનું દૃષ્ટાંત આગીઆના શરીરનું પરિણામ માફક જાણવું. તેજ પ્રમાણે આત્માના સંપ્રયોગ પૂર્વક અંગારા વિગેરેથી ગરમી છે. અને તે શરીરમાંજ રહેલા હોવાથી જણાય છે. જેમ તાવની ગરમી જીવતા શરીરમાં છે, તેમ અંગારા વિગેરેની ગરમી પણ જીવ શરી-

રમાંજ હોવી જોઇએ, એમ જાણવું. અહિં સૂર્ય વિગેરેના પ્રકાશથી અનેકાન્ત (દોષવાળો) હેતુ નથી કારણ કે બધાઓને આત્મ પ્રયોગપૂર્વક ઉષ્ણ પરિણામનું ભજવાપણું છે. તેથી અમારો હેતુ, અનેકાંત નથી પણ નિર્દોષ છે.

વળી અગ્નિ સચેતન છે. તેને યથાયોગ્ય આહાર મળવાથી તેના શરીરની વૃદ્ધિ થઈ વિકાર પામે છે. માટે તેમાં વિકારપણું છે. જેમ પુરૂષનું શરીર જ્યાં સુધી ચૈતન (સચેતન) હોય ત્યાં સુધી આહારથી વૃદ્ધિ પામે છે, આવાં લક્ષણથી અગ્નિકાયના જીવો નિશ્ચયથી માનવા. લક્ષણદ્વાર સમાપ્ત. હવે પરિમાણદ્વાર કહે છે.

**जे बायर पज्जत्ता पलिअस्स असंख भागमित्ता उ।**
**सेसा तिण्णिविरासी, वीसुं लोगा असंखिज्जा ॥१२०**

જે બાદર પર્યાપ્તા અગ્નિકાયના જીવો છે, તે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યેય ભાગ માત્રમાં વર્તિ પ્રદેશ રાશીના પરિમાણવાળા છે, અને તે બાદર પૃથ્વી–કાયપર્યાપ્તાથી અસંખ્યેય ગુણહીન છે, બાકીની ત્રણ રાશીઓ પૃથ્વી–કાયની માફક જાણવી; પણ બાદર પૃથિવીકાય અપર્યાપ્તાથી બાદર અગ્નિકાય અપર્યાપ્તા અસંખ્યેય ગુણહીન છે, અને સૂક્ષ્મ પૃથિવીકાય અપર્યાપ્તાથી સૂક્ષ્મ અગ્નિકાય અપર્યાપ્તા વિશેષ હીન છે. સૂક્ષ્મ પૃથિવીકાય પર્યાપ્તાથી સૂક્ષ્મ અગ્નિકાય પર્યાપ્તા વધારે હીન છે. હવે ઉપભોગદ્વાર કહે છે.

**दहणे, पयावण, पगासणे य से ए य भत्त करणे य।**
**बायर तेउ क्काए, उवभोग गुणा मणुस्साणं ॥१२१॥**

મૃત-શરીર વિગેરેના અવયવો બાળવા તેનું નામ દહન; ટાઢ વિગેરે દૂર કરવા જે અગ્નિની પાસે બેશીને તાપીએ છીએ; તેનું નામ પ્રતાપન, તથા પ્રકાશ ( અજવાળા ) માટે દીવો વિગેરે જે બાળે; તેનું નામ પ્રકાશન, તથા રસોઇ કરવા માટે જે લાકડાં વીગેરે બાળવામાં આવે; તેનું નામ ભક્ત-કરણુ; અને ચૂંક વિગેરે રોગમાં જે બાફ લે છે, તેનું નામ સ્વેદ, ( અથવા માર વિગેરે લોહીની ગાંઠ ઉપર શેક કર-વામાં આવે છે તે. ) વિગેરે અનેક કામોમાં અગ્નિનો ઉપ-ભોગ ( ઉપયોગ ) થાય છે. આવાં કારણો પોતાને આવતાં નિરંતર આરંભમાં રહેલા ગૃહસ્થો અથવા સુખના અભિ-લાષી જીવો યતિપણાનો ડોળ કરનારા અગ્નિકાયના જીવોને હણે છે તે બતાવે છે.

**ए ए हिं कारणे हिं, हिंसंती तेउ काइए जीवे।**
**सायं गवेसमाणा, परस्स दुक्खं उदीरंति ॥१२२॥**

ઉપર બતાવેલા દહન વિગેરેના કારણે અગ્નિકાયના જીવોને સંઘટ્ટન પરિતાપ અપદ્રાવણ ( હિંસા ) કરે છે. અને તેવડે પોતાના આત્માનું સુખ વાંછનારા બાદર અગ્નિકાયને દુઃખ ઉપજાવે છે. હવે શસ્ત્રદ્વાર કહે છે. તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. વળી દ્રવ્ય શસ્ત્ર પણ સમાસ અને વિભાગ એમ બે પ્રકારે છે. હવે સમાસથી દ્રવ્ય શસ્ત્ર બતાવે છે.

**पुढवी आउ काए, उल्लाय वणस्सइ तसा पाणा।**
**बायर तेउकाए, एयंतु समासओ सत्थं ॥ १२३ ॥**

ધૂળ, પાણી, લીલી વનસ્પતિ, ત્રસ જીવો એ બાદર અગ્નિકાયનાં સામાન્ય શસ્ત્રો છે. હવે વિભાગથી દ્રવ્ય શસ્ત્ર કહે છે.

**किंची सकाय सत्थं, किंची परकाय तदुभयं किंची।**
**एयंतु दव्व सत्थं, भावेय असं जमो सत्थं ॥१२४॥**

કોઇક સ્વકાયજ શસ્ત્રરૂપ થાય છે, એટલે એક અગ્નિકાયથી બીજા અગ્નિકાયને દુઃખ પડે છે. જેમકે તૃણનો અગ્નિ અને પાંદડાનો અગ્નિ પરસ્પર એક બીજાથી દુઃખ પામે છે. કોઈ પરકાય શસ્ત્ર છે, જેમ પાણી અગ્નિકાયના જીવોને હણે છે અને ઉભય શસ્ત્રતે તુષ, કરીષ, (છાણાં) વિગેરેથી મળેલો અગ્નિ બીજા અગ્નિને શસ્ત્ર રૂપ છે. (અહિં ઉભયથી એમ સમજવું કે થોડાં બળતાં માટીવાળાં છાણાં તથા બળતાં ભાતના છોડાં વિગેરે અગ્નિ સહિત હોય છે તેથી અગ્નિ અને પૃથિવિ એમ બેઉ મળી ઉભય થયાં.) મૂળમાં 'તુ' શબ્દ છે તે ભાવ શસ્ત્રની અપેક્ષાએ વિશેષ અર્થ છે. અને પૂર્વે કહેલ સમાસ વિભાગ રૂપ પૃથિવી તથા સ્વકાય વિગેરે દ્રવ્ય શસ્ત્ર છે. હવે ભાવ શસ્ત્ર બતાવે છે. ભાવમાં શસ્ત્ર તે અસંયમ છે. તે મન, વચન, તથા કાયાનું ખરાબ ધ્યાન રૂપ લક્ષણ છે.

પૂર્વે કહેલું વ્યતિરિક્તના દ્વારના અતિદેશ દ્વારવડે સમાપ્ત કરવાની ઇચ્છાથી નિર્યુક્તિકાર કહે છે.

**सेसाइं दाराइं, ताइं जाइं हवंति पुढवीए ।**
**एवं तेउद्देसे, निज्जुत्ति कित्तिया एसा ॥ १२९ ॥**

પૂર્વે કહેલાં દ્વારો જે પૃથિવીકાયના ઉદ્દેશામાં કહેલાં તે તેજસ કાયનાં પણ સમજવાં. તે બધી નિર્યુક્તિઓ અગ્નિકાયના ઉદ્દેશામાં લાગુ પડે, એમ સમજવું.

હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું તે આ છે.

**से बेमि णेव सयं लोगं अब्भाइक्खेज्जा, णेव अत्ताणं अब्भाइक्खेज्जा, जेलोयं अब्भाइक्खइ, से अत्ताणं अब्भाइक्खइ, जे अत्ताणं अब्भाइक्खइ, से लोयं अब्भाइक्खइ । ( सू० ३१ )**

એનો સંબંધ પૂર્વ માફક છે. જેવી રીતે મેં સામાન્ય આત્મ પદાર્થ પૃથિવી અપ્કાય જીવ વિભાગનું વર્ણન કર્યું, તેવી રીતે હું અહિં એક સરખો જ્ઞાન પ્રવાહવાળો અગ્નિકાય જીવના સ્વરૂપવાળો ઉપલંભથી ઉત્પન્ન થયેલ, જીવ વચનનો સંમદ ( આનંદ ) જેને થયો છે. એવો હું કહું છું. શું ? તે બતાવે છે. અહિંઆ પ્રકરણ સંબંધથી લોક શબ્દવડે અગ્નિકાય લોક કહ્યો, તેથી તે અગ્નિ લોકને જીવપણે પોતાની મેળે ઉડાવી ન દે ( જીવપણે માને ) એ અભ્યાખ્યાન ( ન માનવા ) માં આત્માનું પણ નિશ્ચે જ્ઞાન વિગેરેનો ગુણ સમૂહ છે, તેનાવડે તેનું અભ્યાખ્યાન કરવું થાય

છે. અને આપણે પૂર્વે આત્માનું જીવપણું સાધ્યું. તે ઉડાવવું. તે ન્યાય નથી એ પ્રમાણે તેજસ્કાયનું પણ જીવપણું સાધવાથી અભ્યાખ્યાન કરતાં યુક્તિમાં ન અવતરે, અને એ પ્રમાણે યુક્તિથી આગમ બળ પ્રસિદ્ધ અગ્નિકાયને ઉડાવા જતાં આત્માનું પણ અભ્યાખ્યાન થાય છે. કોઇ કહે ભલે થાઓ, આચાર્ય કહે તેમ નહિ તે બતાવે છે. '**नेव अत्ताणं अब्भाइक्खेज्जा**' દરેકને અનુભવાતા જ્ઞાન ગુણવાળા દરેકના શરીરમાં રહેલા આત્માને ન ઉડાવવો, તેના શરીરમાં રહેવાપણાથી કોઇ પણ ઇચ્છિત ફળના ઉદ્દેશવાળાએ આ શરીરમાં રહેવાપણાથી આ શરીર આણ્યું છે, તથા આ શરીર કોઇ પણ ઉદ્દેશથી છોડયું છે, વિગેરે હેતુઓવડે જીવત્વ અમે સાધ્યું છે, તેનેજ ફરીને સાધવું તે વિદ્વાનોના મનને દળેલાને દળવા માફક આનંદ ન પમાડે.

એ રીતે આત્માની માફક અગ્નિ-લોકને (જીવપણે) સાધેલ છે. અને અતિ સાહસિક હોય તે તેને ઉડાવવા ચાહે, ( ફરી પ્રમાણ માગે; ) તે પોતાના આત્માને પણ ઉડાવે છે; અને જે આત્માને તે હમેશાં અગ્નિ-લોકને ઉડાવે છે, કારણકે વિશેષો સામાન્યપૂર્વક રહેલા છે, અને આત્માનું સામાન્યપણે સિદ્ધ થતાં, પૃથિવી વિગેરે આત્મ-વિભાગ સિદ્ધ થાય; પણ બીજી રીતે ન થાય; કારણકે, સામાન્યનું વિશેષમાં વ્યાપકપણું છે, અને વ્યાપકની નિવૃત્તિમાં વ્યાપ્તની પણ નિવૃત્તિ અવશ્ય થવાની ( આથી એમ સૂચવ્યું કે, જીવપણું દરેકમાં સામાન્ય છે, અને મનુષ્ય

દેહ કે, અગ્નિપુદ્ગલની બનેલી દેહ, તેની અપેક્ષાએ વિશેષ ભેદ પડે, અને જો અગ્નિને જીવ ન માને તો; ન માનનારને પોતાની દેહમાં પોતે રહેલો છે, તે પણ ન મનાય ) તેથી આ અગ્નિ–લોક સામાન્ય આત્માની માફક ઉડાવવો નહિ, પણ જીવ છે, એમ માનવાનું બતાવ્યું.

હવે અગ્નિ–જીવનો સ્વીકાર થયો છે, તે તેના વિષયમાં સમારંભ કરતાં ( અગ્નિકાયોને દુઃખ દેતાં ) કટુકફળ પરિહારના ઉપન્યાસ માટે સૂત્ર કહે છે.

**जे दीह लोग सत्थस्स, खेयण्णे से असत्थस्स खेयण्णे, जे असत्थस्स खेयण्णे, से दीह लोग सत्थस्स खेयण्णे ( सू० ३२ )**

જે મુમુક્ષુ ( મોક્ષનો અભિલાષી) છે, તે જાણે છે કેઃ— દીર્ઘલોક એટલે વનસ્પતિકાય છે તે સ્થિતિ વડે, તથા પરિમાણવડે તથા શરીરની ઊંચાઇ વડે બધા એકેન્દ્રિય જીવો કરતાં દીર્ઘ છે, માટે દીર્ઘલોક કહેવાય છે, તે સંબંધી કાયસ્થિતિ માટે સૂત્ર–પાઠ છે તે નીચે પ્રમાણેઃ—

**वणस्सइ काइए णं भंते वणस्सइ काइ एत्ति कालओ केवच्चिरं होइ ? गोयमा ! अणंतकालं अणंताओ उस्सप्पिणि, अव सप्पिणिओ खेत्तओ अणंता लोया असंखेज्जा पोग्गल परियट्टा, तेणं पुग्गल परियट्टा आवलियाए असंखेज्जइ भागे**

અને પરિણામથી તો **पडुपन्न वणस्सइ काइयाणं भंते ! केवतिकालस्स निल्लेवणासिया ? गोयमा ! पडुप्पन्न वणस्सइ काइयाणं नत्थि निल्लेवणा,**

તથા શરીરની ઉંચાઇથી વનસ્પતિ ઉંચી (દીર્ઘ) છે. તે બતાવે છે.

**वणस्सइ काइयाणं भंते ! के महालिया सरीरो गाहणा पणत्ता ?**

**गोयमा ! साइरेगं जोयण सहस्सं सरीरो गाहणा ।**

વીર પ્રભુને પુછે છે. હે ભગવન્ ? વનસ્પતિકાય કાળથી કેટલી લાંબી છે.

ઉત્તર-ગોયમા અનંતકાળ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી લાંબી છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે. અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત થઇ જાય છે. તે પુદ્ગલ પરાવર્તો આવલીકાના અસંખ્યાતા ભાગમાં છે.

હવે પરિમાણથી આશ્રયી પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્ ! પ્રતિ ઉત્પન્ન વનસ્પતિ કાઇક જીવોને કેટલાક કાળે નિર્લેપ (ખાલી) થાય ?

ઉત્તર-પ્રાત ઉત્પન્ન વનસ્પતિ કાચિક જીવોનો નિર્લેપ કોઇ દિવસ નથી.

પ્રશ્ન-હે ભગવન્ ! વનસ્પતિકાયની શરીર અવગાહના કેવડી મોટી હોય ?

ઉત્તર-એક હજાર યોજન કરતાં કંઇક વધારે છે. તે

પ્રમાણે બીજા એકેન્દ્રિય જીવોમાં અવગાહના નથી, તેથી વનસ્પતિ સર્વ પ્રકારે દીર્ઘ છે. તે સિદ્ધ થયું, અને શસ્ત્ર અગ્નિ છે; અને તે મોટી જવાળાના સમૂહવાળું અગ્નિ શસ્ત્ર, બધા ઝાડના સમુદાયનો નાશ કરે છે, તેથી અગ્નિ, ઝાડનું શસ્ત્ર છે.

પ્રશ્ન—બધા લોકમાં પ્રસિદ્ધ એવું (સિધું) અગ્નિ એવું નામ ન લેતાં અગ્નિનું દીર્ઘ શસ્ત્ર નામ કેમ આપ્યું ?

ઉત્તર—આ પ્રેક્ષા પૂર્વક કર્યું છે. પણ અભિપ્રાયને વિચાર્યા વિના નથી કર્યું, કારણ કે આ અગ્નિ ઉત્પન્ન કરેલો, અથવા સળગાવેલો બધા પ્રાણીઓના સમુદાયનો ઘાત કરે છે. અને વનસ્પતિકાયના દાહમાં પ્રવર્તેલો છતાં બીજા અનેક પ્રકારના જીવોને તેથી પણ વધારે પ્રમાણમાં ઘાત કરનારો થાય છે, કારણ કે વનસ્પતિમાં, કૃમિ, કીડીયો, ભમરા, કબુતર, શ્વાપદ, (હિંસક પ્રાણી) વિગેરેનો ત્યાં સંભવ છે. વળી ઝાડની પોલમાં પૃથિવીકાય પણ હોય. અને પાણી ઝાકળના રૂપે હમેશાં હોય છે. વાયુ પણ થોડા ચંચળ સ્વભાવવાળું કોમળ કુંપળને આશ્રયી સંભવે છે. તેથી અગ્નિકાયના સમારંભમાં પ્રવર્તેલો ઉપર કહેલા જીવોનો નાશ કરે છે. અહિં (વિશાળ) અર્થને સૂચવવા સૂત્રકારે અગ્નિકાય શબ્દ ન લેતાં દીર્ઘલોક શસ્ત્ર શબ્દ ગ્રહણ કર્યો, તે પ્રમાણે દશ વૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં ૩૩ થી ૩૫ ગાથા સુધી કહ્યું છે કે—

जाय तेयं न इच्छन्ति, पावगं जलइत्त ए ।
तिक्खमन्नयरं सत्थं, सव्वओऽविदुरासयं ॥१॥
पाईणं पडिणं वावि, उड्ढं अणु दिसामवि ।
अहे दाहिणओ वावि, दहे उत्तर ओऽविय ॥२॥
भूयाण मेस माघाओ हव्व वाहो नसंसओ ।
तं पईव पयावट्ठा, संजओ किं चि नारभे ॥३॥

ઉત્તમ પુરૂષો દેદીપ્યમાન અગ્નિને બાળવા ઇચ્છતા નથી કારણ કે તે બધી રીતે દુઃખ આપનાર સૌથી ઝીણામાં ઝીણું એક શસ્ત્ર છે. ॥ ૧ ॥ પૂર્વ પશ્ચિમ ઉંચે નીચે તથા ખુણાઓમાં તથા દક્ષિણ દિશામાં ॥ ૨ ॥ અગ્નિકાય વનસ્પતિ જીવનો ઘાતક છે. તેમાં જરા પણ શક નથી, તેથી દીવાને માટે અથવા તાપવાને માટે પણ સાધુઓ કંઇ પણ આરંભ ન કરે. ॥ ૩ ॥ અથવા બાદર તેજસ્કાય પર્યાપ્તા જીવો થોડા છે. અને બાકીના પૃથિવીકાય વિગેરેના જીવો ઘણા છે. અગ્નિની ભાવ સ્થિતિ પણ ત્રણ દિવસની છે. તેથી તે નાની છે. અને બાકીના પૃથિવી, પાણી, વાયુ, અને વનસ્પતિ વિગેરેની અનુક્રમે ( ઉત્કૃષ્ટ સ્થિતિ ) બાવીશ હજાર, સાત હજાર, ત્રણ હજાર, અને દશ હજાર વર્ષ પ્રમાણ હોવાથી તે દીર્ઘ છે એથી દીર્ઘ લોક તે પૃથિવી વિગેરે તેમનું આ અગ્નિકાય શસ્ત્ર છે એમ જાણવું.

તેના ક્ષેત્રને જાણનારા નિપુણ અગ્નિકાયને વર્ણ વીગેરેથી

જાણે છે, તથા અગ્નિનો સર્વ પ્રાણીઓને ખેદ પમાડવાનો એટલે બાળવાનો વ્યાપાર હોવાથી; પાક વીગેરે અનેક શક્તિ-કલાપથી વધેલા મોટા મણિની માફક જાજ્વલ્યમાન હોય; તે અગ્નિના વ્યપદેશને પામે છે, તે અગ્નિ ( જીવોને દુઃખ આપનાર ) હોવાથી સાધુઓએ તેનો આરંભ ન કરવો; એ એટલે બીજા પ્રાણીઓના ખેદને જાણનાર; તે ખેદજ્ઞ–મુનિ છે, એથીજ દીર્ઘલોક શસ્ત્ર ( અગ્નિ )ના ખેદને જાણનાર તેજ સત્તર પ્રકારના સંયમનો ખેદજ્ઞ છે. અર્થાત્ મુનિનો સંયમ અશસ્ત્ર છે. તે સંયમ નિશ્ચયથી કોઇપણ જીવને ન મારે; તેથી અશસ્ત્ર છે, તેથી સંયમ જે સર્વ સત્ત્વને અભય દેનાર છે, તે આદરવા વડે અગ્નિ–જીવ સંબંધી આરંભ તજવો સહેલ છે, અને પૃથિવીકાય વિગેરેનો સમારંભ પણ ત્યાગવો; એમ વર્તનાર સાધુ–સંયમમાં, નિપુણ મતિવાળો છે, અને નિપુણમતિપણાથી પરમાર્થને જાણનાર અગ્નિ-સમારંભથી પાછો હઠીને સંયમ અનુષ્ઠાનમાં પ્રવર્તે છે.

હવે કહેલાં અને આવતાં લક્ષણો વડે અવિના ભાવિત્વ ( સાથે રહેનાર ) બતાવવા માટે વિપર્યય (ઉલટાપણા) વડે સૂત્રોના અવયવનો વિચાર કરે છે. ‘ जे असत्थस्सेत्यादि ’ જે અશસ્ત્રવાળા સંયમમાં નિપુણ છે, તે નિશ્ચયથી દીર્ઘલોક શસ્ત્ર ( અગ્નિ )ના ક્ષેત્રને જાણનાર; અથવા ખેદને જાણનાર છે. સંયમપૂર્વક અગ્નિ વિષય ખેદને જાણવા પણું હોવાથી તથા અગ્નિવિષય ખેદનું જાણવાપણું જેમાં છે, તેજ

સંયમનું અનુષ્ઠાન છે. આ શિવાય બીજી રીતે સંયમનો અસંભવજ છે. તેથી આ ગયું, આવ્યું ફળ પ્રકટ કરેલું છે.

આ બતાવેલું કોણે જાણ્યું તે બતાવે છે. "**वीरेहीत्यादि**" સૂત્ર ૩૩ થી જાણવું અથવા સારા વકતાદિ પ્રસિદ્ધ થયે વાક્યની પ્રસિદ્ધિ થાય છે. તે કહે છે.

**वीरे हिं एयं अभि भूयदिट्ठं, संजए हिं सया जत्तेहिंसया अप्पमत्ते हिं ( सू० ३३ )**

ઘનઘાતી કર્મ સમૂહ દૂર કરવા સાથે તેજ વખતે કેવળ જ્ઞાનરૂપ લક્ષ્મી પ્રાપ્ત કરવાથી વિશેષ પ્રકારે રાજે છે, તેથી 'વીર' તે તીર્થંકરો છે. તે વીરોએ અર્થથી આ દેખ્યું (પ્રકાશ્યું.) અને ગણધરોએ તે સાંભળીને સૂત્રથી અગ્નિ શસ્ત્ર દેખ્યું. અને અશસ્ત્રરૂપ સંયમ દેખ્યું છે.

પ્રશ્ન–તેઓએ શું કરી આ પ્રાપ્ત કર્યું ?

ઉત્તર–પરાજય કરીને, તે પરાજય ચાર પ્રકારે છે, નામ સ્થાપના સુગમ છે, દ્રવ્ય પરાજય તે શત્રુની સેના વિગેરેનો પરાજય કરવો અથવા સૂર્યના પ્રકાશથી ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, વિગેરેનું તેજ ઢંકાઇ જાય છે તે. અને ભાવ અભિભવ (પરાજય) તે પરિષહ ઉપસર્ગનો સમૂહ જે શત્રુરૂપ છે, તે તથા જ્ઞાન દર્શનનું આવરણ તથા મોહ અને અંતરાય એ ચાર કર્મનું નાશ કરવું તે ભાવ પરાજય છે, પરિષહ અને ઉપસર્ગ વિગેરે સેનાને જીતવાથી નિર્મળ ચારિત્ર મળે છે. અને

ચરણની શુદ્ધિથી જ્ઞાન આવરણ આદિ કર્મનો ક્ષય થાય છે; અને તે કર્મના ક્ષયથી આવરણ રહિત કોઇ જગોએ ન હણાય, તેવું સંપૂર્ણ જાણવા યોગ્ય પદાર્થને જણાવનાર કેવળ જ્ઞાન થાય છે, એનો ભાવાર્થ આ છે. કે તે વીરોએ પરિષહ, ઉપસર્ગ, તથા જ્ઞાન દર્શન, આવરણીય મોહ અંતરાય કર્મને જીતી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરીને, તે જ્ઞાન વડે તેઓએ જાણ્યું છે, કે આ અગ્નિકાય પણ જીવ છે. વિગેરે.

તેમણે આ કેવી રીતે પ્રાપ્ત કર્યું, તે બતાવે છે.

સમ્યક્ પ્રકારે વર્તે, તે સંયત એટલે પ્રાણાતિપાત (જીવ હિંસા) વિગેરેથી પાછા હઠેલા, તેમણે સર્વકાળ ચરણ (ચારિત્ર) નો સ્વીકાર કર્યો, તેના મૂળ અને ઉત્તર ગુણ એવા બે ભેદમાં તેમણે નિરતિચાર (દોષ રહિત) ઉદ્યમ કર્યો. તથા મદ્ય વિષય, કષાય, વિકથા અને નિદ્રા એ પાંચ પ્રકારનો પ્રમાદ સર્વ કાળ છોડયો. તેથી તે અપ્રમત્ત બન્યા, એવા બનેલા મહાવીરોએ કેવળ જ્ઞાન ચક્ષુ વડે આ દીર્ઘ લોક શસ્ત્ર (અગ્નિ) તથા અશસ્ત્ર તે સંયમ એવું દેખ્યું. અહિયાં 'યત્ન' શબ્દ ગ્રહણ કરવાથી ઇર્યા સમિતિ વિગેરે ગુણો લેવા, અને 'અપ્રમાદ, ગ્રહણ કરવાથી મદ્યપાન વિગેરેનો નિષેધ જાણવો. આ ઉપરથી એમ સિદ્ધ થયું, કે આ પ્રધાન પુરૂષોએ સ્વીકારેલું, અગ્નિકાય શસ્ત્ર અપાયનું કારણ

છે, માટે અપ્રમત્ત સાધુઓએ તેને છોડવું જોઇએ, એવી રીતે ખુલ્લા બતાવેલા અનેક દોષના સમૂહવાળા અગ્નિ શસ્ત્રને ઉપભોગના લોભથી, પ્રમાદ વશ થયેલા, જેઓ ન છોડે, તેમને ઉદ્દેશીને તેમનાં કડવાં ફળ થાય છે, તે બતાવે છે.—

**जे पमत्ते गुणट्ठिए सेहु दंडेत्ति पवुच्चइ (सू० ३४)**

જે મદ્ય વિષય વિગેરે પ્રમાદથી પ્રમાદી થઇ રહે, તે અસંયત છે, અને રંન્ધન, પચન, પ્રકાશ, આતાપના, વિગેરે અગ્નિ ગુણોને પ્રયોજવાથી, તે ગુણાર્થી ( સ્વાર્થ સાધક ) મન, વચન કાયાનો દુરૂપયોગ કરનાર, અગ્નિ શસ્ત્રના સમારંભ વડે પ્રાણીઓને દંડ દેવાથી પોતે દંડ રૂપેજ છે. એવું પ્રકર્ષથી કહેવાય છે. જેમ આયુષ્ય છે તેમાં ઘી વિગેરેનો વ્યપદેશ કરાય છે, (ઘી વિગેરે યોગ્ય પદાર્થ મળવાથી જીવન વધે છે.) એથી હવે શું કરવું, તે કહે છે.

**तं परिण्णाय मेहावी, इयाणिं णो जमहं पुव्व मकासी पमाएणं ( सू० ३५ )**

તે અગ્નિ કાયના સમારંભમાં દંડ રૂપ ફળને જાણીને જ્ઞપરિજ્ઞા વડે જાણવું, અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે છોડવું, તે બે પરિજ્ઞા વડે મર્યાદામાં રહેલો, તે મેધાવી ( સાધુ ) હવે પછી ના કહેવાતા પ્રકારો વડે આત્મામાં વિવેક કરે, તે પ્રકાર બતાવે છે.

'इयाणीत्यादि' જે અગ્નિ સમારંભને વિષય પ્રમાદ વડે આકુલ અંતઃકરણ વાળો બનીને મેં કર્યો, તેને હવે જિનેશ્વર ભગવાનના વચનથી અગ્નિ સમારંભ દંડ તત્વને મેં જાણ્યું, તેથી હવે તે નહિ કરૂં, પણ બીજા મતના બીજી રીતે બોલનારા ઉલટું કરે છે તે બતાવે છે.

**लज्जमाणा पुढो पास, अणगारा मोत्ति एगे पवद माणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं अगणि कम्म समारंभेणं, अगणि सत्थं समारंभ माणे, अण्णे अणेगरूवे पाणे विहिंसंति, । तत्थ खलु भगवता परिण्णा पवेदिता, इमस्स चेव जीवि अस्स, परिवंदण माणण पूयणाए, जाइ मरण मोयणाए, दुक्ख पडिघाय हेउं, से सयमेव अगणि सत्थं समार भइ, अण्णे हिंवा अगणि सत्थं समारंभावेइ, अण्णेवा अगणि सत्थं समार भमाण समणु जाणइ, तं से अहियाए, तं से अबोहि आए, सेतं संबुज्झमाणे, आयाणीयं समुट्ठाय, सोचा भगवओ अणगाराणं इह मेगेसिंणायं भवति एस खलु गंथे एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए, इच्चत्थं गड्ढिए लोए जमिणं विरूवरूवेहिं**

**सत्थे हिं अगणि कम्म समारंभ माणे अण्णे अणेग रूवे पाणे विहिंसइ; (सू० ३६)**

ઉપરનો એટલે ૩૬મા સૂત્રનો અર્થ પૂર્વે બીજા સૂત્રોમાં કહી ગયા છીએ, છતાં બાકીનો થોડો કહેવાય છે. પોતાના આગમમાં કહેલા અનુષ્ઠાન કરનારા, અથવા પાપ અનુષ્ઠાન કરવાથી લજ્જા પામેલા, જુદા જુદા મતવાળા શાકય વિગેરે સાધુઓ કેવા છે, તે તું જો; એવું આચાર્ય પોતાના શિષ્યને સંયમમાં સ્થિર કરવા માટે કહે છે. તેઓ પોતાને અણગાર તરીકે બોલનારા છે. છતાં તેઓ કેવું વિરૂપ આચરે છે, જેથી તેઓ લજ્જાય છે, તે બતાવે છે, જે આ વિરૂપ રૂપવાળાં શસ્ત્રોવડે અગ્નિનું કાર્ય આચરવાથી અગ્નિ શસ્ત્રનો સમારંભ કરતાં બીજા અનેક જીવોને હણે છે. ( અને તે અણગાર કહેવાય, છતાં બીજા જીવોને હણે, તે શરમ ભરેલું કૃત્ય છે. ) તેમાં જિનેશ્વરે પરિજ્ઞા બતાવી છે, કે વ્યર્થ જીવનના, માનન, પૂજન, વંદન, તથા જન્મ મરણથી છુટવા માટે દુઃખને દૂર કરવા માટે જે કરે છે, તે બતાવે છે; તે પરિવંદન વિગેરેના અર્થી પોતાની મેળે અગ્નિ બાળે, બીજા પાસે બળાવે, તથા બાળનારાઓને અનુમોદે છે, તે અગ્નિ શસ્ત્રનો સમારંભ તેની સુખની ઇચ્છાએ કરવા છતાં તેને તેનાથી અહિં તથા પરલોકમાં અહિતને માટે થાય છે. અને તેની ધર્મ શ્રદ્ધા નાશ પામે છે, તેનું આવું આ અસદાચરણ

બતાવ્યું, તેથી સારો શિષ્ય અગ્નિકાયનો સમારંભ પાપને માટે છે, એવું જાણે, તેથી સમ્યક્ દર્શન વિગેરે જિનેશ્વર પાસે અથવા કોઈ સારા સાધુઓ પાસે સાંભળીને કેટલાક સાધુઓને કેવું જ્ઞાન, થાય તે બતાવે છે; અગ્નિ બાળવી, તે કર્મ બંધનનો હેતુ હોવાથી તે ગ્રંથ છે, મોહ, માર, તથા નર્ક છે, કારણ કે તેથી નર્કજ થાય છે. આવું છતાં જે ગૃદ્ધ થયેલ લોક છે, તે જે કરે છે, તે બતાવે છે. આ વિરૂપ શસ્ત્રોવડે અગ્નિકાયનો સમારંભ કરે છે, અને તે આરંભથી અનેક જીવોને હણે છે, તેવી રીતે અગ્નિનો સમારંભ કરનારા જુદા જુદા જીવોને હણે છે. તે બતાવે છે.

**सेबेमि—संति पाणा पुढवि निस्सिया तण निस्सिया पत्तणिस्सिया कट्ठ निस्सिया गोमय-णिस्सिया कयवर णिस्सिया, संति संपातिमा पाणा आहच्च संपयंति, अगणिं च खलु पुट्ठा एगे संघाय मावज्जंति, जे तत्थ संघाय मावज्जंति, ते तत्थ परियावज्जंति, जे तत्थ परियावज्जंति, ते तत्थ उद्दायंति (सू० ३७)**

તે હું કહું છું કે, અગ્નિકાયના સમારંભથી જુદા જુદા જીવોની હિંસા થાય છે. જે મેં પ્રતિજ્ઞા કરી તે બતાવું છું. પૃથિકાય એટલે; પ્રાણિઓ પૃથિવીકાયપણે પરિણમેલા છે, અથવા તેને આશ્રિત કૃમિ, કીડી, પતંગ, કુંથુ, ગંડુ-

પદ (જુઆ) સાપ દેડકા, વિંછી કર્કટક (કરચલા) વિગેરે, તથા વૃક્ષગુલ્મલતાનો સમૂહ વિગેરે, અને ઘાસ—પાંદડાં વિગેરેના આશ્રિત રહેલાં પતંગીયાં, ઇયળો વિગેરે તથા લાકડામાં રહેલાં ઘુણ ઉધઇ, કીડીઓ, તથા તેનાં ઇંડાં વિગેરે અને છાણ વિગેરેમાં રહેલા કંથુઆ પનક વિગેરે, તથા કચરો તે, પાંદડાં, ઘાસ ધૂળનો સમૂહ; તેની અંદર રહેલાં કૃમી કીડા પતંગ વિંગેરે છે. આ શિવાય ઉડતા આવીને પડવાના સ્વભાવવાળા, અથવા આમતેમ જતા આવતા તે સંપાતિક છે. જેવા કે, ભમરા, માખી, પતંગ, મચ્છર પક્ષી, વાયુ વિગેરે સંપાતિક જીવ છે, તે ઉડીને, પોતે પડે; અથવા જોરથી અગ્નિ બળતાં ઉંચે તેની શીખા જતાં; તે ઉડતાં જંતુઓ અગ્નિમાં પડે છે. આ પ્રમાણે પૃથિવી વીગેરેને આશ્રી રહેલા જીવોનું શું થાય છે ? તે બતાવે છે. રાંધવું-પકાવવું; (નિભાડા વિગેરેને) તાપન, વિગેરે અગ્નિથી ગુણ (સ્વાર્થ) વાંછકો અવશ્ય અગ્નિનો સમારંભ કરે છે, અને તેના સમારંભમાં પૃથિવી વીગેરેમાં આશ્રય લઇ રહેલા જીવના આવા હાલ થાય છે, તે બતાવે છે.

કેટલાકનું અગ્નિવડે સંઘાત (શરીરનું સંકોચવું) મોરના પીંછા માફક બને છે (મૂળ સૂત્રમાં સૂત્રો છંદરૂપ હોવાથી માગધીની રીતિ પ્રમાણે બીજી વિભક્તિનો અર્થ ત્રીજીમાં લેવો, એટલે અગ્નિને, તેને બદલે અગ્નિએ, અથવા અગ્નિવડે

એમ અર્થ કરવો, તથા 'ચ' શબ્દથી વિશેષ અર્થ છે. ખલુ શબ્દ નિશ્ચય વાચક છે.) એટલે બીજાનો આ પ્રતાપ નથી પણ અગ્નિનોજ છે. અથવા બીજી રીતે લેતાં અગ્નિની બીજી વિભક્તિ સાતમીમાં લઇએ તો 'સ્પષ્ટ શબ્દનો અર્થ પતિત એટલે પડેલાં, એવો કરવો, એટલે અગ્નિમાં પડેલાં કેટલાંક પતંગીઆં વિગેરે જીવો એકપણે અધિક શરીર સંકોચનપણાને પામે છે; અને જેઓ અગ્નિમાં પડયા તે બધા જીવો તાપથી મૂર્છિત થઇ જાય છે.

સૂત્રકાર મહારાજે અન્ય વિભક્તિ શા માટે લીધી કે આપણે બીજીનો અર્થ ત્રીજી વિભક્તિમાં લેવો પડયો ?

ઉત્તર—મગધ દેશમાં તે પ્રમાણે ચાલે છે. અથવા એક ભાષામાંથી બીજી ભાષામાં વ્યાખ્યા કરતાં વિકલ્પ થાય છે. તે બતાવવા આ કર્યું. અને અધ્યાહાર વિગેરે પણ વ્યાખ્યાન અંગ છે, એવું આ સૂત્રવડે શિષ્યને જણાવ્યું છે.

પ્રશ્ન—અહિં તે અધ્યાહાર વિગેરે કયા છે ?

ઉત્તર—અધ્યાહાર, વિપરિણામ વ્યવહિત કલ્પના, ગુણ કલ્પના લક્ષણા (અસંવિત વાક્યને સંભવિત પણામાં લાવવું તે) અને વાક્ય ભેદ છે, તેવી રીતે અહિં બીજીનો અર્થ સપ્તમીમાં પરિણામ પામ્યો છે, જે અગ્નિમાં પડે છે. તેઓ કૃમિ, કીડી, ભમરા, નોળીઆ વિગેરે પ્રાણ છોડે છે. તેથી અગ્નિ સમારંભમાં એકલા અગ્નિ જંતુનો વિનાશ નથી, પણ પૃથિવી ઘાસ પાંદડાં

લાકડાં છાણાં તથા કચરામાં રહેલા જંતુ તથા ઉડીને કે ઉછળીને પડનારા જંતુઓ પણ અવશ્ય નાશ પામે છે. તેથીજ ભગવતી સૂત્રમાં કહ્યું છે કે,

**दो पुरिसा सरिसवया अन्न मन्नेहिं सद्धिं अगणि कायं समारंभंति, तत्थणं एगे पुरिसे अगणि कायं समुज्जालेति, एगे विज्जवेति, तत्थणं के पुरिसे महा कम्मयराए? के पुरिसे अप्प कम्मयराए?**

**गोयमा! जे उज्जालेति, से महा कम्मयराए, जे विज्जवेति, से अप्प कम्मयराए.**

પ્રશ્ન–બે સરખી વયના પુરૂષો સાથે અગ્નિ કાયનો આરંભ કરે, તેમાં એક અગ્નિ કાયને બાળે. અને બીજો તેને બુઝાવે, તેમાં વધારે કર્મ બંધન કોને? અને ઓછું કોને?

ઉત્તર–હે ગૌતમ જે બાળે, તેને મહાન્ કર્મ બંધ લાગે, અને જે બુઝાવે, તેને થોડું લાગે છે.

એવી રીતે અગ્નિ કાયનો આરંભ ઘણા જીવોને ઉપદ્રવ કરનારો છે, એમ જાણીને મન વચન અને કાયાથી, તથા કરવું, કરાવવું અને અનુમોદવું, તે અગ્નિ કાય સંબંધી કર્મ ત્યાગવું, તે બતાવે છે.

**एत्थ सत्थं असमारंभ माणस्स इच्चेते आरंभा परिण्णाया भवन्ति, तं परिण्णाय मेहावी णेव**

**सयं अगणि सत्थं समारंभे, नेवऽण्णेहिं अगणि सत्थं समारंभावेज्जा, अगणि सत्थं समारंभमाणे अण्णे न समणु जाणेज्जा, जस्सेते अगणि कम्म समारंभा परिण्णाया भवन्ति, सेहु मुणी परिण्णाय कम्मे, ( सू. ३८. ) त्तिबेमि ॥ इति चतुर्थ उद्देशकः ॥**

આ અગ્નિકાયના સ્વકાય તથા પરકાય, એમ બે ભેદવાળા શસ્ત્રના આરંભ કરનારને રાંધવું-રંધાવવું; વિગરે બંધહેતુ છે, એવું તેમને જ્ઞાન નથી; પણ આજ અગ્નિકાયના શસ્ત્રનો આરંભ કરવામાં દોષ લાગે છે, એવુ જેમને જ્ઞાન છે, એટલે જ્ઞ પરિજ્ઞા વડે તેમણે જાણ્યું છે, અને જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે તેનો ત્યાગ કરે છે, તેજ મુની પરમાર્થથી પરિજ્ઞાત કર્મા ( ગીતાર્થ ) છે, એવું જિનેશ્વર પાસે મેં સાંભળ્યું છે, અને તેજ તને કહું છું.

॥ ચોથા ઉદ્દેશાની ટીકા સમાપ્ત. ॥

ચોથો ઉદ્દેશો કહ્યો. હવે પાંચમો કહીએ છીએ; તેનો આ સંબંધ છે. ગયા ઉદ્દેશામાં તેજસ્કાય કહ્યો; અને હવે અવિકળ ( સંપૂર્ણ ) સાધુગુણના સ્વીકાર માટે ક્રમે આવેલા વાયુકાય બતાવવાના વખતે, વનસ્પતિકાયના જીવનું સ્વરૂપ બતાવીએ છીએ.

પ્રશ્ન—શા માટે આ ક્રમ ઉલ્લંઘ્યો છો ?

ઉત્તર—વાયુ આંખે દેખાતો ન હોવાથી; તેની શ્રદ્ધા થવી મુશ્કેલ છે, તેથી બધા પૃથિવી વીગેરે એકેન્દ્રિય પ્રાણી-ગણને જાણનારો શિષ્ય સુખથીજ વાયુજીવના સ્વરૂપને માનશે; અને 'અનુક્રમ' તેનેજ કહેવો; કે, જેનાવડે જીવાદિ તત્વો માનવામાં શિષ્યો ઉત્સાહવાળા થાય; અને વનસ્પતિકાય બધા લોકને પ્રત્યક્ષ છે, તથા પ્રકટ-જીવનાં ચિન્હના સમૂહથી યુક્ત છે, તેથી તેજ વનસ્પતિકાયને પ્રથમ કહીએ છીએ. એ પ્રમાણે સંબંધથી આવેલા આ વનસ્પતિકાયનાં ચાર અનુયોગદ્વાર કહેવાં; જ્યાંસુધી નામ નિષ્પન્ન નિક્ષેપામાં વનસ્પતિ ઉદ્દેશો છે, તે વનસ્પતિના પોતાના ભેદનો સમૂહ બતાવવા પૂર્વ પ્રસિદ્ધ અર્થનાં ટુંકાણનાં દ્વારવડે નિર્યુક્તિકાર કહે છે.

**पुढ वीए जेदारा वणसइ काए विहुंति ते चेव ।**
**नाणत्ती उ विहाणे, परिमाणुव भोग सत्थेय ॥१२६॥**

પૃથિવીકાયનાં જાણવા માટે જે દ્વારો કહ્યાં; તેજ અહીં વનસ્પતિમાં જાણવાં; પણ જુદાપણું પ્રરૂપણા પરિમાણ ઉપભોગ, શસ્ત્રો, અને ચ શબ્દથી લક્ષણમાં પણ જુદાપણું જાણવું; તેમાં પ્રથમ પ્રરૂપણા-સ્વરૂપ બતાવવા કહે છે.

**दुविह वणस्सइ जीवा, सुहुमा तह बायरा य लोगंमि**
**सुहुमाय सव्व लोए, दोचेवय बायर विहाणा ॥१२७॥**

વનસ્પતિ સૂક્ષ્મ અને બાદર, એમ બે ભેદે છે; તેમાં

સૂક્ષ્મ છે, તે સર્વ લોકમાં વ્યાપ્ત અને એકાકાર હોવાથી ચક્ષુથી ગ્રહણ થતી નથી. બાદરના બે ભેદ છે તે બતાવે છે.

**पत्तेया साहारण, बायर जीवा समासओ दुविहा;**
**बारस विहऽणेगविहा, समासओ छव्विहा हुंति ॥१२८॥**

સમાસથી બાદર બે પ્રકારે છે. પ્રત્યેક અને સાધારણ; તેમાં પાંદડાં પુલ, ફળ, મૂળ, સ્કંધ વિગેરે દરેકમાં જુદોજુદો જીવ જે વનસ્પતિમાં હોય; તે પ્રત્યેક વનસ્પતિ જીવ જાણવા; અને સાધારણ વનસ્પતિ જીવો એક બીજાને જોડાયલા અનન્ત જીવોનો સમૂહ એક શરીરમાં સાથે રહેલા છે. પ્રત્યેક શરીરવાળાના બાર ભેદો છે, અને સાધારણના અનેક ભેદો છે, પણ તે સમાસથી છ પ્રકારે જાણવા; તેમાં પ્રથમ પ્રત્યેક વનસ્પતિના બાર ભેદ બતાવે છે.

**रुक्खा गुच्छा गुम्मा, लयाय, वल्लीय पव्वगा चेव**
**तण वलय हरिय ओसहि, जलरुह कुहणाय बोद्धव्वा ॥१२९॥**

છેદાય તે વૃક્ષો, તે બે પ્રકારના છે, એક અસ્થિક, (એકઠળીયાવાળાં,) તથા બહુ બીજવાળાં છે, તેમાં લીમડો, આંબો, કોશંબ, સાલ (સાગ), અંકોલ પીલુ, શલ્લકી વિગેરે એકબીજવાળાં છે, અને ઊમરો (     ) કોઠું અસ્તિક (અગ-

થીઓ ) ટીમરૂ બીલુ આમળું ફણુસ દાડમ બીજોરૂં વિગેરે અનેક બીજવાળાં છે, રીંગણાં (વેંગણુ), કપાસ, જપો (જાસુંદી) આઢકી (તુવેર), તુલસી, કુસુંભરી, પીપળી, નીળી ( ગળી ) વિગેરે ગુચ્છાવાળાં છે. નવમાલિકા, સેરિયક, કોરંટક બંધુ-જીવક; બાણુ, કરવીર (કેરાં), સિંદુવાર, વિચકિલ જાતિ (જાઇ) યુથિક વિગેરે ગુલ્મ છે, અને પદ્મનાગ અશોક, ચંપો, આંબો, વાસંતિ, અતિ મુક્તક કુંદલતા વિગેરે, લતાઓ છે. કોળાનો વેલો, કાળંગડાનો વેલો, તૃપુષી ( કાકડીના વેલા ), તુંબી, વાલોળ, એલાલુકી. તથા પટોળી (પંડોળાનો વેલો )વિગેરે વેલડીઓ છે. તથા શેરડી, વાળો, સુંઠ, શર, વેત્ર શતાવરી ( ) વાંસ ( ) નળ ( ) વેણુક ( ) વિગેરે પર્વંગ કહેવાય છે, અને શ્વેતિકા ( ધોળીદરો ) કુશ, દર્ભ, પર્વંકા, અર્જુન, સુરભિ, કુરૂવિંદ વિગેરે ઘાસ કહેવાય છે. તથા તાડ તમાલ, તક્કલી શાલ સરલા કેતકી–કેળ, કંદળી, વિગેરે વલય કહેવાય, તાંદળજો. ધુયા. રૂહ. વસ્તુલ ( ) બદરક; માર્જાર, પાદિકા ચિલ્લિપાલકી વિગેરેને હરિત (ભાજીઓ) કહે છે, અને શાલી (ભાત), વ્રીહી, (ડાંગેર) ઘઉં, જવ, કલમ, મસૂર, તલ, મગ, અડદ, ચોળા, કુલથી, અળસી, કુસુંભ, કોદરા, કાંગ, વિગેરે ઔષધિ કહેવાય છે. ઉદકાવક ( ) પનક શેવાળ કલંબુકા, પાવક, કશેરૂક (કસેરૂ) ઉત્પલ ( લાલ કમળ ) પદ્મ, કુમુદ ( પોયણી ), નલિન, પુંઠ-

રીક વિગેરે જલરૂહ કહેવાય છે. અને ભૂમિસ્ફોટ નામના, આય, કાય, કુહુણુ ઉંડુક, ઉદ્દેહલીક, શલાકા, સર્પ છત્ર વિગેરે કુહુણુ કહેવાય છે. આ પ્રત્યેક જીવવાળા ઝાડોના મૂળ, સ્કંધ, કંદ, છાલ, શાખ, પ્રવાલ વિગેરેમાં અસંખ્યાતા પ્રત્યેક જીવો જાણવા, અને પાંદડાં ફૂલ એક જીવવાળાં માનવાં. સાધારણ વનસ્પતિના પણ અનેક ભેદ છે, જેમ કે. લોહી, નિહુ, સ્તુભાયિકા, અશ્વ કર્ણી સિંહ કર્ણી, શ્રૃંગબેર (આદુ), માલુકા, મૂળા, કૃષ્ણકંદ, સુરણ, કાકોલી, ક્ષીરકાકોલી વિગેરે છે. આ બધી વનસ્પતિના સંક્ષેપથી છ ભેદ છે, તે ભેદોને બતાવે છે.

**अग्गबीया मूल बीया, खंध बीया चेव पोर बीयाय**
**बीय रूहा समुच्छिम, समासओ वण सई जीवा**
॥ १३० ॥

તેમાં કોરંટક વિગેરે અગ્રબીજવાળાં છે. કેળ વિગેરેને મૂળમાં બીજ છે. નિહુ શલ્લકિ અર્ણિક ( અરણી ) વિગેરેને સ્કંધમાં બીજ છે, અને શેરડી, વાંસ, નેતર વિગેરેને પર્વમાં બીજ છે, અને બીજથી ઉગે, તે ભાત વિગરે જાણવા; અને સંમૂર્છનથી પદ્મિની શ્રૃંગાટક (શીંગોડું) પાઠ (      ) શેવલ, વિગેરે થાય છે. એ પ્રમાણે સમાસથી છ પ્રકારે બતાવ્યા પણ આ શિવાય બીજા નથી; એમ જાણવું. હવે પ્રત્યેક વનસ્પતિ કેવા લક્ષણવાળી હોય છે તે બતાવે છે.

**जह सगल सरिस वाणं, सिलेस मिस्साण वत्तियावट्टी**
**पत्तेय सरीराणं, तह हुंति सरीर संघाया ॥१३१॥**

જેમ બધા સરસવોને રસ પહોંચે છે, તેનાથી મિશ્રીતોની વળેલી વર્તીમાં પ્રત્યેક પ્રદેશોમાં ક્રમેકરીને સિધ્ધાર્થ ( સરસવ ) રહ્યા છે, પણ એકબીજાને અટકીને રહ્યા નથી. ( દરેકની વચમાં સહેજ અંતર રહે છે, ) અને કદાચ ચૂર્ણ થાય, ત્યારે અન્યોઅન્ય ભેળા થાય છે, માટે આખા ગ્રહણ કર્યા છે; જેમ આ રહે છે. તે પ્રમાણે પ્રત્યેક વનસ્પતિના શરીરનો સમૂહ છે; અને જેમ સરસવો તે પ્રમાણે વનસ્પતિમાં જીવો રહ્યા છે, જેમ રસથી મિશ્રીત થયેલા સરસવ છે, તેમ રાગ દ્વેષવડે એકઠા કરેલા કર્મ પુદ્‌ગલના ઉદયથી મિશ્રિત જીવો જાણવા; પાછલી અડધી ગાથાવડે બતાવેલ દૃષ્ટાંત સાથે સરખાપણું ગ્રહણ કરવાથી બતાવ્યું છે, હવે આજ અર્થમાં બીજું દૃષ્ટાંત કહે છે.

**जहवा तिल सक्कुलिया, बहुएहिं तिलेहिं मेलिया संति**
**पत्तेय सरीराणे तह हुंति सरीर संघाया ॥ १३२ ॥**

જેમકે તિલ શષ્કુલિકા એટલે વધારે તલ નાંખીને બનાવેલી છે, તે પોળીમાં તલ રહેલા છે, તેવી રીતે પ્રત્યેક શરીરવાળાં વૃક્ષોના શરીર સમૂહ હોય છે; એમ જાણવું (આમા

તલની રેવડીનું પણ દૃષ્ટાંત ચાલે ) હવે પ્રત્યેક જીવોનું એક અધિષ્ઠિતપણું બતાવવા કહે છે.

**नाणा विह संठाणा, दीसंती एग जीविया पत्ता;**
**खंधावि एग जीवा, ताल सरल नालि एरीणं ।१३३।**

જુદા જુદા સંસ્થાન (આકાર) જેમાં છે તે જુદા સંસ્થાન વાળાં પાદડાં દેખાય છે તે એક એક જીવથી અધિષ્ટિત જાણવાં તથા તાલ સરલ નાળીયેરી વિગેરેના ડાળાં પણ જીવ અધિષ્ઠત જાણવાં, અહીઆં અનેક જીવનું અધિષ્ઠિત પણું સંભવતું નથી, બાકીના ભાગોમાં અનેક જીવનું અધિષ્ટત પણું સામર્થ્યથી બતાવેલું જાણવું, હવે પ્રત્યેક તરૂના જીવ-રાશીનું પરિમાણ બતાવવા કહે છે.

**पत्तेया पज्जता, सेढीऍ असंख भाग मित्ताते**
**लोगा संखप्पजत्त, गाण साहारणाणंता ॥१३४॥**

પ્રત્યેક તરૂ જીવો પર્યાપ્તા હોય, તે સંવર્તિત ચોખુણો કરેલી લોકની શ્રેણીના અસંખ્યેય ભાગવર્તી આકાશ પ્રદેશની રાશી બરોબર જાણવા, અને તે બાદર તેજ સ્કાય પર્યાપ્તાના રાશિથી અસંખ્યાત ગુણા જાણવા, પણ જે અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિ જીવ છે, તે અસંખ્યાત લોકના જેટલા પ્રદેશ થાય, તેટલા જાણવા, અને તે પણ બાદર અપર્યાપ્તા તેજ સ્કાયના જીવ રાશીથી અસંખ્યાત ગુણા છે. પણ સૂક્ષ્મ

વનસ્પતિ પ્રત્યેક શરીર પર્યાપ્તા કે અપર્યાપ્તાજ, નથી કારણ કે સાધારણ અનન્તા છે. એવું પૂર્વે વિશેષણ કહેલું છે, અને સાધારણ વનસ્પતિના જીવો સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ, ચાર ભેદે જુદા જુદા અનન્ત લોકોના જેટલા આકાશ પ્રદેશ છે, તેટલા જાણવા, આટલું તેમાં વિશેષ છે, કે સાધારણ બાદર પર્યાપ્તાથી બાદર અપર્યાપ્તા અંસખ્યાત ગુણા છે, અને બાદર અપર્યાપ્તાથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યેય ગુણા છે, તેનાથી પણ સૂક્ષ્મ પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે. હવે આ વનસ્પતિના જીવોનું જીવત્વ જેઓ ઇચ્છતા નથી; તેમને જીવપણું બતાવવા નિર્યુક્તિકાર કહે છે.

**एएहिं सरीरेहिं, पच्चक्खंते परू विया जीवा**
**सेसा आणागिज्झा, चक्खुणा जे नदिसंति ॥१३९॥**

પૂર્વે બતાવેલા તરૂ શરીરવડે પ્રત્યક્ષ પ્રમાણવાળા વિષયો વડે સાક્ષાત્ વનસ્પતિજીવો સાધ્યા છે, તેનું આ પ્રમાણે અનુમાન કરવું. (૧) આ શરીરો જીવવ્યાપાર વિના આવાં ન થાય. (૨) જીવશરીર વૃક્ષો છે, કારણકે, અક્ષ (ઇન્દ્રિયો) થી જણાય છે. હાથ વિગેરેના સમૂહવાળા શરીરની માફક દૃષ્ટાંત છે. (૩) કદાચિત્ સચિત્તો પણ વૃક્ષો છે, કારણકે, તે જીવનું શરીર છે. હાથ વિગરેના સમૂહનું દૃષ્ટાંત છે. (૪) મંદવિજ્ઞાન સુખ વિગેરેવાળાં ઝાડો છે, કારણકે, તેમાં અવ્યક્ત ચેતન સમાયલું છે. સૂતેલા વિગેરે પુરુષનું દૃષ્ટાંત છે.

તેજ પ્રમાણે કહ્યું છે કે—

**वृक्षादयोऽक्षाद्युपलब्धिभावा, त्पाण्यादि संघात वदेह देहाः**
**तद्वत्स जीवा अपि देहतायाः सुप्तादि वत् ज्ञान सुखादि मंतः ॥१॥**

વૃક્ષો વિગેરે ઇન્દ્રિયોની ઉપલબ્ધિના ભાવથી હાથ વિગેરેના સમૂહવાળાજ શરીરની માફક દેહો છે તેની માફક તે દેહવાળા જીવો સૂતેલા વિગેરેની માફક જ્ઞાન સુખ વિગેરે વાળા છે. (ભાવાર્થ ઉપર આવી ગયો છે,) બાકીના સૂક્ષ્મ છે તે આંખોથી દેખાતા નથી તેથી જિનેશ્વરની આજ્ઞાએ પ્રમાણ કરવા અને ભગવાનનું વચન સત્ય તથા રાગદ્વેષ વિનાનું કહેલું હોવાથી આજ્ઞા પ્રમાણ છે. માટે તે માનવું જોઇએ હવે સાધારણનાં લક્ષણ કહે છે.

**साहारण माहारो साहारण आण पाण गहणं च**
**साहारण जीवाणं साहारण लक्खणं एयं ॥१३६॥**

એક શરીરમાં સાથે રહીને આહાર વિગેરે જેઓ એક સાથે લે, તે સાધારણ વનસ્પતિ જીવો છે. અને તેજ અનન્ત કાય જીવોનું સામાન્ય રીતે એક સાથે આહાર લેવો, તથા શ્વાસોશ્વાસ લેવાનું હોવાથી તે સાધારણનું લક્ષણ છે, એનો ભાવાર્થ આ છે કે એક જીવ આહાર લે, કે

શ્વાસોશ્વાસ લે, ત્યારે બધા અનન્તા જીવો આહાર લે, તથા શ્વાસો શ્વાસ લે, હવે તેને વધારે ખુલાસા સાથે કહે છે.

**एगस्स उ जं गहणं, बहुण साहारणाण तेचेव**
**जं बहुयाणं गहणं, समासओ तंपि एगस्स ॥१३७॥**

એક જીવ જે શ્વાસોચ્છવાસને યોગ્ય પુદ્ગલો લે, તે ઘણા સાધારણ જીવોને ઉપયોગમાં આવે; અને જે ઘણા જીવો લે, તે એકને પણ તેજ કામ લાગે છે; હવે જે બીજોથી ઉગે છે; તે વનસ્પતિ કેવી રીતે પ્રકટ થાય છે, તે બતાવે છે.

**जोणिब्भूए बीए जीवो, वक्कमइ सोव अन्नोवा**
**जोऽविय मूले जीवो, सोच्चिय पत्ते पढमयाए ॥१३८॥**

અહીંઆં ભૂત શબ્દ છે, તે 'અવસ્થા' બતાવે છે. યોનિ અવસ્થાવાળા બીજમાં યોનિનું પરિણામ ન છોડે ત્યાં સુધી બીજરૂપે છે. કારણ કે, બીજની બે અવસ્થા છે. યોનિ અવસ્થા અને અયોનિ અવસ્થા, જ્યારે બીજો યોનિ અવસ્થાને ન છોડે, એટલે એક જીવે બીજને છોડયું નથી, ત્યાં સુધી યોનિવાળું છે, અહીં યોનિનો એવો અર્થ છે, કે તેમાં જીવને ઉત્પત્તિનું સ્થાન નાશ પામ્યું નથી, તેવી યોનિવાળા બીજમાં જીવ આવીને ઉત્પન્ન થાય છે. હવે તે બીજમાં પૂર્વના બીજનો જીવ, અથવા અન્ય નવો જીવ આવીને ઉત્પન્ન થાય છે, એનો ભાવાર્થ એ છે, કે જીવે જ્યારે આયુષ્યના ક્ષયથી બીજનો ત્યાગ કર્યો, ત્યારે અને જ્યારે તે

બીજનો પૃથિવી પાણી વિગેરેનો સંયોગ થયો, ત્યારે કોઇ વખત તે પૂર્વનો જીવ ત્યાં આવીને પરિણમે છે, કોઇ વખત બીજો પણ આવે છે, અને જે મૂળપણે જીવ પરિણમે, તેજ પ્રથમ પત્રપણે પણ પરિણમે છે; એક જીવ મૂળ પત્રને કરનાર છે, અને પહેલું પાંદડું જે છે તે આ બીજનો 'સમૂચ્છૂન' અવસ્થા છે; તે ભૂ, જળ, કાળ,ની અપેક્ષાએ કહેવાય છે. આ નિયમથી બતાવેલ છે. પણ બાકીના કિશલય વિગેરે મૂળ જીવ પરિણામથી પ્રગટ થયેલાં નથી, એમ બતાવેલું જાણવું, તેથીજ કહેલું છે કેઃ—

**सव्वोऽवि किसलओ खलु, उग्गममाणो अणन्तओ भणिओ ॥ १ ॥**

સર્વે કુંપળો ઉત્પન્ન થતી વખતે અનન્તકાય છે, હવે બીજાં સાધારણનાં લક્ષણ કહે છે.

**चक्कागं भज्ज माणस्स, गंठी चूणण घणो भवे**
**पुढवी सरिस भेएणं, अणंत जीवं वियाणेहि ॥१३९॥**

જે મૂળ, કંદ, છાલ, પત્ર, પુષ્પ, ફળ વિગેરેને ભાગેલાં ચક્રાકાર સંમછેદ (ભંગ) થાય છે. તથા જેને ગાંઠ, પર્વ અથવા ભંગ સ્થાન રજથી વ્યાપ્ત છે, અથવા જે વનસ્પતિ ભેદાતાં પૃથિવી સરખા ભેદવડે કેદારના ઉપર સૂકી તરીની માફક પુટભેદે ભેદાય છે. તેને અનન્ત કાય જાણો; હવે બીજા લક્ષણો કહે છે.

**गूढ सिरागं पत्तं, सच्छीरं, जंच होइ निच्छीरं**
**जं पुण पणट्ठ संधिय, अणंत जीवं वियाणाहि ॥१४०॥**

જેને ગૂઢ સીરવાળાં તથા ખીરવાળાં પાંદડાં હોય અને ખીર ન પણ હોય, તથા જેના સાંધા ન દેખાતા હોય તે અનન્ત કાય જાણવા, એ પ્રમાણે સાધારણ જીવોને લક્ષણથી બતાવી હવે અનંતકાય વનસ્પતિનાં નામો બતાવે છે.

**सेवाल कत्थ भाणिय, अवए पणएयकिंनए यहढे**
**एए अणंत जीवा, भणिया अण्णे अणेग विहा ।१४१।**

સેવાલ, કત્થ, ભાણિક, અવક, પન્નક, કિણ્વ, હઠ, વિગેરે અનંત જીવો અનેક પ્રકારના કહેલા છે. એમ બીજા પણ જાણવાં, હવે પ્રત્યેક શરીરવાળાનાં એક વિગેરે જીવનું ગ્રહણ કરેલું શરીર બતાવવા કહે છે.

**एगस्स दुण्ह तिण्हय, संखिज्जाणव तहा असंखाणं**
**पत्तेय सरीराणं, दीसंति सरीर संघाया ॥१४२॥**

એક જીવે ગ્રહણ કરેલું, શરીરતાડ, સરલ, નાળીયેર, વિગેરેના સ્કંધ છે તથા તે ચક્ષુથી ગ્રહણ કરાય છે તથા બિસ ( તંતુ ) મૃણાલ, કર્ણિકા, કુણુક, કટાહનું એક જીવનું ગ્રહણપણું છે. અને તે ચક્ષુથી દેખાય છે. અને બે, ત્રણ, સંખ્યેય, અસંખ્યેય, જીવોનું ગ્રહણ કરેલું પણ (શરીર) ચક્ષુથી દેખાતું જાણવું. પ્રશ્ન–ત્યારે અનન્તકાયનું તે પ્રમાણ છે કે કેમ ? ઉત્તર તેમ નથી તે બતાવે છે.

**इक्कस्स दुण्ह तिण्हय, संखिज्जाणव न पासिउं सक्का**
**दीसंति सरीराई, निओय जीवाणऽणं ताणं ॥१४३॥**

એક વિગેરેથી લઇને છેવટે અસંખ્યાત સંખ્યાના અનંત તરૂ જીવોના જુદા શરીરો દેખાતા નથી. કારણ કે તેનો અભાવ છે. એક વિગેરે જીવે ગ્રહણ કરેલું અનંત જીવો સુધીનું શરીર જુદું નથી કારણ કે અનંતા જીવોનું પિંડ રૂપે એકજ શરીર છે.

પ્રશ્ન-ત્યારે તે કેવી રીતે જીવોને શરીરવાળા જાણવા? તે બતાવે છે.

ઉત્તર-બાદર નિગોદ જે અનન્ત જીવો છે તેમનાં શરીરો દેખાય છે, પણ સૂક્ષ્મ નિગોદના શરીરો દેખાતાં નથી. કારણ કે અનન્ત જીવોના સમૂહપણે શરીરો છતાં તે અતિ સૂક્ષ્મ છે, અને નિગોદ છે તે નિયમથી અનંત જીવોનો સમૂહ હોય છે- કહ્યું છે કે:—

**गोलाय असंखेज्जा, हुंतिणिओआ असंखया गोले**
**एक्को य निओए, अणंत जीवो मुणेयव्वो ॥१॥**

અસંખ્યાતા નિગોદના ગોળા છે, એકેક ગોળામાં અસંખ્યાત નિગોદ છે. અને એકેક નિગોદમાં અનંતા જીવો છે એ પ્રમાણે વનસ્પતિના વૃક્ષાદિ પ્રત્યેક વિગેરે ભેદોથી તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ભેદથી હજારોની સંખ્યામાં ભેદ અને યોનિ વિગેરે ભેદો લાખોની સંખ્યામાં છે; અને વન-

સ્પતિની સંવૃતા યોનિ છે, તે સચિત્ત અચિત્ત અને મિશ્ર એમ ત્રણ ભેદો છે તથા શીત, ઉષ્ણ, મિશ્ર એવા ત્રણ ભેદ છે. એ પ્રમાણે ગણતાં પ્રત્યેક તરૂઓની યોનીના દશ લાખ ભેદ છે, અને સાધારણ વનસ્પતિના ચૌદ લાખ ભેદ છે. અને બન્નેની કુલ કોટી ૨૫ કરોડ લાખ જાણવી;

વિધાન દ્વાર કહ્યું, હવે પરિમાણ દ્વાર કહે છે; તેમાં પ્રથમ સૂક્ષ્મ અનંત જીવોનું પરિમાણ બતાવે છે.

**पत्थेणव कुडवेणव जह्द कोइ मिणिज्ज सव्व धन्नाइं**
**एवं मविज्ज माणा, हवंति लोया अणंताउ ॥१४४॥**

પ્રસ્થ ( માપ ) અથવા કુડવ વિગેરેના માપથી કોઇ બધા ધાન્યને માપે, અને બીજી જગાએ નાખે એ પ્રમાણે કોઇ સાધારણ વનસ્પતિના જીવોને લોક રૂપ કુડવે કરીને માપે બીજે નાખે તો માપતાં અનંતા લોકો ભરાઇ જાય. હવે બાદર નિગોદનું પરિમાણ બતાવે છે.

**जे बायर पज्जता, पयरस्स असंख भागमित्ताते;**
**सेसा असंख लोया, तिन्निवि साहार णाणंता ।१४५।**

જે પર્યાપ્તા બાદર નિગોદ છે, તે સંવર્તિત ચોખંડા કરેલા બધા લોકના પ્રતરના અસંખ્યેય ભાગ વર્તિ પ્રદેસ રાશી પરિમાણ જાણવા; વળી તે પ્રત્યેક શરીર બાદર વનસ્પતિ પર્યાપ્તા જીવોથી અસંખ્યાત ગુણા છે. બાકીની ત્રણે રાશી પ્રત્યેક અસંખ્યેય લોક આકાશ પ્રદેશ પરિમાણવાળા

છે, હવે તે ત્રણ રાશી બતાવે છે (૧) અપર્યાપ્તા બાદર નિગોદ (૨) અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ (૩) પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ એ ત્રણે ક્રમથી સંખ્યામાં બહુતર (એક એકથી અધિક) જાણવા, પણ સાધારણ જીવો સંખ્યામાં તેનાથી અનંત ગુણા છે. આ, જીવનું પરિમાણ છે; પણ પૂર્વે ચાર રાશી કહી તે જીવનું નહીં પણ નિગોદનુ પરિમાણ જાણવું; હવે પરિમાણદ્વાર કહ્યા પછી ઉપભોગદ્વાર કહે છે.

**आहारे उवगरणे, सयणासण जाण जुग्ग करणेय**
**आवरण पहरणेसु अ, सत्थ विहाणेसु अबहुसुं ।१४६।**

ફળ, પાન, કુંપળ, મૂળ, કંદ, છાલ, વિગેરે ખવાય છે અને, પંખો, કડાં ( ચુડીઓ ) કવલક (          ) અર્ગલ વિગેરે ઉપકરણો બને છે તથા ખાટલો પાટીઉં સુવા માટે છે. તથા આસંદક ( માંચી ) છે તથા પાલખી વિગેરે યાન છે; તથા ગાડીના ધુસરાં, પાટીઆનાં ઢાંકણુ અને લાકડી મુસળી (ધોકો,) વિગેરે હથીયાર છે; તથા તેનાં ઘણાં પ્રકારનાં શસ્ત્રો છે; તેના શર, દાતરડાં, તલવાર, છરી, વિગેરે ગંડ (હાથો ?) ઉપયોગી પણે છે. તથા બીજો પણ પરિભોગ વિધિ છે તે બતાવે છે.

**आउज्ज कट्ठ कम्मे, गंधंगे वत्थ मल्ल जोए य**
**झावण वियावणेसु अ, तिल्ल विहाणे अ उज्जोए ।१४७।**

પટહ (ઢોલ) ભેરી વંશ વીણા ઝલ્લરી વિગેરે વાજીંત્રો

છે તથા પ્રતિમા (પુતળીઓ) થાંભલા, બારણાં, તેની શાખા વિગેરે કાષ્ટ કર્મ છે. તથા બાલક (વાળા કુંચી) પ્રિયંગુ (રાયણ) પાંદડાં દમનક કંદ નોશીર દેવદારૂ વિગેરે સુગંધીનાં અંગ છે. તથા ઝાડની છાલનાં કપડાં, તથા રૂના વસ્ત્રો છે. તથા નવ માલિકા બકુલ ચંપક પુન્નાગ અશોક, માલતી, વિચકિલ વિગેરેની માળાઓ બને છે; તથા લાકડાં બાળવાં, તે બળતણ છે. તથા ઠંડ દૂર કરવા તાપ કરવો તે છે. તલ; અળસી, સર્સવ, ઇંગુદી, જ્યો તીષમતી કરંજ વિગેરેનાં તેલ છે. તથા દીવટ, ઘાસ, ચૂડા, (ોયાં) લાકડાની મસાલ વિગેરેથી ઉદ્યોત (પ્રકાશ) કરાય છે. આ બધાં કાર્યોમાં વનસ્પતિ કાયનો ઉપભોગ થાય છે. આ બતાવીને હવે ઉપસંહાર કરે છે.

**एएहिं कारणेहिं हिंसंति वणस्सई बहुजीवे;**
**सायं गवेसमाणा, परस्स दुक्खं उदीरंति ॥१४८॥**

ઉપરની બે ગાથામાં બતાવેલા કારણોથી શાતા સુખને વાંછનારા મનુષ્યો પ્રત્યેક તથા સાધરણ વનસ્પતિ કાયના ઘણા જીવોનો સમારંભ કરીને વનસ્પતિ વિગેરે એકેન્દ્રિયાદિ જીવોને દુઃખ ઉત્પન્ન કરે છે; હવે શસ્ત્ર બતાવે છે તે દ્રવ્ય અને ભાવ એમ બે ભેદે છે; અને દ્રવ્ય શસ્ત્ર છેતે પણ વિભાગ તથા સમાસ એમ બે ભેદે છે; તેમાં, સમાસ શસ્ત્ર બતાવે છે.

**कप्पणि कुहाणि असियग, दत्तिय कुदाल वासि**
**परसूअ**

**सत्थं वणस्सइए, हत्था पाया मुहं अग्गी ॥१४९॥**

જેનાથી છેદાય, તે કલ્પની (કતરણી), કોહાડી; અસિયગ (દાતરડું) દાત્રિકા (નાનું દાતરડું) કોદાળી, વાંસલો, પરશુ (ફરશી) એ વનસ્પતિ છેદવાનાં શસ્ત્રો છે, અને હાથ પગ વિગેરે તથા અગ્નિ એ સામાન્ય છે. હવે વિભાગ શસ્ત્રો કહે છે.

**किंची सकाय सत्थं, किंची परकाय तदुभयं किंची एयंतु दव्व सत्थं, भावेय असंजमो सत्थं ॥१५०॥**

લાકડી વિગેરે કોઇ સ્વકાય દ્રવ્ય શસ્ત્ર છે. પાષાણ અગ્નિ વિગેરે કોઈ પરકાય શસ્ત્ર છે તથા દાતરડી કોહાડો વિગેરે જે હાથાવાળાં તે ઉભય શસ્ત્ર છે. આ દ્રવ્ય શસ્ત્ર જાણવાં અને મન વચન કાયાથી ખરાબ વર્તન અસંયમ રૂપ ભાવ શસ્ત્ર છે.

હવે આ બધી નિર્યુક્તિનો અર્થ સમાપ્ત કરવા કહે છે.

**सेसाइं दाराइं ताइं जाइं हवंति पुढवीए**
**एवं वणस्सइए निज्जुत्ती कित्तिया एसा ॥१५१॥**

હવે જે દ્વારો કહેવાં બાકી રહ્યાં તે બધાં પૃથિવીકાયમાં કહેલાં છે, તે જાણી લેવાં, તેથી દ્વારોના કહેવાથી વનસ્પતિકાયમાં નિર્યુક્તિઓ બતાવેલી જાણવી.

હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણો વાળું સૂત્ર ભણવું (ઉચ્ચારણ કરવું) જોઇએ તે કહે છે.

**तंणो करिस्सामि समुट्ठाए, मत्ता मइमं, अभयं विदित्ता, तं जे णो करए, एसो वरए, एत्थो वरए, एस अणगारे त्ति पवुच्चई (सू. ३९)**

આ સૂત્રનો ૩૮મા સૂત્ર સાથે તથા પહેલા વિગેરે સૂત્રો સાથે પ્રથમ કહ્યા મુજબ સંબંધ કહેવો, પૂર્વે કહ્યું કે શાતા (સુખ)ના વાંછકો વનસ્પતિ જંતુને નિશ્ચયે દુઃખ ઉત્પન્ન કરે છે. તેથી તેનું મૂળજ (કર્મબંધ પણે થઈને) દુઃખથી ગહન એવા સંસાર સાગરમાં જીવોને ભમાડે છે, એવું કડવું ફળ જાણનારો બધા વનસ્પતિ કાયના જીવોને દુઃખ દેવાની રીતીથી સર્વથા નિવૃત્ત (દૂર) થવાનું આત્મામાં ઇચ્છે છે. તે બતાવે છે. વનસ્પતિ કાયને થતી પીડાને જાણીને હું હવેથી દુઃખ નહી દઉં, અથવા તે વનસ્પતિ દુઃખ દેવાના કારણ રૂપ જે છેદન ભેદન છે, તેને મન, વચન, કાયાથી નહી કરૂં, ન કરાવું, કરનારને ભલો ન જાણીશ હવે કેવી રીતે કરીશ, તે બતાવે છે.

સર્વજ્ઞે બતાવેલા માર્ગને અનુસરીને સમ્યગ્ દિક્ષાના માર્ગને સ્વીકારીને બધા પાપના આરંભોનો ત્યાગ કરતો થકો, વનસ્પતિને દુઃખ થાય, તેવો આરંભ નહીં કરીશ. આથી સંયમ ક્રિયા બતાવી, એથી એમ સૂચવ્યું કે એકલી ક્રિયાથીજ મોક્ષ થાય, એમ નહી પણ જ્ઞાને જાણવું, તથા ક્રિયા તે પ્રમાણે કરવી, એ બે પ્રકારે મોક્ષ મળે છે; કહ્યું છે કે—

**नाणं किरिया रहियं, किरिया मेत्तं च दोविएगंता**
**न समत्था दाउं जे जम्म मरण दुक्ख दाहाइं ॥१॥**

ક્રિયા રહિત એકલું જ્ઞાન, અથવા જ્ઞાન રહિત એકલી ક્રિયા, એ બન્ને એકલા હોય તો જન્મ મરણના દુઃખોને છેદવા ( મોક્ષ આપવા ) સમર્થ નથી. ( પણ બન્ને સાથે-મળે તોજ મોક્ષ મળે છે. )

જેથી મોક્ષ મેળવવામાં વિશિષ્ટ કારણ ભૂત જ્ઞાનજ બતા-વવા કહે છે. જીવોને યથાયોગ્ય માની (જાણી શું કરે) તે કહે છે. બુદ્ધિમાન તે ઉપદેશને યોગ્ય છે તેવા શિષ્યને ગુરૂ કહે છે કે હે બુદ્ધિમાન સુશિષ્ય, દિક્ષા લઇને જીવાદિ પદાર્થોને જાણીને મોક્ષ પ્રાપ્ત કરે છે તે પ્રમાણે તું પણ જ્ઞાન ભણીને ચારિત્ર પાળીને મોક્ષ મેળવ, કારણ કે સમ્યક્જ્ઞાન પૂર્વક કરેલી ક્રિયા સફળ (મોક્ષ આપનારી) છે. ફરી અહીં કહે છે જેમાં જીવોને અભય (ભય વિનાનું) પદ છે. તે અભય રૂપ સંયમ સત્તર ભેદવાળો છે. તે સર્વ ભૂતની રક્ષા કર-નાર સંસાર સાગરથી તારનાર નિર્વાહક જાણીને (દરેક પુરૂષે) વનસ્પતિના આરંભથી નિવૃતિ લેવી ( દૂર રહેવું ) જોઇએ તેજ હવે વિવરીને બતાવે છે.

જે પરમાર્થ તત્વને જાણનાર છે, તેણે વનસ્પતિના આરં-ભને કડવાં ફળ આપનારો જાણીને ન કરવો, કારણ કે જે આરંભ ન કરે, તેનેજ **'પ્રતિવશિષ્ટ ઇષ્ટ ફળ'** (મોક્ષ)ની

પ્રાપ્તિ છે. પણ જે વિના વિચારે મૂઢ થઇ અંધ બનીને વર્તે, તેને મોક્ષ પ્રાપ્તિ નથી, કારણ કે ઇચ્છેલા સર્વોત્તમ સ્થાને પહોંચવામાં પ્રવર્તેલો અંધો જે ક્રિયા કરે, તે ક્રિયા તેના અંધપણાથી વિઘ્નરૂપ (ઉલટે રસ્તે દોરે) છે, એમ માનવું તેવી રીતે એકલું જ્ઞાન પણ ક્રિયા વિના મોક્ષ ન આપે. જેમકે એક ઘરમાં આગ લાગી, ત્યારે એક પંગુ દેખાવા છતાં પાંગળાપણાને લીધે નીકળવાની ઇચ્છા છતાં નીકળી ન શકયો, તેજ પ્રમાણે મુનિઓને સમજવું, કે આ પ્રમાણે બોધ પામીને તેમણે આરંભનો ત્યાગ કરવો, એ પ્રમાણે જે સમ્યક્ જ્ઞાન પૂર્વક જે નિવૃત્તિ ચારિત્ર અનુષ્ઠાન કરે. તેજ સમસ્ત આરંભથી નિવૃત્ત થયેલ છે, એમ બતાવે છે. "તેજ વનસ્પતિ સંબંધી મુક્ત થયેલા છે જેઓ પૂર્વે બરાબર જાણી આરંભ ન કરે," હવે તે આ પ્રમાણે નિવૃત્તિ લેનાર સાધુઓ શાકયાદિમાં પણ છે કે નહી? કે અહિં જીન શાસનમાંજ છે? તે શિષ્યના પ્રશ્નમાં ઉત્તર કહે છે.

આ જિનેશ્વરના મતમાંજ પરમાર્થથી છે; પણ બીજે તેવું જીવ દયાનું સ્વરૂપ બતાવ્યું નથી, કારણ કે જેવી પ્રતિજ્ઞા લે તેવું નિર્વદ્ય અનુષ્ઠાન કરવાથી નિવૃત્તિ માર્ગ સાધન પદવાળા ગણાય, પણ બોલે તેવું ન પાળે, તો શાકયાદિ સાધુ ન ગણાય તેથી જૈન મતને અનુસરનારાજ અનગાર (સાધુ) કહેવાય, તે બતાવે છે, કે પૂર્વે કહેલા સૂત્રાર્થ પ્રમાણે ચાલ-

નારો, તથા ઘર વિનાનો ઉત્કૃષ્ટથી અણગાર કહેવાય છે. શામાટે ઉત્કૃષ્ટથી ? તે બતાવે છે. જે અણગાર, નામને યોગ્ય કારણ ભૂત ગુણોના સમૂહને આદરે છે, તે ઉત્કૃષ્ટથી છે. અને 'ઇતિ' શબ્દ મૂળમાં છે, તે સાધુ કહેવાય, આ વાતને પૂરી કરે છે, એટલે એમ સમજવું કે. "જીવ રક્ષા" અણગારનું લક્ષણ છે. પણ બીજું નથી, પણ જેઓ આ પરમાર્થ સાધક અનગાર ગુણોને છોડીને શબ્દાદિ (સારાં ગાયન વિગેરે) ઈચ્છીને તેમાં પ્રવર્તે છે, અને વનસ્પતિ જીવોની અપેક્ષા (રક્ષા કરવી) ને વિસરે છે, તેને સાધુ નથી; આ મધુર શબ્દ વાળાં વાજીંત્રો વનસ્પતિનાં બને છે. તેથી તેનું દુઃખ વિસારીને પોતાને કૃત્રિમ આનંદ લેનારા રાગ દ્વેશ રૂપ વિષય વિષના નશાથી ઘેરાયલા ચપળ લોચન વાળા (રસિક જીવો) નરકાદિ ચાર ગતિમાં ભ્રમણ કરનારા જીવો જાણવા, જેને તે નરક વિગેરેમાં ભ્રમણ કરવું હોય તેજ શબ્દ (મધુર ગાયન) વિગેરેના રસીઆ બને છે. આ અર્થને પ્રસિદ્ધિ માટે પૂર્વે કહેલાં અને પછીના લક્ષણવાળાં બીજાં બીજાં અવધારણ ફળનો નિશ્ચય થવા માટે સૂત્ર કહે છે.

**जे गुणे से आवट्टे, जे आवट्टे से गुणे ( सू० ४० )**

જે શબ્દાદિ ગુણ ( રસ ) તે આવર્ત છે જેમાં જીવો પરિભ્રમણ કરે છે. તે સંસાર પોતે આવર્ત છે. અહીં મુખ્ય કારણનેજ કાર્ય પ્રમાણે કહ્યું છે, જેમકે ' નડ્વલ ' (ગંદુ)

પાણી પગનો રોગ છે તેમ ગાયન વિગેરેનો રસ તે સંસારનું કારણ હોવાથી તે સંસાર છે; સૂત્રમાં એક વચન હોવાથી એમ સૂચવ્યું કે જે પુરૂષ ગાયન વાજીંત્ર વિગેરેનો રસીઓ થાય, તે આવર્તમાં પડે છે, અને જે આવર્ત ( સંસાર ) માં પડે છે, તે શબ્દાદિનો રસીયો થાય છે, અહીં ઉદ્યત ચંચુ ( વાચાલ ) પુછેછે કે પ્રયોગ આમ કરવો, કે જે ગુણમાં વર્તે તે આવર્તમાં વર્તે, પણ જે આવર્તમાં વર્તે તે ગુણમાં વર્તેજ ' એવો કાંઇ નિયમ નથી, કારણ કે સાધુઓ આવર્તમાં છે, પણ ગુણોમાં નથી, તેનું કેમ ? આચાર્ય કહે છે તમારૂં કહેવું સત્ય છે. આવર્તમાં યતિ ( સાધુઓ ) રહે છે પણ તેઓ ગુણો (ગાયન) માં પ્રવર્તતા નથી, પણ રાગ દ્વેષ પૂર્વક ગુણોમાં જે વર્તે, તે અહીં લેવા; અને સાધુઓને તેનો અભાવ હોવાથી ન હોય અને તેમને સંસાર રૂપ આવર્ત દુખ ન હોય, પણ સામાન્યથી સંસારમાં પડવું, અને સામાન્ય શબ્દો વિગેરે ગુણો પ્રાપ્ત થવા સંભવે છે. તેથી ઉપલબ્ધિનો નિષેધ નથી પણ અહીં રાગદ્વેષના પરિણામવાળો જે ગુણ ( રસ ) હોય તેનો સાધુને નિષેધ છે, તેમજ કહ્યું છે.

**कण्ण सोक्खेहिं सद्देहिं पेम्मं नाभिनि वेसए**

વિગેરે સૂત્ર છે.

કાનને સુખ આપનાર શબ્દોમાં (સાધુ) પ્રેમ ન કરે વિગેરે તથા.

**न शक्यं रूपमद्रष्टुं, चक्षुर्गोचर मागतम्**
**रागद्वेषौतुयौ तत्र तौ बुधः परिवर्जयेत् ॥ १ ॥**

ચક્ષુ આગળ આવેલું રૂપ ન જોવાય એ શકય નથી પણ પંડિત પુરૂષે ત્યાં જે રાગ દ્વેષ થાય તે ત્યજવા જોઈએ ગુણોનું વધારે પણું વનસ્પતિથી કેવી રીતે છે તે બતાવે છે. વેણુ, વીણા, પટહ, મુકુંદ, વિગેરે જે જે વાજીંત્રો છે તે બધાની વનસ્પતિથી ઉત્પત્તિ છે તેનાથી મનોહર શબ્દ નીકળે છે તેથી વનસ્પતિનું પ્રધાનપણું તેમાં બતાવ્યું છે બીજી રીતે વિચારીએ તો તંત્રી ચર્મ પાણી વિગેરેના સંયોગથી પણ શબ્દ ઉત્પન્ન થાય છે અને રૂપમાં લાકડાની 'પૂતળીઓ' તથા ઘરનાં તોરણો, વેદિકા, સ્તંભ, વિગેરેમાં પણ રમણીયપણું આંખને છે. અને ગંધમાં કપુર પાટલા લવલી લવિંગ, કેતકી સરસ ચંદન, અગુરૂ, કકકોલ કાઈલા ફળ જાતિ ફળ, પત્રિકા, કેસરા, માંસી, છાલ, પત્ર વિગેરેની સુંગંધી ઇન્દ્રિયોને આનંદ આપનાર, થાય છે. અને બિસ મૃણાલ, મૂળ, કંદ, પુષ્પ, ફળ, પત્ર, કંટક, મંજરી, છાલ, અંકુર, કુંપળ, અરવિંદ (કમળ), ના કેસરા વિગેરેનો રસ જીભ ઇન્દ્રિયને બહુ આનંદ આપે છે. તે રસો ઘણી જાતના (દાડમનાં સરબત વિગેરે પ્રત્યક્ષ) છે. તથા પદ્મિની પત્ર, કમળનું દળ, મૃણાલ, વલ્કલ, દુકુલ; શાટક, (સાડી) ઓશીંકાં તળાઈના ઓછાડ વિગેરે કોમળ હોય તે શરીરને સ્પર્શમાં સુખ

આપે છે. એ પ્રમાણે ઉપર કહેલી વનસ્પતિથી બનેલી વસ્તુના શબ્દાદિ ગુણોમાં જે વર્તે તે સંસારમાં ભમે અને જે આવર્તમાં વર્તે તે રાગ દ્વેષ પણે વર્તવાથી ગુણોમાં વર્તે છે. એમ જાણવું તે આવર્ત્ત, નામ સ્થાપના વિગેરેથી ચાર ભેદવવાળો છે નામ સ્થાપના સુગમ છે. દ્રવ્યા વર્ત્ત, તે, (૧) સ્વામિત્વ (૨) કરણ (૩) અધિકરણ એ ત્રણમાં યથા સંભવ યોજવો, નદી વિગેરેના સ્વામીપણામાં કોઇ જગ્યાએ જળનું પરિભ્રમણ (ગોળાકારે ફરવું) થાય તે, દ્રવ્યાવર્ત, જાણવું, અથવા હંસ કારંડ ચકવાક વિગેરે પક્ષી આકાશમાં ક્રીડા કરતાં ચક્રાકારે ફરે તે, બન્ને સ્વામિત્વમાં દ્રવ્યોનું આ વર્ત જાણવું, હવે કરણ આશ્રયી કહે છે. તે ભમતાજ જલવડે જે તૃણ કલિંચ વિગેરે ભમે તે દ્રવ્યાવર્ત જાણવું. તથા તરવું સીસું, લોઢું ચાંદી, સોનું, ગાળતાં ગાળવાનાં વાસણમાં ગોળાકારે ભમે, તે કરણ, દ્રવ્યાવર્ત્ત જાણવુ, અધિકરણની વિવક્ષામાં એક જલ દ્રવ્યમાં આ વર્ત છે. અને ચાંદી સોનું, રેતિકા. (          ) તરવું. સીસું એકઠા કરતાં ઘણા દ્રવ્યોમાં આ વર્ત છે. ભાવ આવર્ત નામને એક ભાવથી બીજા ભાવમાં આવર્ત થવું અથવા ઔદયિક ભાવના ઉદયથી નરકાદિ ચાર ગતિમાં જીવ ભમે છે તે, જાણવું ઉપર કહેલા બધા આવર્તમાં ફકત ભાવ આવર્તથી પ્રયોજન છે. બીજાથી નથી, હવે એ શબ્દાદિ

ગુણો સંસારના આવર્તમાં કારણ ભૂત છે, અને વનસ્પતિથી કારણ મુખ્યપણે બનેલાં છે, તે કેમ? કોઇ અમુક નિયત. દિશાના ભાગમાં વર્તે છે કે બધી દિશામાં વર્તે છે? તે કહે છે.

**उड्ढं अहं तिरियं पाईणं पासमाणे रूवाइं पासति, सुणमाणे सद्दाइं सुणोति उड्ढं अहं पाईणं मुच्छमाणे रूवेसु मुच्छति सद्देसु आवि (सू. ४१)**

કહેનારની દિશાને અંગીકાર કરવાથી ઉંચી દિશામાં રહેલા રૂપ ગુણો ને મહેલોના મથાળામાં તથા હવેલીઓ (સારી જોઇને) ઉંચે (દરેક જન જુએ છે; તથા પહાડના શિખરે ચડેલો અથવા મહેલ ઉપર ચડેલો નીચે રહેલાં રૂપો (વસ્તુઓ) જુએ છે, અહીં અધઃ શબ્દથી નિચેની દિશા જાણવી. અને ઘરની ભીંતો વગેરેમાં રહેલાં રૂપો તિર્યક્ શબ્દથી ચાર દિશા તથા ચાર ખુણા લેવા, તે આ પ્રમાણે પૂર્વ વિગેરે દિશામાં દેખાતો ચક્ષુના જ્ઞાનમાં પરિણુત થઇને ચક્ષુમાં આવીને રહેલાં પોતે દેખે છે; (પ્રથમ આંખમાં પ્રતિબિંબ પડે, ત્યાર પછી વસ્તુનો નિશ્ચય થાય છે.) તથા ઉપર કહેલી દિશાઓમાં સાંભળતો સાંભળે છે, અર્થાત્ કાન દઇને લક્ષ્ય આપે તોજ બરોબર સંભળાઇને સમજાય છે; અહીં ઉપલબ્ધિથી જ્ઞાન માત્ર લીધું. પણ સાંભળવાથીજ કે દેખવાથીજ સંસાર ભ્રમણ નથી, પણ કદાચિત્ રૂપ વિગેરેમાં મૂર્છા કરે તો એને કર્મ બંધ છે. એવું

બતાવે છે, ઉર્ધ્વ (ઉંચી) વિગેરે દિશાઓમાં રૂપ દેખી રાગના પરિણામ કરે, તથા તે પ્રમાણે શબ્દોમાં તથા ગંધ રસ સ્પર્શમાં રાગના પરિણામ કરે તો, તેને બંધ થાય છે. સૂત્રમાં ફરી ઉર્ધ્વ લેવાનું એ કારણ છે કે, ત્યાં સારૂં રૂપ દેખીને રાગી બને છે. અને રૂપ લેવાથી બીજાપણ વિષયોનો સમાવેશ થાય છે. કારણ કે એકના ગ્રહણથી તેની જાતીના બધાએ લેવાય છે, અથવા પહેલો તથા છેલ્લો, લેવાથી વચમાંના આવી જાય એમ જાણવું. એ પ્રમાણે વિષય લોકને બતાવી વિવક્ષિત કહે છે.

**एस लोए वियाहिए, एत्थ अगुत्ते अणाणाए (सू. ४२)**

આ—રૂપ, રસ, ગંધ, સ્પર્શ શબ્દ, વિષય નામનો લોક કહ્યો જેનાથી અવલોકાય તે લોક. આ વસ્તુતઃ શબ્દાદિ ગુણ લોકમાં જે પુરૂષ મન, વચન, કાયાથી અગુપ્ત હોય અથવા મનથી દ્વેષી થાય, અથવા વાચાવડે શબ્દાદિની પ્રાર્થના કરે, અથવા કાયવડે શબ્દાદિના વિષય ભોગમાં જાય. એ પ્રમાણે જે અગુપ્ત હોય; તે ભગવાનની આજ્ઞામાં વર્તતો નથી. એ પ્રમાણે ગુણ શું કરે ! તે કહે છે.

**पुणो पुणो गुणासाए, वंक समायारे (सू. ४३)**

જે અનેક વાર શબ્દાદિ ગુણનો રાગી બન્યો હોય, તે પોતાના આત્માને શબ્દાદિ વિષયની ગૃદ્ધિથી દૂર કરવાને સમર્થ થતો નથી, અને પાછો ન ફરવાથી ફરી ફરી ગુણનો

સ્વાદુ બને છે. નિરંતર ક્રિયા કરીને રસોનો સ્વાદ લે છે; અને તે જેવો થાય તેવો બતાવે છે. આ "વક્ર" તે અસંયમ છે, તેજ નરકાદિ ગતિમાં લઈ જાય છે. અને એવા આચરણને કરનારો જે છે, તે વક્ર સમાચારવાળો (સંયમ રહિત) અવશ્યજ શબ્દાદિ વિષયોનો રસિક બને છે. અને જીવોને દુઃખ દેનાર હોવાથી તે વક્ર સમાચારવાળો જાણવો.

ઉપર શબ્દાદિ વિષયના રસનો સ્વાદ કરવાથી ગૃદ્ધ થયેલો તેનાથી ન બચે, તે સંબંધમાં '**અપથ્ય કેરી**' નો રસિક રાજા પોતે અતિસારના રોગથી બુરે હાલે મુઓ, તેમ તે પણ બુરે હાલે મરે છે, (પણ સ્વાદને છોડતો નથી) એ પ્રમાણે આ વિષય રસમાં એકાન્ત હારેલો તે શબ્દાદિ વિષયનો સ્વાદ કરવાથી '**खंत पुत्तोव**' આ પ્રમાણે આચરે છે.

**पमत्तेऽगार मावसे (सू. ४४)**

વિષય વિષમાં મૂર્છા પામેલો, પ્રમાદિ સાધુ ગૃહસ્થ બને છે, જે સાધુનું લિંગ રાખે અને શબ્દાદિ વિષયનો પ્રમાદિ થાય, તે પણ વિરતિરૂપ ભાવ લિંગ રહિત હોવાથી. તે પણ ગૃહસ્થજ છે. અન્ય તીર્થીઓમાં હમેશાં બોલવાનું જુદું અને કરવાનું જુદું એમ છે તે બતાવે છે.

**लज्जमाणा पुढो पास, अणगारा मोत्ति, एगे पवद माणा जमिणं विरू विरू वेहिं सत्थेहिं, वणस्सइ कम्म समारंभेणं वणस्सइ सत्थं समारंभ**

माणा, अण्णे अणेगरूवे पाणे विहिं संति, तत्थ खलु भगवया परिण्णा पवेदिता, इमस्स चेव जीवियस्स परि वंदण माणण पूयणाए जाती मरण मोयणाए दुक्ख पडिघाय हेउं, सेसयमेय वणस्सइ सत्थं समारं भइ, अण्णेहिं वा वणस्सइ सत्थं समारं भावेइ, अण्णे वा वणस्सइ, सत्थं समारभमाणे समणु जाणइ, तं से अहि आए, तं से अबोहिए, सेतं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए सोचा, भगवओ अणगाराणं वा अंतिए इह मेगेसिं णाय भवति,-एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरये, इच्चत्थं गड्ढिए लोए, जमिणं विरूवरू वेहिं सत्थेहिं, वणस्सइ कम्म समारंभेणं, वणस्सइ सत्थं समारंभमाणे अण्णे अणेगरूवे पाणे विहिं संति (सू. ४९)

અગ્નિકાયમાં પાને. અર્થ બતાવ્યો છે, તે પ્રમાણે અહીં પણ જાણવો. વિશેષ અગ્નિને બદલે વનસ્પતિકાયનો આરંભ કરનાર પોતે વનસ્પતિના જીવો હણવાની સાથે તેમાં આશ્રય કરેલા બીજા જીવોને પણ હણે છે. અને તે છેવટે નરકમાં જાય છે. માટે ઉત્તમ સાધુ–તેનો સમારંભ કરતા નથી તેમ કરાવતા નથી અને કરતાને ભલો જાણતા નથી.

હવે વનસ્પતિ કાયનું જીવપણું સિદ્ધ કરવા ચિન્હ બતાવે છે.

**सेबेमि, इमंपि जाइ धम्मयं, एयंपि जाइ धम्मयं, इमंपि बुड्ढि धम्मयं, एयंपि बुड्ढि धम्मयं इमंपि चित्त मंतयं, एयंपि चित्त मंतयं, इमंपि छिण्णं मिलाइ, एयंपि छिण्णं मिलाइ, इमंपि आहारगं एयंपि आहारगं, इमंपि अणिच्चयं एयंपि अणिच्चयं, इमंपि असासयं, एयंपि असासयं; इमंपि चओवचइयं, एयंपि, च ओवचइयं; इमंपि विपरिणाम धम्मयं, एयंपि विपरिणाम धम्मयं, (सू. ४६)**

તે હું જિનેશ્વર પાસે તત્વ જાણીને કહું છું, અથવા વનસ્પતિનું ચૈતન્ય જે પ્રત્યક્ષ પ્રમાણથી જણાય છે તે હું કહું છું, જેવી પ્રતિજ્ઞા કરી તે પ્રમાણે બતાવે છે. અહિંઆં ઉપદેશને યોગ્ય સૂત્રનો આરંભ છે. અને તેને કહેવા યોગ્ય પુરૂષ હોય છે. તેના પાસે રહેવાપણાથી તે શરીર પ્રત્યક્ષ આસન્ન વાચીં 'ઈદમ્' (ગુજરાતીમાં 'આ') શબ્દવડે સાધુ વિચાર કરે છે. આપણું આ મનુષ્ય શરીર જનન (જન્મ) ના ધર્મવાળું છે. અને વનસ્પતિનું શરીર, પણ તે સ્વભાવવાળું છે. અહિંઆ 'ઇતિ' શબ્દ સહિત 'अपि' શબ્દ છે.

તે દરેક જગ્યાએ 'યથા' શબ્દના અર્થમાં છે, અને

બીજો 'અપિ' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે તેનો અર્થ આ પ્રમાણે છે. જેમ મનુષ્યનું શરીર બાળ, કુમાર, જુવાન, તથા બુઢ્ઢા પણાના વિશેષ પરિણામ વાળું છે, તથા ચેતના વાળું એટલે જીવથી સદા અધિષ્ઠિત છે, કારણ કે તેની ચેતના સ્પષ્ટ દેખાય છે. તે પ્રમાણે આ વનસ્પતિનું શરીર પણ છે કારણ કે જન્મ પામેલું, કેતકીનું ઝાડ બાળક યુવા અને વૃદ્ધથી સંવૃત (યુક્ત) છે. આ સરખા પણાથી જન્મના ધર્મવાળું છે બન્નેમાં કંઈ વિશેષ ભેદ નથી, કે જેનાથી જાતિ ધર્મ પણું છતાં પણ મનુષ્ય વિગેરે શરીર સચેતન હોય અને વનસ્પતિ શરીર તેવું નહીં.

વાદીનો પ્રશ્ન—જાતિ ધર્મ પણું વાળ, નખ, દાંત વિગેરેમાં પણ છે અને તેથી તમારૂં લક્ષણ વ્યભિચાર વાળું થયું અને લક્ષણ અવ્યભિચારી જોઇએ. તેથી જાતિ ધર્મ પણું જીવ લિંગ છે એ તમારી કલ્પના અયુક્ત છે.

ઉત્તર—જનન માત્ર સત્ય છે. પણ મનુષ્ય શરીરમાં પ્રસિદ્ધ એવી બાળ કુમાર વિગેરે અવસ્થા પણું છે તેનો કેશ વિગેરેમાં અસંભવ છે. માટે તમારૂં કહેવું અયુક્ત છે. વળી કેશ અને નખ ચેતના વાળાથી અધિષ્ઠિત શરીરમાં ઉત્પન્ન થાય છે, તેવું કહેવાય છે, અને તેજ પ્રમાણે વધે છે, પણ ચેતના વાળાને આધારે રહી ઝાડો વિગેરે ઉગે છે, તેવું તું પણ ઇચ્છતો નથી,

કારણ કે તારા મત પ્રમાણે પૃથિવી અચેતન હોવાથી તેમ થવું અયુક્ત છે અથવા જાતિ ધર્મ વિગેરે પૂર્વે સૂત્રોમાં કહેલા તે બધાથી એકજ હેતુ છે. બીજા હેતુની જરૂર નથી અને કેશ વિગેરેમાં સમુદાય હેતુ નથી તેથી અમારૂં લક્ષણ ( હેતુ ) નિર્દોષ છે. તથા જેમ આ મનુષ્ય શરીર નિરંતર બાળ કુમાર વિગેરે અવસ્થાથી વધે છે, તે પ્રમાણે આ વનસ્પતિનાં શરીર તે અંકુરા, કિસલય, શાખા, પ્રશાખા વિગેરેથી વધે છે તથા જે મનુષ્ય શરીર ચિત્તવાળું છે તેમ વનસ્પતિનું શરીર પણ ચિત્તવાળું છે.

પ્રશ્ન—કેવી રીતે ? તે બતાવે છે. જેનાવડે ચેતે તે ચિત્ત (જ્ઞાન) તેનાથી મનુષ્યનું શરીર જ્ઞાન યુક્ત છે. તેજ પ્રમાણે વનસ્પતિનું પણ છે. કારણ કે ધાત્રી, પ્રપુન્નાટ ( લજામણી ) વિગેરેને ઉંઘવા તથા જાગવાનો સ્વભાવ છે તથા તેની નીચે દાટેલા ધન સમૂહને પોતાના ઉગવાવડે છુપાવે છે, તથા વર્ષાના મેઘના અવાજથી શિશીરના વાયુના સ્પર્શથી અંકુરાનું 'ઉત્પન્ન થવું', તથા મદ મદન સંગથી સ્ખલાયમાન ગતિવાળી ઘેરાયલા ચપળ લોચનવાળી સ્ત્રી ઝાંઝરવાળા કોમળ પગથી તાડન કરે, તો અશોક વૃક્ષને પલ્લવ અને ફુલની ઉત્પત્તિ થાય છે; તથા સુગંધવાળા દારૂનો કોગળો છાંટવાથી બકુલ ફુટે છે, તથા સ્પૃષ્ટ પ્રરોહિક ( લજામણી ) ને હાથ વિગેરે લગાડવાથી સંકોચાદિ ક્રિયા પ્રકટ જણાય છે અને આ

ઝાડ સંબંધી કહેલી વર્તણુક જ્ઞાન શીવાય ન બની શકે તેથી વનસ્પતિનું સચિત્તપણું સિદ્ધ થયું તથા જેમ આ મનુષ્ય શરીર ઘા લાગતાં સૂકાય છે તેમ તે પણ સુકાય છે; એટલે મનુષ્ય શરીર હાથ વિગેરેમાં છેદાયલું સુકાય છે તેમ ઝાડનું શરીર પણ પલ્લવ ફલ, ફુલ, વિગેરેથી છેદાયલું સૂકાતું દેખાય છે. આ અચેતનનો ધર્મ નથી શાક ભાત વિગેરેનો આહાર કરનાર મનુષ્ય શરીર છે, તેમ વનસ્પતિનું શરીર પણ જમીન પાણી વિગેરેનો આહાર કરનાર છે; અને અચેતનોને આ આહારપણું કયાંય દેખેલું નથી, તેથી વનસ્પતિમાં સચેતનપણું છે. તથા મનુષ્ય શરીર અનિત્ય છે, હમ્મેશ રહેનારૂં નથી, તે પ્રમાણે આ વનસ્પતિ શરીર પણ નિયત આયુષ્યવાળું અનિત્ય છે, તે વનસ્પતિનું ઉત્કૃષ્ટ આયુઃ દશ હજાર વર્ષનું છે, તથા આ મનુષ્ય શરીર ક્ષણે ક્ષણે 'આવીચી' મરણ વડે અશાશ્વત છે, તેમ વનસ્પતિનું શરીર પણ છે, તથા મનુષ્યનું શરીર જેમ ઇષ્ટ અનિષ્ટ આહાર વિગેરેની પ્રાપ્તિથી જાડું પાતળું થાય છે, તેમ વનસ્પતિ પણ છે, તથા આ મનુષ્ય શરીર તેવા તેવા રોગોના સંપર્કથી વિવિધ પરિણામવાળું છે, જેમ પાંડુત્વ ઉદર વૃદ્ધિ, (જળંદર) સોજાપણું, પાતળાપણું, તથા આંગળી નાક સડે તેવા તથા બાલાદિ રૂપવાળું છે તે પ્રમાણે રસાયન સ્નેહ વિગેરેના ઉપયોગથી વિશિષ્ટ કાન્તિ બળ ઉપચય વિગેરે રૂપવાળા

એટલે વિશેષ પરિણામ વાળા થાય છે તે ધર્મવાળું વનસ્પતિ શરીર પણ છે. તેવા રોગો ઉત્પન્ન થવાથી, પુષ્પ, ફળ છાલ વિગેરે સુકાઇ જાય છે તથા વિશિષ્ટ દોહૃદ (દોહલા) પુરવાથી, ફુલ ફળ, વિગેરેના ઉપચયથી વિશેષ પરિણામ ધર્મવાળું છે. આ પ્રમાણે બતાવેલા ધર્મ સમૂહના સદ્‌ભાવથી તરૂઓ સચેતન છે. એમ જાણવું. એવું શિષ્યને ગુરૂ કહે છે- એ પ્રમાણે વનસ્પતિ ચૈતન્યને બતાવીને તેના આરંભમાં બંધ છે તેનો ત્યાગરૂપ વિરતિ સેવવાથી મુનિપણું પ્રતિપાદન કરીને તેનો ઉપસંહાર કરવા કહે છે.

**एत्थ सत्थं समारभ माणस्स, इच्चेते आरंभा अपरिण्णाया भवंति, एत्थ सत्थं असमारभ माणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति, तंपरिण्णाय मेहावी, णेव सयं वणस्सइसत्थं समारंभेज्जा, णेवण्णेहिं वणस्सइ सत्थं समारं भावेज्जा णेवण्णं वणस्सइ सत्थं समारं भंते समणु जाणेज्जा, जस्से ते वणस्सति सत्थ समारंभा परिण्णाया भवंति, सेहु मुणी परिण्णाय कम्मे (सू. ४७) त्तिबेमि ॥ पंचम उद्देशकः समाप्तः ॥**

આ વનસ્પતિ કાયમાં દ્રવ્ય તથા ભાવ બેઉ ભેદથી શસ્ત્રનો આરંભ કરનારાઓને આ શસ્ત્રના આરંભમાં પાપ

છે, એમ ખબર ન હોવાથી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેઓનો ત્યાગ કરતા નથી, અને જે આરંભ નથી કરતા તેઓને આરંભ કરવામાં પાપ છે, એમ ખબર હોવાથી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનો ત્યાગ કરે છે. અને જેઓ આ વનસ્પતિ શસ્ત્રના આરંભનો ત્યાગ કરે છે, તેજ મુનિ પરિજ્ઞાત કર્મા કહેવાય છે. એ બધું પૂર્વ માફક જાણવું એવું સુધર્મા સ્વામી કહે છે.

॥ શસ્ત્ર પરિજ્ઞા અધ્યયનમાં પાંચમા ઉદ્દેશાની ટીકા સમાપ્ત થઇ ॥

હવે પાંચમો ઉદ્દેશો બતાવી છઠ્ઠા ઉદ્દેશાનો આરંભ કરે છે. આ છઠ્ઠા ઉદ્દેશાનો પાંચમા સાથે જે સંબંધ છે તે બતાવે છે.

પાંચમામાં વનસ્પતિકાયનું વર્ણન કર્યું ત્યાર પછી છઠામાં ત્રસકાયના ઉદ્દેશાનું વર્ણન આવેલું હોવાથી તેનું સ્વરૂપ બરાબર ઓળખવાને આ ત્રસકાયનો ઉદ્દેશો શરૂ કરે છે. તેનાં ઉપક્રમાદિ ચાર અનુયોગ દ્વારો છે. તે પૂર્વ માફક કહેવાં. જ્યાં સુધી નામ નિષ્પન્ન નિક્ષેપામાં ત્રસકાયનો ઉદ્દેશો આવે ત્યાં સુધી લેવું અને નામ નિષ્પન્ન નિક્ષેપામાં ત્રસ-કાયનો ઉદ્દેશો એ પ્રમાણે નામ રાખવું તેને નામ વિષ્પન્ન નિક્ષેપો જાણવો. ત્રસકાયનાં પૂર્વે કહેલાં દ્વારોનો ક્રમથી અતિદેશ કરવા અને તેનાથી કંઇક જુદાં લક્ષણવાળું દ્વારોનું વર્ણન કરવા માટે નિર્યુક્તિકાર ગાથા કહે છે.

**तस काए दाराइं ताइं जाइं हवंति पुढवीए**
**नाणत्ती उ विहाणे परिमाणुव भोग सत्थे य॥१५२॥**

જે ત્રાસ પામે તે ત્રસ કહેવાય તેઓનું શરીર તે ત્રસ કાય, તેનાં દ્વારો જે પૃથિવી કાયમાં કહ્યાં તેજ પ્રમાણે છે. પણ વિધાન પરિમાણ ઉપભોગ, શસ્ત્ર, અને લક્ષણ તે દ્વારોમાં કંઇક ફેર છે. અહિં નિર્યુક્તિમાં 'ચ' શબ્દ ગ્રહણ કરેલો હોવાથી લક્ષણ દ્વાર લીધું છે, તેમાંથી પ્રથમ વિધાન દ્વાર કહે છે.

**दुविहा खलु तस जीवा लद्धितसा चेव गइ तसा चेव**
**लद्धीय तेउ वाउ, तेणऽहिगारो इहं नत्थि ॥१५३॥**

ત્રસ જીવો બે પ્રકારના છે. હાલે ચાલે તે ત્રસ કહેવાય અને જીવવાથી એટલે પ્રાણને ધારી રાખવાથી જીવ છે, હવે તે ત્રસ જીવો બે પ્રકારે છે (૧) લબ્ધિ ત્રસ (૨) ગતિ ત્રસ; લબ્ધિ ત્રસ તેજસ્કાય ત્રસ તથા વાયુ ત્રસ, એમ બે પ્રકારે છે. લબ્ધિ તે શક્તિ માત્ર છે, તેજસ્કાય ત્રસનું વર્ણન તેજસ્કાયના ઉદ્દેશામાં આવી ગયું છે. અને વાયુ ત્રસનું વર્ણન વાયુના ઉદ્દેશામાં આવશે, તેથી લબ્ધિ ત્રસની અહિં વધારે જરૂર નથી, તેને છોડીને ગતિ ત્રસનું વર્ણન કરે છે. તે કેટલા છે અને તેના ભેદ કયા છે તે બતાવે છે.

**नेरइय तिरिय मणुया, सुराय गइओ चउव्विहा चेव**
**पज्जत्ताऽपज्जत्ता नेरइया इय नायव्वा ॥१५४॥**

નારક એટલે રત્ન પ્રભાથી આરંભીને મહાતમ પૃથિવી પર્યંત જે નરકમાં રહેનારા જીવો છે; તેના સાત ભેદ છે. તથા દ્વિઈન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, તથા પંચેન્દ્રિય વાળા પશુ પક્ષી તથા તીર છું ચાલનાર પ્રાણી વિગેરે તિર્યંચ કહેવાય અને મળ મૂત્રમાં ઉત્પન્ન થનારા તથા ગર્ભમાં ઉત્પન્ન થનારા તે મનુષ્ય છે, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક તે સુર છે, આ ગતિ ત્રસ કહેવાય છે. અને તે ચાર પ્રકારે છે. નામ કર્મનો ઉદય થવાથી પ્રાપ્ત કરેલ ગતિને મેળવવાથી તે ગતિ ત્રસ કહેવાય. આ નારકાદિ જીવો પર્યાપ્ત, અને અપર્યાપ્તા, એમ બે પ્રકારે જાણવા, તેમાં પર્યાપ્તિ છ પ્રકારે છે તે પૂર્વે કહિ ગયા છીએ; તે વડે યથાયોગ્ય તૈયાર થયેલા તે પર્યાપ્તા, અને તેનાથી જે વિપરીત તે અપર્યાપ્તા; અને તે અંતમૂહુર્ત કાળ સુધી અપર્યાપ્તા જાણવા. હવે બીજા ઉત્તર ભેદો કહે છે.

**तिविहा तिविहा जोणी, अंडा पोअ जराउआ चेव**
**बेइंदिय ते इंदिय, चउरोपंचेदिया, चेव ॥१८५॥ दारं**

અહિં શીત, ઉષ્ણ અને શીતોષ્ણ તથા સચિત અચિત્ત અને મિશ્ર તથા સંવૃત વિવૃત તથા મિશ્ર તથા સ્ત્રી પુરૂષ અને નપુંસક એમ ત્રણ ત્રણ ભેદથી ત્રણ ત્રણ યોનિનાં જોડકાં ઘણાં છે. તે બધાનો સંગ્રહ કરવાને માટે ગાથામાં બે વખત **તિવિહા** લીધું તેમાં નરક જીવોની પહેલી ત્રણ ભૂમિમાં

શીત યોનિ છે. અને ચોથીમાં ઉપર શીત નીચે ઉષ્ણ છે, ત્યાર પછીની ત્રણ ભૂમિમાં ઉષ્ણ યોનિ છે પણ મિશ્ર અથવા શીત નથી. ગર્ભથી જન્મ પામનારા, તિર્યંચ તથા મનુષ્યોની અને બધા દેવોની શીતોષ્ણ યોનિ છે. પણ શીત તથા ઉષ્ણ નથી. બેઇન્દ્રિય, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિય, મળમૂત્ર વિગેરેમાં ઉત્પન્ન થનારા તિર્યંચ તથા મનુષ્યની શીત ઉષ્ણ અને મિશ્ર એમ ત્રણ પ્રકારની યોનિ છે. નારક અને દેવોની એક અચિત્ત યોનિ છે. સચિત્ત તથા મિશ્ર હોતી નથી. બે ઇન્દ્રિયાદિ સંમૂર્છનજ પંચેન્દ્રિ તિર્યંચ મનુષ્યની સચિત્ત અચિત્ત, અને મિશ્ર એમ ત્રણ પ્રકારે યોની છે. ગર્ભથી જન્મેલાં તિર્યંચ તથા મનુષ્યની મિશ્રયોનિ સમજવી તેમજ નારકી તથા, દેવની સંવૃત યોનિ છે પણ અસંવૃત્ત તથા મિશ્ર નહિં; બે ત્રણ ચાર ઇન્દ્રિયવાળા તથા સંમૂર્છન પંચેન્દ્રિય તથા મનુષ્યની વિવૃત યોનિ છે, પણ બીજી નથી, ગર્ભ વ્યુત્ક્રાન્તિક તિર્યંચ તથા મનુષ્યની સંવૃત વિવૃત યોનિ છે. એટલે મિશ્ર યોની સમજવી, પણ સંવૃત તથા વિવૃત નહિં, નારકી જીવો કેવળ નપુંસક યોનિવાળા છે. તિર્યંચો સ્ત્રી પુરૂષ તથા નપુંસક એમ ત્રણે યોનિવાળા છે. મનુષ્યો પણ એવી ત્રણ યોનિવાળા છે. દેવોમાં સ્ત્રી તથા પુરૂષ એમ બેજ યોનિ છે, તથા મનુષ્ય યોની બીજી રીતે ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે (૧) કૂર્મોન્નતા, તેમાં અર્હંત્

(તીર્થંકર) ચક્રવર્તી, વિગેરે સારા માણસોનીજ ઉત્પત્તિ થાય છે. (૨) શંખાવર્તા, તે ચક્રવર્તીના સ્ત્રી રત્નનેજ હોય છે, તેમાં ફક્ત પ્રાણીની ઉત્પત્તિ સંભવે છે, પણ તેમાં નવ મહિના રહીને ગર્ભ પાકવાની ક્રિયા થતી નથી; (૩) 'વંશી પત્રા' તે યોનિ પ્રાકૃત ( સાધારણ ) મનુષ્યોને હોય છે, તથા બીજા ત્રણ ભેદ નિર્યુક્તિ કાર બતાવે છે. તે આ પ્રમાણે 'અંડજ' 'પોતજ,' અને 'જરાયુજ' તેમાં પક્ષી વિગેરે અંડજ કહેવાય તથા વલ્ગુલી (બકરા હરણ) હાથીનું બચ્ચું વિગેરે પોતજ છે અને ગાય ભેંસ બળદ મનુષ્ય ઇત્યાદિ જરા યુજ કહેવાય છે. આ પ્રમાણે ગતિ ત્રસો બે ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયોના ભેદવાળા છે; આ પ્રમાણે યોની વિગેરે ભેદથી ત્રસનું નિરૂપણ થયું, હવે તે દરેક યોનિનો સંગ્રહ નિચેની ગાથાઓમાં કર્યો છે, તે બતાવે છે.

**पुढवि दग अगणि मारुय पत्तेय निओय जीव जोणीणं**
**सत्तग सत्तग सत्तग सत्तग दस चोद्दस य लक्खा ॥१॥**
**विगलिंदिएसु दोदो चउरो चउरो य नारय सुरेसु**
**तिरियाण होंति चउरो चोद्दस मणुआण लक्खाइं ॥२॥**

સાત લાખ પૃથિવીકાય યોનિ, સાત લાખ જલકાય યોનિ, સાત લાખ અગ્નિકાય; સાત લાખ પવન, દશલાખ પ્રત્યેક વનસ્પતિ અને ચૌદ લાખ સાધારણ વનસ્પતિ કાયની યોનિ છે. ॥૧॥ વિકલેન્દ્રિય (બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા)

ની બબ્બે લાખ યોનિ છે, ચાર લાખ નારકીની તથા ચાર લાખ દેવયોનિ છે, ચાર લાખ તિર્યંચ પંચેદ્રિની અને ચૌદ લાખ મનુષ્યની યોનિ છે. એવી રીતે બધી મળીને ચોર્યાશી લાખ યોનિ જીવોની થાય છે; હવે કુલનાં પરિમાણ કહે છે.

कुल कोडिसय सहस्सा, बत्तीस ट्ठ नवय पण वीसा
एगिंदिय बि ति इंदिय, चउरिंदियँ हरिय कायाणं॥१॥
अद्ध तेरस बारस, दस दस नव चेव कोडिलक्खाइं
जलयर पक्खि चउप्पय, उर भुय परिसप्प जीवाणं॥२॥
पणु वीसं छव्वीसं, च सय सहस्साइं नारय सुराणं
बारस य सय सहस्सा, कुल कोडीणं मणुस्साणं॥३॥
एगा कोडा कोडी, सत्ताण उतिंच सय सहस्साइ
पंचासं च सहस्सा कुल कोडीणं मुणे यव्वा॥४॥

એ પ્રમાણે આંકડામાં ૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦ થાય છે આ બધા 'કુલનો સંગ્રહ' છે. પ્રરૂપણા દ્વાર સમાપ્ત થયું. હવે લક્ષણ દ્વાર કહે છે.

दंसण नाण चरित्ते, चरिया चरिए अ, दाण लाभेअ
उव भोग भोग वीरिय, इंदिय विसए य लद्धीय॥१५६॥
उव ओग जोग अज्झव, साणे वीसुं च लद्धि ओदइया
(ओउदया)।
अट्ठ विहोदय लेसा, सन्नुसासे कसाएअ॥१५७॥

દર્શન, તે સામાન્ય ઉપલબ્ધિ (પ્રાપ્તિ) રૂપ છે, તેમાં ચક્ષુ દર્શન અચક્ષુ દર્શન, અવધિ દર્શન, અને કેવળ દર્શન, એમ ચાર પ્રકારે છે. જ્ઞાન તે મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યય અને કેવળ એમ પાંચ પ્રકારનું છે, તે જ્ઞાન પોતાનો તથા પરનો પરિચ્છેદ કરનાર જીવનું પરિણામ છે, તે જ્ઞાના-વરણીયાદિક કર્મ જવાથી સ્પષ્ટ તત્વનો પરિચ્છેદ કરે છે; ચારિત્ર તે, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, અને યથાખ્યાત એમ પાંચ પ્રકારે છે, ચારિત્રા ચારિત્ર તે શ્રાવકોને દેશ વિરતિ સ્થુલ પ્રાણાતિ-પાત વિગેરેનું નિવૃત્તિ રૂપ જાણવું, તથા દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, શ્રોત્ર, ચક્ષુ, નાક, જીભ, સ્પર્શન, એ દશ પ્રકારની દોષ રહિત જીવ દ્રવ્યોની લબ્ધિઓ છે તે જીવનું લક્ષણ છે, તથા ઉપયોગ તે સાકાર અને નિરાકાર એમ બે પ્રકારે છે, સાકાર ઉપયોગ આઠ પ્રકારનો, અને નિરાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે; યોગ તે મન, વચન, અને કાયાએ કરીને ત્રણ પ્રકારનો છે. મન પરિણામથી ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ અધ્યવસાયો ઘણા પ્રકારે છે " વિષ્વક્ ( જુદી જુદી ) લબ્ધિ-ઓનો ઉદય " પ્રકટ થાય છે. તે દૂધ, મધ, આસ્રવ વિગેરે લબ્ધિઓ છે તથા જ્ઞાના વરણીયાદિ કર્મથી લઇને અંતરાય સુધી આઠ કર્મનો પોતાની શક્તિનું પરિમાણ તે ઉદય, છે, લેશ્યા તે કૃષ્ણાદિ ભેદ વડે છ પ્રકારની છે, તે શુભ અને

અશુભ કષાય, યોગ, અને પરિણામ, વિશેષથી ઉત્પન્ન થાય છે તે, અને સંજ્ઞા તે આહાર, ભય, પરિગ્રહ, મૈથુન. એવી રીતે ચાર પ્રકારે છે, અથવા દશ ભેદ પૂર્વે કહેલ છે અથવા ક્રોધાદિ ચાર ભેદે છે તે તથા 'ઓઘસંજ્ઞા.' અને લોકસંજ્ઞા, છે અને શ્વાસો શ્વાસ તે પ્રાણ અને અપાન છે. કષાય તેને કહેવો કે જે સંસારની પ્રાપ્તિ કરાવે; તે ક્રોધાદિક અનન્તાનુબંધીઆદિક ભેદવડે સોળ પ્રકારનો છે એ બે ગાથામાં મૂકેલા બે ઇન્દ્રિય વિગેરે જીવોનાં લક્ષણો યથા સંભવ જાણવાં. એ પ્રમાણે લક્ષણનો સમુદાય ઘડા વિગેરેમાં નથી, તેટલા માટે ઘટ વિગેરેમાં પંડિતજનો અચૈતન્ય પણું સ્વીકારે છે; કહેલાં લક્ષણના અમૂહનો ઉપસંહાર કરવાની ઇચ્છાથી અને પરિમાણદ્વાર કહેવાની ઇચ્છાથી નિર્યુક્તિકાર ગાથા કહે છે.

**लक्खणमेवं चेवउ, पयरस्स असंख भागमित्ता उ**
**निक्खमणे य पवेसे, एगाई यावि एमेव ॥१५८॥**

(તુ શબ્દ પર્યાપ્તિ વાચક છે) બે ઇન્દ્રિઆદિ જીવોનું લક્ષણ જે દર્શનાદિ કહ્યાં, તેટલાંજ છે અને તે પરિપૂર્ણ છે, તેનાથી વધારે નથી; હવે પરિમાણ ક્ષેત્રથી કહે છે. ત્રસકાય પર્યાપ્તા જીવોને સંવર્તિત લોક પ્રતરના અસંખ્યેય ભાગમાં રહેનારા પ્રદેશ રાશી પરિમાણ (રાશિ જેટલા) છે આ બાદર તેજસ્કાય પર્યાપ્તાથી અસંખ્યેય ગુણા છે ત્રસકાય

પર્યાપ્તાથી ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યેય ગુણા છે. કાળથી ઉત્પન્ન થતા ત્રસકાય જીવો જઘન્ય સ્થાનમાં બે લાખ સાગરોપમથી નવ લાખ સાગરોપમ સુધી સમય રાશિ પરિમાણ છે; ઉત્કૃષ્ટ સ્થાનમાં પણ બે લાખ સાગરોપમથી નવ લાખ સાગરોપમ પરિણામ વાળાજ છે તેજ પ્રમાણે શાસ્ત્ર કહે છે.

**"पडुप्पन्न तस काइया केवति कालस्स निल्लेवासिया? गोयमा? जहन्नपए सागरोपम सय सहस्स पुहुत्तस्स उक्कोस पदेऽवि सागरो वम सय सहस्स पुहुत्तस्स"**

અર્થ ઉપર પ્રમાણેજ છે. હવે અડધી ગાથાથી નિષ્ક્રમણ અને પ્રવેશ કહે છે. જઘન્ય પરિમાણથી એક બે ત્રણ અથવા ઉત્કૃષ્ટ પરિમાણથી પ્રતરના અસંખ્યેય ભાગ પરિમાણ વાળાજ છે. હવે અવિરહિત નિર્ગમ અને પ્રવેશવડે પરિમાણ વિશેષ કહે છે.

**निक्खम पवेस कालो, समयाई इत्थ आवली भागो**
**अंतो मुहूत्तऽविरहो उदहि सहस्सा हिए दोन्नि**
**॥ १५९ ॥ दारं ॥**

જઘન્ય પરિમાણથી અંતર રહિત રહે છતે, ત્રસકાયમાં ઉત્પત્તિ, અને નિષ્ક્રમણ, એક સમયે એવા બે યા ત્રણવાર થાય. ઉત્કૃષ્ટથી અહિઆં આવલીકાનો અસંખ્યેય ભાગ માત્ર

કાળ સુધી નિરંતર નિષ્ક્રમ તથા પ્રવેશ હોય, એક જીવના અંગીકારથી જ્યારે વિરહ રહિત ચિંતવના કરીએ, ત્યારે છેલ્લી અર્ધી ગાથાથી બતાવે છે. નિરંતર ત્રસ ભાવથી જીવો રહે છે કારણ કે એક જીવ ત્રસ ભાવે જઘન્યથી અંતર્મુહુર્ત રહિને ફરીથી પૃથ્વિકાય વિગેરે એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે તે પ્રકર્ષથી બેહજાર સાગરોપમથી અધિક ત્રસ ભાવે નિરંતર રહે છે આ પ્રમાણે પ્રમાણ દ્વાર પુરૂ થયું, હવે ઉપભોગ દ્વાર, શસ્ત્ર, વેદના એ ત્રણ દ્વાર પ્રતિપાદન કરવાને કહે છે.

**मंसाइ.परिभोगो, सत्थं सत्थाइयं अणेगविहं**
**सारीर माणसा वे, यणा य दुविहा बहु विहाय**
**॥ १६० ॥ दारं ॥**

માંસ, ચામડી, વાળો, રૂવાં, નખ, પીછાં, નાડીઓ, હાડકાં, શીગડાં, વિગેરેમાં ત્રસકાયના અંગોનો ઉપભોગ થાય છે અને શસ્ત્ર તે ખડ્ગ તોમર, છરી, પાણી, અગ્નિ. વિગેરે ત્રસ કાયનાં શસ્ત્ર તે અનેક પ્રકારનાં છે અને તે સ્વકાય, પરકાય તથા મિશ્ર તથા દ્રવ્ય અને ભાવ એમ ભેદથી અનેક પ્રકારનાં છે. તેની વેદના અહિં પ્રસંગ હોવાથી કહેવાય છે, આ વેદના શરીરથી અને મનથી ઉત્પન્ન થવાનો સંભવ છે. શરીર વેદના શલ્ય, સળી, વિગેરેના વાગવાથી થાય છે; અને મનની વેદના વહાલાનો વિયોગ અને પ્રતિકુળનો સંયોગ વિગેરેથી

થાય છે. અનેક પ્રકારના તાવ, અતિસાર, ખાંસી શ્વાસ ભગંદર, માથાનો રોગ, શૂલ, મસા વિગેરેથી ઉત્પન્ન થયેલી તીવ્ર હોય છે, ફરીને ઉપભોગનો વિસ્તાર કરવાની ઇચ્છાથી કહે છે.

**मंसस्स केइ अट्ठा, केइ चम्मस्स केइ रोमाणं**
**पिच्छाणं पुच्छाणं, दंताणऽट्ठा वहिज्जंति ॥१६१॥**
**केइ वहंति अट्ठा, केइ अणट्ठा पसंग दोसेणं**
**कम्म पसंग पसत्ता, बंधंति वहंति मारंति ॥१६२॥**

માંસને માટે હરણ, સૂઅર, આદિ મરાય છે; ચામડી માટે ચિત્રાઆદિ મરાય છે; વાળ માટે ઉંદર, આદિ હણાય છે; પીછાં માટે મોર, ગીધ, કપિંચુક, ઉંદર વિગેરે હણાય છે. પુંચ્છને માટે ચમરી, ગાયો વિગેરે, દાંતને માટે હાથી, સૂઅર, વિગેરે હણાય છે એ પ્રમાણે સર્વ જગોપર સંબંધ લેવો. અહિં કેટલાકો પૂર્વે કહેલા પ્રયોજનને ઉદ્દેશીને હણે છે, કેટલાંકો પ્રયોજન વિના પણ રમત ગમતમાંજ મારે છે અને કેટલાંકો પ્રસંગ દોષથી મૃગને તાકીને મારેલાં બાણની વચમાં આવી ગયેલાં અનેક કપોત, કપિંજલ, પોપટ, કોયલ, મેના, વિગેરે હણે છે તથા કર્મ તે ખેતી વિગેરે અનેક પ્રકારનાં છે તે કરવામાં પ્રેરાયલા ઘણા ત્રસકાયોને હણે છે, દોરડી વિગેરેથી મારે છે ચાબુક તથા લાકડી વિગેરેથી તાડન કરે છે, અને હણે છે, તેનો જીવથી વિયોગ

કરાવે છે; આ પ્રકારે દ્વાર સમૂહ કહીને હવે બધી નિર્યુક્તિના અર્થના ઉપસંહાર માટે કહે છે.

**सेसाइं दाराइं, ताइं, जाइं हवंति पुढवीए**
**एवं तस कायंमी, निज्जुत्ती कित्तिया एसा ॥१६३॥**

જે દ્વારો કહ્યાં તે શિવાયનાં જેટલાં દ્વારો છે તે બધાં પૃથિવી કાયનાં જેવાંજ સમજવાં. અને પૃથિવી કાયનું સ્વરૂપ નિર્માણ કરતી વખતે જે ગાથાઓ કહી છે, તે બધી નિર્યુક્તિઓ ત્રસકાયના ઉદ્દેશામાં પણ કહી છે, એમ જાણવું, હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણ યુક્ત સૂત્ર બોલવું, તે આ પ્રમાણે.

**सेबेमि संतिमे तसा पाणा तंजहा-अंडया पोयया जराउआ, रसया संसेयया संमुच्छिमा उब्भियया उववाइया, एस संसारोत्ति पवुच्चई (सू. ४८)**

આ સૂત્રનો અનંતરાદિ સંબંધ પૂર્વ માફક જાણવો, જે મેં ભગવાનના મુખ કમળમાંથી નીકળેલી વાણી સાંભળીને અવધારણ કરી રાખેલી છે અને તેનાથી જેવી રીતે તત્વ પ્રાપ્ત કરેલુ છે; તે કહું છું. દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવો પ્રાણી છે, અને તે કેટલા પ્રકારના છે, તેના ભેદો બતાવે છે. તે આ પ્રમાણે, 'તંજહા' શબ્દ વાકયના ઉપન્યાસને માટે છે. અથવા જે ભગવાનનાં મુખમાંથી નીકળ્યું છે, તેજ હું કહું છું, તે બતાવવા માટે છે. ઇંડાંમાંથી જે ઉત્પન્ન થાય તે

અંડજ. પક્ષીઓ તથા ઘરોળી અંડજ છે, જે "પોત" તેજ જન્મે તે પોતજ. હાથી જળો વિગેરે પોતજ છે. અને જરાયુથી વિંટાયલા જે થાય, તે જરાયુજ, ગાય ભેંસ બકરાં માણસો વિગેરે જરાયુજ છે. ઓસામણુ, કાંજી દુધ, છાશ, દહિ, વિગેરેમાં રસથી જે ઉત્પન્ન થાય તે રસજ, ચેળો વિગેરે અત્યંત નાના જીવો રસજ છે, પરસેવાથી ઉત્પન્ન થાય તે સંસ્વેદજછે, માકણુ જુ શતપદિકા વિગેરે સ્વેદજ છે, સંમુર્છનજ તે પતંગીઆ, કીડીઓ, માખીઓ વિગેરે, સંમૂર્છનથી ઉત્પન્ન થાય તે સંમૂર્છનજ છે. ઉદ્‌ભેદનથી ઉત્પન્ન થાય તે ઉદ્‌ભેદજ કહેવાય, પતંગીયા ખંજરી પારીપ્લવ વિગેરે ઉદ્‌ભીજ કહેવાય છે. ઉપપાતથી ઉત્પન્ન થાય તે ઔપપાતિક. નારક દેવ વિગેરે ઔપપાતિક છે. એ પ્રમાણે જેનો જેવો સંભવ હોય તેવો આઠ પ્રકારમાં સંસારી જીવનો જન્મ થાય છે તેજ વાત બીજા શાસ્ત્રમાં ત્રણ પ્રકારે કહે છે કે

**'संमूर्छन गर्भोपपाता जन्म'** (तत्वार्थ. अ२, सू. ३२)

રસ સ્વેદજ ઉદ્‌ભિજનો સંમુર્છનમાં સમાવેશ થાય છે. અને અંડજ પોતજ અને જરાયુજનો ગર્ભજમાં સમાવેશ થઈ જાય છે અને દેવ નારકીયનો ઔપપાતિકમાં સમાવેશ થઇ જાય છે. તેટલા માટે તત્વાર્થ સૂત્રકારે ટુંકામાં ત્રણજ પ્રકારનો જન્મ એમ કહેલું છે અને અહિંઆં આઠ પ્રકારે ઉત્તરભેદ સહિત બતાવેલ છે અને તેજ આઠ પ્રકારના

જન્મમાં સર્વે સંસારી ત્રસજીવો સમાય છે આ આઠ પ્રકારના જન્મ વિનાના કોઇ સંસારી જીવ નથી. આ ત્રસ જીવો આઠ પ્રકારની યોનિને પામે છે છતાં પણ બધા લોકમાં દેખાતા બાળક સ્ત્રી પુરૂષ વિગેરે માણુસોને પ્રત્યક્ષ દેખાય તેવાજ છે "**सन्तिच**" એ શબ્દથી ત્રસોનું ત્રણે કાળમાં રહેવા પણું પ્રસિદ્ધ થાય છે અર્થાત્ કોઇ કાળ-સંસાર (જગત્) ત્રસકાયથી રહિત રહીજ શકતો નથી, તેજ બતાવે છે; '**एस संसारोत्ति पवुच्चति**' આ અંડજ વિગેરે પ્રાણીઓનો સમુહ છે, તેજ સંસાર એમ કહેવાય છે આમ કહેવાથી ત્રસ કાયોનો ઉત્પત્તિ પ્રકાર આથી બીજો કોઇ નથી એમ બતાવ્યું આ આઠ પ્રકારના ભૂત સમુહમાં કોની ઉત્પત્તિ થાય છે, તે બતાવે છે.

## मंदस्सा वियाणओ (सू. ४९)

દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે મંદ છે, તેમાં જે અત્યન્ત સ્થુલ અથવા અત્યન્ત કૃશ થયેલા હોય, તે દ્રવ્ય મંદ કહેવાય: અને જેની વધારે બુદ્ધિ નથી એવો બાલ તથા જેની બુદ્ધિ કુશાસ્ત્રો વાંચવાથી મલિન થઇ હોય તે ભાવ મંદ કહેવાય (કારણ કે નઠારાં શાસ્ત્રો વાંચવાથી બુદ્ધિ હણાઇ જાય છે તેથી બુદ્ધિ વિનાના બાળકના જેવુંજ વર્તન કરે છે કેમકે તેને સારી બુદ્ધિ હોતી નથી ) આહું ભાવમંદની સાથે પ્રયોજન છે જેને વધારે બુદ્ધિ નથી, એવા બાળને વ-

ધારે કંઇ ખબર ન પડવાથી હિત કામ કરવા તથા અહિત કામ છોડવાના પ્રયત્નમાં તેમનું મન શૂન્ય હોવાથી જે હમણાં આપણે આઠ પ્રકારનો સંસાર કહી ગયા, તે તેમને, અર્થાત્ ભાવ મંદને થાય છે, જો આમ છે તો પછી શું કરવું, તે કહે છે.

**निज्झाइत्ता पडिलेहित्ता पत्तेयं परि निव्वाणं सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीयाणं सव्वेसिं सत्ताणं अस्सायं अपरि निव्वाणं महब्भयं दुक्खं त्तिबेमि तसंति पाणा पदिसो दिसासुय (सू. ५०)**

આ પ્રમાણે ગોપાળ સ્રીથી આરંભીને પ્રસિદ્ધ થયેલું ત્રસકાય બરાબર ચિંતવીને કહું છું. (ક્ત્વા પ્રત્યયથી ઉત્તર ક્રિયા બધી જગોપર યોજવી) પહેલાં બરાબર નિશ્ચય કરાય છે અને ત્યારપછી તેના પ્રત્યે ઉપેક્ષા [લક્ષ્ય] થાય છે. એમ બતાવે છે. ‘ **पडिलेह त्त** ’ त्ति પ્રત્યુપેક્ષ્ય એટલે બરાબર સારી રીતે જોઇ [વિચારી] ને શું જોવું તે બતાવે છે. એકેક ત્રસકાય પ્રત્યેક પોતપોતાનાં સુખ ભોગવનારાં સર્વે પ્રાણીઓ છે. બીજાનું સુખ બીજો ભોગવતો નથી, આ સર્વે પ્રાણીઓનો ધર્મ છે એમ બતાવે છે. બે ત્રણ ચાર ઇન્દ્રિય વાળાં બધાં પ્રાણીઓ તથા બધાં પ્રત્યેક સાધારણ સુક્ષ્મ બાદર પર્યાપ્ત અપર્યાપ્ત તરૂઓ જે સર્વ ભૂતો છે તથા ગર્ભવ્યુત્ક્રાં-

તિક સંમુર્છનજ ઔપપાતિક પંચેન્દ્રિય જીવો તથા પૃથિવી આદિ એકેન્દ્રિય સર્વ સત્વો વિગેરે એક બીજાનાં દુઃખ એક બીજાં ભોગવી શકતાં નથી, પણ પોતાનાં દુઃખો પોતેજ ભોગવે છે અહિં પ્રાણ વિગેરે શબ્દોનો ખરી રીતે ભેદ નથી પણ નીચેના ન્યાય વચનના વ્યવહારથી ભેદ છે. કહ્યું છે કે

**प्राणा द्वित्रि चतुः प्रोक्ताः भूतास्तु तरवः स्मृताः**
**जीवाः पंचेन्द्रियाः प्रोक्ताः शेषाः सत्वा उदीरिताः ।१।**

બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, જીવો પ્રાણ કહેવાય છે. તરૂ વૃક્ષો વિગેરે ભૂત પંચેન્દ્રિય જીવો કહેવાય, અને બાકીના સત્વ કહેવાય ॥ ૧ ॥ અથવા શબ્દ વ્યુત્પત્તિ દ્વાર સમભિરૂઢનય મતવડે ભેદ જોવો તે આ પ્રમાણે છે.

હમેશાં પ્રાણ ધારણ કરવાથી (પ્રાણો) પ્રાણીઓ છે, ત્રણે કાળમાં રહેતાં હોવાથી ભૂત છે ત્રણે કાળમાં જીવવાથી જીવ; અને હંમેશાં હોવાપણાથી સત્વ છે, તો આપણે મનમાં ધારણ કરીને જેમ પ્રત્યેક જીવનું સુખ છે તેમ પ્રત્યેકની અશાતા, મહાભય, દુઃખ વિગેરે હું કહું છુ, તેમાં જે દુઃખ પમાડે, તે દુઃખ શું વધારે છે? '**असातम्**' કષ્ટથી વેદાય એવા કર્માંશના પરિણામ, તથા '**अपरि निर्वाण**' ઘણું સુખ, તે પરિ નિર્વાણ તે, ન થાય, તે અપરિ નિર્વાણ છે, એટલે ચારે બાજુથી શરીર મન વિગેરે ને પીડા કરનારૂં તથા '**महाभय**' મહાન (મોટું) એવું જે ભય તે 'મહાભય' જેનાથી

બીજો વધારે ભય હોય નહિં તે મહાભય કહેવાય તે થાય છે તે બતાવે છે—

બધાં પાણીઓ શરીરથી થનારા તથા મનથી થતાં દુઃ-ખોથી ઉદ્વેગ પામે છે, (ઇતિ શબ્દ એવકાર અર્થમાં છે) એ પ્રમાણે પહેલાં કહ્યું, તેનું તત્વ બરાબર પ્રાપ્ત કર્યું છે, એવો હું કહું છું. જે કહેવાનું છે તે કહે છે.

'**तसंतीत्यादि**' એ પ્રકારે અસાતાદિ વિશેષણ યુકત દુઃખથી પરાભવ પામેલા પ્રાણો ત્રાસ પામે છે [ઉદ્વેગ પામે છે] તેજ પ્રાણ ધારનારા તે પ્રાણીઓ છે. કયાંથી ત્રાસ પામે છે ? તે બતાવે છે 'પ્રગત'જે દિશા, ખુણા વિગેરેથી ઉદ્વેગ પામે છે તથા ઉગમણી વિગેરે દિશામાંથી રહેલા ત્રાસ પામે છે [ઉદ્વેગ પામે છે.] આ દિશા અને અનુ દિશા બધી પ્રજ્ઞાપન વિધિથી સાધેલી દિશાઓ જાણવી; કારણ કે જીવનું તે વ્યવસ્થાન છે [તથા કાકુ વચનથી આમ અર્થ પ્રતિપાદન થાય છે ] એવી કોઇ દિશા કે ખુણો નથી કે જેમાં ત્રસકાય ન હોય, અથવા જયાં રહિને ત્રાસ ન પામતા હોય, જેમ કોશેટાનો કીડો બધી દિશાઓ તથા ખુણાઓથી ડરીને પોતાનું રક્ષણ કરવા માટે તારથી શરીરને વીંટે છે તો પણ મરે છે, ભાવ દિક્ પણ તેવી કોઇ નથી કે જેમાં રહેલા ત્રસકાયો ન ડરે, શરીરથી અને મનથી ઉત્પન્ન થનારાં દુઃખોથી બધી જગોપર નરક વિગેરેમાં પણ પ્રાણીઓ હણાય છે તેટલા

માટે હંમેશાં તેઓના મનમાં ત્રાસ રહે છે એમ જાણવું. એમ દિશાઓ તથા ખુણા વિગેરે બધી જગોપર ત્રાસ પામે છે, તેથી એમ માનીએ છીએ કે દિશા તથા ખુણા વિગેરેમાં ત્રસકાયો દુઃખ પામે છે. કયાંથી દુઃખ પામે છે ? ઉત્તર તેના આરંભ કરનારા તેનો નાશ કરે છે. [બળવાન નિર્બળને મારે છે ]

પ્ર—શું કરવા તેને મારે છે ?

ઉત્તર—તેઓ તેનો આરંભ કરે છે તે નીચે પ્રમાણે કહે છે.

**तत्थ तत्थ पुढोपास आतुरा परि तावंति संति पाणा पुढो सिया (सू. ५१)**

નિચે કહેવાતાં તે તે કારણ ઉત્પન્ન થયે અર્ચા, અજીન, શોણિત, વિગેરે જુદાં જુદાં પ્રયોજન ઉત્પન્ન થયેથી તેઓ હણે છે. એમ શિષ્યને કહે છે, કે તું જો ( શું જોવાનું ) તે કહે છે માંસભક્ષણ, વિગેરેમાં લોલુપ થયેલા મનના ઠેકાણા વિનાના ચારે બાજુથી જુદી જુદી વેદના કરીને અથવા પ્રાણીને મારવાવડે તેનો આરંભ કરનારા જીવો, ત્રસ જીવોને પીડે છે, ગમે તેવી રીતે આરંભથી પ્રાણીઓને દુઃખ થાય છે તે બતાવવા કહે છે **'संतीत्यादि'** એવા જુદા જુદા પ્રકારના એક બે, ત્રણ, ચાર, પાંચ, ઇન્દ્રિયવાળા પૃથિવીને આશ્રયી રહેલા ઘણા પ્રાણીઓ છે. એમ જાણીને પાપ વિ-

નાનું અનુષ્ઠાન કરનારા થવું, એવો અભિપ્રાય છે; એવું નથી કરતા તેઓ બોલે છે કંઈ, અને કરે છે કંઇ, (બોલે છે તેવું કરતા નથી) તે બતાવે છે—

लज्जमाणा पुढो पास अणगारा मोत्ति एगे पवय माणा जमिणं विरू वरूवेहिं सत्थेहिं तसकाय समारंभेण तसकाय सत्थं समारभ माणा अण्णे अणेगरूवे पाणे विहिंसंति, तत्थ खलु भगवया परिण्णा पवेइया, इमस्स चेव जीवियस्स परिवंदण माणण पूयणाए जाई मरण मोयणाए दुक्ख पडि-घाय हेउं से सयमेव तसकाय सत्थं समार भति अण्णे हिं वा तसकाय सत्थं समारंभावेइ अण्णे वा तसकाय सत्थं समारभमाणे समणु जाणइ, तं से अहि आए तं से अबोहीए सेतं संबुज्झ माणे आ-याणीयं समुट्ठाय सोच्चा भगवओ अणगाराणं अंतिए इह मेगेसिं णायं भवति-एस खलु गंथे एस खलु मोहे एस खलु मारे एस खलु णरये, इच्चत्थं गड्ढिए लोए जमिणं विरू वरू वेहिं सत्थेहिं तसकाय समारंभेण तसकाय सत्थं समारंभमाणे अण्णे अण्णेग रूवे पाणे विहिंसंति (सू. ५२)

વ્યાખ્યાન પહેલાં પેઠે જાણવું એટલે અન્ય લોકો અનેક રૂપે હાલતા ચાલતા પાણીઓનો વધ કરે છે, ઇત્યાદિ પૂર્વના જેવુંજ વ્યાખ્યાન કરવું. કોઈપણ ગમે તે કારણ લઇને ત્રસકાયનો વધ કરે છે, તે બતાવવાને માટે કહે છે.

**सेवेमि अप्पेगे अच्चाए हणंति, अप्पेगे अजिणाए वहंति अप्पेगे मंसाए वहंति, अप्पेगे सोणियाए वहंति, एवं हियंयाए पित्ताए, वसाए पिच्छाए पुच्छाए वालाए सिंगाए विसाणाए दंताए दाढाए णहाए ण्हारूणीए अट्ठीए अट्ठि मिंजाए अट्ठाए अणट्ठाए, अप्पेगे हिंसिंसु मेत्ति वा वहंति अप्पेगे हिंसंति मेत्ति वा वहंति अप्पेगे हिंसिस्संति मेत्ति वा वहंति (सू. ५३)**

જેને માટે ત્રસકાયના સંમારંભમાં પ્રવર્તેલાઓથી ત્રસકાય પ્રાણીઓ મરાય છે, તે હું કહું છું, કેટલાક અર્ચાને માટે હણે છે. ('अपि' શબ્દ ઉત્તર પદની અપેક્ષાએ સમુચ્ચય અર્થમાં છે.) 'एके' એટલે કેટલાક અર્ચાને માટે આતુર બનીને જાણે કે આ દેહને સારી રીતે ઘરેણાં વિગેરે આપીને પૂજશે. એટલા માટે મારે છે (હણે છે) તે આ પ્રમાણે ખોડખાપણ વિનાના બત્રીશ લક્ષણા પુરૂષને મારીને તેનાજ શરીર વડે દેવીઓની પાસે કોઈ વિદ્યા મંત્ર સાધનો કરે

છે, અને તેની સિદ્ધિને માટે દુર્ગાદિ દેવીઓ જે માગે તે આપે છે. અથવા જેણે ઝેર ખાધું હોય, તે માણસને હાથીને મારીને તેના શરીરમાં નાંખે છે; અને પછી વિષ ઝરી (પચી) જાય છે. તથા અજીનને માટે ચિત્તા, વાઘ, સિંહ વિગેરેને મારે છે. એ પ્રમાણે માંસ, લોહી, હૈયું, પિત્ત, ચરબી, પીછાં, પુછડું, વાળ, શીંગડાં, વિષાણુ દાંત, દાઢ, નખ, સ્નાયુ, હાડકાં, અને હાડકાની મિંજઝા, વિગેરેમાં પણ કહેવું, કે માંસને માટે ભુંડ વરાહ (સૂઅર) વિગેરે મારે છે, તથા ત્રિશૂલ આળેખવાને માટે લોહી ગૃહણ કરે છે. સાધના કરનારાઓ હૃદયને લઈને વલોવે છે. પિત્તને માટે મોર વિગેરે હણે છે, વસાને માટે વાઘ મઘર ભૂંડ વિગેરે તથા પીછાંને માટે મોર ગીધ વિગેરે, પુંછડાંને માટે રોઝ નામનું જનાવર વિગેરે, વાળને માટે ચમરી ગાય વિગેરે શૃંગને માટે હરણ ગેંડાં વિગેરે મારે છે. કારણ કે તે શીંગડાંઓને યાજ્ઞિક ( યજ્ઞ કરનારાઓ ) પવિત્ર ગણે છે અને તેઓ ઉપયોગમાં લેછે. વિષાણુને માટે હાથી, વરાહ તથા શૃંગાલો વિગેરે મારે છે. (અહીં વિષાણુના શીંગડું હાથીદાંત તથા સૂકરનો દાંત એમ ત્રણ અર્થ થાય છે ) તેના દાંત અંધકારનો નાશ કરતા હોવાથી તે ઉપયોગને માટે મરાય છે. દાઢને માટે વરાહ વિગેરે, નખને માટે વાઘ વિગેરે, સ્નાયુને માટે ગાય ભેંસ વિગેરે, અસ્થિને માટે

શંખ છીપ વિગેરે, અસ્થિમિઝિાને માટે પાડા વરાહ વિગેરે, એવી રીતે ઘણા લોકો પોતાના પ્રયોજન માટે હણે છે અને કેટલાક તો કાંઇપણ પ્રયોજન શિવાય કાચંડા, ઘરોળી મારે છે. અને બીજા કેટલાક વિચારે છે કે આ સિંહે, સાપે, તથા શત્રુએ મારા સગાને માર્યો છે, એમ ધારીને તેનું વેર લેવા માટે તેને મારે છે. અથવા મને દુઃખ આપ્યું, એમ ધારીને પણ મારે છે, અથવા હાલમાં આ સિંહ વિગેરે બીજાઓને તથા આપણને દુઃખ દે છે. માટે એને મારવો જોઇએ, એમ ધારીને મારે છે. અથવા કોઇ વખત આ અમોને અથવા બીજાને મારશે, એમ ધારી સર્પાદિને મારે છે, એવા ઘણાક પ્રકારે ત્રસવિષય હિંસા બતાવીને ઉદ્દેશાના અર્થને પૂરો કરવા કહે છે.

**एत्थ सत्थं समारभ माणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवन्ति, एत्थ सत्थं असमारभ माणस्स इच्चेते आरंभा परिण्णाया भवन्ति, तं परिण्णाय मेहावी णेव सयं तसकाय सत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं तसकाय सत्थं समारं भावेज्जा, णेवऽण्णे तस काय सत्थं समारं भंते समणु जाणेज्जा, जस्से ते तसकाय समारंभा परिण्णाया भवंति सेहु मुणी परिण्णाय कम्मे ( सू. ५४ ) तिबेमि ॥ इति षष्ठ उद्देशकः ॥**

- ત્રસકાયના સમારંભથી વિરત થયેલો હોવાથી તેજ મુનિ અને પાપકર્મનું પ્રત્યાખ્યાન કરેલું હોવાથી તેજ પરિજ્ઞાત કર્મા કહેવો, એમ સઘળું જ્યાં સુધી આ વાત આવે, ત્યાં સુધી બધું પુર્વની પેઠે કહેવું. શ્રી સુધર્મા સ્વામી કહે છે કે આ બધું હું ભગવાન ત્રિલોકના બન્ધુ પરમ કેવળજ્ઞાનથી બધા ભુવનના પ્રપંચનો સાક્ષાત્કાર કરનાર વીર ભગવાનના ઉપદેશથી કહું છું. એ પ્રમાણે છઠ્ઠો ઉદ્દેશો સમાપ્ત થયો ॥

છઠો ઉદ્દેશો કહ્યો હવે સાતમો આરંભે છે તેનો છઠાની સાથે આવી રીતે સંબંધ છે નવા ધર્મ પામનારને દુઃખથી શ્રદ્ધા રહે છે; તથા વાયુનું અલ્પ પરિભોગપણું છે માટે ઉત્કૃમે આવેલા વાયુનું થોડું જે કંઇ કહેવાનું છે, તે સ્વરૂપ નિરૂપણ કરણાને આ ઉદ્દેશાનો ઉપક્રમ કરે છે તેથી આવા સંબંધથી આવેલા આ ઉદ્દેશાનો ઉપક્રમ વિગેરે ચાર અનુયોગ દ્વારો કહેવાં; જ્યાં સુધી નામ નિષ્પન્ન નિક્ષેપામાં વાયુઉદ્દેશક એ પ્રમાણે તેમાં વાયુનું સ્વરૂપ નિરૂપણ કરવાને માટે કેટલાંક દ્વારના અતિદેશ જેમાં રહેલ છે એવી ગાથાનું નિર્યુક્તિકાર કથન કરે છે.

**वायुस्सऽवि दाराइं, ताइं हवंति पुढवीए;**
**नाणत्ती उ विहाणे, परिमाणुव भोग सत्थेय॥१६४॥**

જે વાય તે વાયુ તેનાં જે દ્વારો પૃથિવી કાયનાં ઉદ્દેશામાં

પ્રતિપાદન કર્યાં છે, તેજ દ્વાર અહીં છે, પણ વિધાનં પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર અને ચ શબ્દથી લક્ષણમાં જુદાપણું જાણવું તેમાં વિધાન પ્રતિપાદન કરવા કહે છે.

**दुविहाउ वाउ जीवा, सुहुमा तह बायराउ लोगंमि।**
**सुहुमाय सव्व लोए पंचेवय बायर विहाणा ॥१६५॥**

વાયુ એજ જે જીવ, તે વાયુ જીવ છે, એ બે પ્રકારે છે, સૂક્ષ્મ અને બાદર, તેવાં નામ કર્મના ઉદયથી સૂક્ષ્મ, અને બાદર એમ કહેવાય છે; તેમાં સૂક્ષ્મ સર્વ લોકમાં વ્યાપીને રહે છે. અને વ્યાપ્તિવડે તે એક ઘર જેનાં બારણાં જાળીઓ વિગેરેને વાસી દઈએ છીએ, છતાં ધુમાડો અંદર રહે છે તેવી રીતે રહે છે બાદર ભેદ પાંચ પ્રકારે છે, તે ભેદ પ્રતિપાદન કરવાને માટે ગાથા કહે છે.

**उक्कलिया मंडलिया, गुंजा घणवाय सुद्ध वायाय**
**बायर वाउ विहाणा, पंच विहा वण्णिया एए ॥१६६॥**

ઉત્કલિક વાત, મંડલિક વાત, ગુંજાવાત, અને શુદ્ધ વાત એમ બાદર વાયુ પાંચ પ્રકારે વર્ણવેલ છે. તેમાં રહિ રહિને મોજાં (હલેસાની) પેઠે જે વાય, તે ઉત્કલિક વાયુ; વંટોળીઆનો જે વાયુ તે મંડલિક વાયુ; નગારાની માફક અવાજ કરતાં કરતાં જે વાય તે ગુંજાવાયુ-અત્યંત ઘાટો પૃથિવી વિગેરેના આધારપણાથી બરફના જથ્થાની માફક જે રહેલ છે તે ઘનવાયુ. ધીરે ધીરે શીત કાલ

વિગેરેમાં જે મન્દ મન્દ વાયુ આવે તે શુદ્ધવાયુ કહેવાય, અને જે બીજા પ્રજ્ઞાપનાદિ સૂત્રમાં ઉગમણી વિગેરે દિશાઓના જે વાયુ કહેલા છે. તેઓનો આમાંજ સમાવેશ થઇ જાય છે એમ જાણવું. એ પ્રમાણે આ બાદર વાયુના પાંચ પ્રકારના ભેદો વર્ણવ્યા. હવે લક્ષણ દ્વાર કહે છે.

**जह देवस्स सरीरं, अंतद्धाणं व अंजणा ईसुं ।**
**ए ओवम आएसो वाएऽसंतेऽवि रूवंमि ॥ १६७ ॥**

જેમ દેવનું શરીર આંખોથી દેખાતું નથી છતાં, પણ છે; અને સચેતન છે, એમ મનાય છે, દેવો પોતાની શક્તિ વડે તેવું રૂપ કરે છે, કે આંખોથી દેખી શકાતું નથી તેથી આપણે એમ નથી કહી શકતા કે તે નથી અથવા અચેતન છે તેવીજ રીતે વાયુ પણ ચક્ષુનો વિષય થતો નથી તો પણ વાયુ છે અને ચેતન છે. અથવા બીજા દૃષ્ટાંતમાં જેમ લોપ થવું વિગેરે વિદ્યા મંત્રથી તથા અંજનથી મનુષ્ય પણ અદ્રશ્ય થાય છે પણ તેથી મનુષ્યને [illegible] તથા અચેતનપણું ન કહેવાય. એવી ઉપમા વાયુમાં [illegible] નથી છતાં થાય છે અહિં અસત્ શબ્દ [illegible] પણ વાયુનું અસદ્ રૂપ છે, એટલે તેનું રૂપ ચક્ષુથી ગ્રહણ થઇ શકતું નથી, કારણ કે તે પરમાણુંની માફક શૂક્ષ્મ પરિમાણવાળો છે; વાયુ, રૂપ, રસ, સ્પર્શ, ગુણવાળો છે, એમ માનવું છે, પણ જેમ 'બીજાઓના મતમાં વાયુ કેવળ સ્પ-

શંવાનજ છે, તેમ અમે નથી માનતા, પ્રયોગનો અર્થ ગાથાવડે બતાવ્યો છે. પ્રયોગ આ પ્રમાણે છે. "ગાય અને અશ્વ વિગેરેની માફક વાયુ બીજાએ પ્રેરેલો વાંકી અને અનિયમિત ગતિવાળો હોવાથી, ચેતનાવાન છે." તિર્યક્ એજ ગમનના નિયમના અભાવથી અને અનિયમિત એવું વિશેષણ આપવાથી, પરમાણુ સાથે વ્યભિચાર થવાનો સંભવ નથી, કારણ કે તે નિયમિત ગતિવાળો છે- જીવ અને પુદ્ગલની 'अनु श्रेणिगतिः' (तत्वा. अ० २ सू० २७) એ વચનથી જાણવું. તથા આ વાયુ ઘન, શુદ્ધ વાતાદિ ભેદોવાળો, અને શસ્ત્રથી ન હણાયો હોય, ત્યાં સુધી ચેતનાવાળો છે; એમ સમજવું. હવે પરિમાણ દ્વાર કહે છે.

**जे बायर पज्जत्ता, पयरस्स असंख भाग मित्ताते।**
**सेसा तिन्निविरासी, वीसुं लोगा असंखिज्जा ॥१९८**
**(दारं)**

જે બાદર પર્યાપ્તા વાયુઓ છે; તે સંવર્તિત લોક પ્રતરના અસંખ્યેય ભાગમાં રહેનારા પ્રદેશરાશિ પરિમાણવાળા છે, અને બાકીની ત્રણે રાશીઓ ચારે તરફ જુદી જુદી અસંખ્યેય લોકાકાશ પ્રદેશ પરિમાણ થાય છે, અહિં આટલું વિશેષ જાણવું કે "બાદર અપ્કાય" પર્યાપ્તાથી, બાદર વાયુકાય પર્યાપ્તા, અસંખ્યેય ગુણા છે, બાદર અપ્કાય અપર્યાપ્તાથી, બાદર વાયુ કાય અપર્યાપ્તા, અસંખ્યેય ગુણા

છે. સૂક્ષ્મ અપ્કાય અપર્યાપ્તાથી, સૂક્ષ્મ વાયુ કાયા અપર્યાપ્તા, કંઇક વધારે છે, સૂક્ષ્ય અપ્કાય, પર્યાપ્તાથી સૂક્ષ્મવાયુકાય પર્યાપ્તા કંઇક વધારે છે. હવે ઉપભોગ દ્વાર કહે છે.

**वियण धमणाभि धारण, उस्सिचण फुसण आणु पाणूअ।**
**बायर वाउक्काए, उव भोगगुणा मणुस्साणं ॥१६९॥**

મનુષ્યોને પંખાથી પવન નાંખવો, ધમણથી ફુકવું, વાયુ ધારણ કરીને શરીરમાં પ્રાણ અપાનરૂપે રાખવો, વિગેરે બાદર વાયુકાયનો ઉપભોગ છે. હવે શસ્ત્ર દ્વાર કહે છે. તેમાં શસ્ત્ર દ્રવ્ય અને ભાવ એમ બે ભેદથી છે તેમાં શસ્ત્ર કહે છે.

**विअणे अताल वंटे, सुप्पासिय पत्त चेल कण्णेय।**
**अभि धारणाय बाहिं, गन्धग्गी वाउ सत्थाइं ॥१७०॥**

પંખો, તાડનાં પાંદડાં, સૂપડું, ચામર, પાંદડાં, વસ્ત્રનો છેડો વિગેરે વાયુનાં દ્રવ્ય શસ્ત્ર છે અને પવન આવવાને માર્ગે રૂવાંના છીદ્રોમાથી જે બહાર આવે છે તે પરસેવો તે શસ્ત્ર છે. તે અભિધારણાજ છે. તથા ગંધો તે ચંદનવાળો વિગેરે તથા અગ્નિની જવાળા (ભડકા અને તાપ) (અંગારા) તથા ઠંડો તથા ઉનો વગેરે ઉલટો વાયુ તે પ્રતિ પક્ષ વાયુ ગ્રહણ કરવાથી સ્વકાય વિગેરે શસ્ત્રોનું સૂચન થયું એટલે પંખો વિગેરે પરકાય શસ્ત્ર, તથા ઉલટો વાયુ સ્વકાય શસ્ત્ર છે. એ પ્રમાણે ભાવ શસ્ત્ર પણ અવળે માર્ગે

દોરેલા મન, વાણી, શરીર વિગેરેથી વાયુને પીડા રૂપ જાણવું, હવે બધી નિર્યુક્તિના અર્થને ઉપસંહાર કરવા કહે છે.

**सेसाइं दाराइं ताइं जाइं हवंति पुढवीए ।**
**एवं वाउद्देसे निज्जुत्ती कित्तिया एसा ॥ १७१ ॥**

શેષ એટલે કહ્યાં તે શિવાયનાં બાકીનાં દ્વાર જેટલાં પૃથિવી કાયના ઉદ્દેશામાં કહ્યાં, તેટલાં અહીં જાણી લેવાં. એ પ્રમાણે જે પૂર્વે નિયુક્તિ કહી, તે વાયુકાયના ઉદ્દેશામાં પણ કહેલી જાણવી. નામ નિષ્પન્ન નિક્ષપો પૂરો થયો. હવે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણ યુક્ત સૂત્ર બોલવું તે આ છે, " पहू एजस्स दुगुंछणाए' त्ति,' આનો ઉપરની સાથે એવો સંબંધ છે. અહિં પૂર્વના ઉદ્દેશાના છેલ્લા સૂત્રમાં ત્રસ કાયનું પૂરેપુરૂં જ્ઞાન, અને તેના આરંભનો ત્યાગ તે મુનિ-પણામાં કારણ છે, એમ કહ્યું વાયુકાયના વિષયમાં પણ મુનિપણામાં કારણ છે, તેમ કહેવાય છે તેનો પરંપર સૂત્ર સંબંધ આ છે 'इहमेगे सिणोणायं भवइ' त्ति' અહિં કેટ-લાકને આ વાતની ખબર નથી. પ્ર. જાણેલું શું છે. पहू एजस्स दुगुंछणाएत्ति, તથા આદિ સૂત્ર સંબંધ આ પ્રમાણે सूयंमे आउ संतेण' मित्यादि જે મેં પહેલાં ઉપદેશ કર્યો, તે અને હવે પછી કહેવાય છે, તે મેં ભગવાન પાસે સાંભળ્યું છે.

**पहू एजस्स दुगुंछणाए ( सू० ५९ )**

'दुगुंछणा'त्ति નિંદા ઉત્પન્ન થાય, તેથી તે પ્રભુ અર્થાત્ નિંદા કરવામાં સમર્થ અથવા યોગ્ય,

પ્ર૦ કઇ વસ્તુની નિંદા કરવામાં સમર્થ ?

ઉત્તર ('एजृ कंपने') એજતિ એટલે કંપાવે, તે 'એજ, એટલે વાયુ' કારણ કે તેનો કંપાવવાનો સ્વભાવ છે; તે એજની 'જુગુપ્સા' એટલે નિંદા તેનું સેવન કરવામાં નિવૃત્તિ તેમાં સમર્થ થાય છે. વાયુ કાયના સમારંભની નિવૃત્તિમાં શક્તિવાળો થાય છે. અથવા પાઠાંતર 'पहूय एगस्स दुगुंछणाए' વધારા પણામાં એટલે ઉદ્રેકાવસ્થામાં રહેનારા એવા સ્પર્શ નામના, એકજ ગુણથી જણાતો, તેટલા માટે એક એટલે વાયુ એવા એકજ ગુણથી જણાતા, એવા વાયુની નિંદામાં સમર્થ, 'ચ' શબ્દથી નિંદાને સમર્થ થાય, છે, અર્થાત્ જીવ છે એમ શ્રદ્ધા કરીને પછી તેના આરંભને નિંદે છે. જે વાયુ કાય સમારંભ નિવૃત્તિમાં સમર્થ કહ્યો, તે બતાવે છે.

**आयंकदंसी अहियंति णच्चा, जे अज्झत्थं जाणइ से बाहिया जाणइ, जे बाहिया जाणइ, से अज्झत्थं जाणइ, एयं तुल मन्नेसि ( सू० ५८ )**

('तंकि कृच्छ्र जीवने') અને आतंकन दुख તે આતંક એટલે મહાકૃચ્છ્ર પણાએ જીવવું તે દુઃખ છે, અને તે દુઃખ બે પ્રકારે છે. શરીરનું દુઃખ, અને બીજું મનનું

દુઃખ છે, તેમાં પહેલું તે, કંટક ખાર, શસ્ત્ર, જુઆ, તથા ખડ માકડી વિગેરેથી ઉત્પન્ન થાય છે. અને મનનું દુઃખ તે. વહાલાનો વિયોગ, અને દ્વેષીનો સંયોગ (મેળાપ) ઈચ્છેલાનો લાભ ન થાય, દરિદ્રતાથી ઉદાસી થવું, વિગેરેથી થાય છે, તે બેઉ પ્રકારના દુઃખ છે તેને (પશ્યતિ) જુએ, અને તેના જોવામાં સ્વભાવવાળો તે ' આતંકદર્શી કહેવાય; અર્થાત્ અવશ્ય એ બેઉ પ્રકારનાં દુઃખો જો હું વાયુકાયના સમારંભમાંથી નિવૃત્ત નહિ થાઉં, તો મારા ઉપર આવી પડશે. તેટલા માટે આ વાયુ કાયનો સમારંભ દુઃખમાં કારણભૂત છે. એમ કહ્યું છે, એમ જાણીનેજ તેનાથી નિવૃત્ત થવામાં સમર્થ થાય છે; અથવા આતંક બે પ્રકારનો છે. (૧) દ્રવ્ય (૨) ભાવ ભેદથી છે, તેમાં દ્રવ્ય આતંકમાં આ ઉદાહરણ છે.

जंबुद्दीवे दीवे भरहे, वासंमि अत्थि सुपसिद्धं,
बहुणय रगुण समिद्धं, रायगिहं णाम णयरंति ॥१॥
तत्थासि गरुय दरिधा, रिमद्दणो भुयण निग्गय
पयावो,
आभि गय जीवा जीवो रायाणामेण जियसत्तू ॥२॥
अण वरय गरुय संवेग, भाविओ धम्म घोसपा मूले;
सो अन्नया कयाई, पमाइणं पासए सेहं, ॥३॥
चोइज्जं तम भिक्खं अवराहं तं पुणोऽवि कुणमाणं
तस्स हियट्ठंराया सेसाणयं रक्खणट्ठाए ॥४॥

आयरिणा णुण्णाए आणावइ सो उ णियय पुरि सेहिं
तिब्बुक्कड दव्वेहिं संधिय पुव्वं तहिं खारं ॥५॥
पक्खित्तो जत्थणरो णवरं गोदोह मेत्त कालेणं
णिज्जिण्ण मंस सोणिय अट्ठियसेसत्तण मुवेइ ॥६॥
दो ताहे पुव्वमए पुरिसे आणावए तहिं राया
एगं गिहत्थ वेसं, बीयं पासंडी'णे वत्थं ॥७॥
पुव्वं चिय सिक्ख विए, ते पुरिसे पुच्छे ए तहिंराया।
को अवराहो एसिं? भणंति आणं अइक्क मइ ॥८॥
पासंडिओ जहुत्ते ण वट्टइ अत्तणो य आयारे
पक्खिव वह्न खार मज्झे, खित्ता गोदोह मेत्तस्स॥९॥
दट्ठुणऽट्ठिव सेसे, ते पुरिसे आलिय रोसरत्तच्छो
सेहं आलायंतो, रायातो भणइ आयरियं ॥१०॥
तुम्हवि कोवि पमादी? सासेमिय तंपि णत्थि
भणइ गुरू,
जइ दोहि तो साहे, तुम्हे चिय तस्स जाणि हिह॥११॥
सेहो गए णिवंमी, भणई ते साहुणो उण पुणत्ति
होहं पमाय सीलो तुम्हं सरणागओ धणियं ॥१२॥
जइ पुण होज्ज पमाओ, पुणो ममं सड्ढ भाव रहि
यस्स
तुम्ह गुणेहिं सुविहिय, तो सावग रक्खसा मुचे ॥१३॥

आयं कमओ विग्गो, ताड्ढे'सो, णिच्च, उज्जुओ जाओ
कोविय मतीय समए रण्णा मरि साविओ पच्छा
॥१४॥

दव्वायं कादंसी, अत्ताणं सव्वहा णियत्तेइ
अहिया रंभाउ सया, जह सीसो धम्म घोसस्स ॥१५॥

ગાથાઓનો અર્થ-જંબુ દ્વિપના ભરતખંડમાં બહુ નગરના ગુણુથી સમૃદ્ધિવાળું અને સુપ્રસિદ્ધ એવું રાજગૃહ નામનું નગર હતું. તેમાં ઘણાજ ગર્વવાળા શત્રુઓને મર્દન કરનાર અને ચારે તરફ જેનો યશ ફેલાયો છે, એવો જીવ અજીવને જાણુનારો જીતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો. પછી નિરંતર મહાન સંવેગને ભાવનાર એવા તેણે ધર્મ ઘોષ આચાર્યના પગમાં કોઈ વખતે કોઇ પ્રમાદી શિષ્યને જોયો. તે શિષ્યને વારંવાર અપરાધનો ઠપકો અપાતાં છતાં વારે વારે પ્રમાદ કરતો દેખીને તેના હિતને માટે અને બીજાઓ તેવા પાપી ન બને, માટે રાજાએ આચાર્યની આજ્ઞાથી પોતાના પુરૂષો પાસે તેને બોલાવ્યો, તથા તિવ્ર ઉત્કટ વસ્તુથી મેળવીને ખાર તૈયાર રાખાવ્યો ગા-પ. તે ખાર એવો સખ્ત હતો કે જેમાં નાંખેલો માણુસ ગોદોહ (ગાયને દોહવાના) વખતમાં માંસ, લોહી વિનાનો ફક્ત હાડકાં માત્ર રહે. ગા-૬. અને પ્રથમ સંકેત કરીને બે મડદાં રાજાએ મંગાવી રાખ્યાં જેમાં એકનો ગૃહસ્થ વેષ, અને બીજાનો

આવાનો વેષ હતો. ગા-૭. પૂર્વે શિખવેલા માણુસને રાજાએ પૂછયું.

કે આ બન્નેનો શું અપરાધ છે. તેઓએ કહ્યું એક વડીલની આજ્ઞા ઉલ્લંઘે છે, બીજો પાખંડી ( સાધુ ) પોતાના શાસ્ત્રોક્ત કહેલા આચારમાં રહેતો નથી, તેથી રાજાએ કહ્યું, ગોદોહ માત્ર કાળ ખારમાં નાંખો. ॥ ૯ ॥ તે બે પુરૂષોને હાડકાં માત્ર રહેલાં દેખીને ખોટા ક્રોધથી આંખો લાલ કરીને રાજા આચાર્યને શિષ્યના દેખતાં કહે છે. ॥ ૧૦ ॥ હે મહારાજ તમારામાં પણ કોઇ પ્રમાદી હોય તો કહો, હું તેને યોગ્ય શિક્ષા કરૂં, ગુરૂએ તેને કહ્યું કોઇ પ્રમાદી નથી, અને કોઇ થશે તો હું કહીશ, અથવા તમે તેને જાણુશો ॥ ૧૧ ॥ જ્યારે રાજા ગયો, ત્યારે પેલો ચેલો સાધુઓને કહે છે, કે હવે હું પ્રમાદી નહિ થાઉં. હું તમારા શરણુમાં સંપૂર્ણ આવેલો છું. ॥ ૧૨ ॥ જો ફરીથી મને પ્રમાદ થાય અને શઠભાવરહિત કરવા તમારા ગુણોવડે તમે સુવિહિત છો, તેથી મને પ્રમાદ રાક્ષસથી મુકાવજો ॥ ૧૩ ॥ આતંક અને ભયથી ઉદ્વિગ્ન થયેલો તે નિરંતર પોતાના ધર્મ અનુષ્ઠાનમાં જાગ્રત થયો, ત્યાર પછી, તે સુબુદ્ધિવાળો થયો ત્યારે રાજાએ સમય આવે તેને ખરી વાત કહી, અને ક્ષમા માગી, ॥ ૧૪ ॥ દ્રવ્ય આતંકને દેખનારો પોતાના આત્માને હમ્મેશાં ધર્મ ઘોષના શિષ્યની માફક અહિત આરંભથી પોતે દૂર રહે છે. ॥ ૧૫ ॥

તેમ ભાવ આતંકને દેખનારો નરક, તિર્યંચ મનુષ્ય અને દેવતાના ભવમાં વ્હાલાનો વિયોગ વિગેરે, તથા મનુષ્ય વિગેરેને, શરીર અને મનના આતંક (દુઃખો) ના ભયથી, ડરીને વાયુને દુઃખ દેવાના સમારંભમાં ન પ્રવર્તે, પણ આ વાયુને દુઃખનું કારણ છે. તથા તે અહિત છે, એમ સમજીને તજે છે, તેથી જે વિમળ વિવેકભાવથી આતંકદર્શી હોય છે; તે વાયુના સમારંભની જુગુપ્સામાં સમર્થ છે; હિત, અહિત, પ્રાપ્તિ, પરિહાર, એટલે હિત થાય, અહિત દુર થાય, એવા અનુષ્ઠાનની પ્રવૃત્તિમાં પોતે સમર્થ છે, તેનાથી બીજો એવાજ પુરૂષની માફક એટલે જે કોઇ આતંકને જાણે, તે વાયુનો આરંભ ત્યાગે છે; વાયુકાય સમારંભની નિવૃત્તિમાં કારણ બતાવે છે, આત્માને આગળ કરીને જે વર્તે તે અધ્યાત્મ છે, અને તે સુખ દુઃખ વિગેરે છે. તે અધ્યાત્મને જે જાણે, એટલે તેનું સ્વરૂપ સમજે, તે બહારનાં પ્રાણીગણ જે વાયુકાય, વિગેરે છે; તેને જાણે છે; જેમ મારો આત્મા સુખનો અભિલાષી થઇ, દુઃખથી ખેદ પામે છે, તેમ વાયુ વિગેરેને પણ છે, વળી મને આવેલું અતિ કટુક અશાતા વેદનીના કર્મના ઉદયથી, અશુભ ફળ એટલે દુઃખ આવેલું છે; તે પોતાને અનુભવ સિદ્ધ છે, તથા પોતાના આત્મામાં શાતા-વેદની, કર્મના ઉદયથી શુભ ફળરૂપ સુખ આવેલું તે સુખ, દુઃખ બન્નેને જે જાણે, તેજ ખરેખરો અધ્યાત્મને જાણે છે, એ પ્રમાણે જે અધ્યાત્મ વેદી છે, તે પોતાના આત્માથી બહાર

રહેલા વાયુકાયાદિ પ્રાણીગણને, જુદી જુદી પ્રકારના ઉપક્રમથી ઉત્પન્ન થયેલા પોતાથી અને પારકાથી અને મનમાં થનારાં સુખ દુઃખોને જાણે છે, એટલે સ્વ પ્રત્યક્ષ પણાથી પારકાનું પણ અનુમાન કરે છે, પણ જેને પોતાના આત્મામાંજ એવી સુબુદ્ધિ નથી, તેવાને બહાર રહેલા વાયુકાય વિગેરેની અપેક્ષા ક્યાંથી હોય ? અને જે બહારના જીવોને જાણે તે યથાયોગ્ય અધ્યાત્મને જાણે છે; કારણ કે તે બાહ્ય અને અધ્યાત્મ એક બીજાની સાથે અવ્યભિચાર વાળાં છે; (એટલે સમાન છે) પરના આત્માના જ્ઞાનથી હવે શું કરવું, તે બતાવે છે; આ પ્રમાણે કહેલા લક્ષણ વાળી તુલાએ તોળ, તું જેમ તારા આત્માને સર્વથા સુખના અભિલાષીપણાથી રક્ષે છે તેમ બીજાને પણ તું બચાવ, જેમ પારકાને તેમજ આત્માને એ બે તુલોમાં સમાન તોળીને પર અને પોતાનું સુખ દુઃખ તેનો અનુભવ જો, અને તે પ્રમાણે કર. (આવું ગુરૂ કહે છે)

**कट्ठेण कंटएण व, पाए विद्धस्स वेयणट्टस्स**
**जह होइ अनिव्वाणी सव्वत्थ जिएसु तं जाण ॥१॥**

વળી લાકડાથી અથવા કાંટાથી પગમાં લાગતાં જેવી રીતે તને વેદના થાય છે. તેવી રીતે તું બીજા જીવોમાં પણ જાણ, તથા મરીશ એટલું સાંભળતાં તને જે દુઃખ થાય છે તે પ્રમાણે તે અનુમાન વડે, બીજાને દુઃખ થાય છે તે જાણવું શક્ય છે, અને પારકાનું રક્ષણ કરવું તે પણ શક્ય છે, તેથી જેમ તુલાએ તોળવાનું

બતાવ્યું, તે પ્રમાણે સ્વ અને પર સમજનારા માણસો સ્થાવર જંગમ જંતુના સમૂહના રક્ષણ માટે પ્રવર્તે છે. કેવી રીતે વર્તે છે. તે બતાવે છે,

**इह संति गया दवि याणाव कंखंति जीविउं ( सू० ५७ )**

આ દયાના એક રસવાળા જીન વચનમાં, શાન્તિ (ઉપશમ) તે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકયને બતાવનાર લક્ષણવાળું સમ્યક્દર્શન જ્ઞાન, ચરણનો સમુદાય કહેવાય તે શાન્તિ છે. કારણ કે તે નિરાબાધ મોક્ષ નામની શાંતિને આપનાર છે; તેવી શાંતિને પ્રાપ્તિ થયેલા અથવા શાંતિમાં રહેલા તે શાંતિગત જીવો તથા દ્રવિકા, એટલે રાગદ્વેષથી મુકાએલા છે, તેમાં દ્રવ તે સંયમ સત્તર પ્રકારનો છે, કારણ કે જે કઠિન કર્મ છે, તેને ગાળવાના હેતુરૂપે તે દ્રવરૂપ સંયમને ધરે તે દ્રવિક છે, તેઓ જીવિતને ધારણ કરવાને ઇચ્છતા નથી, કે અમે વાયુકાયને દુઃખ દઇને જીવીએ, ( દુઃખ ભોગવીએ, મરવું કબુલ કરીએ, પણ વાયુને પીડા ન આપીએ ) તેજ પ્રમાણે પૂર્વે કહેલા પ્રમાણે પ્રથિવી કાય વિગેરેની પણ અમે રક્ષા કરીશું, સમુદાય અર્થ આ પ્રમાણે છે, આ જૈન પ્રવચનમાં જે સંયમ છે તેની અંદર જે રહેલા છે, તેઓજ રાગદ્વેષ રૂપ જે ઉંચા ઝાડો છે, તેને મૂળથી ઉખેડનારા છે, અને તેઓજ પરભૂત (અન્ય જીવો) ને

દુઃખ દઈ સુખથી જીવવાની ઇચ્છા રહિત સાધુઓ છે. પણ અન્યત્ર નથી કારણ કે આવી ક્રિયાના બોધનો બીજે અભાવ છે; આ પ્રમાણે થયે છતે—

लज्जमाणे पुढो पास अणगारा मोंति एगे पवय माणा जामिण विरू वरू वेहिं सत्थे हिं वाउ कम्म समारंभेणं वाउ सत्थं समारंभणाणे अण्णे अणेग रूवे पाणे विहिं मति। तत्थ खलु भगवया परिण्णा पवेइया, इमस्स चेव जीवियस्स परि वंदण माणण पूयणाए; जाई मरण मोयणाए दुक्ख पडिघाय हेउं से सयमेव वाउ सत्थं समारभति, अण्णेहिं वा वायु सत्थं समारंभावेइ अण्णे वाउ सत्थं समारंभंते समणु जाणति, तंसे अहि आए तंसे अबोहीए सेतं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए सोच्चा भगवओ अणगाराणं अंतिए इह [illegible] ाति एस खलु गंथे एस खलु मो[illegible] एस खलु णिरए, इच्चत्थं गड्ढिए लोए जामिणं विरूवरू वेहिं सत्थेहिं वाउ कम्म समारंभेणं. वाउ सत्थं समारंभमाणे अण्णे अणेग रूवे पाणे विहिं संति (सू. ५८)

सेवेमि संति संपाइमा पाणा आहृश्च संपयंति य फेरिसं च खलु पुट्ठा एगे संघाय मावज्जंति जे तत्थ संघाय मावज्जंति ते तत्थ परियावज्जंति, जे तत्थ परियावज्जंति ते तत्थ उदायंति, एत्थ सत्थं समारभ माणस्स इच्चेते आरंभा अपरिण्णाया भवंति, एत्थ सत्थं असमारभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति, तं परिण्णाय मेहावी णेव सयं वाउ सत्थं समारंभेज्जा, णेवऽण्णे वायु सत्थं समारं भावेज्जा णेवऽण्णेवाउ सत्थं समारंभंते समणु जाणेज्जा जस्सेते वाउ सत्थं समारंभा परिण्णाया भवंति सेहु मुणी परिण्णाय कम्मे (सू. ५९) त्तिबेमि-

પૂર્વ માફક સૂત્રાર્થ છે, હવે છ જીવનિકાયના વિષયમાં વધ કરનારાઓને અપાય (દુઃખ) બતાવીને જીવોને તેવું દુઃખ ન દેનારાઓને સંપૂર્ણ મુનિપણું બતાવવા માટે સૂત્રો કહે છે,

एत्थंपि जाणे उवादीयमाणा, जे आयारे, ण रमंति आरंभमाणा विणयं वयंति, छंदो वणीया अज्झोववण्णा, आरंभा रुत्ता, पकरंति संगं (सू. ६०)

પ્રસ્તુત વાયુકાયમાં અને અપિ શબ્દથી પૃથિવી વિગેરેમાં પણ જેઓ સમાશ્રિત આરંભ કરે છે, તેઓ કર્મને બાંધે છે. એક જીવનિકાયના વધમાં, પ્રવૃત્ત થયેલો શેષ નિકાયના વધંના

કર્મથી બંધાય છે શા માટે ? એમ શિષ્યે પૂછતાં કહે છે કે હે સુજ્ઞ ! એક જીવનિકાયનો આરંભ બીજી જીવનિકાયના ઉપમર્દન શિવાય ન બની શકે એટલા માટે તું સમજી લે. આ સાંભળનારને વિચારવા કહ્યું. ( અહીં બીજીના અર્થમાં પહેલી વિભકિત છે. તેનો આ પ્રમાણે અન્વય કરવો, ) પૃથિવી વિગેરેના આરંભ કરનારને બીજી કાયાના આરંભ કરવાથી ઉપાદીય માન ને જાણ. ( અર્થાત્ તેઓની બીજીકાય મારવાનો અભિલાષ ન હોય, છતાં એકકાય હણતાં, બીજી કાય સ્વયં હણાઇ, જવાથી મારનારને પાપ લાગે છે; ) હવે કયા જીવો પૃથિવી વિગેરેનો આરંભ કરતાં શેષ કાયના આરંભના કર્મથી બંધાય છે, તે કહે છે. જેઓ આચારમાં રમતા નથી, એટલે પરમાર્થ જાણ્યા વિના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, નામના પાંચ પ્રકારના, આચારમાં જેઓ ધીરજ ન રાખે, તેઓ અધૃતિને લીધે પૃથિવીકાય વિગેરેના આરંભી બને છે; તેઓને બીજી કાયના પણ પાપ બાંધનારા જાણ.

પ્રશ્ન—કયા લોકો આચારમાં રમતા નથી. ?

ઉત્તર—શાકય દિગમ્બર તથા પાસત્થા (ચારિત્રથી પતિત) વિગેરે.

પ્રશ્ન—શા માટે ?

ઉત્તર—આરંભ કરવા છતાં, તેઓ પોતાને સંયમવાળા

માને છે, વિનય તેજ સંયમ છે. શાકયાદિ સાધુ–અમે પણ વિનયમાં રહેલા છીએ, એમ બોલે છે, પણ તેઓ પૃથિવી વિગેરે જીવોનું સ્વરૂપ જાણતા નથી, અને કદાચ માને, તોપણ તેજ આશ્રિત આરંભ કરવાથી જ્ઞાનાદિ આચારના વિકલ્પપણાથી આચાર રહિત છે.

પ્રશ્ન—એવું શું કારણ છે કે પોતાને આચાર વિનાના દુષ્ટ શીલવાળા હોવા છતાં સંયમવાળા માને છે. ?

ઉત્તર—પોતાના છન્દ એટલે અભિપ્રાય પ્રમાણે પૂર્વાપર વિચાર કર્યા વિના અથવા વિષયનો અભિલાષ તેના છન્દવડે ઉપનીત આરંભના માર્ગમાં રહીને અવિનીત છતાં, પોતાને વિનય છે, એમ બોલે છે; અધિક એટલે વધારે, ઉત્પન્ન. તે આરંભમાં લીન થયેલા, વિષયના પરિભોગમાં એક ચિત્તવાળા બની ગયેલા જનો જીવોનો દુઃખ દેવાનાં કર્મો કરે છે, આ પ્રમાણે વિષયની આશામાં ખેંચાયલા ચિત્તવાળા શું કરે છે ? તે બતાવે છે. ‘ આરંભમાણ ’ એટલે સાવદ્ય અનુષ્ઠાન અતિશયથી કરે છે, તેઓ આ સંસારમાં અનુષ્ઠાનવડે આઠ પ્રકારના કર્મનો સંગ કરે છે, અથવા જેઓ આરંભ કરે છે; તે વિષય સંગ કરે છે, અને તે વિષય સંગથી સંસાર છે. ઘણા વેગથી જે ઉન્મતાઇ કરે, તેથી ભાવે કર્મ બંધાય, અને પછી અનેક પ્રકારનાં દુઃખો પોતે, એટલે છ જીવ નિકાયનો ઘાત કરનારો વારંવાર ભોગવે છે હવે તે આરંભથી નિવૃત્ત થયેલો કેવો ઉત્તમ હોય તે બતાવે છે.

**सेवसुमं सव्व समण्णागय पण्णाणेयं अप्पा· णेणं अकरणिज्जं पावं कम्मं णो अण्णेसिं, तं परिण्णाय मेहावी णेव सयं छज्जीव निकाय सत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं छज्जीनिकाय सत्थं समारंभावेज्जा णेवऽण्णे छज्जीव निकाय सत्थं समारं भंते समणु जाणेज्जा, जस्से ते छज्जीव निकाय सत्थ समारंभा परिण्णाया भवंति, सेहु मुणी परिण्णाय कम्मे; (सू. ६१) त्तिबेमि इति सप्तमोद्देशकः ॥**

**॥ इति प्रथम मध्ययनम् ॥**

પૃથિવીના ઉદ્દેશામાં વિગેરે તે કહેલા નિવૃત્તિ ગુણને ભજનારા, એટલે છ જીવનિકાયના વધથી પાછો હઠેલો છે. તથા વસુ તે દ્રવ્ય અને ભાવ એમ બે ભેદે છે, દ્રવ્ય વસુ, તે, મરક્ત (પાનું) ઇંદ્રનીલ (એક જાતનું રત્ન) વજ્ર (હીરો) વિગેરે તથા ભાવ વસુ, તે, સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર જેને અથવા જેમાં વિદ્યમાન છે, તે વસુ માન થાય, અહિં દ્રવ્ય વસુ મુકીને ભાવ વસુ લેતાં સાધુને ભાવ વસુમાન લેવો, એટલે જે જ્ઞાની હોય તે લેવો; અથવા જેનાવડે યથા વસ્થિત વિષય ગ્રહણ કરનારાં જે બધાં જ્ઞાન છે, જેના વડે બધું જણાય છે; તે જ્ઞાનો જેના આત્મામાં હોય તે સર્વ સમન્વાગત પ્રજ્ઞાનવાળો એટલે સંપૂર્ણ બોધથી યુક્ત છે. તથા સર્વ ઇન્દ્રિય જ્ઞાનો વડે એટલે પોતાની ઇન્દ્રિયો યથા

યોગ્ય અવિપરીત વિષયને ગ્રહણ કરે, તે સર્વ અવબોધ પ્રજ્ઞાન વાળો, પોતાના આત્મા વડે અથવા સર્વ દ્રવ્ય પર્યાયમાં સારી રીતે રહેલું જે પ્રજ્ઞાન જેના આત્મામાં હોય, તે આત્મા ભગવદ્વચન પ્રમાણ માનીને દ્રવ્ય પર્યાયથી ઉત્પન્ન થયેલું જે કંઇ છે, તે બીજી રીતે નથી તેવું માને. અહીઆં સામાન્ય તથા વિશેષને જાણવાથી સંપૂર્ણ જાણવો, તથા યોગ્ય વસ્તુ સ્વરૂપનો જેણે નિશ્ચય કર્યો છે; તે સર્વ સમ્યક્ પ્રકારે પ્રજ્ઞાન પામેલો આત્મા કહેવો; અથવા; શુભ અશુભનો બધો સમૂહ તેના સંપૂર્ણ જ્ઞાનથી ચારે ગતિ, તેના તથા મોક્ષ સુખના સ્વપરૂના જ્ઞાનથી અસ્થિર સંસાર સુખમાં અસંતુષ્ટ બની મોક્ષ અનુષ્ઠાનને કરતાં સર્વ અનુકૂળ બોધ (પ્રજ્ઞાન) વાળો આત્મા જાણવો; તેથી આ પ્રકારના આત્મા વડે ન કરવા યોગ્ય તથા પરલોકમાં નિંદનીય પણાથી હિંસાને અકાર્ય જાણીતે, તે ન કરવા યત્ન કરે છે; હવે તે જીવ વધ શા માટે અકાર્ય છે? શા માટે તેનો યત્ન ન કરવો? તે કહે છે. નીચે પાડે તે પાપ, અને કરાય તે કર્મ, તે પાપ કર્મ અઢાર પ્રકારનું છે. તે પ્રાણતિપાતથી મિથ્યાત્વ દર્શન શલ્ય સુધી છે તે બતાવે છે.

જીવ હિંસા, જુઠું, ચોરી, કુશીલ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલેશ, અભ્યાખ્યાન, (ખોટું તોહમત) ચુગલી, પરનિંદા, હર્ષ ખેદ કપટ કરીને જુઠું બોલવું, તથા મિથ્યાત્વ શલ્ય, એ અઢાર પ્રકારનાં પાપ પોતે ન કરે, ન કરાવે, અને ન અનુમોદે,

એટલે તે અઢાર પ્રકારનાં પાપ સંપૂર્ણ જાણીને બુદ્ધિમાન પુરૂષ મર્યાદામાં રહીને છ જીવનિકાયનાં શસ્ત્રો જે સ્વ, પરકાય ભેદ રૂપ છે તેને પોતે ન આરંભે, ન આરંભ કરાવે, ન આરંભતાને અનુમોદે, આ પ્રમાણે જેણે સારી રીતે છ જીવનિકાયના શસ્ત્રના સમારંભોને પરીક્ષા કરીને જાણ્યા છે. તથા તે વિષયનાં પાપ કર્મો પણ જાણ્યાં છે. તે જ્ઞપરિજ્ઞાએ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ ત્યાગ કરે છે, તે મુનિ બધા પાપોથી રહિત છે, તથા એવા પૂર્વે થયેલ વીતરાગ એટલે રાગ દ્વેષથી બીલકુલ રહિત એવા પુરૂષની માફક જાણવો, ( અહિં 'ઇતિ' શબ્દ અધ્યયનની સમાપ્તિ માટે છે ) પછી સુધર્મા સ્વામી કહે છે, કે પોતાની બુદ્ધિથી નહી, પણ ભગવાને કહેલું, તે હું કહું છું. અહીં ભગવાન્ એટલે જ્ઞાન આવરણીય, દર્શન આવરણીય, મોહનીય, અંતરાય, એ ચાર કર્મ આત્માના ગુણનો ઘાત કરનાર હોવાથી, ઘનઘાતી કર્મ કહેવાય છે; તે દૂર કરવાથી સંપૂર્ણ પદાર્થનું દિવ્ય જ્ઞાન જેણે પ્રાપ્ત કર્યું છે, તથા જેને બધા ઇન્દ્રો નમે છે, તથા ચોત્રીશ અતિશયથી યુક્ત છે; એવા શ્રી વર્ધમાન સ્વામી પાસેથી ઉપદેશ સાંભળી મેં આ બધું કહ્યું છે. આ પ્રમાણે ટીકાકાર કહે છે કે, સૂત્રનો અનુગમ, નિક્ષેપ અને સૂત્રને સ્પર્શ કરનારી નિર્યુક્તિ એ બધું કહ્યું , હવે નૈગમ વિગેરે નયો કહે છે. તે બીજે સ્થળે વિસ્તારથી કહ્યા છે, અહિં તો સંક્ષેપથી બે પ્રકારના છે. તે કહ્યા છે, જ્ઞાન નય, અને ચરણ નય, તેમાં જ્ઞાન નય, વાળા મોક્ષના સાધનમાં જ્ઞાનને પ્રધાન માને છે, કારણ કે હિત અહિતની

પ્રાપ્તિ તથા ત્યાગ તેના વડે છે, અને જ્ઞાનના આધારથીજ બધાં દુઃખ ક્ષય થાય છે, પણ તેઓ જ્ઞાન માફક ક્રિયા પ્રધાન માનતા નથી; આ જ્ઞાન નયવાદ થયો, હવે ચરણ નય કહે છે; તેઓ ચરણને પ્રધાન માને છે. સકલ પદાર્થમાં અન્વય વ્યતિરેકના સમધિગમ્ય પણાથી તે પ્રધાન છે, જેમકે જ્ઞાન હોય તો પણ સકલ વસ્તુને જાણવા છતાં ચારિત્ર વિના ભાવમાં ધારણ કરેલાં કર્મોનો ઉચ્છેદ ન થાય, અને તેના વિના મોક્ષનો લાભ ન થાય, તેથી જ્ઞાન પ્રધાન નથી, પણ ચરણ પ્રાપ્ત થતાં સર્વ મૂળ અને ઉત્તર ગુણવાળું ચારિત્ર હોવાથી, તે પ્રાપ્ત થતાં ઘાતી કર્મનો ઉચ્છેદ થાય છે, અને તેથી કેવળ જ્ઞાન થાય, અને તેથીજ યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતાં અગ્નિ જવાળાના સમૂહથી જેમ કાટ બળી જાય, તેમ તે ચારિત્રથી સકલ કર્મ સમૂહ નાશ થાય છે, અને તેથીજ અવ્યા બાધ સુખવાળું મોક્ષ થાય, તેથી ચારિત્ર તેજ પ્રધાન છે. આ બન્નેનું આચાર્ય સમાધાન કરે છે. એક એકને પ્રધાન માનવાથી અને બીજાને ઉડાવવાથી બન્ને મિથ્યા દર્શનીય (ભૂલેલા) છે. કારણ કે ક્રિયા વિના જ્ઞાન નકામું છે, અને જ્ઞાન વિના ક્રિયા નકામી છે, જેમ દેખવા છતાં પાંગળો આગમાં બળી મુઓ, અને દોડવા છતાં આંધળો બળી મુઓ, તેથી જૈન મત પ્રમાણે નયો જો એક બીજા સાથે અપેક્ષા ન રાખે, તો તે મિથ્યાત્વ રૂપે રહી સમ્યક્ભાવને અનુભવતા નથી, પણ પરસ્પર અપેક્ષા રાખી એકઠા થયેલા પરસ્પર અર્થ બતાવવાથી, સમ્ય-

રૂપણે ( સાચા ) થાય છે, તેથી કહ્યું છે, કે દુનિયામાં જેટલા સત્ય અભિપ્રાયો છે, તે નય છે. પણ તે નયો બીજાની અપેક્ષા ન રાખે, તો શત્રુરૂપ થઈ મિથ્યાત્વપણે છે. પણ એક બીજાનો સંબંધી રહી એકત્ર થાય તો તે સમ્યક્ત્વ થાય, તે પ્રમાણે અહિં જ્ઞાન ચરણ બન્ને મળીને મોક્ષ પ્રાપ્તિમાં સમર્થ છે. પણ એકલું જ્ઞાન કે એકલું ચરણ નહિં, આ જિનેશ્વરનો નિર્દોષ પક્ષ બતાવ્યો, હવે બન્નેનું પ્રધાનપણું બતાવવા કહે છે. બધા નયોનું ઘણા પ્રકારનું વક્તવ્ય સાંભળીને બધા નયોનું વિશુદ્ધ જે તત્વ તેને સમજીને તે પ્રમાણે આદરીને ચરણ ગુણમાં સ્થિત સાધુ હોય, એટલે ચરણ અને ગુણ એ બેઉમાં જે રહેલો તે ચરણ ગુણ સ્થિત છે. અહિં ગુણથી જ્ઞાન લેવું, કારણ કે આત્મા ગુણી છે, તેનો ગુણ જ્ઞાન છે, તે બન્નેનો કોઇ પણ વખત વિયોગ થતો નથી, તેથી તે સહભાવિક ગુણ છે. આ પ્રમાણે ઘણા પ્રકારે નય માર્ગનું સ્વરૂપ સમજીને સંક્ષેપથી જ્ઞાન ચારિત્રમાંજ રહેવું આ વિદ્વાનોનો નિશ્ચય છે, પણ એકલા ચારિત્રથીજ જ્ઞાન વિના ઇચ્છિત પ્રાપ્તિ ન થાય. આગળ અંધનું દ્રષ્ટાંત આપ્યું છે, તે પ્રમાણે જ્ઞાન માત્રથીજ ક્રિયા વિના ઇચ્છિત પ્રાપ્તિ ન થાય, તથા પંગુનું દ્રષ્ટાંત આપેલું છે, તે આ રીતે, કોઇ નગરમાં આંધળો તથા પાંગળો બન્ને રહેતા હતા, તે નગર બળવા લાગ્યું ત્યારે બધા લોકો ભાગી ગયા, પણ આંધળો તથા પાંગળો રહી ગયા, એક દેખે છે, બીજો દોડે છે, પણ જ્યાં સુધી બન્ને ન મળ્યા, ત્યાં સુધી દુઃખી થયા, પણ જ્યારે બન્ને મળ્યા. ત્યારે બન્નેનો છુટકો

થયો, જેવી રીતે અંધ, પંગુ, ભેગા થયા, તેવી રીતે જ્ઞાન ચરણ, બન્નેને પ્રધાન માની જ્ઞાન ભણી ક્રિયા કરે તે મોક્ષ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે આચારાંગનું સંદોહ ભૂત પહેલું અધ્યયન છ જીવ નિકાયનું સ્વરૂપ તથા તેના રક્ષણનો ઉપાય બતાવનાર છે, જે પ્રથમ મધ્ય અને અંતમાં દયાના એક રસવાળું એકાન્ત હિત કરનાર છે, અને જે મુમુક્ષુ શિષ્યે સૂત્રથી તથા અર્થથી ભણ્યું તથા શ્રદ્ધા અને સંવેગ વડે યથાયોગ્ય આત્મ સ્વરૂપે કર્યું, તેથી મહાવ્રત આરોપણ તે ઉપસ્થાપના' (વડી દિક્ષા) ને યોગ્ય જાણી નિશીથ વિગેરે સૂત્રોમાં બતાવેલા ક્રમો વડે સચિત્ત પૃથિવીના મધ્યમાં આચાર્યે ગમન વિગેરે કરવા વડે પરીક્ષા કરી શિષ્યને શ્રદ્ધાવાળો જાણીને વડી દીક્ષા આપવી તેની વિધિ કહે છે. સારી તિથિ, કરણ, નક્ષત્ર મુહુર્ત તથા દ્રવ્ય ક્ષેત્ર, ભાવ, સારા દેખીને જિનેશ્વરની મૂર્તિને 'પ્રવર્ધમાન સ્તુતિઓ વડે' નમસ્કાર કરીને જિનેશ્વરના પગમાં પડીને ઉભો થયેલ આચાર્ય શિષ્ય સાથે મહાવ્રત આરોપણ સંબંધી કાયોત્સર્ગ કરીને એક એક મહાવ્રતને શરૂઆતથી આરંભીને ત્રણ ત્રણ વખત પાઠ બોલે, જ્યાં સુધી રાત્રિ ભોજન સંપૂર્ણ વિરમણ વ્રતનો પાઠ આવે, ત્યારપછી આ પાઠ ત્રણ વખત ઉચ્ચારવો.

**'इच्चेइ याइं पंच महव्व याइं राइ भोयण-वेरमण छट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ता णं विहरामि'**

આ પાંચ મહા વ્રત છઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત તે પોતાના આત્માના હિત માટે પ્રાપ્ત કરીને વિચરૂં છું પછી વાંદણાં દેવડાવી થોડું નમીને શિષ્ય બોલે, આજ્ઞા

[illegible] બોલું, ત્યારે આચાર્ય કહે, પાંદીને પારગ કર (બોલ) તમે મને મહો[illegible] અર્પણ કર્યાં છે અને હવે હિત શિક્ષાની ઈચ્છા રાખું છું, [illegible] આચાર્ય કહે, સંસારથી તારો નિસ્તાર થાઓ, મોક્ષ કિનારે પહોંચ, ઉત્તમ ગુણોથી વધ; આ પ્રમાણે થયા પછી સુગંધી વાસ ક્ષેપવડે મુઠી ભરીને શિષ્યના માથામાં ગુરૂ મહારાજ નાંખે, પછી શિષ્ય વાંદણાં દઈને પ્રદક્ષિણા કરીને આચાર્યને નમસ્કાર કરતો ફરી વાંદે, એ પ્રમાણે બધું ક્રિયા અનુષ્ઠાન કરે આ પ્રમાણે ત્રણ પ્રદક્ષિણાઓ કરીને શિષ્ય ઉભો રહે ત્યારે બીજા સાધુઓ તેના માથામાં વાસ ક્ષેપ નાંખે, અથવા યતિજનને સુલભ કેશર નાંખે, પછી કાયોત્સર્ગ કરાવીને આચાર્ય કહે, હે શિષ્ય! સાંભળ તારો કોટીક ગણ છે, અમુક કુળ છે, વૈરી શાખા, અમુક આચાર્ય, અમુક ઉપાધ્યાય પ્રવર્તિની સાધ્વી અમુક છે, તથા બીજા વડી દિક્ષા આપવા યોગ્ય હોય તે અનુક્રમે રત્નાધિક થાય છે, પછી આંબિલ, અથવા નીવિ, અથવા પોતાના ગચ્છ પરંપરામાં આવેલો તપ આચરે છે,

આ પ્રમાણે આ અધ્યયન આદિ મધ્ય અંત કલ્યાણ સમૂહવાળું ભવ્ય જનના સમૂહનું મન સમાધાન કરનાર છે તે અધ્યયન પ્રિયના વિયોગ વિગેરે દુઃખના આવર્તવાળી તથા ઘણા કષાયરૂપ માછલાં વિગેરેના સમુહથી આકુળ વિષમ સંસાર રૂપ નદીને તારવામાં સમર્થ છે તથા એક દયારૂપ રસ છે. તેથી વારંવાર મુમુક્ષુએ ભણવું. આ શીલાંકાચાર્યે કરેલી શસ્ત્ર પરિજ્ઞા નામના પહેલા અધ્યયનની ટીકા સમાપ્ત થઇ

(આ ગ્રન્થના શ્લોક ૨૨૨૧ છે.)

ધી મિશન પ્રેસ—સુરત.